યોગદૃષ્ટિ સમુચ્ચય



વિ. અ. આ. ગ્રંથ, પુષ્પ ૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩

સોઽહમ્

સોઽહમ્ ૐ સોઽહમ્

સોઽહમ્

શ્રીમદ્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ વિરચિત

યોગદૃષ્ટિ સમુચ્ચય

●

સંપાદક

વિશ્વશાન્તિ ચાહક

●

હે જીવ ! તું શુદ્ધ, બુદ્ધ, આનંદ સ્વરૂપ આત્માનું ચિંતન કર, જો તું પોતાના આત્માનો સંગ કરીશ તો આત્મિક સુખને પ્રાપ્ત કરીશ. જે કોઈ અનંત સુખ પામ્યા છે, તે બધા આત્મ-જ્ઞાન દ્વારા જ પામ્યા છે, બીજો કોઈ ઉપાય નથી. એ માટે હે યોગી ! તું અન્ય કાંઈ પણ ચિંતવન ન કર; પરંતુ પોતાના આત્માનું જ ચિંતન કર, ભાવના ભાવ.

●

મૂલ્ય રૂા. ૧૦-૦૦ જ્ઞાન ખાતે

સોઽહમ્

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન

(૧) વિશ્વ અભ્યુદય આધ્યાત્મિક ગ્રંથમાળા વતી
કુમારી રંજનદેવી સૌ. શ્રોફ
મહેતા બિલ્ડીંગ, બીજે માળે,
૧૨ મો રસ્તો, ખાર, મુંબઈ-૫૨.

(૨) સુરજબહેન ડી. વોરા
C/o મધુસુદન ડી. વોરા
અરૂણોદય મિલ્સ,
મોરબી. (સૌરાષ્ટ્ર)

પ્રથમાવૃત્તિ : પ્રત ૧૦૦૦ ઑગસ્ટ : ૧૯૭૬

મુદ્રક :
પોપટલાલ ગોકળદાસ ઠક્કર
શ્રી શક્તિ પ્રિન્ટરી
૬, સુરેન્દ્ર હાઉસ,
દીકાંટા રોડ, અમદાવાદ-૧

આ ગ્રંથમાં આવેલા પુસ્તકોની સૂચિ

૧. યોગદૃષ્ટિ સમુચ્ચય
૨. ઈષ્ટોપદેશ
૩. સમાધિશતક
૪. આત્મ પ્રબોધકર ભાવનાઓ
૫. આત્મબોધ
૬. સ્વાનુભૂતિ
૭. થોડાક અભિપ્રાયો

સહનશક્તિ અને ત્યાગ, આ બે વાતો પર પૂર્ણ ધ્યાન રાખશો. ઈચ્છા મુજબ ન મળે તો સહન કરી લેવું. જો જરૂરિયાતથી અધિક સંપત્તિ વગેરે મળી જાય તો તેનો ત્યાગ કરી દેવો. સુખી અને શાંત જીવન જીવવાનો આ માર્ગ છે.

ભોગ–આનંદની વૃત્તિ તમને સાચું શાન્તિમય જીવન જીવવા દેતી નથી. આ જીવન વિષયાનંદ માટે નથી, એ ન ભૂલશો. આ જીવન જગતના જડ પદાર્થો પાછળ ભટકવા માટે નથી, એ ન ભૂલશો. આ જીવન તો ઉચ્ચ મનોમંથનપૂર્વક આત્મવિશુદ્ધિ કરવા માટે છે. આ વાત સતત યાદ રાખશો.

આત્મશુદ્ધિ કરવા પૂર્વે શારીરિક શુદ્ધિ અને માનસિક શુદ્ધિ કરવી આવશ્યક છે.

●

મુખ્ય ટાઇટલ ઉપરના ચિત્રનો પરિચ

એક સાધુજી ક્રોધના આવેશમાં મરીને એક રાફડાની અં સર્પ રૂપે ઉત્પન્ન થયા. ક્રોધમાં મૃત્યુ પામેલ હોવાથી ઉગ્ર ઝેરવાળે ચંડકોશિયો નાગ થયો. તેની દૃષ્ટિમાં પણ ભયંકર ઝેર હતું. કોઈના પર દૃષ્ટિ પડે તો તેને ઝેર ચડી જતું અને તે મરણશરણ થતાં. આ નાગે એ રસ્તામાં નીકળતા અનેકને દંશ આપી પ્રાણ લીધેલા. જેથી લોકોએ તે રસ્તે ચાલવું જ બંધ કરી દીધું. એક સમયે પ્રભુ મહાવીરદેવ તે જ રસ્તે થઈને નીકળ્યા. ગોવાળીઆઓએ તેમને તે રસ્તે જતાં રોકયા ત્યારે પ્રભુએ કહ્યું કે તમે મારી કોઈ ચિંતા ન કરો. હું સર્વ જીવોનું કલ્યાણ કરવા ઇચ્છું છું. અને પ્રભુ જ્યાં ચંડકોશિયાનું બિલ હતું ત્યાં રાફડા પાસે આવીને ધ્યાન ધરી ઊભા રહ્યા. ચંડકોશિયાને મનુષ્ય શરીરની ગંધ આવતાં રાફડામાંથી બહાર નીકળ્યો અને પ્રભુને પગે દંશ દીધો. તો લોહીને બદલે દૂધની ધારા પડવા લાગી. આ જોઈને તે વિચારવા લાગ્યો અને તેને જાતિ-સ્મરણજ્ઞાન થયું. (પૂર્વના ભવોનું જ્ઞાન.) અને ત્યાં પ્રભુએ પણ ધ્યાન પાળીને તેને કહ્યું, "બુઝ બુઝ તું શું કરી રહ્યો છે ? ક્રોધ કરીને તારી દુર્ગતિ વધારી રહ્યો છે વગેરે." તેથી તેને ખૂબ ખૂબ પશ્ચાતાપ થયો અને પ્રભુની માફી માગી. તેણે કહ્યું, "પ્રભુ હવે હું આજથી હિંસા નહિ કરું મને ત્યાગ કરાવો, તથા જીવન સુધીનો સંથારો કરાવો." આમ મહાવીરે તે સર્પનો ઉદ્ધાર કર્યો. નાગ શાંત થવાથી લોકોએ એની પૂજા કરવી પ્રારંભ કરી, અને પૂજામાં દૂધ, સાકર વગેરે ચડાવવા લાગ્યા. તેથી કીડીઓ આવી અને નાગને ચટકા ભરવા લાગી. પરંતુ સર્પ શાંત ભાવે તે સહન કરવા લાગ્યો. ઘણી કીડીઓના સમૂહ મળીને ચટકા ભરવાથી શરીર ચાળણી સમાન થઈ ગયું પણ તે તો પ્રભુના ધ્યાનમાં મસ્ત રહીને વેદના ભૂલી ગયો તો તે મરીને આઠમા સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થયો. ક્રોધના પ્રભાવે સાધુમાંથી સર્પ થયો અને સમતાને પ્રભાવે સર્પમાંથી દેવ થયો. એ છે ભાવોનો મહિમા. તેને જે સમજી શુભનો આશ્રય ગ્રહણ કરે, તે જ ભવ પાર કરે.

ચંડકોશી

વિષ ભરીને વિષધર સૂતો ચંડકોશિયા નામી,
મહા ભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી.

"જાશો મા પ્રભુપંથ વિકટ છે,
ઝેર ભર્યો એક નાગ નિકટ છે."
હાથ જોડીને વિનવે વીરને, લોક બધાં ભય પામી.

આવી ગંધ જ્યાં માનવ કેરી,
ડંખ દીધો ત્યાં થઇને વૈરી,
હિંસા અને અહિંસા વચ્ચે લડાઈ ભીષણ જામી.

દૂધ વહ્યું જ્યાં પ્રભુને ચરણે,
ચંડકોશિયો આવ્યો શરણે,
"કંઈક સમજ તું કંઈક સમજ" વીર કહે કરુણા આણી.

'વેરથી વેર શમે નહિ જગમાં,
પ્રેમથી પ્રેમ વધે જીવનમાં.'
પ્રેમ ધર્મનો પરિચય પામી નાગ રહ્યો શિર નામી,
મહા ભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી.

સમતામાં સુખ, સ્વર્ગ અને મોક્ષ રહેલ છે. જ્યારે વિષમભાવમાં સાર અને સંસારના દુઃખો રહેલા છે. ચંડકોશિયાના જીવે સમતા ો તો સુખી થયો, અને વિષમભાવ કર્યો તો દુઃખી થયો. આ તક યોગદૃષ્ટિ સમુચ્ચય અને ઈષ્ટોપદેશ તથા સમાધિશતક, ણને સમતા તરફ જવા પ્રેરણા આપે છે અને વિષમભાવ વાનો ઉપદેશ આપે છે. અને તેનું પ્રત્યક્ષ પરિણામ શું છે તે ાવવા આ દૃષ્ટાંત રૂપ ચિત્ર રજૂ કરેલ છે. સુજ્ઞજનો તે વાંચી– ારી તેનું જીવનમાં આચરણ કરે. એ જ શુભકામના ! સહ ું છું.

સદ્‌ગત શ્રી દલપતરામભાઈ

ટૂંક પરિચય

સદ્‌ગત શ્રી દલપતરામભાઈના માતા–પિતાનું નિવાસસ્થાન સૌરાષ્ટ્રના સરધાર ગામ ખાતે હતું. તેમના માતાપિતાનું નામ શ્રીમતી ઉજમબાઈ અને શ્રી જટાશંકરભાઈ હતા. તેમનો જન્મ તા. ૧૯–૫–૧૮૯૫ના રોજ તેમના મોસાળ જેતપુરમાં થયો હતો. માતાપિતા સ્વભાવે સરળ અને ધર્માનુરાગી હતા. માતુશ્રી ઉજમબાઈની શીતળ વાત્સલ્ય–છાયામાં તેમનો શૈશવકાળ વ્યતીત થયો ત્યારબાદ થોડો પ્રાથમિક અભ્યાસ તેમણે સરધારમાં કર્યો અને પછીના વધુ અભ્યાસ માટે તેઓ રાજકોટ ગયા. અભ્યાસ બાદ તેઓશ્રી સૌરાષ્ટ્રમાંથી હાલના મહારાષ્ટ્ર રાજ્યમાંના સોલાપુર શહેરમાં જઈને વસ્યા. ત્યાંની મીલમાં તેમણે નોકરી સ્વીકારી અને પોતાની વિશિષ્ટ કુશળતા અને કાર્યદક્ષતાને પરિણામે, એક પછી એક ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરતાં કરતાં, અંતે વીવિંગ–માસ્તરના માનભર્યા હોદ્દા પર નિયુક્ત થયા. આ રીતે આ ઉદ્યોગ–કેન્દ્રને એમની સુદીર્ઘ અને નિષ્ઠાભરી સેવા–કારકિર્દીનો લાભ મળ્યો હતો. તેઓ સરળ સ્વભાવી અને શાંત હતા. તેઓ જૈન ધર્મના ધાર્મિક અનુષ્ઠાનો યથાશક્તિ આચરતા હતા. છેલ્લા ત્રણ વર્ષથી તેઓશ્રી હૃદયરોગના ભોગ બન્યા હતા. અને અન્ય નાના મોટા અનેક વ્યાધિઓએ તેમના શરીરને ઘેરી લીધું હતું. તેમના પુત્રોએ તેમની સંપૂર્ણ સેવા બજાવી હતી. અનેક ઉપચારો કર્યા છતાં અંતે તો બધું કુદરતને હાથ છે. કુદરત પાસે માનવીનું શું જોર છે? અંતે છેવટની ક્ષણ સુધી બોલતાં–ચાલતાં, તા. ૧૫–૨–૭૨ના રોજ આ માયામય જગત અને નશ્વર દેહનો ત્યાગ કરીને તેમનો અમર આત્મા પરલોકની યાત્રાએ ચાલ્યો ગયો છે. પ્રભુ તેમના અમર આત્માને શાંતિ અર્પે. તેમના સુપુત્રોએ તેમની પાછળ સારો એવો ધર્માદો કાઢેલ છે.

ભવદીય કાંતિલાલ

સ્વ. વોરા દલપતરામ જટાશંકર



પિતૃ દેવો ભવ

જન્મ તા. ૧૯-૫-૧૮૯૫] * [સ્વર્ગવાસ તા. ૧૫-૨-૭૨

પૂજ્ય પિતાશ્રી,

શિશુવયમાં જ ધર્મના સંસ્કારોનું સિંચન કરીને તેમાં અમને દૃઢ કરીને તથા તમારા પોતાના જ દૃષ્ટાંતથી ધર્મનું આરાધન કરનાર જીવ અંતિમ સમયે પણ કેવી સમાધિ રાખી શકે છે, તેનો દાખલો પૂરો પાડીને અમારામાં દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા રાખી શ્રદ્ધાવાન બનાવનાર એવા પૂજ્ય પિતાશ્રી ! આપના અમો ભવોભવનાં ઋણી છીએ.

લિ. ભવોભવના ઋણી
આપનાં સંતાનો,
મનસુખલાલ, ચંદ્રકાન્ત,
મધુસૂદન, મહેન્દ્રકુમાર,
સુશીલાબેન, મુક્તાબેન.

સુરજબહેન વોરા



માતૃ દેવો ભવ

પૂજ્ય માતુશ્રી,

આપે અમારી બાલ્યાવસ્થામાં જે દાન, શીલ, તપ અને ભાવરૂપી ધાર્મિક સંસ્કારોનું બીજ વાવ્યું, તેનાથી અમે જીવનને સન્માર્ગે લઈ જવામાં સફળ બન્યા છીએ. આપની પ્રેરણા અમોને સદા મળતી જ રહે અને આપ આત્મકલ્યાણ કરતા થકા દીર્ઘાયુષ્ય ભોગવો એવો પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે અમારા સર્વની પ્રાર્થના છે.

લિ. ભવોભવના ઋણી

આપનાં સંતાનો,

મનસુખલાલ, ચંદ્રકાન્ત,
મધુસૂદન, મહેન્દ્રકુમાર,
સુશીલાબેન, મુક્તાબેન.

સાભાર ધન્યવાદ

આ પ્રકાશન પ્રગટ કરવામાં જે જે ધર્મપ્રેમી બહેનો તથા બંધુઓએ આર્થિક, શારીરિક, પ્રત્યક્ષ અને પરોક્ષ, સહકાર આપેલ છે તે સર્વનો હાર્દિક ધન્યવાદ સહ આભાર માનવામાં આવે છે. આ પુસ્તકનું જે મૂલ્ય રાખેલ છે, તે પણ જ્ઞાન ખાતે જ વ્યય થશે. મતલબ કે આવાં આધ્યાત્મિક પુસ્તકો પ્રગટ કરવામાં જ તેનો સદુપયોગ થશે એ ભાવના હૃદયમાં વસેલ છે. માટે ગુણશીલ મહાનુભાવો આ પ્રકાશનને આનંદભેર અપનાવી આધ્યાત્મિક વિકાસ સાધશે. એ જ મંગલ કામના હૈયે રાખી વિરમું છું.

શ્રીયુત્ મનહરલાલભાઈ મોદી જેમણે આ પુસ્તક છપાવાની સર્વ કામની જવાબદારી લઈને દરેક કાર્ય કાળજીપૂર્વક ખંત અને ધર્મપ્રેમથી જે સેવા બજાવી છે. તેમનો આભાર માનવામાં આવે છે. તેઓ આવા પારમાર્થિક કાર્યો કરી ઉત્તરોત્તર સ્વવિકાસ સાધે. તેમણે જે નિઃસ્વાર્થ ભાવે સેવા બજાવી છે તે માટે તેમનો હાર્દિક ધન્યવાદ સહ આભાર માનવામાં આવે છે.

પ્રેસ માલિક પોપટભાઈએ જે ખંત, લાગણી અને ધાર્મિક પ્રેમસહિત, સેવાભાવે સુંદર અને શુદ્ધ છાપકામ સત્વર કરીને સેવા બજાવી છે તે બદલ તેમનો હાર્દિક ધન્યવાદ સહ આભાર માનવામાં આવે છે. ભવિષ્યમાં પણ પ્રસંગ આવ્યે એવા જ પ્રેમથી ભક્તિભાવ સહિત સેવા કરવા તત્પર રહેશે એવી આશા સેવીએ છીએ.

—કુમારી રંજનદેવી શ્રોફ્

આત્મ વિકાસની વિશિષ્ટ પદ્ધતિઓ

	જૈન દૃષ્ટિએ				જૈનેતર દૃષ્ટિએ				
આત્માની દશા ૧	ગુણસ્થાન ક્રમ ૨	ધ્યાન ૩	વિકાસ કાળ ૪	જ્ઞાન-પ્રકાશ ૫	યોગ દૃષ્ટિ ૬	અષ્ટાંગ યોગ ૭	અવસ્થા ૮	સાંખ્ય મત ૯	ક્રેયાર્થી/પ્રેયાર્થી ૧૦
બહિરાત્મ ભાવ	૦	રૌદ્ર-આર્ત	અવિકાસ કાળ	૦	ઓઘ દૃષ્ટિ	૦	મૂઢાવસ્થા	તમોગુણ	પ્રેયાર્થી
	૦	,, ,,	,,	૦	,,	૦	,,	,,	,,
	૦	,, ,,	,,	૦	,,	૦	,,	,,	,,
	૧	આર્ત-રૌદ્ર	,,	તૃણાગ્નિની પ્રભા સમાન	મિત્રા	યમ	ક્ષિપ્તા-વસ્થા	તમઃ રજઃ	,,
	૧	,, ,,	,,	છાણાની અગ્નિની પ્રભા સમાન	તારા	નિયમ	,,	,,	,,
	૨	,, ,,	,,	લાકડાની અગ્નિની પ્રભા સમાન	બલા	આસન	વિક્ષિપ્ત	,,	,,
	૩	આર્ત-રૌદ્ર	,,	દીવાની પ્રભા સમાન	દીપ્તા	પ્રાણાયામ	,,	,,	,,

૪	આર્ત-રૌદ્ર ધર્મ	વિકાસ કાળ	રત્નપ્રભા	સ્થિરા	પ્રત્યાહાર	એકાગ્ર	રજઃસત્ત્વ	શ્રેયાર્થી	
૫	,, ,,	,, ,,	,, ,,	,,	,,	,,	,,	,,	
૬	આર્તધર્મ	,, ,,	,, ,,	,,	,,	,,	સત્ત્વ	,,	
૭	ધર્મ	,, ,,	તારાની પ્રભા	કાન્તા	ધારણા	,,	,,	,,	
૮થી૧૨	ધર્મ-શુકલ	,, ,,	સૂર્યપ્રભા સમાન	પ્રભા	ધ્યાન	નિરુદ્ધ	પરમ સત્ત્વ	,,	
૧૩	શુકલ	પૂર્ણ વિ-કાસ કાળ	ચંદ્રિકા સમાન	પરા	સમાધિ	,,	ગુણાતીત	શ્રેયરૂપ	
૧૪	પરમ શુકલ	,, ,,	,, ,,	,,	સમાધિ	,,	,,	શ્રેયરૂપ	

ભાવાત્મક-ગુણ

ભાવાત્મક-રૂપ

દુઃખનું ઔષધ

તને બીજું કોઈ દુઃખી કરતું નથી, તારી પોતાની વાસના જ તને દુઃખી કરે છે. 'જે દિ' તારી વાસના નષ્ટ થઈ જશે તે દિ' દુઃખ નહીં રહે.

તારામાં માનપ્રાપ્તિની વાસના છે અને તને કોઈએ માન આપ્યું નહીં, ત્યારે તું એને દુઃખ આપનાર માને છે! પરંતુ હકીકતમાં, જો માનપ્રાપ્તિની તારી વાસના જ ન હોત તો તેને તું દુઃખ આપનાર ન માનત.

માટે જ્યારે જ્યારે તને લાગે કે "હું દુઃખી છું" ત્યારે ત્યારે એની પાછળ કાર્ય કરતી વાસનાને શોધી કાઢજે અને એને નિર્મૂળ કરવાના ઉપાયો કરજે. પછી બીજું કોઈ તને દુઃખ આપનાર નહિ લાગે.

રસ્તામાં ચાલ્યા જતાં અચાનક ખાડો આવે ને પડી જવાય... ત્યારે કેટલું દુઃખ થાય છે? જોઈને ન ચાલ્યા તેનો કેટલો બધો પશ્ચાતાપ થાય છે? એમ કોઈ દુષ્ટ વિચાર રૂપી ખાડામાં મન પડી જાય ત્યારે કેટલું દુઃખ થાય છે? કેટલો પશ્ચાતાપ થાય છે? ખરાબ વિચાર કર્યા પાછળ તીવ્ર દુઃખ અને પશ્ચાતાપ વિના પુનઃ આપણે એ વિચારોથી પાછા નહિ ફરી શકીએ.

ખરાબ વિચાર એટલે ઊંડો કૂવો! એવી આત્મપ્રતીતિ વિના તો કૂવામાં જ પડવાનું થશે. ખરાબ વિચારો અટકાવવાની તીવ્ર ઝંખના વિના ખરાબ વિચારો નહિ જ અટકે. આપણી રતિ–આનંદનું પાત્ર માત્ર વિષયો નથી, આપણી રતિનું પાત્ર તો છે પરમાત્મા તીર્થંકર દેવ. પરમાત્મા પ્રત્યે રતિ કરી શકીએ તો મનુષ્ય છીએ!

ॐ अर्हं नमः

શ્રી હરિભદ્ર સૂરિવર્ય વિરચિત

યોગદૃષ્ટિ સમુચ્ચય અનુવાદ

મંગલાચરણમ્

મહાવીરં ભજે દેવં, ભક્તયા સત્ફલ દાયકં,
યત્ પ્રસાદાત્ મયાપ્રાપિ, વિદ્યા સંતોષ કારિણીં ॥૧॥

ગુરુ કમલ નામાનં તતો વન્દેડતિભાવાતઃ,
યત્પાદ નિરતો નિત્યં ચિત્તે શાંતિ લભેપરાં ॥૨॥

શારદા ચરણૌ નત્વા યોગમાર્ગાભિદર્શકઃ
અનુદિતો મયાપ્રેમ્ણા, યોગદૃષ્ટિ સમુચ્ચયઃ ॥૩॥

અર્થઃ–અનુવાદ કર્તા મંગલાચરણ કરે છે, પરમાત્મા મહાવીર-દેવ તથા ગુરુવર્યશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ તથા સરસ્વતી દેવીને વંદન કરી યોગમાર્ગના સ્વરૂપને બતાવનાર તથા આત્મકલ્યાણ કરનાર યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથનો સારાંશ, રહસ્ય અનુવાદ રૂપે અહીં હું જણાવું છું. ૧–૨–૩.

યોગતંત્ર–યોગ શાસ્ત્રમાં પ્રવેશ કરવાને બહુ નિકટભૂત એવા યોગદૃષ્ટિ સમુચ્ચય નામના ગ્રંથની વ્યાખ્યાનો પ્રારંભ કરું છું. અહીંઆ પ્રથમ આચાર્યશ્રી શિષ્ટ પુરુષોના આચારને પાલન કરવા સારું તથા વિઘ્નોની ઉપશાંતિ માટે પ્રયોજન, અભિધેય,

સંબંધ તથા મંગલાચરણને જણાવવા સારું પ્રથમ શ્લોકરૂપ સૂત્રને જણાવે છે.

મંગલાચરણ તથા પ્રયોજનાદિ

નત્વેચ્છા યોગતોઽયોગં યોગિગમ્યં જિનોત્તમમ્
વીરં વક્ષ્યે સમાસેન યોગં તદ્ દૃષ્ટિ ભેદતઃ ॥૧॥

અર્થ:—શ્રુત જિનાદિ યોગીપુરુષોથી જાણવા લાયક તથા સામાન્ય કેવલીઓમાં ઉત્તમ તથા મન, વચન અને કાયાના યોગથી રહિત એવા પરમાત્મા મહાવીર દેવને (શાસ્ત્રયોગ તથા સામર્થ્ય યોગથી નમસ્કાર કરવો અશકય હોવાથી) ઇચ્છા યોગથી નમસ્કાર કરીને સંક્ષેપથી મિત્રાદિ લક્ષણવાળા યોગને યોગદૃષ્ટિના ભેદથી કહીશ. ૧.

વિવેચન—શિષ્ટ પુરુષોનો એવો આચાર છે કે કોઈ પણ સારા કામમાં પ્રવૃત્તિ કરતાં પહેલાં ઇષ્ટ દેવને નમસ્કાર કરીને પછી પ્રવૃત્તિ કરે છે. આ આચાર્ય પણ શિષ્ટ છે. આથી શિષ્ટાચાર પાલન કરવા મંગલાચરણ કરવું જરૂરનું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, શિષ્ટોનો આ આચાર છે કે તેઓ સર્વ સ્થળે સારા કામમાં પ્રવૃત્તિ કરતાં ઇષ્ટદેવની સ્તુતિપૂર્વક હંમેશા પ્રવૃત્તિ કરે છે. તેમ જ સારા કામમાં ઘણાં વિઘ્નો આવે છે. આ કારણને લઇ આ પ્રકરણ સમ્યગ્ જ્ઞાનનો હેતુ હોવાથી શ્રેયોભૂત છે માટે આ કાર્યમાં વિઘ્નો ન આવે, તેમ જ વિઘ્નોની ઉપશાંતિ થાય તે ખાતર મંગલની જરૂર છે, તથા બુદ્ધિમાનોની પ્રવૃત્તિ ખાતર આ ગ્રંથ રચવાનું શું પ્રયોજન છે ? તથા આ ગ્રંથમાં શું કહેવાનું છે ? તે જણાવવું જોઈએ. શાસ્ત્રમાં કહેલ છે કે

જ્યાં સુધી શાસ્ત્ર રચવાનું અગર કોઈ પણ કાર્ય કરવાનું પ્રયોજન કહેલ ન હોય ત્યાં સુધી તેનું ગ્રહણ કોઈ પણ કરતું નથી. તેમ જ જેનું અભિધેય, આમાં આ કહેવાનું છે તે કહેલ ન હોય તેનું પ્રયોજન પણ કહી શકાય નહિ, વળી આ અભિધેય અભીષ્ટ તથા શકય હોવું જોઈએ, પણ નકામું કે બિનઉપયોગી ન હોવું જોઈએ. આ ગ્રંથ રચવાનું આ ફળ છે એમ સ્પષ્ટ બતાવવું જોઈએ, તથા સંબંધ પણ કહેવો જોઈએ, પણ આ સંબંધ અંદર આવી જાય છે. વાચ્ય વાચક ભાવરૂપ જેથી જુદો કરેલ નથી.

અહીં હવે ઉપર જણાવેલ મંગલાચરણ, પ્રયોજન વગેરે જણાવે છે.

'નત્વેચ્છા યોગતોઽયોગ યોગિગમ્ય જિનોત્તમં, વીરં,'

આ વાકયથી શિષ્ટ સમય પ્રતિપાલન કરવા તથા વિઘ્નોની શાંતિ કરવા ઈષ્ટદેવને નમસ્કાર કરવામાં આવેલ છે, તથા

'વક્ષ્યે સમાસેન યોગ તદ્દૃષ્ટિ ભેદતઃ.'

આ વાકય વડે પ્રયોજનાદિ ત્રણ કહેલ છે. આ પ્રમાણે આ શ્લોકનો સામાન્ય અર્થ બતાવેલ છે. હવે તેનું વિવેચન કરવામાં આવે છે—'નત્વાપ્રણમ્ય વીરં,' પરમાત્મા મહાવીર-દેવને નમસ્કાર કરીને, કેવી રીતે, તે કહે છે કે 'ઇચ્છાયોગતઃ ઇચ્છાપૂર્વક. ઇચ્છાયોગ આશ્રિ આ ક્રિયા વિશેષણ છે. ઇચ્છાયોગ વડે નમસ્કાર કરું છું, આમ કહેવાથી શાસ્ત્રયોગ તથા સામર્થ્ય-યોગનો નિષેધ કર્યો, કારણ કે શાસ્ત્રયોગ તથા સામર્થ્યયોગથી નમસ્કાર થઈ શકે નહિ, અને ગ્રંથની શરૂઆતમાં મૃષાવાદ

(અસત્ય)નો દોષ લાગે તે દૂર કરવા ઇચ્છાયોગથી નમસ્કાર કરે છે. સર્વ જગ્યાએ ઉચિત પ્રવૃત્તિ કરવી તે જ યોગ્ય છે. આ ત્રણ યોગનું સ્વરૂપ આગળ બતાવવામાં આવશે. શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ ઘણા ઊંચા દરજ્જાના છે તેથી તે યોગ વડે નમસ્કાર કરવો બની શકે નહિ, માટે ઇચ્છાયોગથી નમસ્કાર કરેલ છે. વીરભગવાન કેવા છે? તો કહે છે કે:—

"જિનોત્તમં." આ વિશેષણ છે, નામાદિ વીરનો વ્યવચ્છેદ કરે છે. રાગદ્વેષાદિ શત્રુને જીતનાર હોવાથી સર્વે વિશિષ્ટ શ્રુતધરાદિ જિન કહેવાય છે. તે બતાવે છે—શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યાયજ્ઞાનીજિન, કેવલજ્ઞાનીજિન આ તમામ જિનોમાં ઉત્તમ, કેવલજ્ઞાનપણાને લઇ તથા તીર્થંકરપણાને લઇ, પ્રભુ મહાવીરદેવ જિનોત્તમ છે. આમ કહેવાથી પ્રભુના તથા ભવ્યત્વ પરિપકવપણાથી પ્રાપ્ત થયેલ ઉત્તમ બોધિબીજના લાભથી આરાધન કરેલ અર્હંત પદાદિના વાત્સલ્ય ભાવથી ઉપાર્જિત કરેલ મહાન્ પુણ્યરૂપ તીર્થંકર નામકર્મના વિપાક (ફલરૂપ) બીજાને પરમપદ સંપાદન કરાવનાર કર્મકાય અવસ્થા—સમવસરણ અવસ્થા જણાવી. કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાંની જે સમગ્ર અવસ્થા તે ધર્મકાય અવસ્થા જાણવી, વળી પ્રભુ કેવા છે તો કહે છે, "અયોગં." મન, વચન અને કાયાના વ્યાપાર રૂપ જે યોગો તે જેઓને હવે નથી. આને લઈને પ્રભુ યોગરહિત છે, આમ કહેવાથી પ્રભુની શૈલેશી અવસ્થાના ઉત્તરકાલમાં થનાર સંપૂર્ણ કર્મ અભાવરૂપ તથા ભવ્યત્વ પરિક્ષયથી પ્રગટ થયેલ પરમજ્ઞાન તથા સુખ લક્ષણથી કૃતકૃત્ય થવાથી પરિપૂર્ણપણે પરમ ફલરૂપ તત્ત્વકાયાવસ્થા—સિદ્ધાવસ્થાને જણાવે

છે. "અતએવાહ" આથી કહે છે કે "યોગિગમ્યં" નિષ્પન્ન યોગિઓથી જાણવા લાયક છે, અહીંઆ યોગીઓ શ્રુતજ્ઞિનાદિ લેવા; આથી એ જણાવ્યું કે મિથ્યાદૃષ્ટિઓ પ્રભુના સ્વરૂપને જાણી શકતા નથી. પણ શ્રુતજ્ઞિનાદિ યોગીઓ છે તે જ જાણી શકે છે, વળી પ્રભુના સ્વરૂપને જાણવાની ઇચ્છા પણ સમ્યક્ત્વને પ્રાપ્ત થવાના સમયે થનાર ચરમ યથાપ્રવૃત્તિકરણ પ્રાપ્ત થાય ત્યારે જ થાય છે. બીજા સમયે પ્રભુને જાણવાની ઇચ્છા પણ થાય નહિ. "વીરં" આ નામ ગુણનિષ્પન્ન હોવાથી સાર્થક છે. મહાવીર્યથી બિરાજમાન હોવાથી, તથા મહાઘોર તપશ્ચર્યાથી કર્મશત્રુને વિદારણ કરવાથી, તથા કષાય રૂપ શત્રુને જીતવાથી, તથા કેવલજ્ઞાન રૂપ લક્ષ્મીને સ્વયં (પોતાની મેળે) ગ્રહણ કરવા રૂપ પરાક્રમવાળા હોવાથી વીર કહેવાય છે. આમ કહેવાથી પ્રભુના યથાર્થ અસાધારણ ગુણની સ્તુતિ રૂપ ભાવસ્તવનથી ઇષ્ટ-દેવની સ્તુતિ કરી છે, અહીં ઇષ્ટદેવપણાનું સ્વરૂપ બતાવે છે. 'ઇષ્ટત્વ" એટલે ગુણના પ્રકર્ષરૂપ (શ્રેષ્ઠતારૂપ) ભગવાન છે માટે ઇષ્ટ છે, અને 'દેવતત્ત્વંચ,' એટલે પરમગતિને પ્રાપ્ત થવાથી દેવ છે, આને લઇને પ્રથમ ઇષ્ટદેવની ભાવસ્તવન રૂપ સ્તુતિ કરેલ છે, "વક્ષ્યે સમાસેન યોગં તદ્દૃષ્ટિ ભેદતઃ" આ વાક્યથી પ્રેક્ષાવાનોની પ્રવૃત્તિ નિમિત્તે પ્રયોજનાદિ ત્રણનું સ્વરૂપ બનાવેલ છે, કેવી રીતે, તો જણાવે છે કે વક્ષ્યે–કહીશ યોગં મિત્રાદિ લક્ષણ યોગને સંક્ષેપ વડે, વિસ્તારથી તો પૂર્વના મહાન્ આચાર્યોએ ઉત્તરાધ્યયન સૂત્ર તથા યોગનિર્ણયાદિ ગ્રંથોમાં જણાવેલ છે. 'તદ્દૃષ્ટિભેદતઃ' યોગદૃષ્ટિના ભેદથી. અહીં સંક્ષેપ વડે યોગનું કથન કરવું તે કર્તાનું અનંતર પ્રયોજન છે, અને પરંપર પ્રયોજન કર્તાને નિર્વાણ

પદ મળવું તે છે. ગ્રંથકર્તાનો આશય શુદ્ધ હોવાથી તથા પ્રાણીઓના હિત ખાતર તેઓશ્રીની પ્રવૃત્તિ હોવાથી આ પ્રવૃત્તિ નિર્વાણ સુખ મેળવી આપવામાં અવશ્ય ફળદાતા બીજ સમાન છે. "અભિધેય" આ ગ્રંથમાં કહેવા લાયક યોગનું સ્વરૂપ છે, આ અભીષ્ટ છે, તેમ જ શકય પણ છે, આથી અનભીષ્ટ તથા અશકયપણાની શંકા દૂર કરવી.

"સંબંધ" સાધ્ય સાધન લક્ષણ સંબંધ અથવા વાચ્ય વાચક ભાવ લક્ષણ સંબંધ પ્રસિદ્ધ જ છે. શબ્દ રૂપ ગ્રંથ વાચક છે, અને અર્થ વાચ્ય છે. શ્રોતાઓને અનંતર પ્રયોજન ચાલુ પ્રકરણના અર્થનો બોધ થવો તે, અને પરંપર પ્રયોજન તો શ્રોતાઓને પણ નિર્વાણ સુખ મેળવવું તે છે, પ્રકરણના અર્થને જાણી યોગ્ય રીતે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી તે, મોક્ષ પ્રાપ્ત કરવામાં અવશ્ય ફલદાતા બીજ રૂપ છે. આ પ્રમાણે ઇષ્ટદેવને નમસ્કાર કરીને તથા પ્રયોજનાદિ કહીને ચાલુ પ્રકરણને ઉપકારક પ્રાસંગિક બીના જણાવે છે.

ઇચ્છાદિ યોગનું સ્વરૂપ કહે છે.

ઇહૈવેચ્છાદિ યોગાનાં સ્વરૂપમભિધીયતે,
યોગીના મુપકરાય વ્યકતં યોગ પ્રસંગતઃ ॥૨॥

વિવેચન–ચાલુ પ્રકરણમાં ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગોનું સ્વરૂપ કહેવામાં આવે છે. શા માટે? ઉત્તર આપે છે કે યોગીઓના ઉપકાર અર્થે, અહીંઆ કુલ યોગીઓ તથા પ્રવૃત્તચક્ર યોગીઓ લેવા, પરંતુ નિષ્પન્ન યોગીઓ કે

જેઓ પૂર્ણતાને પામ્યા છે તેઓને ન લેવા, કારણ કે તેઓને આ યોગના ગ્રંથથી હવે લાભ નથી. આ ત્રણ પ્રકારના યોગીઓનું સ્વરૂપ આગળ સવિસ્તારથી જણાવવામાં આવેલ હોવાથી અહીં જણાવેલ નથી. આથી શું ઉપકાર થવાનો છે ? ઉત્તર— યોગના સ્વરૂપને, રહસ્યને સમ્યક્ પ્રકારે જાણે. કેવી રીતે કહેશો ? ઉત્તર–સ્પષ્ટ રીતે કહીશું પણ અપ્રસ્તુત નહિ કહીએ.

" યોગપ્રસંગતઃ " મિત્રાદિ લક્ષણ યોગના પ્રસંગને લઇ, પ્રસંગ નામના શાસ્ત્રની યુક્તિથી આકર્ષાઈ ને જણાવીશ. ૨.

ઇચ્છા યોગનું સ્વરૂપ કહે છે.

કર્તુમિચ્છોઃ શ્રુતાર્થસ્ય જ્ઞાનીનોઽપિ પ્રમાદતઃ
વિકલો ધર્મયોગો યઃ સ ઇચ્છાયોગ ઉચ્યતે ॥૩॥

વિવેચન–તથા પ્રકારના ક્ષયોપશમ ભાવને લઈ કોઈ એક માણસ દ્રવ્યાદિક પુદ્ગલિક વસ્તુની આશા, તૃષ્ણા રહિત ધર્મના અનુષ્ઠાનો કરવાની ભાવનાવાળો હોવા છતાં સિદ્ધાંતમાં કહેલ તત્ત્વની વાતો જાણવા છતાં, અને કરવા લાયક ધાર્મિક અનુષ્ઠાનો સારી રીતે સમજવા છતાં, જે કાળે જે ધર્મનું અનુષ્ઠાન કરવાનું હોય તેમાં ફેરફાર કરી નાંખે, દૃષ્ટાંત તરીકે પ્રતિક્રમણ કરતાં સૂર્યાસ્ત સમયે વંદિતા સૂત્ર આવવું જોઇએ તેના બદલે પ્રતિક્રમણની શરૂઆત પણ થતી નથી. ચૈત્યવંદન કરતાં અર્થની વિચારણા તથા ચિત્તની એકાગ્રતા થવી જોઈએ, તે પણ પ્રમાદને લઈ બરોબર થતી નથી. ક્ષયોપશમ ભાવની વિચિત્રતાને પોતે અજ્ઞાની નથી પણ જ્ઞાની છે. તેમ જ ધર્મના અનુષ્ઠાનોના રહસ્યને જાણનાર છે. માત્ર પ્રમાદ, વિકથાને લઈ જે અવસરે

જે ક્રિયા કરવાની છે તે કરે નહિ, પ્રભુભક્તિ કરવાના સમયે ઉપાસના કરે નહિ, ગુરુવંદનના સમયે ગુરુને વંદન કરે નહિ, સુપાત્ર દાન આપવાના સમયે દાન આપે નહિ, હૃદયમાં ઇચ્છા તો પ્રબળ હોય પણ આળસ, પ્રમાદ, મનની અસ્થિરતા વગેરેને કારણે કરી શકે નહિ, અથવા વિકાલે કરે, તેને ઇચ્છા-યોગ કહે છે. આ યોગ ચતુર્થ ગુણસ્થાનકે હોય છે. ૩.

શાસ્ત્ર યોગનું સ્વરૂપ

શાસ્ત્ર યોગ સ્તવહ જ્ઞેયો યથાશકત્યડપ્રમાદિનઃ
શ્રાદ્ધસ્ય તીવ્રબોધેન વચસાડવિકલસ્તથા ॥૪॥

વિવેચન—અપ્રમાદિ એવો શ્રાવક શાસ્ત્રમાં જે પ્રમાણે કહેલ હોય તે પ્રમાણે ધર્મના સર્વ અનુષ્ઠાનો જે સમયે જે કરવાનાં હોય તે પ્રમાણે કરે છે. વિકથાદિ પ્રમાદ જેને અલ્પ માત્ર પણ નથી, તેમ જ અન્ય પ્રકારના મોહના અભાવથી આત્મા-દિનો નિર્ણય જેને ચોક્કસ થઈ ગયો છે. તેમ જ તીવ્ર બોધને લઈ અબાધિત યોગ્ય સમયે અખંડ ધર્માનુષ્ઠાન કરે છે. ઇચ્છા-યોગમાં યથા યોગ્ય પ્રવૃત્તિની ખામી છે, ત્યારે શાસ્ત્રયોગમાં યથાયોગ્ય પ્રવૃત્તિ થઈ શકે છે. તેમ જ ત્યાગ, વૈરાગ્ય પણ વધારે સારો હોય છે. વિચક્ષણ મનુષ્યો જ પોતાના દોષોને, ભૂલોને જાણી શકે છે અને ત્યાગી શકે છે. પણ જે પોતાની ભૂલોને જાણે જ નહિ તે તેને ત્યાગી તો કયાંથી જ શકે. ૪.

સામર્થ્યયોગનું સ્વરૂપ

શાસ્ત્રસંદર્શિતોપાયસ્તદતિક્રાન્ત ગોચરઃ
શકત્યુદ્રે કાદ્વિશેષેણ સામર્થ્યાખ્યોડયમુત્તમઃ ॥૫॥

વિવેચન—શાસ્ત્રમાં યોગની સિદ્ધિ માટે જે જે ઉપાયો બતાવેલ છે, તે સર્વ ઉપાયોનો અનુભવપૂર્વક સાક્ષાત્કાર કરીને જેઓ ઘણા આગળ વધ્યા છે તેઓનું જે ઉત્તમોત્તમ ધર્માનુષ્ઠાન તેને સામર્થ્ય યોગ કહે છે. દૃષ્ટાંત તરીકે તથાપ્રકારના સંઘયણના અભાવે તથા શ્રુતજ્ઞાનના અભાવે જિન કલ્પાદિ જે વસ્તુનો વિચ્છેદ (નાશ) શાસ્ત્રમાં કહેલ છે, તેનો અભ્યાસ શક્તિના પ્રાબલ્યપણાથી કરવો, જિન કલ્પાદિની તુલના કરવી–પ્રેકટીસ કરવી. જેટલી બને તેટલી શક્તિને ફોરવવી તેને સામર્થ્ય યોગ કહે છે. આ યોગ વિના વિલંબે પ્રધાન ફલ–મોક્ષ મેળવી આપવામાં અસાધારણ કારણ રૂપ છે. ૫.

આ વાતને સમર્થન કરે છે.

સિદ્ધયાર વ્યપદ્રસંપ્રાપ્તિ હેતુ ભેદા ન તત્વતઃ
શાસ્ત્રાદેવાવગમ્યન્તે સર્વથૈવહે યોગિભિઃ ॥૬॥

વિવેચન—શાસ્ત્રો તો દિશા બતાવે છે, પણ પછી આગળનો માર્ગ તો પોતાની મેળે મેળવી લેવો જરૂરી છે. શાસ્ત્રમાં મોક્ષ પ્રાપ્તિના સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિ અનંતા માર્ગો બતાવેલા છે. નવ પદની પૂજામાં મહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજ જણાવે છે કે:—

"યોગ અસંખ્ય જિનવર કહ્યા નવપદ મુખ્ય તે જાણો રે"

સારાંશ એ છે કે, મોક્ષ પ્રાપ્ત કરવાના અસંખ્ય સાધનો છે, પણ તે બધાને શાસ્ત્રથી યોગી પુરુષો પણ સર્વ પ્રકારે જાણી શકતા નથી. સ્વાનુભવદ્વારા નિષ્પન્ન યોગીઓ જાણી શકે છે. આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. કોઈ નગરમાં પ્રવેશ કરવા

માટે એક જ દરવાજો હોતો નથી, પણ અનેક દરવાજાઓ તથા બારીઓ હોય છે. જેને જે ઇચ્છા આવે તે દરવાજેથી નગરમાં પ્રવેશ કરી શકે છે. તેના માટે પ્રતિબંધ હોતો નથી, તે પ્રમાણે મોક્ષ રૂપ નગરમાં પ્રવેશ કરવા માટે એકાદ સાધન હોતું નથી, પણ અસંખ્યાત કે અનંતા સાધનો હોય છે. આ બધા અનંતા સાધનોનો ઉલ્લેખ શાસ્ત્રમાં કેવી રીતે હોઈ શકે? શાસ્ત્ર તો માત્ર દિશાસૂચન કરે છે. એકાદ સાધન પકડી આગળ વધવા પ્રયત્ન કરે તો આગળના માર્ગો આપોઆપ સ્વાનુભવે સમજાઈ જાય છે. ૬.

શાસ્ત્રથી તમામ સાધનો જાણવામાં દોષ બતાવે છે.

સર્વથા તત્પરિચ્છેદાત્ સાક્ષાત્કારિત્વ યોગતઃ
તત્સર્વજ્ઞત્વ સંસિદ્ધેસ્તદા સિદ્ધિપદાપ્તિતઃ ॥૭॥

વિવેચન—શાસ્ત્રો દિશાસૂચન કરાવનારા હોવાથી શાસ્ત્ર દ્વારા મોક્ષના અનંતા સાધનો જાણી શકાય જ નહિ અને જાણવામાં આવે તો શ્રોતારૂપ યોગિઓને સ્વાનુભવ સિદ્ધ તમામ માર્ગોનો સાક્ષાત્કાર થવાથી શાસ્ત્ર સાંભળવાના સમયે જ સર્વજ્ઞપણાની સિદ્ધિ સાથે મુક્તિપદની પ્રાપ્તિ પણ થાય, પણ તેમ તો થતું જ નથી.' ૭.

વાદિ આ વાતને ઇષ્ટ ગણે છે. તેને ઉત્તર આપે છે :

ન ચૈનદ્વેવં યત્તસ્માત્ પ્રાતિભજ્ઞાન સંગતઃ
સામર્થ્ય યોગોડવાચ્યોસ્તિ સર્વજ્ઞત્વાદિ સાધનમ્ ॥૮॥

વિવેચન—ઉપર જે બીના કહેવામાં આવી તે પ્રમાણે બનતું તો નથી. શાસ્ત્રથી અયોગિ કેવલીત્વનું જ્ઞાન થયા છતાં

પણ મુક્તિ મળતી તો નથી. જો આમ છે તો પ્રાતિભજ્ઞાન સંયુક્ત આ સામર્થ્યયોગ ચોક્કસ સર્વજ્ઞપણાને પ્રાપ્ત કરી આપે છે. આ યોગ પ્રાપ્ત થતા આત્મસ્વરૂપ પ્રગટ થતા જરાપણ વાર લાગતી નથી, આ પ્રાતિભજ્ઞાનને માર્ગાનુસારિ–કેવલજ્ઞાનને અનુસરનાર પ્રકૃષ્ટ ઉહા–જ્ઞાન–માનસિકતાદશ જ્ઞાન કહે છે. સામર્થ્ય છે પ્રધાન જેમાં, એવો યોગ ને સામર્થ્યયોગ, અર્થાત્ ક્ષપકક્ષેણીગત ઉત્તમ ધર્મ વ્યાપાર. કે જે યોગીઓથી પણ અવાચ્ય છે, અકથનીય છે, જેનું સ્વરૂપ શબ્દ દ્વારા પણ વર્ણન કરી શકાય નહિ, પણ સ્વાનુભવગમ્ય છે. આવો સામર્થ્યયોગ–ધર્મવ્યાપાર વિલંબ વગર કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવે છે. અહીં આ વાદી શંકા કરે છે કે–પ્રાતિભજ્ઞાન છે તે શ્રુતજ્ઞાન છે. અને એમ નહિ માનો તો શાસ્ત્રમાં પાંચ જ્ઞાન કહેલ છે તેના છ જ્ઞાન થશે, તેમ જ પ્રાતિભજ્ઞાનને કેવળજ્ઞાન પણ કહી શકાય નહિ, કારણ કે કેવલજ્ઞાન તો સામર્થ્ય યોગનું કાર્ય છે. આ યોગમાં પ્રવૃત્તિ કરવાથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાનની અંદર પ્રવેશ કરાવો, જો શ્રુતજ્ઞાનની અંદર પ્રાતિભજ્ઞાનનો સમાવેશ થાય તો પછી મોક્ષપ્રાપ્તિના જે જે કારણો છે તે શ્રુતજ્ઞાન રૂપ શાસ્ત્રથી જ જણાય છે એમ ચોક્કસ થયું. આનો ઉત્તર એ છે કે–પ્રાતિભજ્ઞાન છે તે શ્રુતજ્ઞાન નથી. તેમ જ કેવલજ્ઞાન પણ નથી. તેમ જ પાંચ જ્ઞાનથી જુદું જ્ઞાન પણ નથી, જેમ અરૂણોદય. આ અરૂણોદય છે તેને રાત્રિ ન કહી શકાય, તેમ દિવસ પણ ન કહી શકાય, તેમ જ રાત્રિ દિવસથી અતિરિક્ત વસ્તુ છે તેમ પણ ન કહી શકાય. પરંતુ સૂર્યોદય પહેલાંની એક અવસ્થા અરુણોદય છે એમ કહી શકાય. તે

પ્રમાણે પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાન તથા કેવલજ્ઞાન પણ ન કહી શકાય. કારણ કે સામર્થ્યયોગના સમયે ક્ષપકક્ષેણીગત હોવાથી ઉત્કૃષ્ટ ક્ષયોપશમભાવને લઇ શ્રુતજ્ઞાની તરીકે વાસ્તવિક વ્યવહાર થઈ શકે નહિ, માટે શ્રુતજ્ઞાન ન કહેવાય, તેમ જ ક્ષયોપશમ જ્ઞાન હોવાથી તમામ દ્રવ્ય પર્યાયને નહિ જાણવાથી કેવલજ્ઞાન પણ કહેવાય નહિ, માટે આ પ્રાતિભજ્ઞાનને અરુણોદયની જેમ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાંની દશા કહે છે. આ જ્ઞાનને બીજાઓ તારકનિરીક્ષણ જ્ઞાન શબ્દથી ઓળખાવે છે. માટે તેને પ્રાતિભજ્ઞાન કહેવામાં દોષ નથી. ૮.

સામર્થ્યયોગના ભેદ કહે છે.

द्विधायं धर्म संन्यास योगसंन्यास संज्ञितः,
क्षायोपशमिकाधर्मा योगाः कायादिकर्म तु ॥९॥

વિવેચન—કેવલજ્ઞાન થયા પહેલાના પ્રાતિભજ્ઞાનવંત તીવ્ર તત્ત્વ બોધથી ઘણો આગળ વધેલ એવો અપ્રમત્ત સંયતિ જ્યારે આઠમા ગુણસ્થાને ક્ષપકક્ષેણી પર ચઢે છે ત્યારે ધર્મ-સંન્યાસ નામના સામર્થ્ય યોગનો પ્રથમ ભેદ પ્રાપ્ત થાય છે. આ યોગની અંદર ક્ષયોપશમ ભાવથી ઉત્પન્ન થયેલા ક્ષમાદિ દશ પ્રકારના ધર્મોનો નાશ થાય છે, અને ક્ષાયિક ભાવના ક્ષમાદિ દશ પ્રકારના ધર્મો પ્રગટ થાય છે. આ ધર્મ સંન્યાસ યોગ છઠ્ઠા ગુણસ્થાનકથી શરૂ થાય છે, અને તેરમાં ગુણસ્થાનક સુધી હોય છે, પણ તાત્ત્વિક દૃષ્ટિએ ધર્મ સંન્યાસ યોગ આઠમા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી પર ચઢે ત્યારે જ શરૂ થાય છે, અને ફળ સ્વરૂપે કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવી આપે છે. કેવલજ્ઞાન પ્રાપ્ત

થયા પછી ક્ષયોપશમ ભાવના ક્ષમાદિ ધર્મો, તથા મત્યાદિ ચાર જ્ઞાન રહેતા નથી, અને ક્ષાયક ભાવના ક્ષમાદિ દશ ધર્મો તથા કેવલજ્ઞાનાદિ પ્રાપ્ત થાય છે.

યોગ સંન્યાસ નામનો સામર્થ્યયોગ તેરમાં ગુણસ્થાનકના અંતે મોક્ષ જવાના સમયે જ્યારે શૈલેશીકરણ કરે છે, ત્યાર પછી ચૌદમાં ગુણસ્થાનકે આ યોગ હોય છે, આ યોગમાં મન, વચન અને કાયાના વ્યાપારનો પણ નિરોધ થાય છે. આ બાબતને આગળના શ્લોકમાં જણાવવામાં આવે છે. ૯.

આ બન્ને યોગ જે ગુણસ્થાનકે હોય તે કહે છે.

द्वितीयाऽपूर्वकरणे प्रथमस्तात्त्विको भवेत्
आद्योऽन्यकरणाद्दूर्ध्वं द्वितीय ऽतितद्विदः ॥१०॥

વિવેચન—અહીં આ બીજું અપૂર્વકરણ ગ્રહણ કરવાથી ગ્રંથીભેદના કારણભૂત પ્રથમ અપૂર્વકરણનો નિષેધ કરીને દ્વિતીય શબ્દ ગ્રહણ કરેલ છે, કારણ કે પ્રથમ અપૂર્વકરણમાં સામર્થ્ય યોગ હોતો નથી.

અપૂર્વકરણ એટલે આત્માનો અપૂર્વ ભાવ. જે પહેલા કયારેય પણ આવેલ નથી. આ અનાદિ અપાર સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવને ધર્મના અનુષ્ઠાનો કરવા છતાં પણ પહેલા કયારે નહિ આવેલો એવો આત્માનો અપૂર્વ અધ્યવસાય (પરિણામભાવ) ઉત્પન્ન થાય તેનું નામ અપૂર્વકરણ છે. આ અપૂર્વકરણનું ફળ રાગદ્વેષ રૂપી તીવ્ર ગાંઠ છે તેનો ભેદ કરવો તે છે, અને આ ગ્રંથીભેદનું ફલ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું તે છે. અને આ સમ્યગ્ દર્શનથી સત્ય વસ્તુ સમજાય છે—જડ

ચૈતન્યનું જ્ઞાન થાય છે. સમ્યગ્દર્શન એટલે શુદ્ધ આત્મ-સ્વરૂપનો બોધ થવો, અનુભવ થવો. શાસ્ત્રમાં કહેલ છે કે, આપણામાં સમ્યગ્દર્શન છે કે નહિ તે જાણવા માટે સમ્યક્ત્વના પાંચ લક્ષણો બતાવ્યા છે. આ લક્ષણો આપણામાં હોય તો જાણવું કે આપણામાં સમ્યક્ત્વ છે. અને એ લક્ષણો ન હોય તો તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયતા. આ પાંચ લક્ષણથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે. આપણામાં સમ્યક્ત્વ છે કે નહિ તેની ખાતરી થાય છે. તત્ત્વાર્થશ્રદ્ધાને સમ્યક્ત્વ કહે છે. આ સમ્યક્ત્વના પાંચ લક્ષણોનો અનુક્રમ પ્રાધાન્યતાને અનુસારે છે, અને એક પછી એકનો લાભ થાય છે.

પ્રશમ–કષાયોનો ઉપશમ થાય તો જ મોક્ષની અભિલાષા રૂપ સંવેગ પ્રાપ્ત થાય છે, અને સંવેગ હોય તો જ સંસાર ઉપર ઉદાસીનવૃત્તિ રૂપ નિર્વેદ પ્રગટ થાય ત્યારે વૈરાગ્યભાવ પ્રગટે છે, અને નિર્વેદ હોય તો જ દુઃખી જીવો ઉપર દયા ચિંતવવા રૂપ અનુકંપા પ્રગટ થાય છે અને અનુકંપા હોય તો જ પ્રભુના વચન ઉપર શ્રદ્ધા થવા રૂપ આસ્તિકતા પ્રાપ્ત થાય છે. પૂર્વાનુ-પૂર્વીથી પશ્ચાનુપૂર્વી સુંદર છે. આસ્તિકતા હોય તો અનુકંપાદિ બીજા ગુણો હોય છે એમ શાસ્ત્રના જાણકારો કહે છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી કર્મની જે સ્થિતિ બાકી રહે છે તેમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મની સ્થિતિનો ક્ષય થવાથી બીજા અપૂર્વકરણમાં પ્રથમ તાત્ત્વિક ધર્મસંન્યાસ-નામનો સામર્થ્યયોગ પ્રાપ્ત થાય છે, અપ્રમત્ત સંયતિ જ્યારે

આઠમા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી પર આરૂઢ થાય છે ત્યારે ધર્મ-સંન્યાસ યોગ હોય છે. એ સમયે આત્મસ્ફુરણા તીવ્ર થાય છે. પર પરિણતી થતી નથી. આ અતિ ઉત્તમ દશાને જ્ઞાનીઓ પણ વર્ણવી શકે નહિ, તે અનુભવગમ્ય સ્થિતિ છે. યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આ અતિ ઉત્કૃષ્ટ ચારિત્ર તથા જ્ઞાનદશામાં વર્તતાં ઘનઘાતી કર્મનો નાશ થાય છે, અને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે ક્ષયોપશમ ભાવના ક્ષમાદિ દશ ધર્મ તથા મત્યાદિ જ્ઞાનની નિવૃત્તિ થાય છે. અને ક્ષાયક ભાવના ક્ષમાદિ ધર્મો તથા કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ તાત્ત્વિક ધર્મસંન્યાસયોગ છે. પરંતુ અતાત્ત્વિક ધર્મસન્યાસ-યોગ છઠ્ઠા ગુણસ્થાનકે પ્રવ્રજ્યા અંગીકાર કરતી વખતે હોય છે. સાવદ્ય પ્રવૃત્તિની નિવૃત્તિરૂપ પ્રવ્રજ્યા જ્ઞાનયોગની પ્રાપ્તિરૂપ છે. ભગવતી પ્રવ્રજ્યાનો અધિકારી સંસારથી વિરક્ત થયો હોય તે જ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે, દીક્ષાને લાયક તે જીવો છે કે જે (૧) આર્યદેશમાં જન્મેલ હોય, (૨) વિશિષ્ટ જાતિ અને કુળવાળો હોય, (૩) જેના કર્મરૂપી મળ ઉપશાંત થયા હોય એવો નિર્મળ બુદ્ધિવાળો હોય, (૪) જેને મનુષ્ય જન્મની દુર્લભતા સમજાણી હોય, (૫) જન્મ – મરણના રોગથી જે ભયભીત બન્યો હોય, (૬) ધન, સંપત્તિની અસ્થિરતાને જાણી લીધી હોય, (૭) વિષયો માત્ર દુઃખના હેતુ છે એમ જાણ્યું હોય, (૮) સંયોગને વિયોગશીલ જાણ્યો હોય, (૯) મરણનો ભય જીવનમાં પ્રતિક્ષણે રહેલો છે એવું જાણી લીધું હોય, (૧૦) ભોગોનું ફળ અતિ ભયંકર છે એમ જાણી લીધું હોય, (૧૧) ઉપરોક્ત

વસ્તુ સ્વભાવને જાણી જે સંસારથી વિરક્ત રહેતો હોય, (૧૨) જેના કષાયો પાતળા પડી ગયા હોય, (૧૩) જે વિનયવંત હોય, (૧૪) જે બધાથી સન્માનીય હોય, (૧૫) કોઈનો દ્રોહ ન કરનાર હોય, (૧૬) પરનું હિત કરનાર હોય, (૧૭) શ્રદ્ધાવંત હોય, (૧૮) આચાર્યના પરિચયમાં આવેલો હોય, ઉન્નતિક્રમમાં આગળ વધેલો હોય તે જ માણસ દીક્ષાને લાયક ગણાય છે. અને તે જ વાસ્તવિક રીતે ધર્મસંન્યાસવાન્ થઈ શકે છે, કારણ કે ત્યાં જ્ઞાનયોગની પ્રાપ્તિ થાય છે. આવા ગુણવાળો પ્રાણી ન હોય તે જ્ઞાનયોગને આરાધી શકતો નથી. "સર્વજ્ઞોએ ભાષેલું તે જ આગમ છે, અને આ વાત શાસ્ત્રમાં નિરૂપણ (બરોબર વર્ણવેલ) કરેલ છે" તાત્ત્વિ "आयोज्य करणा दुर्ध्वं."

ધર્મસંન્યાસ યોગનું સ્વરૂપ કહ્યા પછી હવે યોગ સંન્યાસ નામના સામર્થ્યયોગનું સ્વરૂપ કહે છે, કેવલજ્ઞાનના ઉપયોગથી તથા અચિંત્ય વીર્યશક્તિ વડે તે તે પ્રકારના તે તે કાળે ક્ષય કરવા યોગ્ય ભવોપગ્રાહિ કર્મનો તથા પ્રકારે ક્ષય કરવા પ્રયત્ન કરવો એનું નામ શૈલેશીકરણ અથવા આયોજ્યકરણ છે. સારાંશ એ છે કે તેરમાં ગુણસ્થાનકના અંતે શૈલેશીકરણ કરવાની શરૂઆત કરતાં ચૌદમાં ગુણસ્થાન કે આ શૈલેશીકરણની ક્રિયાથી મન, વચન અને કાયાના યોગોનું રૂંધન (રોકવાથી) કરવાથી ચાર અઘાતી કર્મોનો નાશ થાય છે. શૈલેશી અવસ્થાનું આ ફળ છે. ચાર ઘાતી કર્મો પહેલા ક્ષય થયા હતા, અને શૈલેશી કરણથી બીજા ચાર અઘાતી કર્મ ક્ષય થવાથી તરત જ પરમ પદને (સિદ્ધ ગતિને) પ્રાપ્ત કરે છે. સિદ્ધ ગતિમાં આત્મસ્વરૂપ, પરમજ્યોતિ રૂપ સચ્ચિદાનંદ સ્વરૂપમાં લીન થાય છે. જન્મ,

જરા, આધિ, વ્યાધિ અને ઉપાધિ રહિત નિરુપાધિ સુખ પ્રાપ્ત કરે છે. કર્મબીજ સર્વથા દગ્ધ થવાથી ભવાંકુર હવે ઉત્પન્ન થતો નથી. આ આઠમી પરા દૃષ્ટિનું અંતિમ ફળ છે. આ બીજો યોગ સંન્યાસ નામનો સામર્થ્યયોગ શૈલેશીકરણ અવસ્થામાં થાય છે એમ યોગાચાર્યો જણાવે છે. આ સર્વ બાબત આગમથી સિદ્ધ છે. આ વાતને સાબિત કરવા પ્રાચીન સિદ્ધાંતની ગાથાઓનો અર્થ બતાવે છે. "યથા પ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ" આ ત્રણ કરણો ભવ્ય જીવોને હોય છે. અભવ્ય જીવોને પ્રથમ યથાપ્રવૃત્તિકરણ માત્ર હોય છે. કરણ એટલે એક જાતનો આત્માનો પરિણામ (ભાવ) જ્યાં ગ્રંથિ છે ત્યાં પહેલું કરણ હોય છે, ગ્રંથિનો ભેદ કરતાં બીજું કરણ પ્રાપ્ત થાય છે. અનિવૃત્તિકરણથી આ જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. દુઃખે કરીને ભેદી શકાય, એવી પ્રગાઢ અને ગુપ્ત એવી લાકડાની ગાંઠ જેવા જીવના કર્મથી ઉત્પન્ન થયેલો ગાઢ રાગદ્વેષના પરિણામ (ભાવ) તેને ગ્રંથિ કહે છે. આ ગ્રંથિનો ભેદ થયા પહેલાં જીવ મિથ્યાત્વી હતો. પરંતુ ગ્રંથિનો ભેદ થવાથી તે સમ્યક્ત્વ જ્ઞાનવાન બને છે. થોડું પણ સમ્યક્જ્ઞાન ઘણું ઉત્તમ છે અને અસંમોહનું કારણ બને છે. ।૧૨।૩।૪।

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી જે કર્મની સ્થિતિ બાકી રહી છે, તેમાંથી બે પલ્યોપમથી નવ પલ્યોપમ જેટલી કર્મની સ્થિતિ ઓછી થાય ત્યારે દેશવિરતિ શ્રાવકપણું પ્રાપ્ત થાય છે. ત્યાર પછી સાગરોપમ જેટલી કર્મની સ્થિતિને ક્ષય કરે ત્યારે પ્રથમ ચારિત્ર પ્રાપ્ત થાય છે. તે પછી સંખ્યાત સાગરોપમ કર્મની સ્થિતિનો

નાશ થાય ત્યારે ઉપશમ શ્રેણી પ્રાપ્ત થાય છે અને ત્યાર પછી સંખ્યાત સાગરોપમની કર્મની સ્થિતિ ક્ષય થયે ક્ષપકશ્રેણી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સિદ્ધાંત ગાથાનો સારાંશ જણાવ્યો છે. ૧૦.

શૈલેશીકરણ પછી બીજો યોગ બતાવે છે.

અતસ્ત્વ યોગો યોગાનાં યોગઃ પરમુદાહૃતઃ,
મોક્ષયોજનભાવેન સર્વ સંન્યાસ લક્ષણઃ ॥૧૧॥

વિવેચન—આઠ દૃષ્ટિમાં પરા નામની આઠમી દૃષ્ટિ પ્રાપ્ત થતાં યોગ સંન્યાસ સામર્થ્યયોગ શૈલેશીકરણ અવસ્થામાં મન, વચન, કાયાના વ્યાપારનો સર્વથા અભાવ થતાં પ્રાપ્ત થાય છે. આ યોગ સર્વ યોગમાં શ્રેષ્ઠ છે. કારણ કે આત્માને મોક્ષની સાથે જોડી દેવાને લાયક ઉત્કૃષ્ટ ધર્માનુષ્ઠાન રૂપ યોગ સંન્યાસ નામનો સામર્થ્ય યોગ છે. આ પ્રમાણે ઇચ્છાદિ ત્રણ યોગનું સ્વરૂપ જણાવીને ચાલુ પ્રસંગને હવે જણાવે છે. ૧૧.

એતત્ ત્રયમનાશ્રિત્ય વિશેષેણૈતદુદ્ભવાઃ।
યોગદૃષ્ટય ઉચ્યન્તે અષ્ટૌ સામાન્યતસ્તુ તઃ ॥૧૨॥

વિવેચન—ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ, સામર્થ્યયોગનું સ્વરૂપ પ્રથમ કહેલ છે તે ત્રણ યોગનો આશ્રય લીધા સિવાય પરંતુ એ યોગથી ઉત્પન્ન થયેલ દૃષ્ટિઓ સામાન્ય પ્રકારે આઠ છે. આગળ આઠ દૃષ્ટિઓનું સ્વરૂપ જણાવે છે. ૧૨.

આઠ દૃષ્ટિઓના નામ જણાવે છે

મિત્રા તારા બલા દીપ્રા સ્થિરા કાન્તા પ્રભા પરા।
નામાનિ યોગદૃષ્ટિનાં લક્ષણં ચ નિબોધત ॥૧૩॥

અર્થ–મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા, પરા

આ યથાર્થ નામવાળી યોગદૃષ્ટિઓ છે. જેનું સ્વરૂપ હવે કહેવામાં આવે છે તે તમો સ્થિર ચિત્તે સાંભળો. ૧૩.

વિવેચન—મિત્રની માફક મિત્રા, સર્વ જીવ પર મૈત્રી ભાવના રાખનાર મિત્રા, તારાની માફક તારા, જેનામાં આંખના તારાની જેમ આત્મપ્રકાશ કંઈક પ્રગટયો છે તે તારા વગેરે યથાર્થ અન્વય (પદોનો યોગ્ય સંબંધ) નામવાળી આ આઠ યોગદૃષ્ટિઓ છે.

આ આઠ યોગદૃષ્ટિઓનું વર્ણન આગળ કરવામાં આવશે. અહીં આ યોગ દૃષ્ટિ નામ આપવાથી આગળ બતાવવામાં આવતી ઓઘ દૃષ્ટિનો નિષેધ સમજવો. ઓઘદૃષ્ટિ છે તે વાસ્તવિક દૃષ્ટિ નથી. કારણ કે ઓઘદૃષ્ટિથી જે જે ધર્મના અનુષ્ઠાનો કરવામાં આવે છે તે વિકાસ સાધક થતા નથી. પરંતુ યોગદૃષ્ટિથી જે જે ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે છે તે જ વિકાસ સાધક બને છે. ૧૩.

ઓઘદૃષ્ટિનું વર્ણન

સમેગડમેધરાગ્યાદૌ સંગ્રહાદ્યર્ભકાદિવત્ ।
ઓઘદૃષ્ટિ રિહજ્ઞેયા મિથ્યાદૃષ્ટિરાશ્રયા ॥૧૪॥

વિવેચન—ઓઘ દૃષ્ટિ એટલે જનસમુદાયની સામાન્ય દૃષ્ટિ. ભવાભિનંદી જીવની દૃષ્ટિ. વિચાર કે સમજણ વગર ગતાનુગતિ ન્યાયે બાપદાદાના ધર્મને અનુસરવું; બહુ જન સંમત એવા ધર્મના અનુયાયી થવું તે, પોતાની બુદ્ધિનો ઉપયોગ ન કરવો આનું નામ ઓઘદૃષ્ટિ છે. જ્ઞાનાવરણાદિ કર્મની વિચિત્રતાને

લઈને આ દૃષ્ટિ નાના પ્રકારની હોય છે. દૃષ્ટાંતથી આ વાત સમજાવે છે કે—

એક ગ્રહાદિ દોષવાળો બાળક અને એક ગ્રહાદિ દોષ વગરનો બાળક, તેમ જ એક બાળક અને એક વૃદ્ધ, યુવાન, તેની દૃષ્ટિમાં (દર્શનમાં) ફેર પડશે જ. ઓઘદૃષ્ટિ–(સામાન્ય દર્શન) ભવાભિનંદી જીવ વિષયવાળી ઓઘદૃષ્ટિ જાણવી.

કાચ–તિમિર રોગથી ઉપરત થઈ છે જેની દૃષ્ટિ એવો મિથ્યાદૃષ્ટિ તથા બીજો અનુપરત દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ. આ અક્ષરાર્થ જણાવ્યો ભાવાર્થ હવે જણાવે છે.

મેઘવાળી રાત્રિમાં એક દૃષ્ટિ કિંચિત્ માત્ર વસ્તુને ગ્રહણ કરે છે. બીજી દૃષ્ટિ મેઘ વગરની રાત્રિમાં જરા વધારે વસ્તુને ગ્રહણ કરે છે. મેઘવાળા દિવસે અને મેઘ વગરના દિવસે જે દૃષ્ટિબોધ થાય છે તેમાં તરતમત્તા રહેલ હોય છે. તેમ જ ભૂતાદિ ગ્રહવાળી દૃષ્ટિ તથા ભૂતાદિ ગ્રહ વગરનાની દૃષ્ટિ, આ બંનેમાં પણ વિશેષતા રહેલ છે, ચિત્તભ્રમાદિ ભેદને લઈ, તેમ જ બાલકની, યુવાનની, વૃદ્ધની દૃષ્ટિ, વિવેકી માણસની અને અવિવેકી માણસની દૃષ્ટિ, તેમ જ કાચાદિ તિમિર રોગથી જેનાં લોચનો હણાઈ ગયાં છે એવા મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ અને જેનાં લોચનો રોગથી નથી હણાયા એવા મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ, આ બધાઓની દૃષ્ટિમાં કોઈ એક વસ્તુ જોવામાં જેવી રીતે તરતમત્તા ઉપાધિને લઈને પડે છે. તેવી રીતે આત્મધર્મ સંબંધી કોઈ પણ એક પદાર્થના નિર્ણયમાં ક્ષયોપશમની વિચિત્રતાને લઈ જુદા જુદા પ્રકારના જ્ઞાનભેદો (અભિપ્રાયો) પડે છે. આ જ્ઞાન

ભેદ–સદ્દહણા ભેદ, અથવા દર્શનોમાં પરસ્પર ભેદ મિત્રાદિ ચાર દૃષ્ટિમાં પરસ્પર પડે છે એમ યોગાચાર્યો જણાવે છે. પરંતુ રાગદ્વેષની ગ્રંથિને જેઓએ ભેદી નાખેલ છે એવા સ્થિરાદિ દૃષ્ટિવાળા યોગીઓની અંદર આવા સદ્દહણાદિ ભેદો કદાપિ પડતા નથી. કારણ કે તેઓ નય ભેદના સ્વરૂપને બરોબર જાણતા હોવાથી દરેક દર્શનના અભિપ્રાયોને સારી રીતે સમજી શકે છે. કારણ કે ષટ્ દર્શનો છે તે જૈન દર્શનના અંગો છે, જૈન દર્શન છે તે સમુદ્ર સમાન છે. તેમાં દરેક દર્શન રૂપી નદીઓ આવીને મળે છે. આવા બોધને લઈ ને આ યોગીઓમાં ઉક્ત ભેદો પડતા નથી. સ્થિરાદિ દૃષ્ટિવાળા મહાત્માઓની પ્રવૃત્તિ પરના હિતાર્થે જ હોય છે. વળી તેઓમાં શુદ્ધ બોધને લઈ હઠાગ્રહ જરા પણ હોતો નથી. નિરંતર મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ ભાવનાને ભાવતા હોવાથી ગંભીર અને ઉદાર આશયવાળા હોય છે. તેમ જ દરેક જીવોને સંજીવની ચારિ ચરનાર બળદનાં દૃષ્ટાંતથી મધ્યસ્થ ઉપદેશ આપીને આગળ વધારે છે. ૧૪.

આઠ દૃષ્ટિઓનું સ્વરૂપ

તૃણગોમયકાષ્ઠાગ્નિકણ દીપ્રભોપમા ।
રત્નતારાર્કચંદ્રાભાઃ સદ્દૃષ્ટેર્દૃષ્ટિરષ્ટધા ॥૧૫॥

વિવેચન—(૧)સામાન્યપણે સદ્દૃદૃષ્ટિવાળા યોગીઓની દૃષ્ટિ (બોધ) આ પ્રકારની છે? મિત્રાદૃષ્ટિની અંદર બોધ તૃણાગ્નિના કણ જેવો છે. વાસ્તવિક પોતાના કાર્યને કરનાર થતો નથી. સુંદર સ્મૃતિના બીજભૂત સારા સંસ્કાર નહિ પડવાથી અલ્પ શક્તિવાળો બોધ ટકી શકતો નથી. આને લઈ ને દેવ, ગુરુ વંદન

વગેરેમાં વિકલતા આવે છે. અંતર ઉપયોગ ભાવપૂર્વક વંદનાદિક કાર્ય કરી શકાતા નથી.

(૨) તારાદૃષ્ટિમાં બોધ છાણાની અગ્નિના કણ જેવો હોય છે. પહેલા કરતાં જરા અધિક ખરો, પણ ખરા અવસરે બોધ બુઝાઈ જાય છે. વાસ્તવિક રીતે વધારે વખત ટકી શકે એવા વીર્યનો અહીંયા અભાવ હોય છે. આને લઈને કોઈ ધાર્મિક અનુષ્ઠાન કરવાનો વિચાર થતાં પ્રથમની સ્મૃતિ સારી ન હોવાથી તે કાર્ય કરી શકતો નથી.

(૩) બલાદૃષ્ટિમાં કાષ્ઠાગ્નિના કણ જેવો બોધ હોય છે. આની અંદર પહેલાં બે કરતાં જરા વધારે બોધ હોય છે. એથી આમાં વીર્યશક્તિ થોડી વધારે હોય છે. સ્મૃતિ પણ આમાં જરા સારી હોય છે. આને લઈને પ્રભુભક્તિ આદિ ધાર્મિક અનુષ્ઠાનો કરવામાં અનુરાગ થાય છે. અને થોડો પ્રયત્ન પણ કરે છે.

(૪) દીપ્રાદૃષ્ટિમાં બોધ દીવાની પ્રભા જેવો હોય છે, પહેલા કરતાં ઘણો વધારે છે. કારણ કે આની અંદર પહેલાના ત્રણે બોધ આવી જાય છે. એથી આમાં વીર્યશક્તિ વધારે હોય છે. તેમ જ કાર્ય કરવાના સમયે સ્મૃતિ ઘણી જ સારી હોવાથી દ્રવ્યથી તથા ભાવથી દેવ, ગુરુ આદિની ભક્તિ, સેવા વગેરે કાર્યો કરવામાં, તથા પાપપુણ્યના કાર્યોમાં બીજાઓના કરતાં આ દૃષ્ટિવાળાની પ્રવૃત્તિ સમજણપૂર્વકની હોવાથી જુદી પડે છે. અહીંયાં જ પ્રથમ ગુણસ્થાનકની ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થાય છે. શાસ્ત્રકારોએ વ્યક્ત મિથ્યાત્વરૂપ ગુણ આશ્રી વ્યવહાર રાશિવાળા

જીવોને પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનક કહેલ છે. તે સામાન્ય પ્રકારે જાણવું, બાકી વાસ્તવિક રીતે પ્રથમ ગુણસ્થાનક ઉત્કૃષ્ટ આ ચોથી દૃષ્ટિમાં આવે ત્યારે જ પ્રાપ્ત થાય છે. શ્રાવકના કુળમાં જન્મ લેવાથી, કે સાધુના વેશ પહેરવાથી ચોથું, પાંચમું કે, છઠ્ઠું ગુણસ્થાનક આવી જતું નથી. તે તો ગુણો પ્રાપ્ત કરવાથી પમાય છે. આગળ ઉપર દૃષ્ટિઓનું સ્વરૂપ જણાવવામાં આવશે ત્યારે સમજાશે કે કેટલી હદે જીવ આગળ વધે છે ત્યારે તેને પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. ચોથું ગુણસ્થાનક અને પાંચમું, છઠ્ઠું વગેરે ગુણસ્થાનક પ્રાપ્ત કરવા માટે કેટલા ગુણો પ્રાપ્ત કરવા પડે છે તે હવે પછી બતાવવામાં આવશે.

(૫) સ્થિરાદૃષ્ટિ જેઓ રાગદ્વેષ રૂપી ગ્રંથિને ભેદે તેમને હોય છે અહીંયા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સ્થિરાદૃષ્ટિમાં બોધ રત્નની કાંતિ જેવો ચિરસ્થાયી પરિણામે અપ્રતિપાતી, પ્રવર્ધમાન, વિનાશરહિત પરને હિતકારક, સંતોષ આપનાર, પ્રાયે કરી ચિત્તની એકાગ્રતાને કરનાર રત્નની કાંતિ સમાન સ્થિર છે. હૃદયમાં થયેલ આત્મજ્યોતિનો પ્રકાશ રત્નની કાંતિ સમાન કયારેય પણ જવાનો નથી. સત્કર્મોમાંપ્રવૃત્તિ ઘણા જ પ્રેમપૂર્વક તથા વિવેક સહિત કરે છે. અસત્ પ્રવૃત્તિ કરતો નથી.

(૬) કાન્તા દૃષ્ટિમાં બોધ તારાની કાંતિ સમાન હોય છે. રત્નની કાંતિનો પ્રકાશ મર્યાદિત હોય છે, પરંતુ આકાશમાં રહેલા તારાઓનો પ્રકાશ ઘણે દૂર સુધી જઈ શકે છે, સ્થિરા કરતાં આ દૃષ્ટિમાં બોધ ઘણો સારો હોય છે. સ્થિર અને શાંત

પ્રવૃત્તિ હોવાથી ધર્માનુષ્ઠાનો પણ નિરતિચાર થાય છે. શુદ્ધ ઉપયોગપૂર્વક પ્રમાદરહિત વસ્તુ લેવા મૂકવામાં શુદ્ધ પ્રવૃત્તિ પ્રધાન, ગંભીર અને ઉદાર આશયવાળું (હેતુ) અનુષ્ઠાન કરે છે.

(૭) પ્રભાદૃષ્ટિમાં સૂર્યના પ્રકાશ સમાન બોધ હોય છે. નિરંતર આત્મધ્યાનમાં જ લીન રહે છે. પ્રાયે કરી આ દૃષ્ટિમાં વ્યર્થના વિચારો હોતા નથી, પરંતુ આત્મસ્વરૂપમાં પરમશાંતિ સુખનો અનુભવ કરે છે. આ દૃષ્ટિવાળા માટે સમાધિમાં લીન રહેવું તે જ શ્રેષ્ઠ ધર્મઅનુષ્ઠાન લાગે છે. તેઓની સમીપમાં સ્વાભાવિક વેરવાળા જીવોના વેરો નાશ પામે છે. જીવો પર મહાન અનુગ્રહ કરનારા હોય છે જે ક્રિયા કરે છે તે અવશ્ય ફલદાતા હોય છે.

(૮) પરાદૃષ્ટિમાં ચંદ્રમાની ચંદ્રિકા સમાન સૂક્ષ્મ બોધ હોય છે. નિરંતર આત્મ સ્વરૂપમાં રમણતા કરવા રૂપ ધ્યાનમાં લીન રહે છે. અને વિકલ્પ રહિત હોય છે તેથી નિર્વિકલ્પ આત્મ-સુખનો અનુભવ કરે છે.

આ દૃષ્ટિવાળાઓને પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો કરવાની જરૂર રહેતી નથી. પરંતુ ઉદયાનુસારે પરોપકારાદિ તથા પહેલાની જેમ અવશ્યફલદાતા ક્રિયાઓ હોય છે, આ પ્રમાણે સામાન્ય રીતે આઠ પ્રકારે સદ્દૃષ્ટિ બતાવી. અહીંયા વાદી શંકા કરે છે કે ગ્રંથિનો ભેદ થાય પછી જ સદ્દૃષ્ટિ કહી શકાય. પણ ગ્રંથિનો ભેદ તો મિત્રાદિ દૃષ્ટિમાં થતો નથી, દીપ્રા દૃષ્ટિના ઉત્તરકાલમાં સ્થિરા દૃષ્ટિમાં થાય છે, તો સદ્દૃષ્ટિમાં આઠ દૃષ્ટિ કેવી રીતે સમજવી ?

શાસ્ત્રકાર તેને ઉત્તર આપે છે કે મિત્રાદિ ચાર દૃષ્ટિ પણ સદ્દૃદૃષ્ટિ છે, કારણ કે સ્થિરાદિ ચાર દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં મિત્રાદિ ચાર દૃષ્ટિ છે તે અવશ્ય કારણભૂત છે. આ ચાર દૃષ્ટિ હોય તો જ બીજી સ્થિરાદિ ચાર દૃષ્ટિ અવશ્ય પ્રાપ્ત થાય છે. પ્રથમની ચાર દૃષ્ટિ તે કારણ છે અને પાછળની ચાર દૃષ્ટિ કાર્ય રૂપ છે. આથી પ્રથમની ચારે દૃષ્ટિને સદ્દૃદૃષ્ટિ કહેલ છે.

આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. વર્ષોલિક—સારામાં સારી સાકર ઉત્પન્ન કરવી હોય તો પ્રથમ શેરડી, શેરડીનો રસ, ગોળની રસી અને ગોળની જરૂર પડે છે. પ્રથમની ચાર દૃષ્ટિ આ શેરડી વગેરેના જેવી છે.

શેરડીમાંથી પ્રથમ રસ નીકળે છે, તેમાંથી ગોળની રસી થાય છે, અને તે ગોળની રસીમાંથી ગોળ થાય છે, આ ગોળમાંથી ખાંડ થાય છે, ખાંડમાંથી સાકર થાય છે, અને સાકરમાંથી મત્સ્યાંડ થાય છે, અને મત્સ્યાંડમાંથી વર્ષોલિક ઉત્તમ જાતિની સાકર બને છે.

આ સર્વ જેમ શેરડીમાંથી બને છે તેવી રીતે મિત્રાદિ ચાર દૃષ્ટિ પ્રાપ્ત થાય પછી જ આગળ વધી શકાય છે. મિત્રાદિ ચાર દૃષ્ટિ શેરડીના રસાદિ જેવી છે અને એમાંથી જ સ્થિરાદિ ચાર દૃષ્ટિ રૂપ ઉત્તમ સાકર બને છે.

શેરડી જ અંતે સાકર રૂપ બને છે, તે પ્રમાણે પહેલાની ચાર દૃષ્ટિ રુચ્યાદિ વિષયવાળી છે, ધર્મના અનુષ્ઠાનોમાં રુચિ થવા રૂપ છે; અને તેમાંથી જ મોક્ષની અભિલાષા રૂપ માધુર્યતા ઉત્પન્ન થાય છે. મિત્રાદિ ચાર દૃષ્ટિ શેરડી રૂપ છે. એને લઈને

યોગ્ય જીવોમાં સંવેગ રૂપ માધુર્યતા ઉત્પન્ન થાય છે પણ નલાદિ–વંશગાંઠ–ઘાંસ કે જે શેરડીના વાઢમાં ઉગે છે, પણ તેમાં માધુર્યતાની ગંધ પણ આવતી નથી. આ નવ–ઘાંસ જેવા અભવ્ય જીવો હોય છે, કે જેઓમાં કયારેય પણ સંવેગ રૂપ માધુર્યતા આવવાની નથી.

આ કથનથી એ સમજવાનું છે કે આત્મા પરિણામી છે, જુદા જુદા નિમિત્તોને પામી તેમાં પરિવર્તન થાય છે, મિથ્યાત્વ દશામા માધુર્યતા વગરનો આ જીવ પ્રથમ હતો, પણ પાછળથી સારાસારા સંયોગો મળવાથી માધુર્યતા રૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. પણ સાંખ્યદર્શનકાર આત્માને વ્યાપક અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એક સ્વભાવી કુટસ્થ અને અપરિણામી માને છે. આ સર્વવ્યાપક અને કુટસ્થ એક સ્વરૂપ આત્માની અંદર પરિણામી ધર્મ–પલટનધર્મ ન હોવાથી, તેમ જ બૌદ્ધ દર્શનમાં આત્માને ક્ષણિક–એક ક્ષણની સ્થિતિવાળો માનવાથી આ દૃષ્ટિના ભેદો તેઓમાં ઘટી શકે નહિ. પરિણમનધર્મ નિત્યાનિત્ય આત્માને માનવામા આવે તો જ ઘટી શકે. પણ એકાંત નિત્ય અને એકાંત અનિત્ય આત્મામાં કદી ઘટી શકે નહિ. આ દૃષ્ટિઓ સર્વ યોગદર્શનોને સાધારણ છે. આ દૃષ્ટિઓ જેવા પ્રકારના જીવોને જેવી રીતે હોય તેવી રીતે બતાવવામાં આવશે ૧૫.

મિત્રાદિ દૃષ્ટિઓ કોને હોય તે જણાવે છે.

યમાદિયોગયુક્તાનાં ખેદાદિપરિહારતઃ।
અદ્વેષાદિ ગુણસ્થાન ક્રમેણૈષા સતાં મતા ॥૧૬॥

વિવેચન—યમ નિયમ વગેરે યોગના આઠ અંગોથી યુક્ત આ દૃષ્ટિઓ છે. તેમ જ ખેદાદિ આઠ દોષો જેઓમાં ન હોય, વળી અદ્વેષાદિ આઠ ગુણો જેઓમાં હોય તે મહાનુભાવ મહાત્માઓમાં અનુક્રમે આ આઠ દૃષ્ટિઓ હોય છે.

શાસ્ત્રમાં કહેલ છે કે, "યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ આ યોગના આઠ અંગો છે. આ યોગાંગો મિત્રાદિ દૃષ્ટિમાં અનુક્રમે એક એક હોય છે. મિત્રાદૃષ્ટિમાં યમ, તારાદૃષ્ટિમાં નિયમ એમ અનુક્રમે પરાદૃષ્ટિમાં સમાધિ નામનું યોગાંગ હોય છે. યમાદિ આઠ યોગાંગોના વિરોધી ખેદાદિ દોષો પણ આઠ છે તેને દૂર કરવા તે કહે છે.

(૧) ખેદ–સારા કામની પ્રવૃત્તિ કરતાં જેને થાક લાગે તે ખેદ દોષ. આવો ખેદ જેને થાય છે, તેને પ્રભુના ધ્યાનમાં ચિત્તની એકાગ્રતા કદાપિ થતી નથી.

(૨) ઉદ્વેગ–સારા કામ ઉપર અથવા યોગ, ધ્યાન આદિ પર અનાદર થાય તેને ઉદ્વેગ કહે છે.

(૩) ક્ષેપ–સારી ક્રિયા કરતાં વચમાં બીજી ક્રિયા તરફ ચિત્તનું જવું, એક બાબતમાં ચિત્ત સ્થિર ન રહે. ચિત્તની એકાગ્રતા ન થાય તે ક્ષેપદોષ છે.

(૪) ઉત્થાન–ચિત શાંત ન હોવાથી મનની એકાકાર વૃત્તિનો અભાવ તે ઉત્થાન દોષ છે.

(૫) ભ્રમ–મનનું વિપરીતપણું, છીપામાં રૂપાનું જ્ઞાન, રસ્સીમાં સર્પનું જ્ઞાન, આ કામ મેં કર્યું કે નહિ તેનું ભાન ન રહે.

(૬) અન્યમુદ્–જે અવસરે જે ક્રિયા કરવાની હોય તેને છોડીને બીજી ઉપર રાગ થવો અને ચાલુ ક્રિયા પર અનાદર કે અબહુમાન તે.

(૭) રૂજ–સારા અનુષ્ઠાનનો સર્વથા ઉચ્છેદ કરવો, તેમાં કંઈ મહત્વ નથી, એવો પોતે નિર્ણય કરવો અને બીજાને તેવો ઉપદેશ આપવો તે.

(૮) આસંગ–સંસારિક ક્રિયામાં જ તત્પર રહે, ભવિષ્યના પરિણામ પર લક્ષ આપે નહિ. પુદ્ગલિક વસ્તુમાં આસક્ત. સંસારી સુખની અપેક્ષા રાખ્યા વગર શાસ્ત્રાનુસારે ધાર્મિક અનુષ્ઠાનો કરવાં તે અસંગ ક્રિયા–અમૃત ક્રિયા તેઓમાં હોતી નથી. મોહનો નાશ થયા વિના પ્રગતિ થઈ શકતી નથી. એટલા માટે વિવેકવંતોએ આઠ દોષવાળા અંતઃકરણનો પ્રયત્નથી ત્યાગ કરવો, આઠ દોષના પરિહારથી અનુક્રમે આઠ દૃષ્ટિઓ પ્રાપ્ત થાય છે. એક એક દોષ એક એક દૃષ્ટિમાં દૂર થાય છે, અને અદ્વેષાદિ આઠ ગુણોમાંથી એક એક ગુણ દરેક દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

આઠ ગુણોના નામ

(૧) અદ્વેષ–અત્યાર સુધી આ જીવ–વિભાવ દશામાં રાચતો હતો અને જીવાદિ તત્ત્વો તરફ તથા મુક્તિ પર દ્વેષભાવ રાખતો હતો. પરંતુ જ્યારે મિત્રાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, ત્યારે દ્વેષ ઘણો મંદ પડી જાય છે, કરુણાનો અંશ વધે છે અને શુભમાં પ્રવૃત્તિ થાય છે.

(૨) જિજ્ઞાસા–આ ગુણ બીજી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. એથી એને તત્ત્વજ્ઞાન કરવાની અભિલાષા ઉત્પન્ન થાય છે,

તેમ જ તત્ત્વબોધ પ્રાપ્ત કરવાની પ્રબળ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.

(૩) શુશ્રૂષા–આ ગુણ ત્રીજી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. તેથી તેને તત્ત્વજ્ઞાન શ્રવણ કરવાની અભિલાષા થાય છે.

(૪) શ્રવણ–આ ગુણ ચોથી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી તો તત્ત્વજ્ઞાન સાંભળવાની ઇચ્છા હતી, પણ હવે તત્ત્વજ્ઞાન શ્રવણ કરે છે. એથી બોધ વધારે સ્પષ્ટ–વ્યક્ત થાય છે, અને ધર્મ પર અનુરાગ વધે છે.

(૫) બોધ–આ ગુણ પાંચમી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. ઉપરની ચાર દૃષ્ટિમાં જે બોધ હતો તે કરતાં અહીં ઘણો સ્થિર બોધ થાય છે. અને બધી શંકાઓ વિરમી જાય છે, અને સૂક્ષ્મ પ્રકારનો બોધ પ્રાપ્ત થાય છે.

(૬) મીમાંસા–આ ગુણ છઠ્ઠી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. તત્ત્વજ્ઞાન સંબંધી ઉચ્ચ વિચારશ્રેણી પ્રાપ્ત થાય છે. તત્ત્વજ્ઞાન શ્રવણથી થયેલ સ્થિરતા ગુણ સાથે જ્યારે શુભ વિચાર શ્રેણી ચાલવા માંડે ત્યારે પ્રગતિમાં એકદમ ઘણી સારી રીતે વધારો થાય છે.

(૭) પરિશુદ્ધ પ્રતિપત્તિ–આ ગુણ સાતમી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. એથી તત્ત્વજ્ઞાન પર બહુ આદર, અનુરાગ સૂક્ષ્મરૂપે થાય છે, આગળ જે વિચારણા થઈ હતી તે આ દૃષ્ટિમાં આદરણા રૂપે વૃદ્ધિ પામે છે.

(૮) પ્રવૃત્તિ–આ ગુણ આઠમી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે, ત્યારે પ્રવૃત્તિ ગુણ પ્રાપ્ત થાય છે. તેને લઇને આત્મગુણમાં સંપૂર્ણ-

પણે પ્રવર્તન થાય છે. આગળની દૃષ્ટિમાં જે પ્રતિપત્તિ (પ્રતીતિ) તત્ત્વબોધને અંગે થઈ હતી તે હવે પ્રવૃતિમાં પરિપૂર્ણતા પામે છે.

આ પ્રમાણે અનુક્રમે આ સદ્દૃદૃષ્ટિઓ મુનિઓ, ભગવંત પતંજલી, ભદંત, ભાસ્કર, બંધુદત, ભગવદંત વગેરે યોગીઓની જાણવી. હવે આ દૃષ્ટિઓનું સ્વરૂપ અનુક્રમે બતાવવામાં આવશે. ૧૬.

દૃષ્ટિ શબ્દનો અર્થ કહે છે

સચ્છ્રદ્ધા સંગતો બોધો દૃષ્ટિરિત્યભિધીયતે।
અસત્ પ્રવૃત્તિ વ્યાઘાતાત્ સત્પ્રવૃત્તિ પદાવહઃ ॥૧૭॥

વિવેચન—સત્ યથાર્થ શ્રદ્ધાયુક્ત જે બોધ તેને દૃષ્ટિ કહે છે. એ દૃષ્ટિ શાસ્ત્ર વિરુદ્ધ પ્રવૃત્તિને દૂર કરીને શાસ્ત્ર અનુસાર પ્રવૃત્તિ કરાવી સમ્યક્ત્વને પ્રાપ્ત કરાવી આપે છે.

પોતાના અભિપ્રાય ઉપર ધર્મ તત્ત્વનો નિર્ણય કરવો તે જેમ ઉપયોગી નથી, તેમ જ અંધ શ્રદ્ધા રાખવી તે પણ ઉપયોગી નથી, પરંતુ શાસ્ત્ર અનુસારે સત્ શ્રદ્ધા યુક્ત જે બોધ એને દૃષ્ટિ કહે છે. એ બોધ પ્રાપ્ત થવાથી પાપમય અશુભ પ્રવૃત્તિ રોકાય છે, અને શુભ પ્રવૃત્તિ તરફ ગમન થાય છે. જેમ જેમ દૃષ્ટિ અથવા બોધ ઉચ્ચ થતો જાય છે, તેમ તેમ ઉન્નતિ ક્રમમાં પ્રગતિ થતી જાય છે. શાસ્ત્ર અનુસારે પ્રવૃત્તિ કરવાથી અવેદ્ય સંવેદ્ય પદ મિથ્યાત્વના ત્યાગથી વેદ્યસંવેદ્યપદ–સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. વેદ્ય સંવેદ્યપદરૂપ સ્થિરાદૃષ્ટિ હોવાથી સમ્યક્ત્વની યથાર્થ પ્રાપ્તિ સ્થિરાદૃષ્ટિમાં જ થાય છે. અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી જ વિકાસની શરૂઆત થાય છે.

અને પરંપરાએ ચૌદમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરાવી અંતે મોક્ષને પ્રાપ્ત કરાવવા સમર્થ બને છે. ૧૭.

દૃષ્ટિ સામાન્ય પ્રકારે આઠ છે તે કહે છે.

ઇયં ચાડવરણાપાય ભેદાદષ્ટવિધા સ્મૃતા।
સામાન્યેન વિશેષાસ્તુ ભૂયાંસઃ સૂક્ષ્મભેદતઃ ॥૧૮॥

વિવેચન—આત્મા ઉપરનું આવરણ જેમ જેમ ઓછું થતું જાય છે, તેમ તેમ આત્મજાગૃતિ (બોધ) વધતી જાય છે. અને જેમ જેમ જાગૃતિ વધે છે, તેમ તેમ દૃષ્ટિના અનેક ભેદ પડે છે. પરંતુ પૂર્વાચાર્યોએ પરિસ્થૂરનીતિથી જ મુખ્યત્વે આઠ ભેદ પાડ્યા છે, પણ સૂક્ષ્મ ભેદો તરફ લક્ષ્ય આપેલ નથી, પણ વિશેષથી વિચારવામાં આવે તો સદ્દદૃષ્ટિના ઘણા ભેદ પડે છે, અને સૂક્ષ્મ ભાવે વિચારતા દર્શનોના અનંતા ભેદ થાય છે. પરસ્પર ષટ્સ્થાનક પડતા હોવાથી, દર્શનોના જેટલા ભેદ છે તેટલી દૃષ્ટિઓ છે. પરંતુ અહીંયા સામાન્યથી દૃષ્ટિના આઠ ભેદ બતાવેલ છે. ૧૮.

દૃષ્ટિના પ્રતિપાત અપ્રતિપાત આશ્રી ભેદ કહે છે

પ્રતિપાતયુતાશ્ચાડદ્યાશ્ચતસ્રોનેતરાસ્તથાઃ,
સાપાયા અપિ ચૈતાસ્તત્ પ્રતિપાતેન નેતરાઃ ॥૧૯॥

વિવેચન—કર્મની વિચિત્રતાને લઈ મિત્રા, તારા, બલા, દીપ્રા આ દૃષ્ટિઓ પતનના સ્વભાવવાળી હોવાથી આવીને પાછી ચાલી જાય છે. પરંતુ સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા આ ચાર દૃષ્ટિઓ પતનના સ્વભાવવાળી નથી તેથી આવ્યા પછી ચાલી જતી નથી. વળી મિત્રાદિ ચાર દૃષ્ટિઓ દુર્ગતિને

આપનાર છે, પણ સ્થિરાદિ ચાર દૃષ્ટિ વમી નાખેલ ન હોય તો સદ્ગતિને જ આપનાર છે. પણ વમી નાખેલ હોય તો જ નરકાદિ આપનાર બને છે. તેમ જ સ્થિરાદિ ચાર દૃષ્ટિઓ સ્વર્ગ અને મોક્ષ દાતા જ છે પણ દુર્ગતિ દાતા નથી જ.

અહીંયાં વાદી શંકા કરે છે કે, સ્થિરાદિ દૃષ્ટિઓ દુર્ગતિ દાતા નથી તો પછી શ્રેણીકરાજા, કૃષ્ણવાસુદેવ વગેરે સ્થિરાદિ દૃષ્ટિવાળા ક્ષાયિક સમ્યક્ત્વના સ્વામી છતાં શા માટે નરકગતિમાં ગયા ?

ઉત્તર—સ્થિરાદિ દૃષ્ટિ પ્રાપ્ત થયા પહેલાં નરકગતિ યોગ્ય આયુષ્યનો બંધ પડ્યો હોય તો નરકમાં જવું પડે છે, પણ પ્રથમ નરકના આયુષ્યના ત્રીજે ભાગે બંધ ન પડેલ હોય તો સ્વર્ગમાં જાય. કારણ કે સમ્યક્ત્વવાળો જીવ વિમાનિક દેવ સિવાય બીજું આયુષ્ય બાંધતો નથી. વળી દૃષ્ટિનું પતન ન થવાથી નરક ગતિ ક્ષેત્રજન્ય અપાય (કષ્ટ, દુઃખ) છતાં જ્ઞાન-દૃષ્ટિ જાગૃત હોવાથી કરેલ કર્મનો આ બદલો છે આમ જાણતા હોવાથી કષ્ટને સમભાવે વેદવાથી તે કષ્ટ કષ્ટ રૂપ જ નથી, આ તો કર્જ ચૂકવી દેવાનું છે, આમ વિચારવાથી આનંદ જ થાય છે. શરીરને દુઃખ થાય તો પણ આત્માનો આશય (પરિણામ હેતુ) શુદ્ધ હોવાથી વિકાર રૂપ ક્રિયા ઉત્પન્ન થતી ન હોવાથી ઉપર પ્રમાણે જણાવેલ છે. બાકી તો યોગાચાર્યો કહે તે જ પ્રમાણે છે. ૧૯.

પ્રયાણભંગાડભાવેન નિશિસ્વાપસમઃ પુનઃ
વિધાતો દિવ્ય ભવતશ્ચરણસ્યોપજાયતે ॥૨૦॥

વિવેચન—એક મુસાફર કનોજ દેશ જવા લાગ્યો, નિરંતર પ્રયાણ ચાલુ હતું પણ રાત્રિ આવે ત્યારે નિદ્રા લેવા વિશ્રામો લેવો પડે છે. રાત્રિ પૂર્ણ થતાં પાછો ચાલે છે અને ઇષ્ટ સ્થાને પહોંચે છે. તેવી રીતે મિત્રાદિ દૃષ્ટિવાળો જીવ મોક્ષ રૂપી નગરે જવા માટે પ્રયાણ શરૂ કરે છે. અને મોક્ષનો સંબંધ કરાવનાર યોગના બીજરૂપ ગુણોનું રાત્રિદિવસ સેવન કરવા રૂપ પ્રયાણ શરૂ રહેવા છતાં રાત્રિએ નિદ્રા લેવા માટે વિશ્રામા રૂપ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.[1] પણ ફરી પાછા દેવલોકમાંથી નીકળી મનુષ્ય ભવને પ્રાપ્ત કરી ચારિત્ર અંગીકાર કરી આગળ પ્રયાણ શરૂ કરે છે. અને એક બે ભવો દેવલોકના કરીને અંતે પરાદૃષ્ટિ પ્રાપ્ત કરી પરમપદ (મોક્ષ) રૂપી નગરે પહોંચી પરમ સુખ શાંતિને પામે છે. ૨૦.

દૃષ્ટિનું સ્વરૂપ તથા યોગાંગોની યોજના બતાવે છે.

મિત્રાયાં દર્શનં મંદં યમ ઇચ્છાદિકસ્તથા ।
અખેદો દેવકાર્યાદા અદ્વેષશ્ચાપરત્ર તુ ॥૨૧॥

વિવેચન—મિત્રાદિ આઠ દૃષ્ટિમાં અનુક્રમે યોગના આઠ અંગો યમ—નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ ક્રમથી પ્રાપ્ત થાય છે. પ્રથમ મિત્રાદૃષ્ટિમાં યમ અહિંસાદિ તથા ઇચ્છાદિચાર નિયમ હોય છે. ખેદાદિ આઠ દોષમાંથી ખેદ દોષ ચાલ્યો જાય છે, તેમ અદ્વેષાદિ આઠ ગુણમાંથી અદ્વેષ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે દરેક દૃષ્ટિમાં ક્રમ જાણવો. મિત્રાદિ દૃષ્ટિમાં તૃણાગ્નિકણના પ્રકાશ જેવો બોધ મંદ હોય છે. અહિંસાદિ

[1] આગળ વધવામાં આ જ પ્રતિબંધ રૂપ છે.

પ્રવૃત્તિમાં કે દેવ ગુરુની ભક્તિ, પૂજા, ઉપાસનામાં ખરે અવસરે સ્મૃતિ રહે નહિ, કાં તો ભૂલી જાય અગર સમયસર કરે નહિ.

અહીં યમ નામનું યોગાંગ હોય છે, તેમાં દેશ થકી અહિંસા તથા સત્ય આ બે યમો અમલમાં મૂકે છે—વ્રતો પાળે છે અને બીજા ત્રણ અચૌર્ય, બ્રહ્મચર્ય, અકિંચનપણાને અમલમાં મુકવાની ઇચ્છાવાળા હોય છે, તથા ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ આ ચાર નિયમો છે. આ ચાર નિયમોમાંથી બે નિયમો અમલમાં મૂકે છે અથવા તેનું પાલન કરે છે અને બે નિયમોને પાલન કરવાની ભાવનાવાળા હોય છે. 'અખેદો' આ દૃષ્ટિવાળા જીવાત્માને દેવ, ગુરુની સેવા આદિ શુભ કાર્યો કરવામાં જરા પણ કંટાળો કે આળસ આવતી નથી. તેમ જ કદી થાક પણ લાગતો નથી પરંતુ બધું ઉત્સાહ અને લગનપૂર્વક કરે છે. દેવ, ગુરુની સેવા કરવામાં આનંદ માને છે, પણ તેનાથી કદી પાછો હઠતો નથી. "અદ્વેષ" અમત્સર, દેવ, ગુરુને પૂજ્ય માને છે, એટલે તેના પર પૂજ્ય બુદ્ધિ હોય તેમાં આશ્ચર્ય નથી પણ તે સિવાયના બીજા કોઈ ઉપર પણ દ્વેષ ભાવ કરતો નથી. થોડું તત્ત્વજ્ઞાન હોવાથી આત્મામાં હજુ ઈર્ષ્યારૂપી વીર્ય-બીજ કંઈક અંશે રહેલ છે. તો પણ તેનાથી કર્મરૂપી ભાવ અંકુરાની ઉત્પતિ થતી નથી. કારણ કે આ દૃષ્ટિવાળાનો આશય તાત્ત્વિક અનુષ્ઠાનોના આશ્રી હોય છે. ૨૧.

આ દૃષ્ટિમાં રહેલો યોગી જે મેળવે છે તે કહે છે

કરોતિ યોગબીજાના મુપાદાનમિહ સ્થિતઃ।
અવંધ્ય મોક્ષહેતુના મિતિયોગાવિદો વિદુઃ ॥૨૨॥

વિવેચન—જીવનો ઉદયકાલ આ દૃષ્ટિથી શરૂ થાય છે. અત્યાર સુધી તો ઓઘદૃષ્ટિથી (વિના સમજણથી) ગાડરિયા

પ્રવાહની જેમ અનેક ધર્માનુષ્ઠાનો જીવે કર્યાં છતાં ઉદયકાળની શરૂઆત એટલે મોક્ષ માર્ગ તરફના પ્રયાણની શરૂઆત થઇ ન હતી પરંતુ આ દૃષ્ટિવાળો જીવ મોક્ષ રૂપી ફળ આપવામાં અવંધ્ય (અવશ્ય ફલદાયક) કારણ એવા યોગના બીજોને એકત્ર કરે છે. જે બીજોથી મોક્ષ રૂપી ફળ અવશ્ય મળે. આ પ્રમાણે યોગાચાર્યો જણાવે છે. ૨૨.

હવે યોગના બીજોનું વર્ણન કરે છે.

જિનેષુ કુશલં ચિત્તં તન્નમસ્કાર એવ ચ।
પ્રણામાદિ ચ સંશુદ્ધં યોગ બીજ મનુત્તમમ ॥૨૩॥

વિવેચન—જગતમાં સારભૂત વસ્તુ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ પરમ તત્ત્વો છે. એ ત્રણ તત્ત્વોનો સમ્યક્ પ્રકારે જાણવા, તેમના પ્રત્યે બહુમાન કરવું, એ જ જીવના ઉદયનું પ્રથમ પગથિયું છે. પ્રથમ દેવ તત્ત્વનું સ્વરૂપ કહે છે, જેનામાં રાગદ્વેષ ન હોય તે વીતરાગ દેવ કહેવાય. સંસારાસક્ત જીવોને દેવ તરીકે વંદન પૂજન થઇ શકે જ નહિ. જ્યાં સુધી રાગદ્વેષ દૂર થયા ન હોય ત્યાં સુધી તેઓમાં અને આપણામાં શો ફરક છે કે તેઓને વંદન કરીએ ? રાગદ્વેષને જીતનાર ગમે તે હોય તેઓ જિન કહેવાય છે. પછી તેને ગમે તે નામથી બોલાવો તેમાં કોઈ હરકત નથી. રાગથી રંગાયેલા એકબીજા પર અનુગ્રહ કરનારા, દ્વેષથી એક બીજાઓનું નિકંદન (નાશ) કરનારા દેવ ન જ હોઇ શકે. રાગદ્વેષ જીતનારા હોય તે જ વાસ્તવિક જિન પ્રભુ છે. તેઓના પ્રત્યે શુદ્ધ હૃદયથી પ્રેમ કરવો. હૃદયમાં બહુમાનની લાગણી રાખવી, એ મનોયોગની એકાગ્રતા જણાવી,

તથા અંતઃકરણપૂર્વક તેઓના પ્રત્યે બહુમાનથી, આદરસત્કાર વચન દ્વારા કરવો, નમો જિણાણં આદિ મુખથી બોલવું, એ વચન યોગની એકાગ્રતા જાણવી, તેમ જ તેઓને પંચાંગ[૧] પ્રણામ બહુમાનથી કરવા. આ પ્રમાણે મન, વચન, કાયા વડે શુદ્ધ ભાવપૂર્વક વંદનાદિ કરવા પ્રદિક્ષણા કરવી, તે મોક્ષ પ્રાપ્ત કરાવનાર યોગના પરમ બીજો છે. "સંશુદ્ધં" એટલે હૃદયની લાગણી વિના અત્યાર સુધીમાં યથાપ્રવૃત્તિકરણથી–ઓઘ સંજ્ઞાએ જે જે વંદન નમસ્કારાદિ કર્યા હતા તે સર્વે યોગના બીજો તરીકે બન્યા ન હતા, કારણ કે વસ્તુતત્વને સમજી હૃદયની લાગણીથી બહુમાનપૂર્વક જે જે ક્રિયા થાય તે જ યોગના બીજો તરીકે ગણાય છે. એ ત્રણે મન, વચન અને કાયા દ્વારા થતા વંદન, નમસ્કારો યોગના બીજો છે, મોક્ષનો યોગ કરાવનાર ધર્મનાં અનુષ્ઠાનો છે. એના કરતાં અન્ય બીજા ઉત્તમ બીજો નથી, આ જ મોક્ષના સર્વપ્રધાન બીજો છે. ૨૩.

આ બીજો પ્રાપ્ત થવાનો કાલ જણાવે છે.

चरमे पुद्गलावर्त्ते तथाभव्यत्वपाकतः।
संशुद्धमेतन्नियमान्नान्यदापीति तद्विदः ॥२४॥

વિવેચન—સત્ય વસ્તુના બોધ થયા વિના આ જીવ ચાર ગતિરૂપ સંસારમાં અનંતકાલથી અનંતા પુદ્ગલ પરાવર્તન કરી રહ્યો છે, તેમ છતાં હજુ સુધી જીવને સાચો બોધ–આત્મ-

નોંધ ૧–બે હાથ, બે પગ અને મસ્તક એ પાંચ અંગો જમીન સાથે સ્પર્શ કરે તેવી રીતે નમાવવા તે પંચાંગ પ્રણામ કહેવાય. અર્થાત્ પંચાંગ નમસ્કાર કહેવાય.

બોધ થયો નથી. આત્મબોધ પ્રાપ્ત કરવાની યોગ્યતા પણ પ્રાપ્ત થઈ નથી. આ યોગ્યતા ચરમ (છેલ્લું) પુદ્ગલ પરાવર્તન[૧] જેટલો કાળ મોક્ષ જવાને માટે જ્યારે બાકી રહે છે ત્યારે આ જીવને કાંઈક સત્ય વસ્તુ જાણવાની ઇચ્છા થાય છે, અને ક્રમે કરી માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાય છે.

અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવને તથાભવ્યત્વતાના પરિપાકથી તથા અકામ નિર્જરાથી ઘણા કર્મોને ખપાવી આગળ વધતા જીવોને પુદ્ગલ પરાવર્તનો કોઈને અધિક, કોઈને ઓછા અને કોઈને ચરમ પુદ્ગલ હોય છે, આ ચરમ પુદ્ગલ પરાવર્તનનું થવું તેમાં પણ તથાભવ્યત્વતાનો પરિપાક જ કારણભૂત છે. સારાંશ એ છે કે જીવને આગળ વધવાની યોગ્યતા જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે તે યોગ્યતાને લઈ આ જીવના મિથ્યાત્વનો કડવો રસ જે અનાદિકાલનો પડ્યો હતો તે દૂર થાય છે, અને જરા મધુર રસ દાખલ થાય છે ત્યારે આ જીવને જિનેશ્વર પ્રભુ પ્રત્યે હૃદયની શુદ્ધ લાગણી–સુંદર અંતઃકરણ પ્રાપ્ત થાય છે, તેમ જ બહુમાન આદર–સત્કાર, સન્માનપૂર્વક તેઓશ્રીને નમસ્કાર કરવારૂપ વચનથી સ્તુતિ કરે છે, તથા શુદ્ધ ભાવથી પંચાંગ પ્રણામ શરીરથી કરે છે, તથાભવ્યત્વતા તથા કર્મના પરિપાકથી નિયમે કરી આ યોગના બીજો પ્રાપ્ત થાય છે. ચરમાવર્તકાલના પહેલાના કાળમાં શુદ્ધ અંતઃકરણ, નમસ્કાર તથા પ્રણામ વગેરે શુદ્ધ હોતા નથી, ઓઘ દૃષ્ટિથી કરતાં ધર્મના અનુષ્ઠાનો સમજણ પૂર્વકના હોતા નથી. કારણ કે આ બીજો પ્રાપ્ત કરવાની

નોંધ–૧. પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ અન્ય ગ્રંથથી જાણી લેવું.

યોગ્યતાનો કાલ હજુ પરિપકવ થયો નથી, હૃદયની કિલષ્ટતા હજુ ગઈ નથી અને વિશુદ્ધ આશય પણ થયો નથી. પરંતુ ચરમાવર્તકાલ પ્રાપ્ત થતાં હૃદયની કિલષ્ટતા ચાલી જાય છે, અને વિશુદ્ધ આશય થાય છે, આ પ્રમાણે યોગના જાણકારો કહે છે. ૨૪.

હવે બીજોની શુદ્ધિ કહે છે.

ઉપાદેયધિયાત્યંતં સંજ્ઞાવિષ્કમ્ભણાન્વિતમ્ ।
ફલાભિસંધિરહિતં સંશુદ્ધં હ્યેતદીદૃશમ્ ॥૨૫॥

વિવેચન—અનાદિ કાળની મલિન વાસનાને લઈ આ જીવ પુદ્ગલિક વસ્તુ તરફ એટલો બધો ટેવાઈ ગયો છે કે તે વસ્તુને જ ઉપાદેય (અંગીકૃત કરવા યોગ્ય) તરીકે ગણે છે. અને તે જ વસ્તુ મેળવવાને રાત-દિવસ પ્રયત્ન કર્યા કરે છે, પણ જ્યારે આ જીવને તથા ભવિતવ્યતાના પરિપાકથી તથા કર્મના ક્ષયોપશમથી કંઈક સત્યજ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે પુદ્ગલિક સર્વ વસ્તુને હેય જાણી યોગના બીજો તરફ અત્યંત ઉપાદેય બુદ્ધિ થાય છે. ક્ષયોપશમની વિચિત્રતાને કારણે ઉત્પન્ન થતી આહારાદિ સંજ્ઞાઓ ઉદય, તેના પ્રત્યે અત્યંત આસકિત, તેનો આ યોગના બીજકોમાં અભાવ થાય છે. આ ઉપાદેય નથી પણ યોગના બીજો જ છે એમ સમજાય છે. શાસ્ત્રમાં દશ પ્રકારની સંજ્ઞાઓ કહેલ છે. ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે કે હે પ્રભો! સંજ્ઞાઓ કેટલી છે?

હે ગૌતમ, સંજ્ઞાઓ દશ પ્રકારની છે. (૧) આહારસંજ્ઞા, (૨) ભયસંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા, (૪) પરિગ્રહસંજ્ઞા, (૫) ક્રોધ-

સંજ્ઞા, (૬) માનસંજ્ઞા, (૭) માયાસંજ્ઞા, (૮) લોભસંજ્ઞા, (૯) ઓઘસંજ્ઞા, (૧૦) લોકસંજ્ઞા.

દરેક જીવોને આ સંજ્ઞાઓ અનાદિકાળથી હોય છે. અનાદિકાળના અભ્યાસને લઈ આ જીવને આહાર લેવાની ઈચ્છા થાય છે, અનેક પ્રકારની શંકાઓ દ્વારા ભય પામે છે, વિષયો ભોગવવાની ઇચ્છાઓ થાય છે, ધન પ્રત્યે લાલસા રહે છે. ક્રોધ, માન, માયા, લોભ દરેક જીવમાં સ્પષ્ટ અને અસ્પષ્ટપણે રહેલ જ હોય છે. વેલાનું ઝાડ પર કે ઘર પર ચડવું થાય છે તે ઓઘ સંજ્ઞા છે. એ સંજ્ઞા મુખ્યપણે એકેન્દ્રિયને હોય છે. પરમાર્થ સમજ્યા વિના લોક જેમ કરે તેમ કરવું તે લોકસંજ્ઞા. આ દશ સંજ્ઞાઓ જાણવી. વસ્તુ મેળવવાની ઇચ્છાથી કરેલા ધર્મનાં અનુષ્ઠાનો, વ્રત, તપ, જપ વગેરે. તે પણ આશય અનુસાર પુદ્ગલિક સુખોને આપે છે, પણ મોક્ષ સુખ પ્રદાતા બનતા નથી. કારણ કે આશય (ઉદ્દેશ) આત્મકલ્યાણ માટે હોતો નથી. પુદ્ગલિક સુખની આશા, તૃષ્ણા, વાસના રહિત જે જે ધર્મનાં અનુષ્ઠાનો કરવામાં આવે છે તે જ મોક્ષના સુખપ્રદાતા બને છે એમ જ્ઞાની પુરુષો વદે છે. સારાંશ એ છે કે આ લોક કે પરલોકના સાંસારિક સુખના ફળની ઇચ્છારહિત કરેલાં ધર્માનુષ્ઠાનો જ યોગના બીજો છે. જેમ અશાલિ બીજથી કયારે પણ શાલિ બીજનો અંકુર થતો નથી. તેવી રીતે યોગના બીજ કે યોગદૃષ્ટિ તથા વિધ કર્મના ક્ષયોપશમથી રાગદ્વેષ રૂપ કર્મની ગ્રંથિને ભેદે ભેદી નથી તોપણ તેની સન્મુખ તો થયો છે. અને ચરમ યથા પ્રવૃત્તિકરણ જેણે પ્રાપ્ત કરેલ છે, તે જ મેળવે છે. યોગાચાર્યો કહે છે કે યોગના બીજવાળું જે

ચિત્ત છે તે જ સંસાર સમુદ્રમાં ડૂબતા પ્રાણીને જરા બહાર કાઢવા રૂપ અને સંસારની શક્તિને ખૂબ શિથિલ (નરમ) કરનાર તથા પ્રકૃતિના સ્વરૂપને બરાબર તપાસી તેના રહસ્યને જાણી તેનો ત્યાગ કરવામાં એક શાસ્ત્રીય ઉપાય છે. તેમ જ તે બીજાને પ્રાપ્ત કરવા માટે મનની જે આતુરતા તથા વ્યાકુળતા થાય તે જ રાગદ્વેષ રૂપ ગ્રંથિ પર્વતને તોડવા માટે વજ્રનું કામ કરે છે. નિયમે કરી ગ્રંથિ ભેદ કરે છે. વળી તે સંસારરૂપી કારાગૃહમાંથી છૂટવા માટે યમરાજાના ઘંટ સમાન છે. જન્મમરણ રૂપી કારાવાસથી મુક્ત કરાવનાર યોગના બીજની આતુરતા, વ્યાકુળતા છે. ઉપરોક્ત યોગ બીજો છે તે જ શુદ્ધ ગણાય છે, જિનકુશલ ચિત્ત વગેરે બીજો તથા પ્રકારના કાલાદિ સામગ્રી ચરમ પુદ્‌ગલાદિ પામીને તે તે સ્વભાવ વડે ફળ પાકના પ્રારંભ સમાન મોક્ષરૂપી ફળને આપે છે. ૨૫.

વિશેષ પ્રકારે યોગના બીજો જણાવે છે.

આચાર્યાદિષ્વપિહ્યેન દ્વિશુદ્ધ ભાવયોગિષુ।
વૈયાવૃત્ત્યં ચ વિધિવચ્છુદ્ધાશય વિશેષતઃ ॥૨૬॥

વિવેચન—આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, તપસ્વી, ગણી અને સાધુ કે જેઓ ખરેખરા ભાવયોગિઓ છે. તેઓના પ્રત્યે જિનેશ્વર પ્રભુની જેમ વિશુદ્ધ ચિત્ત રાખવું, વચનથી સ્તુતિ કરવી તથા શરીર વડે પંચાંગ નમસ્કાર કરવા.[1]

આવા ભાવ યોગિઓના પ્રત્યે જેટલો આદર સત્કાર,

---

૧ આ સર્વ આત્મહિતાર્થે કરવું, પરંતુ સંસારિક સુખેચ્છાથી કંઈ ન જ કરવું.

સન્માન કરાય તેટલો ઓછો છે.[૧] તે બધા યોગના બીજો છે. ઉપરાંત તેઓની ભક્તિ, સેવા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક દાનાદિ બહુમાનપૂર્વક આપવું એ પણ યોગના બીજો છે. પરંતુ પ્રભુની ખાસ આજ્ઞા છે કે તે સર્વ ધાર્મિક અનુષ્ઠાનો ફળની ઇચ્છારહિત નિષ્કામ બુદ્ધિએ જ કરવા. આશા, તૃષ્ણાના ત્યાગ પૂર્વક જ કરવા. ત્યારે જ તે સાધનો વિકાસ રૂપ બને છે. અને તૃષ્ણાદિ સહિત કરેલાં તે ધાર્મિક અનુષ્ઠાનો સંસારવૃદ્ધિના હેતુ બને છે, આ વાત સાધકે ખાસ લક્ષમાં રાખવી જોઈએ. આવા શુદ્ધાશયપૂર્વકના ધાર્મિક અનુષ્ઠાનો ચરમ પુદ્ગલ પરાવર્તનવાળા માનવો જ કરી શકે છે. ૨૬.

ભવોદ્વેગ શ્ચ સહજો, દ્રવ્યાભિગ્રહ પાલનમ્,
તથા સિદ્ધાંતમાશ્ચિત્ય, વિધિના લેખનાદિ ચ ॥૨૭॥

વિવેચન—સંસારની અંદર ઇષ્ટ વસ્તુઓના વિયોગથી દુઃખ ગર્ભિત વૈરાગ્ય પામનારા ઘણા જીવો હોઈ શકે, પણ તે આર્તધ્યાન રૂપ હોવાથી વાસ્તવિક વૈરાગ્ય ન કહી શકાય.

પરંતુ જન્મ, મરણ, આધિ, વ્યાધિ, અને ઉપાધિ રૂપ આ સંસારમાં તત્ત્વદૃષ્ટિથી વિચારતા સુખ જ ક્યાં છે? સાચું સુખ, આત્મિક સુખ તો મોક્ષમાં જ છે. એમ જ્ઞાનદૃષ્ટિથી વિચારી તેનો નિશ્ચય કરી અંતરની શ્રદ્ધા સહિત સંસાર પર જે ઉદ્વેગ થવો એનું નામ ભવોદ્વેગ–વૈરાગ્ય છે. એ પણ

નોંધ–૧. પણ દ્રવ્ય આચાર્યાદિ પ્રત્યે નહિ. કુટ રૂપ અધર્મી દ્રવ્ય આચાર્યો પ્રત્યે અકુટ બુદ્ધિ—સત્ય ગુરુ તરીકે બુદ્ધિ રાખવી તે યોગ્ય ન ગણાય.

યોગનું બીજ છે. વળી સાધુઓને કલ્પી શકે એવા ઔષધાદિ આપવાનો નિયમ કરવો તે પણ યોગ બીજ છે. જે શાસ્ત્રો વાંચવાથી આત્માની જાગૃતિ થાય, વૈરાગ્યની વૃદ્ધિ થાય એવા શાસ્ત્રો ન્યાય-નીતિથી પ્રાપ્ત કરેલ ધન વડે લખાવવા, તેનો પ્રચાર કરવો વગેરે પણ યોગના બીજો છે. આ સર્વ ક્ષયોપશમ ભાવ વડે જ્યારે રાગદ્વેષની ગ્રંથિ પાતળી પડે છે ત્યારે જ બને છે. ૨૭.

લેખના પૂજના દાનં, શ્રવણં વાચનોદ્ગ્રહઃ।
પ્રકાશનાથ સ્વાધ્યાય શ્ચિન્તના ભાવનેતિ ચ ॥૨૮॥

વિવેચન—ન્યાય નીતિથી ઉપાર્જિત ધનનો સદ્વ્યય કરવાના બીજા ઉપાયો બતાવે છે. આત્મજાગૃતિ થાય અને સંસાર પ્રત્યે વૈરાગ્ય ભાવ પ્રગટ થાય તેવા પુસ્તકો લખાવવા, જ્ઞાન આપનાર શાસ્ત્રોનું બહુમાન કરવું, સત્પુરુષોને તેનું દાન આપવું. તેવા પુસ્તકોનું વારંવાર ગુરુ પાસે શ્રવણ કરવું, ભાષાંતર કરેલા પુસ્તકોનું બહુમાનપૂર્વક ગ્રહણ કરવું તેને સારી રીતે મૂલ્યવાન આભૂષણોની જેમ સંભાળીને રાખવા, યત્નપૂર્વક રાખવા, તેનું વાંચન કરવું, તેનો અર્થ ગુરુ પાસે જાણવો અને તે યોગ્ય જીવોને સંભળાવવો, શીખેલું જ્ઞાન ભૂલી ન જવાય તે માટે વારંવાર તેને યાદ કરતા રહેવું, તેમ જ તેના અર્થનું વારંવાર ચિંતન કરવું, મનન કરવું. એ સર્વ મોક્ષ પ્રાપ્ત કરાવનારા યોગના બીજો છે. ૨૮.

અપર યોગના બીજો કહે છે

બીજ શ્રુતૌ ચ સંવેગાત્ પ્રતિપત્તિઃ સ્થિરાશયા।
તદુપાદેય ભાવશ્ચ પરિશુદ્ધો મહોદયઃ ॥૨૯॥

વિવેચન—ગુરુ દ્વારા મોક્ષને મેળવી આપનારા યોગના બીજો શ્રવણ કર્યા તો ખરાં, પણ જ્યાં સુધી શ્રદ્ધાપૂર્વક તે બીજોનો હૃદયપૂર્વક અંતરથી નિશ્ચય ન કર્યો હોય ત્યાં સુધી બધું નકામું. માટે અંતરથી શ્રદ્ધાપૂર્વક તેનો નિશ્ચય કરવો. "એવમેતત્" એ કહેલ વાત બરોબર છે. અંતરની શંકાને દૂર કરી સ્થિર ભાવથી વિશ્વાસ કરવો, એ પણ યોગનું બીજ છે. વિશ્વાસ કર્યો પણ જ્યાં સુધી એ વાતને આચરણમાં મૂકવામાં ન આવે, ત્યાં સુધી વિશ્વાસ કર્યો તે પણ નકામો છે. માટે એ બીજોની ક્રિયાને આચરવી. ફળ મળવાની ઉત્સુકતા વિના શુદ્ધ પ્રયત્ન કરવો, જે વડે સ્વર્ગાદિ સુખો પ્રાપ્ત થઈ પરિણામે પરિશુદ્ધ મોક્ષ પ્રાપ્ત થાય છે. ૨૯.

એ યોગના બીજો ક્યારે પ્રાપ્ત થાય તે કહે છે

એતદ્ ભાવ મલે ક્ષીણે પ્રભૂતે જાયતે નૃણામ્।
કરોત્યવ્યક્ત ચૈતન્યો મહત્કાર્યં ન યત્કિંચિત્ ॥૩૦॥

વિવેચન—પૂર્વોક્ત યોગના બીજ જ્યારે કર્મરૂપ ભાવ-મળ ઘણો ક્ષીણ થાય ત્યારે પ્રાપ્ત થાય છે. આ જીવે ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં અનંતા પુદ્ગલ–પરાવર્તનો કર્યા છે. તેમ છતાં હજુ સુધી મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો નથી. આ પુદ્ગલ પરાવર્તનો–જીવના કર્મની સ્થિતિનો કાળ ઘણો ખરો ક્ષય થાય અને માત્ર એક પુદ્ગલ પરાવર્તન જેટલો કાળ મોક્ષ જવાને માટે જ્યારે બાકી રહે છે, ત્યારે આ જીવ ઉપરોક્ત યોગના બીજો મનુષ્યો ગતિમાં મેળવી શકે છે. પ્રાયે કરીને મનુષ્યો જ તેના અધિકારી ગણાય છે. કારણ કે અવ્યક્ત ચૈતન્યો–હિતાહિત જાણવાને વિવેકશૂન્ય એવો બાળ, ચતુર્ગતિ

રૂપ સંસારનો યથાપ્રવૃત્તિકરણ દ્વારા ઘણો ભાવમળક્ષય કરવા છતાં મહાન્ ધર્માનુષ્ઠાનો કરવા સમર્થ થતો નથી, પણ વ્યક્ત ચૈતન્યો–વિવેકવાન મનુષ્યો જ મહાન ધર્માનુષ્ઠાનો કરવા સમર્થ બને છે. સારાંશ એ છે કે ચારગતિ રૂપ સંસારમાં આ જીવ અકામ નિર્જરા વડે કર્મરૂપ ભાવમળનો ઘણો ક્ષય કરે છે, પણ મનુષ્યગતિ સિવાય આ યોગના બીજો કયારેય પણ પ્રાપ્ત કરી શકતો નથી. ૩૦.

આ વાતને આગળ બતાવે છે

चरमे पुद्गलावर्त्ते क्षयश्चास्योपपद्यते ।
जीवानां लक्षणं तत्र यत् एतदुदाहृतम् ॥૩૧॥

વિવેચન—પોતાના આત્મસ્વરૂપને નહિ જાણવાથી, આ જીવે અનંતા પુદ્ગલ પરાવર્તન કરેલા છે. એ પુદ્ગલ પરાવર્તનમાં માત્ર એક જ પુદ્ગલ પરાવર્તન કાળ–મોક્ષ જવા માટે બાકી રહે છે, ત્યારે જીવની કર્મની સ્થિતિ ઘણી ખરી ક્ષય થઇ ગઈ હોય છે. સીત્તેર–ત્રીસ–અને વીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી, ઓગણોતેર, ઓગણત્રીશ અને ઓગણીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ ક્ષય થઈ જાય અને દરેક કર્મની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમની બાકી રહે ત્યારે આ જીવનો ભાવમળ ઘણો ક્ષય થઈ જાય છે અને હૃદયની શુદ્ધિ થવાથી જીવ આત્મ સન્મુખ થવાનો અધિકારી થાય છે. ૩૧.

दुःखितेषु दयात्यंत मद्वेषोगुणवत्सु च ।
औचित्यात्सेवनं चैव सर्वत्रैवा विशेषतः ॥૩૨॥

વિવેચન—જ્યારે આ જીવના ઘણા કર્મરૂપી મળો ક્ષય થઈ જાય છે ત્યારે આ જીવ કોઈ પણ દીન, દુઃખી,

અનાથ જીવને દેખે છે કે તરત જ તેના હૃદયમાં અત્યંત લાગણી તેના દુઃખ દૂર કરવા થઈ આવે છે. આ જ જીવનું ઉત્તમ લક્ષણ છે કે તેની મનોમય ભૂમિકા કરુણામય બની છે, અને તેવી ભૂમિમાં જ યોગના બીજોનું વાવેતર થાય છે. તથા વિદ્યાદિ ગુણવાળા ધર્માચાર્યો, ગુરુઓ, વડીલો તેના પ્રત્યે દ્વેષભાવ કદી પણ ન કરે. શાસ્ત્રાનુસારે સર્વત્ર, સર્વ જગ્યાએ સામાન્યપણે દરેક જીવોના પ્રત્યે અનુકંપાદાનની બુદ્ધિને ધારણ કરે છે. ૩૨.

ઉપરોક્ત ગુણોથી થતો લાભ જણાવે છે

એવં વિધસ્ય જીવસ્ય ભદ્રમૂર્તેર્મહાત્મનઃ ।
શુભોનિમિત્ત સંયોગો જાયતેડવંચકોદયાત્ ॥૩૩॥

વિવેચન—જેનો ભાવમળ ઘણો ઓછો થઈ ગયો છે એવા પરમશાંતમૂર્તિ, પ્રિયદર્શનીય–જેના દર્શનથી સામા માણસ પર અપૂર્વ છાપ બેસે, તેને પણ શાન્તિનો અનુભવ થાય એવા યોગી મહાત્માઓના આત્મબળ વડે પ્રાપ્ત થતો ઉત્તમ નિમિત્ત સત્ યોગાદિ સંયોગ–સત્ સમાગમ, કે જે મોક્ષ મેળવી આપવામાં નિમિત્ત કારણ છે તેની પ્રાપ્તિ થાય છે. ૩૩.

અવંચક ત્રણનું સ્વરૂપ.

યોગ ક્રિયાફલાખ્યં યચ્છ્રયતેડવંચકત્રયમ્ ।
સાધૂનાશ્રિત્ય પરમ મિષુલક્ષ્ય ક્રિયોપમ ॥૩૪॥

વિવેચન—યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક આ પ્રમાણે અવંચક ત્રણ શાસ્ત્રમાં કહેલ છે, આ અવંચક ત્રણ અવ્યક્ત સમાધિ છે.

વિવિધ પ્રકારના ક્ષયોપશમથી થતો તથા પ્રકારનો હૃદયનો સુંદર આશય (વિચારહેતુ) તે જ સમાધિ છે. સાધુઓને આશ્રિ યોગાવંચક-પૂર્વે કહેલ-વિસંવાદ વગરના યોગના બીજાનો સંયોગ થવો તે યોગાવંચક, અથવા સદ્‌ગુરુનો સંયોગ થવો તે યોગ અવંચક, સદ્‌ગુરુને વંદન, નમસ્કાર, પ્રણામ ભાવપૂર્વક કરવા તે ક્રિયા અવંચક અને તેનાથી જે લાભ કર્મક્ષયાદિ તે ફલ અવંચક. એ ભાવ અવંચક ત્રણનું સ્વરૂપ કહ્યું. તથા અન્ય રીતે પણ યોગ અવંચક કહે છે. મનને શુદ્ધ રીતે પ્રવર્તાવવું તે યોગ અવંચક છે. વાણી અને શરીરને આગમાનુસારે પ્રવર્તાવવા તે ક્રિયાવંચક અને આ અવંચકપણાના યોગે મિથ્યાત્વ, કષાયાદિના ત્યાગથી શુભ ગતિ પ્રાપ્ત થાય તે ફળ અવંચક કહેવાય છે. ૩૪.

યોગ અવંચક જે નિમિત્તો થાય તે કહે છે

એતચ્ચ સત્ પ્રણામાદિ નિમિત્તં સમયે સ્થિતમ્,
અસ્ય હેતુશ્ચ પરમસ્તથા ભાવમલાલ્પતા ॥૩૫॥

વિવેચન—આધિ, વ્યાધિ અને ઉપધિથી ભરપૂર એવા આ સંસારમાં આ જીવનો વિકાસ કરનાર ખાસ કોઈ પણ કારણ હોય તો તે માત્ર સત્ સંગ જ છે, આ વાતને શ્રીમાન હરિભદ્રસૂરિ પુષ્ટિ આપતા જણાવે છે કે, યોગ અવંચક એટલે સદ્‌ગુરુનો સમાગમ થવો તે કાંઈ સહેજ નથી. ભાવમળ ઘણો જ ઓછો થાય છે ત્યારે જ સદ્‌ગુરુનો સમાગમ થાય છે, આ સમાગમ થયા પછી તે પૂજ્ય ગુરુ પ્રત્યે વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન જો ન કરવામાં આવે તો તેના વડે જે અપૂર્વ લાભ મળવાનો છે તે કદાપિ પણ મળતો નથી, અને ક્રિયા અવંચક

યોગ પણ થતો નથી. આ માટે પૂજ્ય ગુરુશ્રીએ જણાવ્યું છે કે, " सत्प्रणामादि निमित्तं " સદ્‌ગુરુને વંદન નમસ્કારાદિ કરવામાં આવે તો જ ક્રિયા અવંચક યોગની પ્રાપ્તિ થાય છે. સદ્‌ગુરુને વંદનાદિ કરવાથી તેઓને કાંઈ લાભ થતો નથી, લાભ તો વંદન કરનારને જ થાય છે. શ્રીકૃષ્ણવાસુદેવે અઢાર હજાર સાધુઓને વંદન કરવાથી સાતમી નરકનો જે આયુષ્યનો બંધ હતો તે ઘટીને ત્રીજીનો જ રહ્યો. આ લાભ કંઈ જેવો તેવો નથી. આજકાલના સુધારક વર્ગે આ વાત ખાસ લક્ષમાં રાખવા જેવી છે. ગુરુ પ્રત્યે નમસ્કારાદિ કર્યા વિના કર્મમળની અલ્પતા કયારેય પણ થતી નથી. સદ્‌ગુરુનો સમાગમ તો થાય પણ તેમને ઓળખવા તે પણ પુણ્યબળ વિના ન થાય. કદાચ ઓળખે પણ તેઓશ્રીનો વિનય કર્યા વિના ઉપદેશનો લાભ મળતો નથી. અને ઉપદેશની અસર થયા વિના સત્સ્વરૂપ સમજાય નહિ. અને આત્મસ્વરૂપ જાણ્યા વિના મોક્ષ પણ મળી શકે નહિ. આમ કાર્ય કારણની પરંપરા સંકળાયેલી છે તે વિવેકીજનોએ જાણવું જોઈએ. જેઓ સદ્‌ગુરુને ઓળખી તેના પ્રત્યે ભાવ ભક્તિપૂર્વક વંદનાદિ કરે છે, તેઓ રત્ન પર આવેલ મળને જેમ દૂર થતાં રત્નનું સાચું સ્વરૂપ જ્યોતિ રૂપ પ્રગટ થાય છે, તેવી રીતે આત્માનું સાચું સ્વરૂપ જ્યોતિ રૂપ છે તેને પ્રાપ્ત કરે છે એમ યોગાચાર્યો કહે છે. ૩૫.

આજ વાતને બીજી રીતે જણાવે છે

नास्मिन सति यतः सत्सु तत्प्रतीतिर्महोदया।
किं सम्यग् रुपमादत्ते कदाचिदमलेक्षनः ॥૩૬॥

વિવેચન—પ્રથમ વિધિ માર્ગથી આ વાત કહી, હવે નિષેધ માર્ગથી આ વાત જણાવે છે—જ્યાં સુધી ભાવમળ રૂપીકર્મો પ્રગાઢ હોય છે ત્યાં સુધી આ જીવને સદ્‌ગુરુનો સમાગમ થતો નથી, અને કદાચિત સદ્‌ગુરુનો સમાગમ થાય તો પણ તેમને સદ્‌ગુરુ તરીકે ઓળખી શકતો નથી. તેમ જ સદ્‌ગુરુની પ્રતીતિ દ્વારા થનાર અભ્યુદયને સાધનાર મુક્તિ તેને મેળવી શકતો નથી. આ વાત દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે, ચક્ષુ ઇન્દ્રિયના દોષને લીધે જેના નેત્રોમાં છારી કે મોતિયા આવવાથી જેની દૃષ્ટિ મંદ થઈ ગઈ છે તે માણસ શું સમ્યક્ પ્રકારે સામી વ્યક્તિમાં રહેલ લક્ષણ, સાથિયા, વગેરેને સંપૂર્ણ રીતે જોઈ શકે છે? કદાપિ જોઈ શકવાનો નથી. ૩૬.

એ જ વાતનું સમર્થન કરે છે

અલ્પવ્યાધિર્યથાલોકે તદ્વિકારૈ ર્ન બાધ્યતે,
ચેષ્ટતે ચેષ્ટ સિદ્ધ્યર્થં વૃત્યેવાયં તથાહિતે ॥૩૭॥

વિવેચન—પૂર્વે કહેલા અપૂર્વ યોગ બીજોનો લાભ ભાવ-વ્યાધિ (કર્મમળ) ક્ષીણપ્રાયઃ થઈ ગયો છે તેઓને જ મળે છે. દૃષ્ટાંત—જેની વ્યાધિ ક્ષીણ થઈ ગઈ છે એવો મનુષ્ય જગતમાં ખજવાલ વગેરે વિકારોથી હેરાન થતો નથી, પણ પોતાના કુટુંબના પોષણ માટે રાજસેવા આદિ કાર્યોમાં જોડાય છે. ધૈર્યતા, શ્રદ્ધા, સત્ય વસ્તુ જાણવાની તાલાવેલી અને તેનું જ્ઞાન એ બધા ધર્મ પ્રાપ્ત કરવાનાં સાધનો છે. એ સાધનો વડે યોગી અલ્પ વ્યાધિવાળા પુરુષની જેમ પોતાની ભૂમિકાને અનુસાર હિતકારી દાનાદિ કાર્યમાં જોડાય છે. ૩૭.

ઉપર કહેલા સર્વ કાર્ય કયારે થાય છે તે કહે છે

યથાપ્રવૃત્તિકરણે ચરમેઽલ્પ મલત્વત : ।
આસન્નગ્રંથિભેદસ્ય સમસ્તં જાયતે હ્યદ્દઃ ॥ ૩૮ ॥

વિવેચન—યથાપ્રવૃત્તિકરણ બે પ્રકારના હોય છે, એક સાધારણ અને બીજું વિશિષ્ટ. સાધારણ યથાપ્રવૃત્તિકરણવાળો જીવ વિશુદ્ધિના પંથ પર અગ્રસર થઈ શકતો નથી. એ કરણ એટલું સામાન્ય છે કે અભવ્ય જીવોને પણ અનંતવાર પ્રાપ્ત થાય છે.

વિશિષ્ટ યથાપ્રવૃત્તિકરણવાળા આત્માને જ્યારે આત્મ-પટ પર રાગ–દ્વેષના ડાઘ દેખાય છે ત્યારે તે એ મેલને નષ્ટ કરવાનો પ્રબલ પ્રયત્ન કરે છે. એ તીવ્ર રાગ–દ્વેષના ડાઘ શિથિલ બની જવાને જ અપૂર્વકરણ કહેવાય છે. એ પ્રકારના પરિણામ (ભાવ) પુનઃ પુનઃ પ્રાપ્ત થતાં નથી એથી એ અપૂર્વકરણ કહેવાય છે. એ કરણ પ્રાપ્ત થવાથી જ આત્મામાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે. તીવ્રતમ રાગદ્વેષના અત્યંત મલિન પરિણામોને જૈન કર્મશાસ્ત્રોમાં ગ્રંથિ કહે છે. એ ગ્રંથિનું ભેદન કર્યા વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સંભવે નહિ.[૧] અપૂર્વકરણ દ્વારા જ એ ગ્રંથિનું ભેદન થઈ શકે

નોંધ – ૧ જિનભદ્ર ક્ષમા શ્રમણે લખ્યું છે કે – સઘન રાગદ્વેષ રૂપ આત્મ પરિણામ જ ગ્રંથિ છે. એ ગ્રંથિનું અત્યંત મુશ્કેલીથી ભેદન કરવામાં આવે છે. એ ગ્રંથિ આત્મામાં અનાદિકાળથી લાગેલી છે. વાંસની ગુપ્ત ગાંઠ સમાન એ ગ્રંથિનું ભેદન કરવું સરળ નથી.

છે. ગ્રંથિભેદન થવાથી આત્મામાં એક પ્રકારની અનિર્વચનીય અનનુભૂત પૂર્વ લોકોત્તર નિર્મળતા પ્રાપ્ત થાય છે. અને એ જ સમ્યક્ત્વ પ્રાપ્તિનું દ્વાર છે. અપૂર્વકરણ વડે ગ્રંથિનું ભેદન થાય છે ત્યારે તેને ચરમયથાપ્રવૃત્તિકરણ કહેવાય છે, કારણ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ અહીંયાં જ થાય છે. તે પહેલાં જે જે ધર્માનુષ્ઠાનો કરવામાં આવે છે, તે બધાં ઓઘદૃષ્ટિથી થાય છે, ત્યાર પછી બધાં ધર્માનુષ્ઠાનો વિવેકપૂર્વક થાય છે. આ વખતે જીવને પૂર્વે કહેલા સર્વ યોગનાં બીજો પ્રાપ્ત થાય છે. ૩૮.

ચરમ યથાપ્રવૃત્તિકરણ, તે જ અપૂર્વકરણ છે તે કહે છે

અપૂર્વાઽઽસન્ન ભાવેન વ્યભિચાર વિયોગતઃ ।
તત્ત્વતોઽપૂર્વમેવેદ મિતિયોગ વિદો વિદુઃ ॥૩૯॥

વિવેચન—અરૂણોદય પછી જેમ સૂર્યોદય થાય છે. તે અરૂણોદય પણ સૂર્યોદય જ કહેવાય છે. તે પ્રમાણે જે કરણ પછી અનંતર સમયે અપૂર્વકરણ થાય છે અને ગ્રંથિનો ભેદ કરે છે; તે કરણને ચરમયથાપ્રવૃત્તિકરણ કહે છે. પણ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં એ અપૂર્વકરણ જ છે. કારણ કે અપૂર્વકરણનું કાર્ય ગ્રંથિ ભેદ કરવાનું છે તે જ કાર્ય ચરમયથાપ્રવૃત્તિકરણ કરે છે. એમ કહેવામાં જરા પણ અયોગ્ય નથી, એમ યોગના જ્ઞાતાઓ જણાવે છે. વેદક સમ્યક્ત્વ પછી જેમ ક્ષાયક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તે પ્રમાણે ચરમ યથાપ્રવૃત્તિકરણ પછી અપૂર્વકરણ થાય છે. માટે અપૂર્વકરણની નજીક હોવાથી ચરમયથાપ્રવૃત્તિકરણ છે તે અપૂર્વકરણ છે.[1] ૩૯.

નોંધ-૧. કરણ એટલે જીવનાં પરિણામ જાણવા.

ગુણસ્થાનકની યોજના

પ્રથમં યદ્ ગુણસ્થાનં સામાન્યેનોપવર્ણિતમ્ ।
અસ્યાં તુ તદવસ્થાયાં મુખ્યમન્વર્થયોગતઃ ॥૪૦॥

વિવેચન—શાસ્ત્રમાં "મિચ્છાદિટ્ઠિ સાસાયણાઈ" મિથ્યા દૃષ્ટિને પ્રથમ ગુણસ્થાનક કહેલ છે તે સામાન્ય પ્રકારે જાણવું. અવ્યવહાર રાશિ તથા સૂક્ષ્મપણાનો ત્યાગ કરી વ્યવહાર રાશિ તથા બાદરપણામા જીવ આવ્યો, અવ્યકતપણાનો ત્યાગ કરી વ્યકતપણામાં જીવ આવ્યો, અકામ નિર્જરા વડે આટલો જરા ગુણ પ્રાપ્ત થવાથી પ્રથમ ગુણસ્થાનક કર્મ ગ્રંથકારોએ જે કહેલ છે તે ઉપચારિક જાણવું, વાસ્તવિક ગુણસ્થાનક તેઓમાં નથી. "ગુણાનાં ગુણસ્થાનં" આ વ્યુત્પત્તિ પ્રમાણે વાસ્તવિક ગુણોનો સમુદાય જેમાં હોય તેને જ ગુણસ્થાનક કહે છે. પ્રથમ દૃષ્ટિમાં જે યોગના બીજો જણાવેલ છે, તે ગુણો જેનામાં હોય તેનામાં જ વાસ્તવિક પ્રથમ ગુણસ્થાનક હોય છે તેમ જાણવું. અહીંયા એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આવા મહા વિમળ ગુણને પ્રાપ્ત કરનાર જીવાત્મા જો પ્રથમના ગુણસ્થાનકમાં વર્તતા હોય તો પછી ઘણા જીવોને ઉપરના ગુણસ્થાનકો કેમ પ્રાપ્ત થાય ? ધર્મનાં બીજો વાવનાર સંસારથી ઉદ્વેગ પામનાર, અને ઉત્તમ સંયોગો પ્રાપ્ત કરનાર જીવાત્માઓ પણ પ્રથમના ગુણસ્થાનકે જ હોય તો પછી ઘણા ખરા જીવાત્માઓને તો ઊભા રહેવાનું સ્થાન પણ આ ગુણસ્થાને મળે જ નહિ. તો પછી સમ્યક્ત્વ અને ચોથા, પાંચમા ગુણસ્થાનની તો વાત શું કરવી ? આ પ્રશ્ન ખરેખર વિચાર કરવા

જેવો છે. પરંતુ આનો ઉત્તર એ જ છે કે આ વસ્તુસ્થિતિ છે, સાધારણ બાહ્ય ક્રિયા માત્ર કરવાથી પોતાની જાતને ઉન્નત થયેલી માનનારાઓ ઘણે ભાગે આત્મવંચના જ કરે છે, દીર્ઘ દૃષ્ટિથી વિચારીને જ્ઞાની મહાત્માએ અહીંયાં આ દૃષ્ટિઓની રચના અને સંકલના કરી છે. તે ઉપરથી પોતાની જાતનો વિચાર કરવાનો છે કે આપણે ઉન્નતિ ક્રમમાં કઈ દશામાં વર્તીએ છીએ; પોતે આગળ વધેલો છે એમ માનનાર કદાચ આ દીર્ઘ વિચારથી લખાયેલા દૃષ્ટિભેદના સૂત્ર જ્ઞાનથી પોતાને તેટલી હદે વિકાસ પામેલો ન જોઇ શકે તો તેમાં અન્યનો દોષ નથી. ભૂલભરેલી ભ્રમણામાં રહેવું અથવા દાંભિકવૃત્તિ ધારણ કરવા કરતાં મૂળ વસ્તુને સમજી તે હદ સુધી આત્માને ઉન્નત કરવા વિચાર કરવો એ જ સાધ્ય છે, અને તેને અંગે કદાચ ખોટી ભ્રમણા આવતી હોય તો તે બાસ દૂર કરવા યોગ્ય છે. ઘણા ખરા ઓઘ દૃષ્ટિવાળા જીવો પોતાને સમકિતી માની લેવાની ભૂલ કરે છે. તે હવે પછીની ત્રણ દૃષ્ટિઓનું અને આ દૃષ્ટિમાં રહેલા જીવો સંબંધી વિવેચન વાંચીને પોતાની સ્ખલના (ભૂલ) સમજી જશે અને વિચારશે કે મહા નિર્મળ સમ્યક્ત્વ જેવી શુદ્ધ દશાને પ્રાપ્ત કરવા માટે ઘણા ગુણોને પ્રાપ્ત કરવાની જરૂર છે. અધિકાર વગર વસ્તુ રહેતી નથી. જ્યાં પોતાને પગ મૂકવાનો પણ અધિકાર ન હોય ત્યાં એકદમ પહેલાને બદલે પાંચમી દૃષ્ટિની વાતો કરવી તે એક પ્રકારનું ઉદ્ધતપણું છે. બાહ્ય ક્રિયા કરનારા વસ્તુતત્ત્વને નહિ સમજનારા એવા યોગીઓ, સાધુઓ, યતિઓ, શ્રાવકો ગમે તે હોય તેને દ્રવ્યલિંગીઓ કહેવામાં આવે છે. તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં તેઓ ઉન્નતિ ક્રમમાં હજુ

પ્રથમ દૃષ્ટિમાં પણ આવેલા હોતા નથી, એમ જાણવું. જ્યારે તત્ત્વબોધપૂર્વક ક્રિયા કરવામાં આવે અને સાથે સાથે ઉપરોક્ત અવંચક યોગ તથા ભવ ઉદ્વેગ આદિ ગુણો પ્રગટ થાય છે. ત્યારે ભાવ યોગીપણાની શરૂઆત થાય છે. ૪૦.

ઇતિ પ્રથમા મિત્રા દૃષ્ટિઃસમાપ્તા

તારા નામની બીજી દૃષ્ટિનું વર્ણન

તારાયાં તુ મનાક્ સ્પષ્ટં નિયમશ્ચ તથાવિધઃ।
અનુદ્વેગો હિતારમ્ભે જિજ્ઞાસા તત્ત્વગોચરા ॥૪૧॥

વિવેચન—તારાદૃષ્ટિનું વિવેચન કરતા પહેલાં જણાવવાનું કે ઘણા ખરા જીવો ઓઘદૃષ્ટિમાં જ રહેલા હોય છે, તેઓ યોગદૃષ્ટિમાં આવ્યા હોતા જ નથી. આ જીવનો ઉન્નતિ ક્રમમાં જ્યારે ઘણો વિકાસ થયો હોય છે તથા ભવસ્થિતિ બહુ અલ્પ રહે છે, અને સંસારનો અંત નિકટમાં આવવાનો હોય છે ત્યારે જ આ યોગદૃષ્ટિની પ્રાપ્તિ થાય છે. બીજી તારા નામની દૃષ્ટિમાં બોધ છાણાની અગ્નિની પ્રભા જેવો હોય છે. પ્રથમની મિત્રા દૃષ્ટિમાં તૃણાગ્નિની પ્રભા જેવો બોધ હતો, પણ તે લાંબા સમય સુધી ટકી રહે તેવો ન હતો. બીજી દૃષ્ટિમાં અષ્ટાંગ યોગમાંથી બીજું યોગાંગ નિયમ નામનું પ્રાપ્ત થાય છે. નિયમ પાંચ છેઃ—

(૧) શૌચ—શરીર અને મનને પવિત્ર રાખવા એટલે મનમાં ખરાબ, અશુભ વિચાર આવવા દેવા નહિ, અને શરીરથી પણ ખરાબ આચરણ કરવું નહિ.

(૨) સંતોષ–પ્રાણયાત્રાને નિભાવવા સિવાય અન્ય ઇચ્છાઓ ન કરવી.

(૩) તપ–અનેક પ્રકારના માનસિક તપ તથા શારીરિક તપ કરવા.

(૪) સ્વાધ્યાય–ગુરુ પાસેથી સૂત્ર ગ્રંથ વગેરેનું જ્ઞાન ગ્રહણ કરવું તથા સ્વ એટલે પોતે આત્મા અને ધ્યાય એટલે નિરીક્ષણ કરવું હું કોણ છું ? મારું કર્તવ્ય શું છે, મારું કર્તવ્ય પર વસ્તુથી રાગમમત્વ ત્યાગવો તે છે. તે હું કરું છું કે નહિ અથવા હું પ્રતિદિન મમત્વ ભાવથી કેટલા અંશે મુક્ત થયો એવી વિચારણા કરવી, નિરીક્ષણ કરવું.

(૫) ઈશ્વર પ્રણિધાન – દેવ ગુરુને નમસ્કાર કરવો, તેમની આજ્ઞાને પાલન કરવી, સ્વાર્પણ કરવું.

એ પાંચ નિયમો તારાદૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. મિત્રા દૃષ્ટિમાં તથા પ્રકારના ક્ષયોપશમના અભાવથી આ નિયમો હોતા નથી. પ્રથમ દૃષ્ટિમાં જે શુભ કાર્યો કરવામાં અખેદ નામનો ગુણ હતો તેના સાથે તારા દૃષ્ટિમાં આત્મહિત માટે દાનાદિક શુભ પ્રવૃત્તિ કરવામાં અનુદ્વેગ ગુણ આવવાથી શુભ કાર્યો આનંદ તથા ઉત્સાહપૂર્વક કરે છે. અહીંયા ઉદ્વેગ નામનો બીજો દોષ નાશ પામે છે. તથા " જિજ્ઞાસા તત્ત્વ ગોચરા " પ્રથમ દૃષ્ટિમાં અદ્વેષ ગુણ પ્રાપ્ત થાય છે, અને તે ગુણની સાથે બીજી દૃષ્ટિમાં તત્ત્વજ્ઞાન કરવાની પ્રબળ અભિલાષા ઉત્પન્ન થાય છે. અદ્વેષ ગુણ પ્રાપ્ત થાય પછી જ જિજ્ઞાસા ગુણ સફળ બને છે. ૪૧.

બીજી દૃષ્ટિમાં બીજા ગુણો ઉત્પન્ન થાય છે તેનું વર્ણન

ભવત્યસ્યાં તયાચ્છિન્ના પ્રીતિર્યોગકથા સ્વલમ્।
શુદ્ધ યોગેષુ નિયમાત્ બહુમાનશ્ચયોગિષુ ॥૪૨॥

વિવેચન—તારા દૃષ્ટિ પ્રાપ્ત થયેલ છે એવા યોગીને યોગ સંબંધી જ્ઞાન શ્રવણ કરવામાં જ અત્યંત અનુરાગ હોય છે, પણ અન્ય કથાવાર્તાઓમાં તેને રસ આવતો નથી. પણ મન, વચન, શરીરના યોગને કેવી રીતે વશ કરવા, કોણે વશ કર્યા હતા, કયા કયા ઉપાય વડે વશ થાય, તેને વશ કરવાથી જ શ્રેય થાય છે, મન, વચન, શરીરનો સંયમ કરવાથી જ આત્મશ્રેય થાય છે, સંયમ જ સુખકર છે અને અસંયમ જ દુઃખદાતા છે, એવું જ્ઞાન કોઈ આપે કે તેવાં પુસ્તકો વાંચવામાં તેને બહુ રુચિ થાય છે. તથા દાંભિકવૃત્તિ રહિત જે સાચા યોગીઓ હોય છે તેના ઉપર તેને બહુમાન પેદા થાય છે. પ્રથમ જેને તે સાધુડા, વગેરે શબ્દોથી તિરસ્કાર કરતો હતો, તેના તરફ હવે નિયમે કરી પૂજ્ય બુદ્ધિથી બહુમાનપૂર્વક જુએ છે. ૪૨.

યથા શક્ત્યુપચારશ્ચ યોગવૃદ્ધિ ફલ પ્રદઃ।
યોગિનાં નિયમાદેવ તદનુગ્રહ ધીયુતઃ ॥૪૩॥

વિવેચન—દરેક તીર્થંકરો, શ્રેયાંસકુમાર, શાંલિભદ્ર, ધનાશેઠ, ચંદનબાલાજી, વગેરે અનેક મહાત્માઓ પરમપદને પામ્યા અને પામશે તેઓની મુખ્ય શરૂઆત દાનથી જ થઈ છે, ધનાસાર્થવાહ તથા નયસાર, ચંદનબાલા વગેરે દાનથી જ પરમપદને પામ્યા છે. આ વાત શાસ્ત્ર પ્રસિદ્ધ જ છે. સ્વપરને

તારનાર દાન ગણેલ છે. બાકીના શીલ, તપ અને ભાવ એ ત્રણ ધર્મો સ્વને જ તારનાર છે, પણ દાન લેનાર અને દેનાર બંનેને તારે છે. આથી દાનાદિ ચાર પ્રકારના ધર્મોમાં દાનને તીર્થંકરોએ મુખ્ય ગણી પ્રથમપદે દાનને મૂકેલ છે, આથી સહજ સમજાશે કે દાનધર્મની કેટલી ઉપયોગીતા છે. આ જ વાત ગુરુશ્રી જણાવે છે કે, શક્તિ અનુસારે યોગી મહાત્માઓને અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાટ, પાટલા, શય્યા, ઔષધ વગેરે ખપતી વસ્તુઓ ઉદાર ભાવથી આપવી. આવી રીતે દાન આપવાથી પરિણામની ધારામાં ઘણો સારો સુધારો થાય છે. અને નિયમે કરી બહુમાનની બુદ્ધિ તથા દાન આપવાની બુદ્ધિ જ્યારે મહાત્માઓ, સાધુ પુરુષો પર થાય છે ત્યારે તે યોગમાં ઈશ્વર પ્રણિધાન–પ્રભુના તરફ દૃષ્ટિ કરી ચિત્તની એકાગ્રતા કરવા રૂપ ધ્યાનમાં ગુરુના અનુગ્રહથી ઘણો આગળ વધે છે અને અંતે પરમપદને પ્રાપ્ત કરે છે. ૪૩.

લાભાન્તર ફલશ્ચાસ્ય શ્રદ્ધાયુક્તો હિતોદયઃ ।
ક્ષુદ્રોપદ્રવ હાનિશ્ચ શિષ્ટ સમ્મતતા તથા ॥૪૪॥

વિવેચન—સદ્‌ગુરુ તરફ જ્યારે જીવને પૂજ્ય બુદ્ધિ થાય છે, ત્યારે તેઓ પોતાનું સર્વસ્વ–પ્રાણ અર્પણ કરતાં પણ પાછી પાની કરતા નથી. આ પ્રમાણે શ્રદ્ધા અને ભાવપૂર્વક દાન આપવાની ટેવ પાડવાથી આ જીવને અનેક પ્રકારના લાભો થાય છે. પૂર્વે બાંધેલા લાભાંતરાય કર્મ ખસી જવાથી અનેક પ્રકારના ફળો મળે છે, કે જેના વડે ભવિષ્યમાં પોતાનો અભ્યુદય થતાં વાર લાગતી નથી અને અનેક પ્રકારના હલકા ઉપદ્રવો–રોગો વગેરે નાશ પામે છે. તેમ જ ભૂતાદિના ઉપદ્રવો પણ

થતાં નથી અને શિષ્ટ પુરુષો–રાજા, પ્રધાન, પ્રજા, સંઘના અગ્રસરો આ બધાઓ તરફથી તેને યોગ સન્માન મળે છે. એ બધો પ્રતાપ ગુરુભક્તિ સેવા, પૂજ્ય બુદ્ધિ વગેરેનો જ જાણવો. ૪૪.

ગુરુ સેવાના બીજા ગુણો બતાવે છે

ભયં નાડતીવ ભાવજં કૃત્યહાનિનં ચોચિતે।
તથાનાભોગતોપ્યુચ્ચૈ ર્ન ચાપ્યનુ ચિતક્રિયા ॥૪૫॥

વિવેચન—તારાદૃષ્ટિવાળા જીવને સત્ગુરુના સહવાસને લઈ ને સંસાર પ્રપંચથી ઘણો ખરો પાછો હઠી ગયો હોય છે, તથા અયોગ્ય કાર્યો તરફ તેની પ્રવૃત્તિ બિલકુલ થતી નથી. અજાણતા પણ અયોગ્ય પ્રવૃત્તિ થતી નથી. તેમ જ ધર્મ કાર્યો કરવામાં તે કદી પાછી પાની કરતો નથી. આ કારણથી હવે સંસાર સંબંધી જન્મ, મરણ, જરા, રોગ શોક, આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ જે અતિ ભય રહે છે, તે તારાદૃષ્ટિ પ્રાપ્ત થવાથી રહેતો નથી. ૪૫.

તારા દૃષ્ટિવાળા જીવની પ્રવૃત્તિ બતાવે છે

કૃત્યેડધિકેડધિકગતે જિજ્ઞાસા લાલસાન્વિતા।
તુલ્યે નિજે તુ વિકલે સંત્રાસો દ્વેષવર્જિતઃ ॥૪૬॥

વિવેચન—આ સંસારમાં એકબીજાથી ચડિયાતા (મોટા) થવાની હૃદપારની અભિલાષાઓ માનવો કરે છે. અને તેને પૂર્ણ કરવા પોતાથી બનતું તેઓ કરે છે. જડ વસ્તુને પ્રાપ્ત કરવાની આવી ઇચ્છાઓ કે હરીફાઈ કરવી તે સંસારવૃદ્ધિનું કારણ છે. પરંતુ આત્મકલ્યાણ માટે ધ્યાનાદિ ક્રિયા કરવામાં તથા જ્ઞાની પુરુષોમાં રહેલા જ્ઞાનાદિ ઉત્તમ ગુણોને પોતે પ્રાપ્ત કરવાની

ઉત્કૃષ્ટ જિજ્ઞાસા તથા અભિલાષા રૂપ સ્પર્ધા કરવી તે મોક્ષ સુખ આપનાર છે. એવા ઉત્તમ કૃત્યો કરતાં કદાચ બીજાથી પોતામાં ન્યૂનતા જોવામાં આવે તો તારાદૃષ્ટિવાળાને ઘણો ખેદ થાય છે. અન્ય કરતાં ધર્મ કાર્યો કરવામાં હું શા માટે પાછળ રહું ? તેમ જ ધર્મ કાર્યોમાં કોઈ દોષ લાગે તો હૃદયમા ઘણો પશ્ચાતાપ થાય છે, અને અન્યના ઉત્તમ, નિર્દોષ ધર્માનુષ્ઠાનો જોઈ ને તેના પ્રત્યે પૂજ્ય ભાવ ઉત્પન્ન થાય છે, પણ દ્વેષ ભાવ તો કયારેય પણ થતો નથી. એ બધા ગુણો આ દૃષ્ટિના પ્રતાપે પ્રગટ થાય છે. ૪૬.

તારા દૃષ્ટિવાળા જીવાત્માના વિચારો

દુઃખરૂપો ભવઃ સર્વ ઉચ્છેદોઽસ્યા કુતઃ કથમ્।
ચિત્રા સત્તાં પ્રવૃત્તિશ્ચ સારોપા જ્ઞાયતે કથમ્ ॥૪૭॥

વિવેચન—આ તારાદૃષ્ટિવાળા યોગીમહાત્માઓને આત્મ-કલ્યાણ કરવાની ઉત્કૃષ્ટ જિજ્ઞાસા થાય છે. અને આચાર્યાદિ કરતાં આગળ વધવાની પ્રબળ ઇચ્છા હોય છે, એ કારણથી તે યોગીઓ વિચાર કરે છે કે જન્મ, જરા, આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભર-પૂર એવો આ દુઃખરૂપ સંસાર છે, એનો ક્ષય કેવી રીતે થાય ક્ષમા, સરળતા, નમ્રતા વગેરે આત્મિક ગુણોથી જ સંસારનો ક્ષય થઈ શકે છે. તો પછી એ ક્ષમાદિ ગુણો કેવી રીતે પ્રાપ્ત કરવા ? વળી મહાત્માઓની શુભ કાર્યો રૂપી પ્રવૃત્તિ અનેક પ્રકારની હોય છે. મોક્ષ નગરે જવાના અનેક માર્ગો હોય છે. કોઈ ને પ્રભુ પૂજા પર રુચિ હોય છે, કોઈને વ્યાખ્યાન શ્રવણ સહ જ્ઞાન પ્રાપ્ત કરવાની રુચિ થાય છે, કોઈને સમભાવ રૂપી સામાયિક

કરવાની, કોઈ ને પ્રતિક્રમણ કરવાની, કોઈને દાન આપવાની, કોઈ ને શીલ પાળવાની અને કોઇને તપ કરવાની, કોઈ ને ભાવના ભાવવાની, આમ આત્મકલ્યાણ માટે મહાત્માઓ ભિન્ન ભિન્ન રુચિઓવાળા જોવામાં આવે છે. એથી તારાદૃષ્ટિવાળો યોગી વિચાર કરે છે કે આ સર્વ પ્રવૃત્તિઓમાં શુ શું આચરવું ? અને કોનો ત્યાગ કરવો અને કેવી રીતે વિકાસ સાધવો. ૪૭.

અંતે નિર્ણય કરે છે.

નાસ્માકં મહતી પ્રજ્ઞા સુમહાન શાસ્ત્ર વિસ્તરઃ ।
શિષ્ટાઃપ્રમાણમિહ ત દ્વિત્પસ્યાં મન્યતે સદા ॥૪૮॥

વિવેચન—આગળ વધવાની અત્યંત જિજ્ઞાસાવાળા તારાદૃષ્ટિવાળા યોગીઓ જોવામાં આવતી અનેક પ્રકારની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓથી નહિ મુઝાતાં અંતમાં નિર્ણય કરે છે કે અમારી બુદ્ધિ એવી નથી કે અમો દરેકની સાથે શાસ્ત્રાર્થ કરી વસ્તુતત્ત્વનો નિર્ણય કરી શકીએ ? અમારી બુદ્ધિથી નિર્ણય કરેલ વસ્તુમાં પણ વિસંવાદ જોવામાં આવે છે, તેમ જ ધર્મની જુદી જુદી પ્રવૃત્તિઓ જણાવનાર શાસ્ત્રનો વિસ્તાર પણ કાંઈ નાનોસુનો નથી, એથી સાધુ પુરુષોને સંમત એવા મહાન પુરુષો જે કહે તે જ અમારે પ્રમાણ છે, બીજાઓ કહે તે પ્રમાણ નથી. તથા સાધુ પુરુષોએ જે પ્રમાણે આચરણ કરેલ છે, જે માર્ગે ચાલ્યા છે, તે જ માર્ગ ઉત્તમ છે; અને તેથી તે જ માર્ગે અમારી પોતાની શક્તિ અનુસાર ચાલવું તે યોગ્ય છે, એ પ્રમાણે નિર્ણય કરે છે. વળી એ દૃષ્ટિવાળામાં એટલું બધું સરળપણું હોય છે કે, તેને કોઈ હિતકર શિક્ષા આપે તો તે બહુ જ સરળતાથી શ્રવણ કરે છે, અને તે શિક્ષા જો શિષ્ટ

સંમત હોય તો તે પોતાને લાભપ્રદ જાણી તરત જ અમલમાં મૂકે છે. વળી તે દૃષ્ટિવાળામાં હઠાગ્રહ, કદાગ્રહ હોતો નથી. પરમત સહિષ્ણુતા હોય છે. પોતે શિષ્ટ સંમત માર્ગે ચાલે છે પણ પોતાથી વિપરીત માર્ગે ચાલનાર જીવો ઉપર દ્વેષભાવ ન રાખતાં તેઓને સુમાર્ગ પર લાવવા પોતાથી બનતો પ્રયત્ન કરે છે. અને તેમ છતાં જો તે સન્માર્ગગામી ન બને તો તેના પર ઉપેક્ષા બુદ્ધિ કરે છે પણ દ્વેષભાવ તો કયારેય પણ કરતો નથી. તેમ જ સત્ય વસ્તુની શોધ માટે તનતોડ પ્રયત્ન કરે છે. મારું તે જ સાચું એ વાત ન કરતાં સત્ય તે જ મારું તેનો સ્વીકાર કરે છે. અને દાંભિકવૃત્તિનો સર્વથા ત્યાગ કરે છે. જેમ જેમ આત્મજાગૃતિ વધતી જાય છે તેમ તેમ તેની ઉન્નતિ થતી જાય છે. ૪૮.

ઇતિ તારા નામની બીજી દૃષ્ટિ સમાપ્તમ્.

બલા દૃષ્ટિનું વર્ણન

સુખાસનસમાયુક્તં બલાયાં દર્શનં દૃઢમ્।
પરા ચ તત્ત્વશુશ્રૂષા ન ક્ષેપો યોગગોચરઃ ॥૪૯॥

વિવેચન—ત્રીજી બલાદૃષ્ટિમાં સાધ્યનું દર્શન કાંઈક વિશેષ દૃઢ થાય છે, અહીંયા આત્મા ગ્રંથિ ભેદની નજીક આવી જાય છે. તેથી કરી હવે બલાદૃષ્ટિવાળા જીવાત્માની ઉન્નતિ ઘણી સારી રીતે થાય છે. આસન સ્થિર થાય તો ધ્યાન સારું થાય છે, એથી આ દૃષ્ટિમાં યોગના આઠ અંગોમાંથી ત્રીજું આસન નામનું અંગ પ્રાપ્ત થાય છે, પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન, સુખાસન વગેરે આસનોમાંથી ગમે તે અનુકૂળ આસનને સિદ્ધ કરે છે, એથી ત્રણ ત્રણ કલાકથી વધારે એક

આસને બેસી ધ્યાન કરી શકે છે. બલાદૃષ્ટિમાં બોધ ઘણો સારો અને દૃઢ કાષ્ટાગ્નિના પ્રકાશ સમાન હોય છે. ગુરુ પાસેથી જે સત્ય વસ્તુનો બોધ થયો છે તે અમલમાં મૂકવાના સમયે તે બોધની સ્મૃતિ રહે છે. બલાદૃષ્ટિમાં તત્ત્વજ્ઞાન શ્રવણ કરવાની ઇચ્છા ઘણી જ પ્રબલ હોય છે. તેમ જ યોગનો અભ્યાસ કે ધ્યાન કરે ત્યારે તે વિષયને છોડી બીજા વિષયમાં પ્રવૃત્તિ કરવા રૂપ ક્ષેપ નામનો દોષ અહીં રહેતો નથી. ધાર્મિક અનુષ્ઠાનો કરવામાં પણ કંટાળો આવતો નથી. તેમ જ તે ધાર્મિક અનુષ્ઠાનો બરાબર લક્ષપૂર્વક કરે છે. આ પ્રમાણે બલાદૃષ્ટિમાં યોગના આઠ અંગોમાંથી ત્રીજું આસન નામનું અંગ પ્રાપ્ત થાય છે. આઠ ગુણોમાંથી તત્ત્વ શ્રવણ નામનો ગુણ પ્રાપ્ત થાય છે, અને આઠ દોષમાંથી ત્રીજો ક્ષેપ નામનો દોષ અહીં રહેતો નથી. આ પ્રમાણે બલાદૃષ્ટિમાં આ ગુણો પ્રાપ્ત થાય છે. ૪૯.

વિશેષ ગુણોની પ્રાપ્તિ

નાસ્યાં સત્યામસતૃષ્ણા પ્રકૃત્યૈવ નિવર્તતે।
તદ્ભાવાચ્ચ સર્વત્ર સ્થિતમેવસુખાસનમ્ ॥૫૦॥

વિવેચન—આ બલાદૃષ્ટિ જીવાત્માને જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે તેનામાં એક એવા પ્રકારની સ્થિરતા આવી જાય છે કે, તેથી તેને અસત્ નાશવાન ઉપર તૃષ્ણા થતી નથી. સામાન્ય જીવને પુદ્ગલિક વસ્તુ પ્રાપ્ત કરવાની બહુ તૃષ્ણા હોય છે, અને તૃષ્ણાવશાત્ અનેક કષ્ટો સહન કરી વસ્તુ પ્રાપ્તિ માટે પ્રયત્ન કર્યા કરે છે. વસ્તુ પ્રાપ્ત થવી કે ન થવી તે તો સ્વાધીન નથી, કર્માધીન છે; છતાં તૃષ્ણાને આધીન થઈ અનેક પ્રકારે વલખા મારે છે, આવી વ્યાકુળતા ઉપજાવનાર તૃષ્ણા બલાદૃષ્ટિમાં નિવૃત્ત

થાય છે–નષ્ટ થાય છે. તૃષ્ણાનો અભાવ થવાથી ચિત્ત શાંત, સ્થિર અને વ્યગ્રતા રહિત બને છે, અને ધાર્મિક અનુષ્ઠાનો કરવામાં તથા ધ્યાન કરવામાં મન તલ્લીન બની જાય છે. ૫૦.

અત્વારાપૂર્વકં સર્વં ગમનં કૃત્યમેવ વા ।
પ્રણિધાનસમાયુક્ત મપાયપરિહારતઃ ॥૫૧॥

વિવેચન—અત્યાર સુધી આ જીવને પુદ્ગલિક વસ્તુ તરફ વધારે લાગણી હોવાને કારણે દેવ ગુરુવંદન, દર્શન, પૂજન વગેરે ધાર્મિક અનુષ્ઠાનો તરફ પ્રવૃત્તિ ઘણી જ ઓછી હતી, તેમ જ ભાવરહિત વેઠ સમાન થતી હતી, પણ હવે જરા સત્ય વસ્તુ સમજાવાથી પુદ્ગલિક વસ્તુ તરફની લાગણી ઓછી થવાથી, તેમ જ તૃષ્ણા પણ ઘટી જવાથી ધર્મનાં અનુષ્ઠાનો તે જ આત્મકલ્યાણ કરનાર છે, એમ સમજવાથી આ જીવમાં સ્થિરતા આવે છે અને દરેક શુભ કાર્યો કરવામાં આનંદ અને ઉત્સાહ આવે છે. મન એકાગ્ર થવાથી ચિત્તમાં શાંતિનો અનુભવ થાય છે. મન, વચન, શરીર, નેત્ર વગેરેની અસ્થિરતા રૂપ જે અપાય (દુઃખ) તેનો આ દૃષ્ટિમાં અભાવ થાય છે. ૫૧.

શુશ્રૂષા ગુણ બતાવે છે

કાન્તકાન્તાસમેતસ્ય દિવ્યગેયશ્રુતૌ યથા ।
યૂનો ભવતિ શુશ્રૂષા તથાસ્યાં તત્ત્વગોચરા ॥૫૨॥

વિવેચન—પરિપૂર્ણ સમૃદ્ધિ સંપન્ન કોઈ યુવાન પુરુષ પોતાની સુંદર પત્ની સાથે દિવ્ય ગાયન શ્રવણ કરતો જેમ તેમાં તલ્લીન થાય અને આનંદને અનુભવે તેમ બલાદૃષ્ટિવાળા જીવને તત્ત્વ શ્રવણ કરવાની ઇચ્છા પ્રબળ થાય છે અને તેવો

યોગ થતાં તે શ્રવણ કરવામાં તદાકાર થાય છે અને આનંદનો અનુભવ કરે છે. ૫૨.

શુશ્રૂષાથી જે ગુણ ઉત્પન્ન થાય તે કહે છે

બોધાન્ભ: સ્રોતસશ્ચૈષા સિરાતુલ્યા સતાં મતા।
અભાવેઽસ્યાઃ શ્રુતંવ્યર્થં મસિરાવનિકૂપવત્ ॥૫૩॥

વિવેચન—તત્ત્વજ્ઞાન સાંભળવાની જે પ્રબળ ઇચ્છા તે જ જીવને ઘણો આગળ વધારી અંતે મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે. એ શ્રવણ જ્ઞાનરૂપી પાણીના પ્રવાહને વધારનાર પાણીની સિરા–વહેણનું કામ કરે છે, પાણીના વહેણ વગરની જગ્યાએ કૂવો ખોદાવ્યો તો ખરો, પણ અંદર પાણીની સિરા–વહેણ ન હોવાથી તે કૂવો શું ઉપયોગનો? કાયક્લેશ સિવાય બીજું કંઈ જ ફળ નથી. તે પ્રમાણે શ્રવણ કરવાની પ્રબળ ભાવના વિના શ્રુતજ્ઞાન પણ નકામું છે, અર્થાત્ શ્રુતજ્ઞાન પ્રાપ્ત થતું જ નથી. એ માટે આત્માર્થીઓએ તત્ત્વજ્ઞાન શ્રવણ કરવાની પ્રબળ ભાવના રાખવી જરૂરી છે. ૫૩.

તત્ત્વશ્રવણની પ્રબળ જિજ્ઞાસાનો અપૂર્વ લાભ

શ્રુતાભાવેઽપિ ભાવેઽસ્યાઃ શુભભાવપ્રવૃત્તિતઃ।
ફલં કર્મક્ષયાખ્યંસ્યાત્ પરબોધનિબંધનમ્ ॥૫૪॥

વિવેચન—બલાદૃષ્ટિમાં આઠગુણમાંથી ત્રીજો શુશ્રૂષા નામનો ગુણ પ્રાપ્ત થાય છે. એ ગુણની મહત્તા એટલી બધી ગણવામાં આવે છે કે કદાચ આ જીવને તત્ત્વજ્ઞાન શ્રવણનો લાભ અંતરાયકર્મના યોગે ન પણ મળે, તો પણ તત્ત્વજ્ઞાન શ્રવણની

પ્રબળ ભાવનાના યોગે તેના અનેક કર્મોનો ક્ષય થાય છે. આ કર્મક્ષય થવામાં ઉત્કૃષ્ટ બોધ શ્રવણની ભાવના જ કારણભૂત છે.

અહીંયાં કોઈ શંકા કરે છે કે, તત્ત્વ શ્રવણ કર્યા વિના માત્ર ભાવનાથી કર્મ ક્ષય કેવી રીતે થાય ? —એનો ઉત્તર એ છે કે, ભાવના એ જ માનસકર્મ છે અને પ્રબળ ભાવનામાં મહાન બળ રહેલ છે. ભરત મહારાજાને ભાવના બળે જ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું. મરુદેવા માતાજીને પણ ભાવ વડે જ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું. એથી ભાવનામાં મહાન બળ રહેલ છે અને તે વડે કર્મક્ષય થઈ શકે છે. અને ભાવના વડે કર્મક્ષય થતાં શ્રવણનો લાભ પણ મળે છે. સાધારણ રીતે તો ઘણાં વ્યાખ્યાનો સાંભળવામાં આવે છે, અને ઉપદેશો કર્ણ પર પડે છે, પરંતુ જ્યાં સુધી તે શ્રવણથી મનમાં અને તનમાં ઉલ્લાસભાવ ન પ્રગટે અને આનંદનો અતિરિકત ન આવે ત્યાં સુધી બહેરા આગળ ગાયન સમાન છે. તેથી જ અહીંઆ તત્ત્વ શ્રવણની પ્રબળ ભાવનાને મહાલાભનું કારણ બતાવેલ છે, અર્થાત્ તે વડે જીવાત્મા વિકાસપંથમાં આગળ વધે છે. ૫૪.

બલાદૃષ્ટિમાં વિઘ્નો દૂર થાય છે

શુભયોગ સમારંભે ન ક્ષેપોઽસ્યાં કદાચન।
ઉપાય કૌશલં ચાપિ ચારુ તત્ વિષય ભવેત્ ॥૫૫॥

વિવેચન—બલાદૃષ્ટિમાં એક મહત્વની વાત એ છે કે બલાદૃષ્ટિવાળો જીવ ધર્મ સંબંધી કે યોગ સંબંધી ગમે તે શુભ કાર્ય કરે ત્યારે તે કાર્યો કરતી વખતે કોઈ વિઘ્નો આવતાં નથી. તે તેણે આદરેલાં કાર્યો નિર્વિઘ્ને પરિપૂર્ણ થાય છે. ઘણા મનુષ્યો

શુભ કાર્યો કરતાં ભય કરે છે, અને કદી આદરે તો વિઘ્નો આવતાં તે કાર્યોનો ત્યાગ કરે છે. ધ્યાન કેવી જગ્યાએ કરવું, લક્ષ્યવૃત્તિ કયાં રાખવી, આસન કયું કરવું, સંકલ્પ કેવી રીતે ઓછા કરવા વગેરે જાણવાની બાબતમાં કુશળપણું તેનામાં આવી જાય છે, અર્થાત્ વિવેકદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. ૫૫.

બલાદૃષ્ટિની ઉચ્ચ મહત્વતા

પરિષ્કારગતઃ પ્રાયો વિધાતોઽપિ ન વિદ્યતે ।
અવિધાનશ્ચ સાવદ્ય પરિહારાન્મહોદયઃ ॥૫૬॥

વિવેચન—બલાદૃષ્ટિવાળા યોગી મહાત્માઓમાં પુદ્ગલિક વસ્તુની આસક્તિપૂર્ણભાવ ઘણો જ ઓછો થઈ જાય છે. વળી તે મહાત્માઓને ખાવા, પીવા કે પહેરવા ઓઢવાની કોઈપણ વસ્તુ ઉપર પ્રાયેઃ કરી આગ્રહ રહેતો નથી. આ વસ્તુ મળે તો જ સારું વગેરે કોઈ જાતની આસક્તિ હોતી નથી. અને આ અનાસક્ત ભાવ જ મોક્ષનો યોગ કરાવનાર મુખ્ય કારણ છે. પ્રભુ મહાવીરદેવ જણાવે છે કે કર્મબંધનનું કારણ આસક્ત ભાવ છે તે જ્યારે દૂર થાય છે ત્યારે મોક્ષ પ્રાપ્ત થતાં વાર લાગતી નથી. બલાદૃષ્ટિમાં આત્મવિકાસ ઘણો થયેલો હોય છે જેથી સમ્યક્ બોધની સામીપ્યતા સ્પષ્ટ જણાય છે. સાધારણ રીતે અમુક વિચારમાત્રની ઉત્પત્તિથી પોતાની જાતને સમકિતી માનનારને તો અહીંયા ઊભા રહેવાનું સ્થાન જ નથી. એ બલાદૃષ્ટિમાં વર્તતા જીવોના લક્ષણ પરથી એ વાત સ્પષ્ટ રીતે સમજાય છે. ૫૬.

ઇતિ ત્રીજી બલાદૃષ્ટિ સમાપ્તમ્

દીપ્રા દૃષ્ટિનો અધિકાર

પ્રાણાયામવતી દીપ્રા ન યોગોત્થાનવત્યલમ્ ।
તત્ત્વશ્રવણ સંયુકતા સૂક્ષ્મબોધ વિવર્જિતા ॥૫૭॥

વિવેચન—આ યોથી દીપ્રા નામની દૃષ્ટિમાં બોધ દીવાની પ્રભા જેવો ઘણા સમય રહેનારો તથા પ્રથમની ત્રણ દૃષ્ટિ કરતાં ઘણો સરસ તેમ જ અવસરે બરોબર સ્મૃતિને આપનારો હોય છે. આ દૃષ્ટિમાં અષ્ટાંગ યોગમાં ચતુર્થ યોગાંગ પ્રાણાયામ પ્રાપ્ત થાય છે. પ્રાણાયામ ત્રણ પ્રકારના છે :(૧) પ્રાણને અંદર ભરવો તે પૂરક, (૨) પ્રાણવાયુને બહાર કાઢવો તે રેચક, (૩) પ્રાણવાયુને અંદર રોકવો તે કુંભક પ્રાણયામ કહેવાય છે. એ પ્રકારે એ ત્રણ પ્રકારના પ્રાણાયામ કરવાથી શરીરની અંદરની નાડીઓ શુદ્ધ થાય છે તથા મનની સ્થિરતા થાય છે તેથી ધ્યાનનો અભ્યાસ સારો થાય છે.

હવે ભાવપ્રાણાયામનું વર્ણન કરે છે

જડ વસ્તુના રાગભાવનો ત્યાગ કરવો તે રેચક, આત્મિક ગુણોને ગ્રહણ કરવા તે પૂરક, આત્મસ્વરૂપમાં સ્થિર થવું તે કુંભક પ્રાણાયામ. દ્રવ્ય પ્રાણાયામથી શરીરાદિની શુદ્ધિ થાય છે, ભાવપ્રાણાયામથી આત્મવિકાસ થાય છે. વળી ભાવપ્રાણાયામથી ગ્રંથિ ભેદ તુરત થાય છે, તેમ જ ચિત્તની અસ્થિરતારૂપ ઉત્થાન દોષનો અભાવ થવાથી પ્રશાંતવાહિતાનો લાભ થાય છે, અર્થાત્ ચિત્ત પરમશાન્તિનો અનુભવ કરે છે. વળી ત્રીજી દૃષ્ટિમાં શ્રવણની ઇચ્છા હતી તે હવે શ્રવણ કરે છે, તેથી બોધ વધારે સ્પષ્ટ

થાય છે અને અહીંયા પ્રથમ કહેલા યોગના બીજોના અંકુરાઓ ફળ રૂપે સહજ ઉગવા માંડે છે. દીપ્રા દૃષ્ટિમાં બોધ ઘણો સારો હોવા છતાં પણ સૂક્ષ્મબોધ અહીંયા હોતો નથી. ૫૭.

ભાવ રેચકાદિ પ્રાણાયામનો ગુણ બતાવે છે.

પ્રાણેભ્યોઽપિગુરુર્ધર્મઃ સત્યામસ્યામસંશયમ્।
પ્રાણંસ્ત્યજતિધર્માર્થં ન ધર્મં પ્રાણસંકટે ॥૫૮॥

વિવેચન—બહિરવૃત્તિના ત્યાગ રૂપ ભાવરેચક પ્રાણાયામ કરવાથી દીપ્રા દૃષ્ટિવાળા યોગી મહાત્માને ધર્મ ઉપર એટલી બધી પ્રીતિ ઉત્પન્ન થાય છે કે જેથી પોતાના પ્રાણ કરતાં પણ ધર્મને અધિક ગણે છે, તેમ જ ધર્મ માટે પ્રાણનો ત્યાગ કરે પણ ધર્મથી વિમુખ થતો નથી. ગમે તેવા સંકટો આવે અથવા પ્રાણાંત કષ્ટ આવે તો પણ ધર્મ કે ધર્મના નિયમોનો તે ત્યાગ કરતો નથી. આ દૃષ્ટિવાળાનું દૃઢ વર્તન થવામાં મુખ્ય કારણ એ છે કે તેને સંસારિક વ્યવહાર તરફ પ્રબળ ઉદાસીન ભાવ વરતે છે, એ જ છે. ૫૮.

એક એવ સુહૃદ્ધર્મો મૃતમપ્યનુયાતિ યઃ।
શરીરેણ સમં નાશં સર્વમન્યત્તુ ગચ્છતિ ॥૫૯॥

વિવેચન—દીપ્રા દૃષ્ટિવાળા જીવને અમુક અંશે વિવેક જ્ઞાન પ્રગટ થાય છે, એથી તે સમજે છે કે પ્રાણનો નાશ થાય તો પણ ધર્મ તો ભવાંતરમાં મિત્ર સમાન સાથે જ આવવાનો છે, પણ ધર્મનો ત્યાગ કરીશ તો શરીર કંઈ પણ કામમાં આવવાનું નથી અને તે ભવાંતરમાં સાથે પણ આવનાર નથી. આમ સમજીને શરીર કરતાં પણ ધર્મ પ્રત્યે અધિક સ્નેહ રાખે

છે, તેમ જ સ્વજન, પરિવાર તથા શરીર સહ સર્વ પુદ્ગલિક વસ્તુઓને અનિત્ય, અશાશ્વત, વિનાશી જાણી તેનો મોહ ત્યાગે છે, અને ધર્મને દૃઢતાપૂર્વક આરાધે છે. ૫૯.

अत्थं सदाशयोपेतस्तत्त्वश्रवण तत्परः ।
प्राणेभ्यः परमं धर्मं बलादेव प्रपद्यते ॥६०॥

વિવેચન—દીપ્રા દૃષ્ટિવાળા જીવમાં અમુક અંશે વિવેક-જ્ઞાન પ્રાપ્ત થવાથી, સત્ય સ્વરૂપ કાંઈક અંશે સમજવાથી પુદ્ગલિક વસ્તુની આસક્તિ ઓછી થવાથી ધર્મ પ્રત્યે ઘણો પ્રેમ ભાવ વધે છે, તેથી શુદ્ધ ભાવપૂર્વક તત્ત્વજ્ઞાન શ્રવણ કરવામાં તત્પર રહે છે, ઉચ્ચ તત્ત્વજ્ઞાનના બોધ વડે પ્રાણ કરતાં પણ ધર્મને ઉત્કૃષ્ટ માને છે, એ તેનો સ્વભાવ છે. દીપ્રાદૃષ્ટિ-વાળાને ધ્યાન કરે તે સમયે મન, વચન અને શરીરના યોગની ચપળતા, ચંચળતા રૂપી દોષનો અભાવ થાય છે. ૬૦.

તત્ત્વ શ્રવણથી થતો લાભ.

क्षाराम्भस्त्यागतोयद्वन्मधुरोदक योगतः ।
बीजं प्ररोहमाप्नोति तद्वत्तत्त्व श्रुतेर्नरः ॥६१॥

વિવેચન—જમે તે જાતના બીજને મીઠું પાણી મળે તો તે તુરત જ ઉગે છે, પણ જો ખારું પાણી મળે તો તે બીજ વાવ્યું હોય તો પણ ઉગતું નથી, પણ તે બીજ બળી જાય છે. તે પ્રમાણે અચિંત્ય સામર્થ્યવાળી તથા મહાપ્રભાવ-વાળી એવી તત્ત્વશ્રુતિ વડે દીપ્રાદૃષ્ટિવાળો જીવાત્મા પોતામાં મોક્ષના બીજને વાવે છે. ૬૧.

तत्त्व श्रुतिनो भावार्थ

क्षारम्भस्तुल्य इह च भवयोगोऽखिलो मतः।
मधुरोदकं योगेन समा तत्त्वश्रुतिस्तथा ॥६२॥

विवेचन—संसारी जे संयोगो मात, तात, पुत्र, स्त्री, धन, धान्य अने मित्रादि वगेरे छे ते खारा पाणी समान असार अने अतत्त्व श्रवणु स्वरूप छे, तेना वडे कोई दिवस बीजनुं वावेतर न थाय, बीजने वाव्युं होय तो पण अंकुरो कदी उत्पन्न थता नथी, पण मीठा पाणी समान तत्त्व श्रवणु छे. एनो संयोग थाय तो निश्चय सम्यक्त्व रूप बीजनुं वावेतर थाय छे, अने परिणामे तेना वडे स्वर्गना सुखरूप अंकुरो नीकळी परंपराओ मोक्षरूप फळ प्राप्त थाय छे. ६२.

तत्त्व श्रवणुनो लाभ.

अतस्तु नियमादेव कल्याणमखिलं नृणाम्।
गुरुभक्तिसुखोपेतं लोककृत्यहितावहम् ॥६३॥

विवेचन—सत् समागमना अपूर्व लाभ माटे गुरुश्री जणावे छे के, गुरु द्वारा तत्त्वज्ञान श्रवणुनो लाभ मळे छे. अने तत्त्वश्रवणुथी तेना हृदयमां स्वार्थवृत्ति ओछी थवाथी परमार्थ-वृत्ति जागृत थाय छे, तेथी तेने प्राणी मात्रनुं हित करवानी भावना जागृत थाय छे, ओ भावनाना बळ वडे ते परमार्थनुं आचरणु करे छे. परमार्थथी ज जीवनो विकास थाय छे. वळी गुरुनी भक्ति, सेवा सत्कार सन्मान करवाथी तथा तेओश्रीनी आज्ञा अनुसार आचरणु करवाथी वास्तविक रीते ते ज श्रेयना करनार छे. तेमज आलोक परलोकनुं हितकरनार ज पुण्यानुबंधी

પુણ્ય છે તે પણ ગુરુભક્તિથી જ સાધ્ય છે, પ્રાપ્તવ્ય છે. ગુરુની મદદ વગર કયારેય પણ આગળ વધી શકાતું નથી. ૬૩.

ગુરુભક્તિનું ઉત્કૃષ્ટ ફળ

ગુરુભક્તિ પ્રભાવેન તીર્થકૃદ્દર્શનં મતમ્ ।
સમાપત્ત્યાદિ ભેદેન નિર્વાણૈક નિબંધનમ્ ॥૬૪॥

વિવેચન—આત્મ સ્વરૂપમાં રમણ કરનાર ધ્યાની, જ્ઞાની મહાત્મા એક શ્વાસોચ્છ્વાસમાં પૂર્વકોડ વર્ષના કર્મોનો ક્ષય કરે છે. ધ્યાનના અનેક ભેદો શાસ્ત્રમાં બતાવેલ છે, પણ વર્તમાનકાળે એ ધ્યાનનો ઉત્તમોત્તમ માર્ગ પ્રાયઃ નષ્ટ જેવો થયો છે. ભાગ્યે જ ધ્યાન કરનારા જોવામાં આવે છે, પણ ધ્યાન વિના આગળ વધી શકાતું નથી એ ચોક્કસ છે. જ્યારે ત્યારે પણ ધ્યાન કર્યા વિના છૂટકો નથી આ ધ્યાનનો લાભ ગુરુની ભક્તિ કરવાથી મળે છે. અહીં "સમાપત્યાદિ" જે લખેલ છે તે એક પ્રકારનું ધ્યાન છે. એના બીજા ભેદો છે તે પાતંજલ વગેરે યોગદર્શનોમાંથી જાણવા આ સમાપત્તિ આત્મસ્વરૂપની પ્રાપ્તિ રૂપ ધ્યાન ભ્રકુટિ કે બ્રહ્મરંધ્રમાં લક્ષ્ય રાખી કરવાથી પ્રભુ—આત્માનું સાક્ષાત્ દર્શન થાય છે અને તે સાક્ષાત્કાર રૂપ દર્શન તે જ અલ્પ સમયમાં મોક્ષ પ્રાપ્ત કરવાનું અસાધારણ કાર્ય છે. ૬૪.

સૂક્ષ્મ બોધનું સ્વરૂપ

સમ્યગ્વેતવાદિભેદેન લોકેયસ્તત્ત્વ નિર્ણયઃ ।
વેદ્ય સંવેદ્ય પદતઃ સૂક્ષ્મબોધઃ સ ઉચ્યતે ॥૬૫॥

વિવેચન—શ્રીમાન વાદિવૈતાળ શ્રી દેવસૂરિજી મહારાજે પ્રમાણનયતત્વા લોકાલંકાર નામનો ન્યાયનો ગ્રંથ બનાવેલ

છે. આ ગ્રંથમાં હેતુઓનું સ્વરૂપ-કેટલા પ્રકારના સમ્યક્ હેતુઓ અને કેટલા પ્રકારના હેત્વાભાસો છે, તેમ જ પ્રમાણ, નય તથા સપ્તભંગીનું સ્વરૂપ, વસ્તુતત્ત્વનો નિર્ણય કેમ કરવો, વાદ કેવી રીતે કરવો વગેરે અનેક બાબતોનું તેમાં ઘણી સારી રીતે વર્ણન કરેલ છે. એની અંદર હેતુનું સમ્યક્ પ્રકારે, અવિપરીતપણે જે સ્વરૂપ બતાવેલ છે તેને યથાર્થપણે જાણી તથા તેના ભેદો, ફળ વગેરે જાણી તેના વડે વિદ્વાનોની સભામાં તત્ત્વનો નિર્ણય કરવો "वेद्यसंवेद्यपदतः" વેદ્યસંવેદ્યપદથી તત્ત્વનો નિશ્ચય કરવો. સમ્યક્દૃષ્ટિ જીવ વસ્તુતત્ત્વનો નિર્ણય ઘણી સરસ રીતે કરી શકે છે. દરેક વાક્યો સાપેક્ષ હોય છે અને તે નય, પ્રમાણ તથા સપ્તભંગી વડે જ વસ્તુતત્ત્વનો નિર્ણય વેદ્યસંવેદ્યપદવાળો જ કરી શકે છે, પણ અવેદ્યસંવેદ્ય પદવાળો મિથ્યાદૃષ્ટિ વસ્તુતત્ત્વનો નિર્ણય કયારેય પણ કરી શકતો નથી. માટે જ અડીંયા કહ્યું છે કે વેદ્યસંવેદ્ય પદથી જે વસ્તુતત્ત્વનો નિર્ણય થાય તેને જ શાસ્ત્રકાર સૂક્ષ્મ બોધ કહે છે. ૬૫.

સૂક્ષ્મ બોધનું સ્વરૂપ

भवाम्भोधि समुत्तारात् कर्मवज्रविभेदतः ।
ज्ञेय व्याप्तेश्चैकात्म्येन सूक्ष्मत्वं नायमत्र तु ॥६६॥

વિવેચન—અત્યાર સુધી ચાર દૃષ્ટિમાં જે બોધ બતાવ્યો તે સ્થૂલ બોધ છે પણ તે સૂક્ષ્મ બોધ નહોતો. સૂક્ષ્મજ્ઞાન તો તે કહેવાય કે જે જ્ઞાન વડે પોતાના રાગાદિ શત્રુઓને પિછાણી અને તેના ત્યાગનો પુરુષાર્થ કરે. પ્રથમ ચાર દૃષ્ટિમાં જે જ્ઞાન બતાવેલ છે તે સામાન્ય મનુષ્યની અપેક્ષાએ ઘણું સારું છે,

તો પણ સ્થિરા દૃષ્ટિમાં જે સૂક્ષ્મ બોધ થાય છે તેવો સૂક્ષ્મ બોધ પહેલાંની ચાર દૃષ્ટિમાં હોતો નથી. તેમાં પુદ્ગલિક વસ્તુ તરફ પ્રસંગ આવતાં પ્રવૃત્તિ થઈ જાય છે, તેમ જ સંસારસમુદ્રથી મુક્ત થવાની પ્રબળ ભાવના તથા કર્મક્ષય કરવાની ભાવના તીવ્ર થતી નથી. વળી દરેક પદાર્થમાં અનંતા ધર્મો રહેલા હોય છે તથા નય, નિક્ષેપા સતભંગી અને પ્રમાણ એ ચારથી વસ્તુતત્ત્વનો નિર્ણય થતો હોવાથી આ બોધ પ્રથમની ચાર દૃષ્ટિમાં ન હોવાથી તેને સૂક્ષ્મ બોધ કહેવાય નહિ. ઉપરોક્ત બાબત સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં છે. લોકોત્તર પ્રવૃત્તિથી સંસારસમુદ્ર પાર કરવાને સમર્થ બને છે, તથા કર્મક્ષય પણ સારી રીતે કરી શકે છે. સૂક્ષ્મત્વં એટલે બોધનું નિપુણપણું એ દીપ્રાદૃષ્ટિમાં હોતું નથી, કારણ કે પ્રથમની ચાર દૃષ્ટિમાં ગ્રંથિભેદ થતો નથી આ કારણથી સૂક્ષ્મ બોધ પ્રથમની ચાર દૃષ્ટિમાં હોતો નથી, પણ સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં હોય છે. ૬૬.

પ્રથમની ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્ય પદ છે તેનું વર્ણન

અવેદ્યસંવેદ્યપદં યસ્માદાસુ તથોલ્વણમ્ ।
પક્ષિચ્છાયાજલચર પ્રવૃત્યાભમતઃ પરમ્ ॥૬૭॥

વિવેચન—અવેદ્યસંવેદ્ય પદ એટલે મિથ્યાત્વ, વેદ્યસંવેદ્ય પદ એટલે સમ્યક્ત્વ. પ્રથમની ચાર દૃષ્ટિમાં સમ્યક્ત્વ ન હોવાથી ભ્રમ થવાનો હજુ સંભવ છે. દૃષ્ટાંત તરીકે પાણીમાં પડતી પક્ષીઓની છાયાને જેમ કોઈ અજ્ઞાની મનુષ્ય સાચા પક્ષી તરીકે માની તેને પકડવા માટે પાણીમાં પ્રવેશ કરે તો શું તે મનુષ્ય તેને મેળવી શકવા સમર્થ બને ખરો ? કદાપિ તે નહિ

મેળવે. એ જેમ અજ્ઞાન અને ભ્રાન્તિથી બને છે તે પ્રમાણે પ્રથમની ચાર દૃષ્ટિ પણ ઉત્કૃષ્ટ અવેદ્યસંવેદ્ય પદવાળી હોવાથી સૂક્ષ્મ બોધના અભાવને કારણે વસ્તુમાં રહેલ અનંતધર્મો તથા સાપેક્ષપણાને બરાબર સમજી શકતો નથી. વળી ચાર દૃષ્ટિમાં ગ્રંથિભેદ પણ થતો નથી. આ સૂક્ષ્મ બોધની શરૂઆત યોથી દીપ્રાદૃષ્ટિના અંતે ચરમયથાપ્રવૃત્તિકરણ થતા થાય છે, એમ યોગાચાર્યો જણાવે છે. ૬૭.

આમ શા માટે તેનો ઉત્તર આપે છે

અપાય શક્તિ માલિન્યં સૂક્ષ્મ બોધ વિબંધકૃત્ ।
નૈતદ્ગતાડયંત તત્ત્વે કદાચિદુપજાયતે ॥૬૮॥

વિવેચન—આ દીપ્રાદૃષ્ટિમાં હજુ વિભાવ ભાવ હોવાથી અસત્ પ્રવૃત્તિ થવાને અંગે આ જીવને નરકાદિ ગતિના દુઃખને આપનાર એવા આશ્રવોનું સેવન કરવાથી—કર્મ બીજ વાવવાથી સૂક્ષ્મ બોધ રૂપી ફળો પ્રાપ્ત થતાં નથી. તેમ જ આ મલિનતા-વાળા જીવને તત્ત્વવિષયક બોધ થતો નથી, પરંતુ દૃષ્ટિ અવશ્ય ફલદાતા બીજ રૂપ હોવાથી કયારેક બોધ પણ થાય ખરો. છતાં તે બોધ ઘણો સુંદર ન હોય. ૬૮.

અપાય દર્શનં તસ્માચ્છુતદીપાન્ન તાત્ત્વકમ્ ।
તદ્ભાડડલંબનંત્વસ્ય તથા પાપે પ્રવૃત્તિતઃ ॥૬૯॥

વિવેચન—સંસારની અંદર એવા જીવો પણ હોય છે કે જે માત્ર દેખાવ ખાતર એવો આડંબર કરે છે કે તેને જોઈ બાહ્ય દૃષ્ટિવાળા જીવો તેમાં ફસાઈ જાય છે અને માને છે કે આ મહાત્મા તો ખરેખર યોથા આરાના નમૂના રૂપ છે. ભલે એકવાર એવા ભોળા જીવોને છેતરી પોતાની વાહવાહ બોલાવે

પણ એવા બાહ્ય આડંબર કરનાર જીવો પોતામાં રહેલા દોષોને તાત્ત્વિક દૃષ્ટિ વડે શ્રુતજ્ઞાન રૂપ દીપકથી જોઈ શકતા નથી, પરંતુ ભ્રાન્તિથી પરમાર્થના જેવી ક્રિયા કરવાનો બાહ્ય દેખાવ કરે છે. આ પ્રમાણે પોતામાં રહેલા દોષોને નહિ જોઈ શકવાથી અણ-ઉપયોગથી પાપમય પ્રવૃત્તિ કરે છે. મતલબ એ છે કે સૂક્ષ્મ બોધના અભાવે દીપ્રા દૃષ્ટિવાળો જીવ પોતામાં રહેલા દોષોને જોઈ શકતો નથી. ૬૯.

અતોઽન્યદુત્તરાસ્વસ્માત્ પાપે કર્માંગસોઽપિ હિ।
તપ્ત લોહપદન્યાસતુલ્યા વૃત્તિઃ ક્વચિદ્ધિ ॥૭૦॥

સમ્યક્ ગુણ સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં હોય છે, એ ગુણને લઈ આ દૃષ્ટિવાળો જીવ હિંસાદિ પાપમય કોઈ પ્રવૃત્તિ કરતો નથી, છતાં કર્મસંયોગે થઈ જાય તો, તે લોઢાના તપાવેલા ગોળા ઉપર જેમ પગ મૂકવો તેના જેવી થાય અર્થાત્ પાપમય આચરણ કરતા ઘણો જ ભયભીત થાય, અને ત્યાં સુધી તો પાપ કરતો જ નથી અને કદાચ પાપમય આચરણ થઈ જાય તો અત્યંત પશ્ચાતાપ તેને થાય. ૭૦.

આમ હોવાનું કારણ કહે છે

વેદ્યસંવેદ્યપદતઃ સંવેગાતિશયાદ્ધિતિઃ।
ચરમૈવ ભવત્યેષા પુનર્દુર્ગત્યયોગતઃ ॥૭૧॥

વિવેચન—વેદ્યસંવેદ્યપદ, જેનું સ્વરૂપ આગળ કહેવામાં આવે છે. આ દૃષ્ટિવાળા જીવને એ પદને લઈ અત્યંત વૈરાગ્ય થાય છે, અને તીવ્ર વૈરાગ્યને લીધે એ જીવની એ છેલ્લી જ પાપમય પ્રવૃત્તિ હોય છે, કારણ કે હવે ફરી તેની દુર્ગતિ

થવાની નથી. કોઈ અહીં પ્રશ્ન કરે છે કે, આ તમારું કહેવું યોગ્ય નથી, કારણ કે શ્રેણીકાદિના દૃષ્ટાંતથી તથા જેઓ સમ્યક્ત્વથી પતિત થયા છે; એવા અનેક જીવો દુર્ગતિમાં ગયાના દૃષ્ટાંતો મોજૂદ છે, તો પછી છેલ્લી વારની દુર્ગતિ છે એમ કેમ કહેવાય ? સમાધાન–એ તમારું કહેવું બરાબર નથી, કારણ કે અમારા કહેવાનો હેતુ તમે જાણી શકયા નથી. અહીંયા જે વેદ્યસંવેદ્યપદ કહેલ છે તે ક્ષાયક સમ્યક્ત્વ આશ્રી કહેલ છે. નિશ્ચયથી વેદ્યસંવેદ્યપદ ક્ષાયક સમ્યક્ત્વને જ કહે છે. વળી ક્ષાયક સમ્યક્ત્વવાળાને દુર્ગતિમાં જવું પડતું નથી, પણ ઉપશમ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ પતન સ્વભાવવાળુ હોવાથી દુર્ગતિને પામે છે, પણ ક્ષાયક સમ્યક્ત્વવાળાનું પતન થતું નથી. તો પછી શ્રેણીક રાજા ક્ષાયિક સમ્યગ્ દૃષ્ટિવાળા હોવા છતાં નરકમાં કેમ ગયા ? ઉત્તર–સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પહેલાં આયુષ્યકર્મનો બંધ પડયો હોય તો નરકાદિ દુર્ગતિમાં જવું પડે છે. વળી નરકાદિ દુર્ગતિમાં જવા છતાં આત્મ, અનાત્મનું ભેદવિજ્ઞાન થયેલ હોવાથી માનસિક દુઃખને પોતાનું ન માનવા રૂપ દૃઢ ભાવ હોવાથી તેને દુર્ગતિ ન કહેવાય. જેમ વજ્રના તાંદુલને પકાવવાથી તે કદી પાકતા નથી, તેમાં જરા માત્ર વિકાર થતો નથી, એ ન્યાયે શ્રેણીકાદિ ક્ષાયક સમ્યગ્દૃષ્ટિ જીવોને અંતઃકરણમાં દુઃખનું વેદન ન થવાથી તેને દુર્ગતિ ન કહી શકાય. વળી કોઈ વાતને એકાંત ન સમજવી જોઈએ. ૭૧.

પરમાર્થ પદ

અવેદ્યસંવેદ્યપદ મપદં પરમાર્થતઃ ।
પદં તુ વેદ્યસંવેદ્ય પદમેવાહુ યોગીનામ્ ॥૭૨॥

વિવેચન—અવેદ્ય સંવેદ્યપદ એટલે મિથ્યાદૃષ્ટિના આશયનું

—હૃદય સ્થાન છે, અર્થાત્ મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન—અજ્ઞાન છે તે વાસ્તવિક 'અપદ' છે, યથાસ્થિત વસ્તુતત્ત્વની પ્રાપ્તિ કરાવનાર નથી. પરંતુ 'પદતું, પદં' વેદ્યસંવેદ્ય પદ તે જ પદ છે, એ પદ યોગી મહાત્માઓને હોય છે, વસ્તુતત્ત્વને જાણનાર એવા સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ જ આ પદને પ્રાપ્ત કરે છે, તેનો અનુભવ કરે છે. ૭૨.

વેદ્યસંવેદ્યતે યસ્મિન્નપાયાદિ નિબંધનમ્ ।
તથાઽપ્રવૃત્તિ શુદ્ધ્યાપિ સાયાગમવિશુદ્ધયા ॥૭૩॥

વિવેચન—વેદ્યસંવેદ્યપદના સ્વરૂપને જણાવતા શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે જાણવા લાયક એવા ઘટપટાદિ પદાર્થો તથા નરક, સ્વર્ગ, મનુષ્ય વગેરે ગતિના કારણો તથા અસત્ પ્રવૃત્તિવાળી બુદ્ધિથી થતાં ગેરલાભો તથા સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય વગેરે વસ્તુથી થતા કર્મબંધનો વગેરે જ્ઞાનાવરણાદિના ક્ષયોપશમથી જેની બુદ્ધિ નિર્મળ થયેલ છે તે સંવેદ્યતે અર્થાત્ જાણે છે તેથી તેને સંવેદ્યપદ કહે છે.[૧] ૭૩.

તત્પદં સાધ્વવસ્થાનાદ્ ભિન્નગ્રંથ્યાદિ લક્ષણમ્ ।
અન્યથર્યોગત સ્તંત્રે વેદ્યસંવેદ્ય મુચ્યતે ॥૭૪॥

વિવેચન—"પદનામ્ પદં" આશય; કે સ્થાન, સારી રીતે વસ્તુતત્ત્વના નિશ્ચયથી સમ્યક્ રીતે, શુદ્ધ આશયથી રાગ-દ્વેષ રૂપી ગાંઠને ભેદવાથી પ્રાપ્ત થયું છે સાચું સ્વરૂપ જેને એવું

નોંધ ૧ અહીંયાં મૂળ સૂત્રમાં સ્ત્રીનું ગ્રહણ કરેલ છે, તેથી એમ જણાય છે કે, કર્મબંધનનું મુખ્ય કારણ સ્ત્રી છે. બુદ્ધિમાન મનુષ્યો પણ તેના પાસમાં સપડાઈ જાય છે, એમ જણાવવા મૂળ પાઠમાં સ્ત્રીનું ગ્રહણ કરે છે.

આ પદ સાર્થક—ગુણ નિષ્પન્ન વેદ્યસંવેદ્ય પદ શાસ્ત્રમાં જણાવેલ છે. જાણવા લાયક વસ્તુનો જેના વડે યથાર્થ નિશ્ચય થાય તે જ સમ્યગ્ દર્શન વેદ્યસંવેદ્ય પદ છે. જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી વસ્તુતત્ત્વનો યથાર્થ બોધ થતો નથી, એ સૂક્ષ્મ બોધ યોથી દૃષ્ટિમાં થતો નથી. ૭૪.

એ પદથી ભિન્ન પદ બતાવે છે.

अवेद्यसंवेद्यपदं विपरीत मतो मतम् ।
भवाभिनंदि विषय समारोपम समाकुलम् ॥૬૫॥

વિવેચન—વેદ્યસંવેદ્યપદથી અવેદ્યસંવેદ્ય પદ છે તે વિપરીત છે–મિથ્યાત્વ છે. અને આ મિથ્યાત્વને–વિપરીતતાને કારણે અવેદ્ય કહેતા નહિ જાણવા લાયક એવી પુદ્ગલિક વસ્તુઓ માટે રાતદિવસ પ્રયત્ન કર્યા કરે પણ જે જાણવા લાયક આત્મ કલ્યાણકારી તત્ત્વાદિ સ્વરૂપ જે સત્ય છે, તેને જાણવા પ્રયત્ન ન કરે તથા પ્રકારના પરિણામ ન હોવાથી જ્ઞાનાવરણના ક્ષયોપશમ અનુસારે તત્ત્વવિષય નિશ્ચય બુદ્ધિ ન થવાથી મૃગજળની ભ્રાન્તિ જેમ થાય છે, તેના સમાન–એ પદથી તાત્ત્વિક બોધ થતો નથી. અને એવા ભાવભિનંદિ જીવો કે જેને સંસારમાં આનંદ આવે છે એવા મિથ્યાત્વ દોષથી વિપરીત પ્રવૃત્તિ કરવાથી નરકાદિ ગતિ તરફ પ્રયાણ કરે છે. જો કે મિત્રાદિ ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ શિથિલ છે તો પણ આદરવા લાયક અને જાણવા લાયક વસ્તુને યથાર્થ ન જાણવાથી વિપરીત પ્રવૃત્તિ કરીને ચાર ગતિ રૂપ સંસારમાં અવેદ્યસંવેદ્યપદવાળો પરિભ્રમણ કરે છે. ૭૫.

ભવાભિનંદિ જીવનું લક્ષણ

ક્ષુદ્રો લાભરતિ દીનો મત્સરી ભયવાન શઠઃ।
અજ્ઞો ભવાભિનંદિ સ્યાન્નિષ્ફલારંભસંગતઃ ॥૭૬॥

વિવેચન—જ્યાં સુધી પુદ્ગલિક વસ્તુમાં આસક્તિ હોય, સંસારને જ સુખરૂપ માની તેની જ રાતદિવસ પ્રવૃત્તિ કરતો હોય એવા જીવને સૂક્ષ્મબોધ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ ક્યાંથી થાય? અસ્થિર, અનિત્ય વસ્તુને સ્થિર અને નિત્ય માનનાર, દયા, દાનમાં કૃપણ, જડ વસ્તુ મેળવવા દરેક પાસે યાચના કરી દીન બનેલ, દીનતાને કારણે સદા ભયભીત રહેનાર અકલ્યાણ દર્શી, સ્વાર્થભાવને પોષક પરમાર્થ બુદ્ધિ રહિત, પ્રપંચ કરીને વસ્તુ મેળવનાર, વસ્તુતત્ત્વને નહિ જાણનાર અજ્ઞાની, સંસારથી સ્નેહ કરનાર, સંસારિક અનુકૂળતા મળે તે જ મોક્ષ માનનારો, ઉપરોકત ભાવવાળા જીવોને ભવાભિનંદી કહે છે. આ જીવ નાશવંત પુદ્ગલિક વસ્તુને મેળવવા ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ તેમાં તે ફળીભૂત થતો નથી. કારણ કે દરેક વસ્તુની અનુકૂળતા પુણ્યને આધીન છે, અને પુણ્યની પ્રાપ્તિ સત્કર્મો કરવાથી થાય છે, તેમાં તેને અતત્ત્વ બુદ્ધિ, અસત્ બુદ્ધિનો આગ્રહ હોવાથી તે પ્રવૃત્તિ કરતો નથી. ૭૬.

ઇત્થં સત્ પરિણામાનુ વિદ્ધો બોધો ન સુંદરઃ।
તત્સંગાદેવ નિયમાદ્વિષસંપૃક્ત કાન્નવત્ ॥૭૭॥

વિવેચન—એક તરફ વસ્તુતત્ત્વને જાણવાનો બોધ કરવો, અને બીજી બાજુ પુદ્ગલિક વસ્તુ પ્રાપ્ત કરવા અનેક પ્રપંચો કરવા, એક બાજુ વસ્તુમાં રહેલ અનિત્યત્વ, ક્ષણિકત્વ, અસારત્વ વગેરેનો ઉપદેશ આપી તેના પ્રત્યેની આસક્તિ દૂર કરવા કહેવું,

અને બીજી તરફ એ અસાર અનિત્ય વસ્તુ મેળવવા પ્રયત્ન કરવો, આવો ઉપદેશ પોથીમાંના રિંગણા જેવો કોને અસર કરે ? અર્થાત્ ન જ થાય. ભવાભિનંદીની અસત્ પ્રવૃત્તિવાળો બોધ તે વાસ્તવિક બોધ જ નથી. વિવક્ષિત પરિણામના સંબંધને લઈ નિયમે કરી અન્નમાં ઝેર ભળવાથી વાસ્તવિક રીતે તે અન્ન જ ન કહેવાય. તે પ્રમાણે આ બોધ પણ સુંદર ન જ કહેવાય. ૭૭.

એનું ફળ

એતદ્ગન્તો એવેહ વિપર્યાસપરા નરાઃ ।
હિતાહિતવિવેકાંધા ખિદ્યન્તે સાંપ્રતેક્ષિણઃ ॥૭૮॥

વિવેચન—પાણી પીવાની ઇચ્છાએ મૃગો મૃગજળ–ઝાંઝવા તરફ દોડે છે, પણ અંતે તેઓ નિરાશ બને છે, કારણ કે જ્યાં પાણી નહોતું ત્યાં ભ્રાન્તિથી પાણી મનાયું હતું. એ જ રીતે અવેદ્યસંવેદ્યપદવાળા મિથ્યાજ્ઞાનથી તથા બુદ્ધિના વિપર્યાસપણાને લીધે અહિતકારી પુદ્ગલિક પ્રવૃત્તિઓને હિતકારી માને છે, અને આત્મહિતકારી પ્રવૃત્તિને અહિતકાર માને છે. કારણ કે તેઓ વિવેકરૂપ ચક્ષુ રહિત છે, તેથી તેઓ જ્ઞાન-ચક્ષુના અભાવે અંધ કહેવાય છે. વળી વર્તમાન સુખને જ માનનારા "આ ભવ મીઠો, પરભવ કોણે દીઠો" આવું માન-નારાં હોવાથી તેઓ પાંચ ઇંન્દ્રિયોના વિષયસુખ રૂપી પાણી તરફ પ્રવૃત્તિ કરે છે, પરંતુ પરિણામે સુખ રૂપી પાણી ન મળવાથી પક્ષઘાત, ભગંદરાદિ અનેક રોગો તેને થાય છે અને સુખ માટે હાય હાય કરતા મૃગની જેમ નિરાશ થઇ પશ્ચાતાપ કરે છે. ૭૮.

જન્મમૃત્યુ જરા વ્યાધિ રોગાશોકા ધ્રુવદ્રુતમ્ ।
વીક્ષમાળા અપિ ભવં નોદ્વિજન્તેઽતિમોહતઃ ॥૭૯॥

વિવેચન—જ્ઞાની પુરુષો સંસારી જીવોને વારંવાર ચેતાવે છે કે હે મહાનુભાવો ! જરા વિચાર તો કરો, કે સંસારમાં સુખ કયાં છે ? વિષયજન્ય સુખ એક મધુબિંદુ સમાન છે, પણ તેના અંગે કેટલું દુઃખ તેનો જરા તો વિચાર કરો. જન્મ સંબંધી દુઃખ વૃદ્ધાવસ્થાના દુઃખો, મૃત્યુ સંબંધી દુઃખ, રોગો–અજીર્ણ, સંગ્રહણી વગેરે, વ્યાધિ–કોઢ, ભગંદર વગેરે, શોક–ઇષ્ટ જનોના વિયોગ ઉત્પન્ન થયેલો ચિત્તનો વિકાર, આદિ શબ્દ ભૂત, પ્રેત વગેરેનો ઉપદ્રવ. આ સર્વ દુઃખોનો અનુભવ જીવો વિષયસુખની આસક્તિથી સહન કરે છે. દુઃખ સહન કરવા છતાં જીવો મોહરૂપી પિશાચને વશ થઈ સત્ય વસ્તુને ન સમજતાં સંસાર તરફ વૈરાગ્યને પામતા નથી. ૭૯.

વળી એવા જીવો શું આચરે છે તે કહે છે.

કુકૃત્યં કૃત્યમાભાતિ કૃત્યં ચાકૃત્ય વત્સદ્ધા ।
દુઃખે સુખધિયાકૃષ્ટા કચ્છૂકણ્ડુયકાદિવત્ ॥૮૦॥

વિવેચન—જેમ ધતુરાનું પાન કરવાથી માણસ સર્વ વસ્તુને વિપરીત જુએ છે. મદિરાનું પાન કરવાથી શું કરવા યોગ્ય છે અને શું અકરવા યોગ્ય છે માનવ વિચારી શકતો નથી, તેમ મોહ મદિરાનું પાન કરવાથી જીવ કુકૃત્ય–જીવહિંસા અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરે ન કરવા યોગ્ય કાર્યને હિતકર માની આચરે છે, અને કૃત્ય–કરવા યોગ્ય અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરેને આચરતો નથી.

દુઃખ આવતા તેથી મુક્ત થવા માટે પાપ કર્મો આચરે છે. જેમ કોઈ મનુષ્યને ખસ થાય, મીઠી ચળ આવે તેને દૂર કરવા સુખ બુદ્ધિ વડે ખૂબ ખંજવાળે છે, પણ ચળ ઓછી થતી નથી, અને પરિણામે ચાંદા, ઘાવ પડી જવાથી હેરાન થાય છે. મૂળ સૂત્રમાં આદિ શબ્દ વડે કોઢ રોગવાળો લેવો. આ કોઢીઓ કોઢના ચાંદામાં પડેલા કૃમિયા, તેના દુઃખથી મુક્ત થવા અગ્નિનું સેવન કરતાં બળી જવાથી જેમ હેરાન થાય છે તેમ આ જીવ મોહવશે આકુળ–વ્યાકુળ થઈને હેરાન થાય છે. ૮૦.

यथा कण्डूयनेष्वेषां धी र्न कृच्छ्र निवर्तने ।
भोगांगेषु तथैतेषां न तद्दिच्छा परिक्षये ॥८१॥

વિવેચન—ભવાભિનંદિ જીવનું સ્વરૂપ દૃષ્ટાંતથી કહે છે– કોઈ એક ખસ–ખરજવાવાળો મનુષ્ય તેને ખરજ ઘણી આવવાથી આંગળીઓના નખ વડે ખૂબ ખણવા લાગ્યો, અંતે નખો પણ ક્ષીણ થઈ જવાથી ખરજને ખણવા માટે સાંઠીઓની શોધમાં ફરવા લાગ્યો. પણ જ્યાં રહેતો હતો ત્યાં રેતાળ પ્રદેશ હોવાથી સાંઠીઓ તેને મળી નહિ. એટલામાં તેને ત્યાં એક વૈદ્ય મળ્યો તેની પાસે ઘાસનો પુળો હતો. ખરજવાવાળા મનુષ્યે તેની પાસે એક તૃણ–સાંઠીની માંગણી કરી. તેણે એક સાંઠી તેને આપી. આ મનુષ્ય હૃદયથી ઘણો જ ખુશ થયો. પછી તેણે પેલા વૈદ્યને પૂછ્યું કે ભાઈ, આટલી બધી સાંઠીઓ કયાં મળે છે? તેણે ઉત્તર આપ્યો કે લાટ દેશમાં, પણ તારે એની શી જરૂર છે? એ મનુષ્યે કહ્યું કે ખરજ ખણવાનો વિનોદ એથી કરવો છે. પંથિક બોલ્યો કે તે માટે સાંઠીઓની શી જરૂર છે—તારી

ખરજ સાત દિવસમાં જ દૂર કરી આપું, ત્રિફલાનો પ્રયોગ કર. પેલા મનુષ્યે ઉત્તર આપ્યો કે ખરજ ચાલી જાય તો પછી ખણવાના વિનોદના અભાવે જીવનનું ફળ શું ? માટે મારે ત્રિફલાના પ્રયોગની જરૂર નથી. પણ સાંઠીઓ કયાં મળે છે તે જ કહે.

દાદરના ઉદાહરણનો સિદ્ધાંત

કંડૂ (દાદર) વાળા જીવ સમાન અજ્ઞાની જીવ સમજવો. દાદરને વિષયસુખ સમજવું. કંડૂ (દાદર) વાળા મનુષ્યની ઇચ્છા દાદર મટાડવાની ન હતી પણ તેને ખજવાળવાના સાધન પ્રાપ્ત કરવાની હતી, તેવી જ રીતે ભવાભિનંદિ જીવોની ઇચ્છા વિષય-ભોગને તૃપ્ત કરવાની હોય છે; તેનાં સાધનો પ્રાપ્ત કરવાની હોય છે. પણ તે વિષયોની ઇચ્છા, ભોગને ત્યાગવાની હોતી નથી. વૃદ્ધાવસ્થા થવા છતાં અબોધથી ભોગથી ન વિરમતા ભોગ વૃદ્ધિના ઉપાયો જેવા કે વીર્યવર્ધક રસાયણ તથા પૂર્ણચંદ્રોદયની ગોળીઓ વગેરે દવાઓ ખાઈ ને શરીરને શક્તિશાળી બનાવવાના અને ભોગોપભોગ ભોગવવાના પ્રયત્નો કરે છે.[1] કંડૂ (દાદર) કે ભોગેચ્છાને દૂર કરવા સાધનો શોધવાની વાત પહેલાની ચાર દૃષ્ટિમાં સમજાતી નથી, તેથી દાદર રૂપ જે ભોગેચ્છા તેને દૂર કરવા ખજવાળવાના સાધનો રૂપ ઇલાજોને જ શોધે છે પણ દાદર રૂપ ભોગેચ્છા ન થાય તેવો ઉપાય શોધવાનો વિચાર સમ્યક્ બોધના અભાવે તેને થતો નથી. અનેક પ્રકારના વિષયભોગોને ભોગવી, પાપાચાર કરી, અનેક પ્રકારના મલિન કર્મોને અવેદ્ય-

નોંધ ૧ મૂળ સૂત્રમાં ઇચ્છા શબ્દનું ગ્રહણ કરેલ છે, તેથી ભોગ ક્રિયા પણ અંગીકાર કરવી.

સંવેદ્ય પદવાળો જીવ એકત્ર કરે છે, અને મનુષ્યજન્મમાં જે પરમપદ પ્રાપ્ત કરવાના પુરુષાર્થને બદલે સંસાર પરિભ્રમણ વધારે છે. ૮૧.

એનું ફળ બતાવે છે

आत्मानं पाशयंत्येते सद्दाऽसच्चेष्टया भृशम्।
पाप वृद्ध्या जडाः कार्यमविचार्यैव तत्त्वतः ॥૮૨॥

વિવેચન—વસ્તુતત્ત્વના સૂક્ષ્મ બોધના અભાવે જીવાત્માઓ વિષયાદિ ક્ષણિક ભોગોમાં સુખ બુદ્ધિથી વારંવાર પ્રવૃત્તિ કરે છે, સંસારને સુખરૂપ માને છે. એથી નિરંતર હિંસાદિ આરંભ રૂપ અસત્ ચેષ્ટા વડે જીવાત્મા પોતાના આત્માને કર્મ બંધનથી બાંધે છે. તેમ જ હિતાહિતના બોધને અભાવે મૂર્ખ એવા એ જીવો વાસ્તવિક કાર્યનો વિચાર કર્યા વગર ક્ષણિક વિષય સુખમાં આસક્ત બની જ્ઞાનાવરણાદિ કર્મ રૂપ રજથી પોતાના આત્માને આચ્છાદિત કરે છે. ૮૨.

धर्म बीजं परं प्राप्य मानुष्यं कर्मभूमिषु।
न सत् कर्मकृषावस्य प्रयतन्तेऽल्पमेधसः ॥૮૩॥

વિવેચન—ધર્મબીજનું વાવેતર કરવા યોગ્ય આર્યભૂમિ લાયક ગણાય છે. અનાર્ય દેશ આર્યભૂમિ કરતાં ઘણો મોટો છે. પરંતુ ધર્મ બીજનું વાવેતર કરવા માટે તે લાયક નથી. ધર્મ એવા શબ્દો તેઓના કાને કે સ્વપ્નમાં પણ શ્રવણ થતા નથી. એક આર્ય દેશ તે જ આત્મા સાધનામાં મદદગાર છે. આર્ય-ભૂમિમાં ધર્મબીજનું વાવેતર કરવાનું ઉત્કૃષ્ટ સાધનભૂત મનુષ્ય દેહ પ્રાપ્ત કરીને સત્કર્મો રૂપ ખેડ કરી તેમાં ધર્મ બીજને વાવવાની પરમાવશ્યકતા છે. જેથી આ લોક તથા પરલોક બંને

સુખદાય બને, પણ તત્ત્વ બોધને અભાવે અજ્ઞાની જીવો વર્તમાન સુખને જોનારા, ભવિષ્યનો વિચાર ન કરનારા ધર્મબીજને વાવી શકતા નથી, એથી ઉત્તમ એવો આ મનુષ્યજન્મ તેને હારી જાય છે. ૮૩.

તે જીવો શું કરે છે ?

બડિશામિષવત્તુચ્છે કુસુખે દારુણોદયે।
સક્તાસ્તત્ય જન્તિ સચ્ચેષ્ટાં ધિગહો દારુણં તમઃ ॥૮૪॥

વિવેચન—શાસ્ત્રકાર મહારાજ કહે છે કે, જુઓ તો ખરા! જીવોની કેટલી બધી અજ્ઞાનતા છે! જેનાથી પોતાને મહાન લાભ થવાનો છે એવી સચ્ચેષ્ટા-ધર્મનાં સાધનો કે જેનાથી પોતાનો અભ્યુદય થવાનો છે તેને ત્યાગી દે છે, અને મચ્છના ગળાના માંસની જેમ તુચ્છ, વિષયભોગમાં આસક્ત બને છે. વળી જેનો ભવિષ્યમાં વિપાક ઘણો ભયંકર છે તે ન જાણતા પોતાના કર્તવ્યને ભૂલી જાય છે. આ કેટલી બધી અજ્ઞાનતા છે? છતાં તે પોતે પોતાને ડાહ્યો માને છે. ૮૪.

આ વાતનો ઉપસંહાર કરે છે

અવેદ્યસંવેદ્યપદ માનધ્યં દુર્ગતિપાતકૃત્।
સત્સંગાગમ યોગેન જ્ઞેયમેતન્મહાત્મભિઃ ॥૮૫॥

વિવેચન—સત્ સમાગમની આવશ્યકતા દરેક દર્શનકારો સ્વીકારે છે. નરકગતિમાં જવાની તૈયારીવાળા દૃઢપ્રહારી, ચિલાતીપુત્ર વગેરે પણ સત્ સમાગમ વડે પરમપદ મોક્ષને પ્રાપ્ત કરી શકયા છે. માટે અહીંયા ગુરુશ્રી જણાવે છે કે "સત્ સંગાગમ યોગેન" ગુર્વાદિના સંગે શાસ્ત્રબોધ પ્રાપ્ત

કરીને અવેદ્યસંવેદ્યપદને જાણી તથા પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણી આત્મસાધના વડે મિથ્યાત્વને દૂર કરવું જેથી ભવભ્રમણ ન કરવું પડે. આ યોગ્યતા ચોથી દીપ્રાદૃષ્ટિના અંતમાં થાય છે પણ મિત્રાદિ ત્રણ દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદને જીતવાની યોગ્યતા હોતી નથી. એટલા માટે શાસ્ત્રમાં દીપ્રાદૃષ્ટિના અંતમાં જીતવાનું વિધાન કરેલ છે, પણ મિત્રાદિ ત્રણ દૃષ્ટિમાં તો માત્ર ઉપદેશનું કથન કરવાનું છે; આમ યોગાચાર્યો કહે છે. અયોગ્યને આજ્ઞા હોય જ નહિ. ત્રણ દૃષ્ટિઓ અયોગ્ય છે, ચોથી દૃષ્ટિના અંતે યોગ્યતા પ્રાપ્ત થાય છે. ૮૫.

એને જીતવાથી મળતું ફળ

જીયમાને ચ નિયમાદેતસ્સિંમસ્તત્ત્વનો નૃણામ્ ।
નિવર્તતે સ્વતોઽત્યંતં કુતર્ક વિષમ ગ્રહ ॥૮૬॥

વિવેચન—સૈન્યનો માલિક મૃત્યુ પામે કે ભાગી જાય તો સૈન્ય સ્વયં કબજે આવે છે. એ રીતે મહામિથ્યાત્વનું કારણભૂત અજ્ઞાનનો સત્સમાગમે તથા શ્રુતજ્ઞાન દ્વારા પરાજય કરવાથી કુતર્કો રૂપી વિષમગ્રહ પોતાની મેળે આપોઆપ ચાલ્યો જાય છે. કુતર્કો અર્થાત્ શાસ્ત્ર વિરુદ્ધ તર્કો કરવા તે જીવને દુર્ગતિમાં લઈ જનાર છે. ૮૬.

કુતર્કનું સ્વરૂપ

બોધ રોગઃ શમાપાયઃ શ્રદ્ધા ભંગોઽભિમાનકૃત્ ।
કુતર્ક નેતશો વ્યકતં ભાવશત્રુરનેકધા ॥૮૭॥

વિવેચન–આ ચાલુ કલિકાળમાં ભાગ્યે જ એવું દર્શન હશે કે જે કુતર્ક રૂપી વિષમગ્રહથી નહિ પીડાતું હોય, જ્ઞાની સિવાય વસ્તુતત્ત્વનો નિર્ણય થાય તેમ તો નથી, તો પછી

ઝગડા કે વિતંડાવાદ (નકામી માથાઝીક) કરવાથી શો લાભ ? આ કુતર્ક રૂપી ગ્રહ એવો છે કે તે જીવને ચાર ગતિમાં અનેક પ્રકારે દુઃખ આપે છે. શુદ્ધ આત્મસ્વરૂપનો બોધ તેનો નાશ કરવા રોગ રૂપ છે, રાગદ્વેષના અભાવ રૂપ જે સમભાવ રૂપ પરમશાંતિ તેને બાધક છે, દેવ ગુરુ અને ધર્મ રૂપ પરમતત્ત્વ અથવા આત્મરૂપ પરમતત્ત્વ તેમાં શ્રદ્ધા તેનો નાશ કરવા આગમ અર્થમાં સંદેહ રૂપ છે. અસત્ અભિમાનને ઉત્પન્ન કરે છે. મહાન પુરુષોના અવર્ણવાદ બોલવાને કારણે અંતઃકરણની શુદ્ધિ કરવામાં ભાવ શત્રુનું કુતર્કરૂપી વિષમગ્રહ કામ કરે છે. માટે આત્મકલ્યાણના ઇચ્છુક મનુષ્યોએ કુતર્કો કરવા નહિ. ૮૭.

કરવા લાયક કર્તવ્ય

કુતર્કેऽભિનિવેશસ્તન્ન યુક્તો મુક્તિવાદિનામ્।
યુક્તઃ પુનઃ શ્રુતે શીલે સમાધૌ ચ મહાત્મનામ્ ॥૮૮॥

વિવેચન—પુણ્ય છે, પાપ છે, ધર્મ છે, અધર્મ છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે, આ વગેરે જીવાદિ તત્ત્વોને માને તે મુક્તિવાદી મુનિઓ કહેવાય. એ મુનિઓ ત્રણ જગતના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણતા હોવાથી, તેઓ શાસ્ત્ર વિરુદ્ધ સ્વછંદે પોતાની મતિ કલ્પના વડે કોઈ પણ વસ્તુતત્ત્વને વિશે આગ્રહ કે હઠ કરતા નથી, છદ્મસ્થપણાથી કોઈ વસ્તુતત્ત્વમાં આગ્રહ થઈ જાય તોપણ તુરત જ તેનાથી પાછા વળી ક્ષમા, યાચના કરે છે. ગૌતમસ્વામી જેવા ચાર જ્ઞાનના ધણી હોવા છતાં પોતાની ભૂલ જણાતાં આનંદ શ્રાવકની માફી માંગી હતી, તો પછી તેઓની આગળ આપણે શા હિસાબમાં છીએ, એમ

સમજી કુતર્કનો આગ્રહ ન કરવો, પણ જ્ઞાનાભ્યાસનો, શીલ પાળવાનો તથા ચિત્તની એકાગ્રતાથી થતી સમાધિ સાધવાનો, સત્કર્મો કરવાનો, પરોપકાર કરવાનો, વ્રતો, નિયમો લેવાનો વગેરેમાં હું બીજા કરતા આગળ વધુ વગેરેનો આગ્રહ કરવો સારો, પણ આત્મકલ્યાણમાં બાધક થાય તેવો આગ્રહ સુજ્ઞ-જનોએ કયારેય પણ કરવો નહિ. ૮૮.

ઇતિ ચોથી દૃષ્ટિ સમાપ્તમ્

પાંચમી સ્થિરા દૃષ્ટિ

સ્થિરાયાં દર્શનં નિત્યં પ્રત્યાહારવદેવ ચ ।
કૃત્યમ ભ્રાન્તમનઘં સૂક્ષ્મ બોધસમન્વિતમ્ ॥૮૯॥

વિવેચન—પાંચમી દૃષ્ટિ સ્થિરામાં રત્નની પ્રભા સમાન બોધ છે. આ બોધ એટલો સુંદર અને સ્થિર છે કે ગમે તેવા ખરાબમાં ખરાબ સંયોગો રૂપી કલિકાળના ઝંઝાવાતના ઝપાટામાં આવે તો પણ જેમ રત્નપ્રભાને પવન કંઈ જ કરી શકતો નથી—બુઝાવી શકતો નથી. તેવી રીતે આ બોધને જરા પણ ઈજા આવતી નથી. તેને કોઈ વિચલિત કરવા આવે છતાં પણ તે કયારેય વિચલિત થતો નથી. એ બોધ ક્ષાયક દર્શન રૂપ છે. નિત્ય છે, આવ્યા પછી કયારેય પણ જતો નથી. માટે અપ્રતિ-પાતિ છે. તેમ તે અતિચાર આદિ દોષ રહિત છે. ક્ષયોપ-શમ કે ઉપશમ ભાવના જે સમ્યગ્દર્શનો છે તે અતિચાર દોષ સહિત છે. ક્ષયોપશમ અને ઉપશમ ભાવના સમ્યક્ત્વમાં પતિત થવાનાં કારણો હૈયાત હોવાથી તે અનિત્ય છે, અને દોષ સહિત છે. રત્નનીપ્રભામાં પણ રજનો ઉપદ્રવ થાય છે. તેમ આ

બન્ને સમ્યક્ત્વમાં જાણવું. એ વીજળી લાઈટ નથી પણ ગ્યાસની બત્તી છે. પરંતુ ક્ષાયક સમ્યક્ત્વ છે તે વીજળી લાઈટ છે, તે કદી બુઝાતી નથી. પણ ગ્યાસની બત્તી બુઝાઈ જવાનો સંભવ છે. એટલી મલિનતા છે. પરંતુ બોધ સમ્યક્ પ્રકારનો અને સૂક્ષ્મ હોવાથી પૂર્વે જે વિષયોમાં આસક્તિ હતી અને પુદ્ગલિક વસ્તુઓમાં જે લોલુપતા હતી તે હવે અહીં ઘટી જાય છે, અને તેની આત્મિક જાગૃતિ પ્રબળ બની જાય છે. અહીં પ્રત્યાહાર નામનું યોગનું અંગ પ્રાપ્ત થાય છે. પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો છે તેમાં જતી ઇન્દ્રિયોનો નિરોધ કરીને, તેમાં તેને જવા ન દેતા, સ્વરૂપ ચિંતનમાં જોડવી તેનું નામ પ્રત્યાહાર છે.

આટલી હદે જ્યારે આત્મા ઊંચો આવે છે, ત્યારે તે ઇંદ્રિયો ઉપર કાબૂ મેળવે છે, અને પુદ્ગલિક વસ્તુઓની આસક્તિથી પાછો હઠે છે. એવું આ આત્મદર્શન છે. તેમ જ ધાર્મિક અનુષ્ઠાનો કરવામાં હવે તેને ઘણો જ આનંદ આવે છે. વળી આ ધાર્મિક ક્રિયાઓ સમજણપૂર્વક થતી હોવાથી તે અમૃતક્રિયા રૂપ બને છે. આ સ્થિરા દૃષ્ટિમાં પાંચમો ભ્રમ નામનો દોષ નષ્ટ થાય છે. આને લઈને શંકા શલ્ય રહિત બને છે. તેથી તેને સૂક્ષ્મ અને સમ્યક્ બોધ થાય છે. આ સૂક્ષ્મ બોધને લીધે અનાદિકાલીન રાગદ્વેષ રૂપી પ્રગાઢ કર્મ-ગ્રંથિનું જીવ અપૂર્વ પરિણામની ધારા રૂપ ખડ્ગ વડે તોડી નાંખે છે અને અનિવૃતિકરણ વડે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ રૂપ ચાર કષાય અને મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય એ સાત પ્રકૃતિઓનો ક્ષય કરી વેદ્યસંવેદ્ય-પદ-ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. ક્ષાયિક

સમ્યક્ત્વ સૂક્ષ્મબોધથી યુક્ત હોવાથી એમાં કોઈ પણ જાતનો દોષ કે અતિચાર રહિત હોય છે. જો ક્ષપક શ્રેણી પર આરૂઢ થાય તો તદ્‌ભવે જ પરમપદ–મોક્ષને પ્રાપ્ત કરે છે. પરંતુ ઉપશમ શ્રેણી કરે તો અનુત્તર વિમાનમાં જાય છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પહેલાં આયુષ્યનો બંધ પડી ગયો હોય તો એક ભવ નરકનો કે દેવનો કરવો પડે છે. તેથી તેને ત્રણ ભવ કરવા પડે છે. રત્ન ઉત્તમ હોય પણ રજના કારણે જેમ સહજ ઝાંખાશ જણાય તેના જેવું આ સમ્યક્ત્વ હોવાથી ત્રણ ભવ કરવા પડે છે, પણ શુદ્ધ સ્ફટિક જેવું નિર્મળ–હોય તો તદ્‌ભવે જ મોક્ષ પ્રાપ્ત થાય છે. ૮૯.

આ દૃષ્ટિવાળાને હવે સંસાર કેવો ભાસે છે.

બાલધૂલીગૃહક્રીડાતુલ્યપાસ્યાં ભાતિ ધીયતામ્।
તમો ગ્રંથિવિભેદન ભવચેષ્ટા ખીલૈવ હિ ॥૯૦॥

વિવેચન—જ્યાં સુધી જીવને સત્ય વસ્તુનો બોધ થતો નથી, ત્યાં સુધી બનાવટી હીરા, માણેક, મોતીને સાચા માને છે અને તેના ઉપર રાગ કરે છે, પણ જ્યારે સમજાય છે કે આ તો ખોટા છે, એટલે તેના પ્રત્યેનો રાગ દૂર થાય છે. તે પ્રમાણે આ જીવ સંસારની જડ વસ્તુઓને સત્ય માની તેને પ્રાપ્ત કરવા રાતદિવસ તનતોડ પ્રયત્ન કરતો હતો, પણ જ્યારે સદ્‌ગુરુનો સમાગમ થયો ત્યારે આ વસ્તુ સત્ય નથી પણ પ્રાપ્ત કરવા લાયક સત્ય વસ્તુ જુદી જ છે. આ પ્રમાણે સદ્‌ગુરુના બોધ વડે અજ્ઞાન રૂપી કર્મ ગ્રંથિ તૂટી જતાં સત્ય વસ્તુનું જ્ઞાન થતાં તે બુદ્ધિમાનને તમામ સાંસારિક પદાર્થો અને તેને પ્રાપ્ત કર-

વાની ચેષ્ટાઓ સ્વાભાવિક નાના બાળકના ધૂળના ગૃહ બનાવીને પછી જેમ તેને તોડી નાખે છે તેવી બાલ્યક્રીડા સમાન લાગે છે. એટલું જ નહિ પણ ચક્રવર્તીની રાજ્ય રિદ્ધસિદ્ધિઓ અને તેના ભોગો પણ અસ્થિર અને વિનાશી લાગે છે. **આ સત્ય વસ્તુના બોધનો જ પ્રતાપ છે.** ૯૦.

માયામરીચિ ગન્ધર્વનગર સ્વપ્નસંનિભાન્ ।
બાહ્યાન્ પશ્યતિ તત્ત્વેન ભાવાન્ શ્રુતવિવેકતઃ ॥૯૧॥

વિવેચન—સૂક્ષ્મ બોધ થયા પહેલાં આ જીવ સંસારિક તમામ પદાર્થોને જુદી દૃષ્ટિથી જોતો હતો પણ જ્યારે સૂક્ષ્મ બોધ સહ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે તે સર્વ બાહ્ય વસ્તુઓને મૃગતૃષ્ણા–ઉનાળામાં દૂરથી દેખાતો પાણી જેવો આભાસ, ગંધર્વનગર–સંધ્યા સમયે આકાશમાં થતા અનેક પ્રકારના દૃશ્યો, સ્વપ્નમાં જોયેલ રાજ્યાદિની પ્રાપ્તિ, એ જેમ ક્ષણિક અને સાચા નથી. તેની જેમ સંસારિક પદાર્થો પણ તેને તેવા લાગે છે. તેથી તેનો રાગ, મમત્વ ત્યાગીને સ્વ સ્વરૂપમાં રમણ કરે છે, અને પરમ શાન્તિને અનુભવે છે. ૯૧.

અંગીકૃત કરવા યોગ્ય કર્તવ્ય શું છે ?

અબાહ્યં કેવલં જ્યોતિ નિરાબાધમનામયમ ।
યદ્ગત્વ તત્પરં તત્ત્વં શેષઃ પુનરુપપ્લવઃ ॥૯૨॥

વિવેચન—આગળની ગાથામાં સર્વ જડ પદાર્થોની અસારતા જણાવી અને તે ત્યાગવા યોગ્ય બતાવવામાં આવેલ છે તો પ્રશ્ન થઈ શકે છે કે ત્યારે આદરવા યોગ્ય શું છે ? તેના ઉત્તરમાં જણાવે છે કે આંતરિક કેવળ જ્યોતિ સ્વરૂપ,

બાધા પીડા રહિત, નીરોગી, આત્મતત્ત્વ એ જ પરમતત્ત્વ છે, અને તે જ એક સારભૂત છે, તે જ આદરવા યોગ્ય છે. બાકીના સર્વ દૃશ્ય પદાર્થો અસાર, નાશવાન અને માયામય હોઈ ઉપાધિ રૂપ દુઃખદાતા છે. તેનો રાગ, મમત્વ ત્યાગી પરમવસ્તુ જે ત્રિકાળ સત્ય સ્વરૂપ છે, તે આત્મ વસ્તુ જ અંગીકાર કરવા લાયક અને પ્રેમ કરવા યોગ્ય છે. ૯૨.

એવં વિવેકીનો ધીરાઃ પ્રત્યાહારપરાસ્તથા ।
ધર્મબાધાપરિત્યાગ-યત્નવન્ત શ્ચ તત્ત્વતઃ ॥૯૩॥

વિવેચન—તે આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાનો કોણ લાયક છે? જેઓને જડ, ચૈતન્યનું ભેદ વિજ્ઞાન હોય, તેવા વિવેકી ચંચળતા રહિત, ધીર, અંગીકૃત ધ્યેયથી વિચલિત ન થવાવાળા, પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયોમાંથી જેનું મન પાછું હઠી ગયું હોય, ધર્મ વિરુદ્ધ આચરણ ન કરનારા સૂક્ષ્મ બોધવાન, આદિ ગુણોને ધારણ કરનાર યોગ્ય પુરુષો જ આત્મતત્ત્વની વિચારણા, ભાવના, ધ્યાન દ્વારા તેને પ્રાપ્ત કરી શકે છે. ૯૩.

ન હ્યલક્ષ્મી સખી લક્ષ્મીર્યથાનંદાય ધીમતામ્ ।
તથા પાપસખા લોકે દેહિનાં ભોગ વિસ્તરઃ ॥૯૪॥

વિવેચન—જગતમાં લક્ષ્મીની ચંચળતા પ્રસિદ્ધ છે. લક્ષ્મી કોઈની પાસે સદાકાળ સ્થિર રહી હોય તેમ ભાગ્યે જ બને છે. એથી લક્ષ્મીને દરિદ્રતાની બહેનપણી માની છે. લક્ષ્મી મળે ત્યારે આનંદ થાય છે. પણ જ્યારે તે નષ્ટ થાય છે ત્યારે તેથી અધિક દુઃખ થાય છે. એથી શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે દરિદ્રતાની સખી લક્ષ્મી છે. તે બુદ્ધિમાનોને આનંદ-

પ્રદ થતી નથી, કારણ કે લક્ષ્મીના ચંચળ સ્વભાવને તેઓ જાણી ચૂકયા હોય છે. તેમ જ વિવેકીજનો એ પણ સારી જાણે છે કે જેટલો ઉપભોગ પરિભોગ રૂપી પરિગ્રહ છે તે બધો પાપના કારણભૂત છે. એવું જાણી તેઓ તેના રાગને, મમત્વને ત્યાગે છે. અને આત્મવસ્તુમાં પ્રેમ જોડે છે. ૯૪.

ધર્મજન્ય ભોગો તો સુંદર હશે ને?

ધર્માદપિ ભવન્ ભોગઃ પ્રાયોઽનર્થાય દેહિનામ્ ।
ચંદનાદપિ સંભૂતો દહત્યેવ હુતાશનઃ ॥૯૫॥

વિવેચન—પ્રથમ પાપજન્ય ભોગો બુદ્ધિમાનોને આનંદદાયક લાગતા નથી એમ જણાવ્યું હતું. કોઈ પ્રશ્ન કરે છે કે ત્યારે ધાર્મિક ક્રિયાઓ કરવાથી જે ભોગ–પરિભોગના સાધન મળે તે તો સારા હશે ને? તેનું સમાધાન ધાર્મિક અનુષ્ઠાનો જે વિવેક રહિત કરવામાં આવે છે તે વડે જે પુણ્ય બંધ થાય તેના ફળ રૂપે સ્વર્ગ મળે કે મનુષ્ય ગતિમાં રાજ્યાદિ રિદ્ધિ કે ચક્રવર્તીની પદવી, વાસુદેવની પદવી વગેરે મળે છે તેમાં જો જીવ આસક્ત થાય તો ઘણે ભાગે તે ભોગો અનર્થના કરનાર બને છે. મૂળમાં પ્રાય શબ્દ છે તેથી ધર્મજન્ય ભોગો દરેકને અનર્થ કરનાર છે તેમ ન સમજવું. કારણ કે જે વિવેકીજનો છે તે વડે જે ધર્મ અનુષ્ઠાનો થાય છે તે સમજપૂર્વકના હોવાથી પુણ્યાનુબંધીપુણ્ય હોવાથી ઉત્તરોત્તર વિકાસ સાધક બને છે. અને પરિણામે અત્યંત નિર્દોષ તીર્થંકરાદિની રિદ્ધિસિદ્ધિ રૂપ ભોગ ફળદાતા બને છે. જે ધર્મનાં અનુષ્ઠાનો કરવાનાં છે તે ચિત્ત શુદ્ધિ અર્થે અને વિવેકની પ્રાપ્તિ માટે જ કરવાનાં છે એમ શાસ્ત્રકારો કહે છે.

તેથી સમ્યક્ત્વી જીવ વીસ સ્થાનક તપ કરે તો તીર્થંકર નામ ગોત્ર બાંધે છે. આ અપૂર્વ પુણ્યબંધથી ત્રીજા ભવમાં સાક્ષાત્ તીર્થંકર બની દેવોએ બનાવેલા સમવશરણમાં બિરાજમાન થઈને ભવ્ય જીવોના હિતાર્થે ધર્મોપદેશ આપે છે. જઘન્યથી એક ક્રોડ દેવો પ્રભુની સેવા કરે છે. છત્ર, ચામર, ઈન્દ્રધ્વજ વગેરે અનેક પુણ્યાનુબંધીપુણ્ય વડે પ્રાપ્ત થયેલા અનેક ભોગનાં સાધનો ઉપલબ્ધ હોવા છતાં સમ્યક્ત્વ તથા વિવેક જન્ય હોવાથી બંધનકારક થતાં નથી, પરંતુ અવિવેકી જીવો દ્વારા થયેલાં તે જ સાધનો વડે મળેલ ભોગોમાં આસક્તિ થવાથી તે જીવને અહિત કર્તા બને છે. આમાં ભોગસામગ્રીનો કોઈ દોષ નથી, પણ માનવીના વિવેક અને અવિવેક પર બધો આધાર છે. આ વાત દૃષ્ટાંત આપીને સમજાવે છે કે—અન્ય કાષ્ટ કરતાં ચંદનનું કાષ્ટ મૂલ્યવાન છે, શીતલ છે, તો પણ તેના વડે ઉત્પન્ન થયેલો અગ્નિ ચોક્કસ મનુષ્યોને બાળે છે, કારણ કે તેનો સ્વભાવ બાળવાનો છે. આ વાત પણ પ્રાયિક જાણવી. મંત્રોની શક્તિથી અગ્નિની દાહક શક્તિનો નાશ કરવાથી કયારેક તે નથી પણ બાળતો. આ વાત સમગ્ર લોકપ્રસિદ્ધ છે. સારાંશ એ છે કે વિવેકપૂર્વક કરેલા ધર્મજન્ય ભોગોના સાધનો બાધક થતા નથી પણ અવિવેકપૂર્વક કરેલા ધર્મ-જન્ય ભોગોનાં સાધનોમાં આસક્તિ થવાથી તે અનર્થકારી બને છે. માટે સંસારિક પદાર્થોની આસક્તિનો તો સર્વથા ત્યાગ જ કરવો જોઈએ. ૯૫.

ભોગાત્તદિચ્છા વિરતિઃ સ્કંધભારાપનુત્તયે ।
સ્કંધાન્તર સમારોપસ્તત્સંસ્કાર વિધાનતઃ ॥૯૬॥

વિવેચન—આ પાંચમી સ્થિરા દૃષ્ટિમાં સૂક્ષ્મ બોધ

થવાથી પુદ્ગલિક ભોગોની આસક્તિ પણ ઘણી ખરી ઓછી થઈ જાય છે. તે જાણે છે કે આ બધા કામભોગોની આસક્તિ કરવાથી આત્મિક સુખ કયારે પણ મળી શકે તેમ નથી. વળી સંસારીક કામભોગો ભોગવવાથી ઇચ્છાની તૃપ્તિ કદાપિ થતી નથી. ભોગો ભોગવ્યા પછી જે તૃપ્તિ અનુભવાય છે તે તો માત્ર કોઈ એક મનુષ્યે પોતાના ખભા પર લીધેલો ભાર હલકો કરવા જેમ બીજા ખભા ઉપર મૂકે અને એથી ક્ષણિક શાન્તિ અનુભવે, પણ ફરી તે જ ખભા ઉપર ભાર મૂકવામાં આવે છે. તેવી રીતે વિવેકજ્ઞાનના અભાવે સંસારિક માયાવી પદાર્થોમાં સુખ માનવાથી ભોગની ઇચ્છા પ્રગટે છે. કારણ કે "તત્સંસ્કાર વિધાનતઃ" તથા પ્રકારના કર્મ બંધનને અનિષ્ટ એવા ભોગના સંસ્કાર અનાદિકાળના પડવાથી તેની ઇચ્છા નિવૃત્ત પામતી જ નથી. ભોગની ઇચ્છા નિવૃત્ત કરવા માટે ભોગ ભોગવવા તે સાધન નથી, પણ તેની નિવૃત્તિનું ખરું સાધન "સત્ ગુરુનો સમાગમ" તથા 'શાસ્ત્રબોધ' એ જ છે. આ પ્રમાણે પાંચમી સ્થિરા દૃષ્ટિ પૂર્ણ થાય છે. આ દૃષ્ટિમાં ચપળતા દોષ દૂર થાય છે, અને સ્થિરતા ગુણ પ્રગટે છે. રોગ રહિત શરીર બને છે, હૃદય કરુણાશીલ બને છે, શરીરમાં સારી સુગંધ આવે છે, શરીરના મળો–લઘુનિત, વડીનિત વગેરે અલ્પ થાય છે, ભવ્ય પ્રસન્નમૂર્તિ સર્વને આકર્ષક કરનાર હોય છે, તેનો સ્વર સુંદર બને છે, જેની યોગમાં પ્રવૃત્તિ શરૂ થયેલ હોય તેનામાં ઉપરોક્ત ગુણો હોય. એ લક્ષણથી તેની પિછાણ થાય છે. તે મૈત્રાદિ ભાવોથી સહિત હોય છે. તે પાંચે ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત હોય છે. ધૈર્યવંત હોય છે. સુખદુઃખાદિ દ્વંદ્વોથી તે

પર થાય છે અર્થાત્ તે સમભાવી હોય છે. તે પોતાના દોષોને દૂર કરનાર હોય છે. ઇષ્ટ વસ્તુ તેને પ્રાપ્ત થાય છે. સર્વ જનોને તે વલ્લભ થાય છે. ધર્મની પ્રભાવના કરે છે. સાંસારિક માયાવી પદાર્થોમા તે મમત્વ કરતો નથી. શાસ્ત્રાનુસાર વર્તનારો હોય છે. તેનામાં ઉચ્ચ પ્રકારનો સમભાવ હોય છે. તે જ્યાં જાય છે ત્યાં એકબીજાના વેર-વિરોધ નાશ પામે છે, ઝઘડાઓ ત્યાં રહેતા નથી, નવા ઉત્પન્ન થતા નથી. તે વિશાળ બુદ્ધિવંત હોય છે. તેનામાં 'અહં મમ' મંદ થઈ જાય છે.

'વસુધૈવ કુટુંબ' ની ભાવના તેનામાં ઓતપ્રોત થયેલ હોય છે. યોગમાં નિપુણ બનેલાના ઉપરોક્ત લક્ષણો જાણવા. આ બધા ગુણો સ્થિરા દૃષ્ટિમાં પ્રગટ થાય છે. ૯૬.

ઇતિ શ્રી સ્થિરા દૃષ્ટિ સમાપ્તમ્

છઠ્ઠી કાન્તા દૃષ્ટિ

કાન્તાયામેતદન્યેષાં પ્રીતયે ધારણા પરા ।
અતોઽત્રનાન્યમુન્નિત્યં મીમાંસાસ્તિ હિતોદયા ॥૯૭॥

વિવેચન—છઠ્ઠી કાંતા દૃષ્ટિમાં જ્યારે જીવ પ્રવેશ કરે છે ત્યારે તેનામાં પાંચમી દૃષ્ટિમાં બતાવેલા બધા જ ગુણો હોય છે, તે તેથી યોગમાં નિપુણ બનેલ હોય છે. યોગમાં નિપુણ થવાથી યોગની સિદ્ધિઓ તેને પ્રાપ્ત થાય છે, પણ તે તેને અસાર સમજીને તેમાં આસક્ત ન બનતાં તે પોતાનો વિકાસ કરતો આગળ વધે છે. કાન્તાદૃષ્ટિમાં બોધ તારાની પ્રભા સમાન સ્થિર હોય છે. રત્નનો પ્રકાશ રત્ન હોય તેટલામાં જ પડે છે, વળી તેમાં રજ પડવાથી મલિન પણ થાય છે પણ તારાનો પ્રકાશ ઘણો લાંબો તથા રજની મલિનતા વગરનો

હોય છે. જો કે ચંદ્ર કે સૂર્યના પ્રકાશ જેટલો તેજસ્વી તો નથી તો પણ પહેલાની પાંચ દૃષ્ટિની અપેક્ષાએ ઘણો સારો સ્થિર પ્રકાશ છે. આ બોધ સ્થિર હોવાથી ગમે તેવા વિકટ પ્રસંગો આવે તો પણ પોતાના વ્રત નિયમોમાં જરા પણ અતિચાર દોષ લાગવા દેતો નથી. વળી તે બોધ પ્રીતિની વૃદ્ધિ કરનાર છે અને દ્વેષનો નાશ કરનાર છે. કાન્તા દૃષ્ટિમાં અષ્ટાંગ યોગમાંથી છઠ્ઠું યોગાંગ ધારણા પરા પ્રધાન પ્રાપ્ત થાય છે. મનની એકાગ્રતા દેશ થકી કોઈ વસ્તુમાં થવી તે ધારણા છે "ધારણા તુ ક્વચિત્ ધ્યેય ચિત્તસ્ય સ્થિર બંધનં" કોઈ પણ ધ્યેય વસ્તુમાં ચિત્તને સ્થિર બાંધવું. અર્થાત્ ચિત્તને ધ્યેય વસ્તુમાં અમુક અંશે સ્થિર કરવું તે ધારણા છે. ધારણાના અભ્યાસથી ચિત્તની ચંચળતા ઘણે અંશે ઓછી થઈ જાય છે. એના લીધે અન્યમુદ્ નામનો છઠ્ઠો દોષ છે તે પણ દૂર થઈ જાય છે. ચાલુ ધ્યાનના વિષયને છોડી બીજી બાબતમાં રાગ કે પ્રવૃત્તિ થતી નથી. આત્માસ્વરૂપની ધારણા કરવાથી બીજી બાબતોમાં હવે વિશેષ રસ કે રાગ થતો નથી. પ્રથમ બતાવેલા આઠ ગુણોમાંથી આ કાન્તા દૃષ્ટિમાં છઠ્ઠો ગુણ મીમાંસા–વિચારણા નામનો ગુણ પ્રાપ્ત થાય છે. એ વિચારણા આત્મસ્વરૂપની નિરંતર બની રહે છે. તેમ જ સદ્વિચાર શ્રેણી બહુ સારી પ્રાપ્ત થાય છે, તેથી નકામા અને વ્યર્થના વિચારો ઉપર અંકુશ આવી જાય છે. તત્ત્વશ્રવણને અંગે થયેલ સૂક્ષ્મ બોધ સાથે જ્યારે શુભ વિચારશ્રેણી ચાલવા લાગે છે ત્યારે જીવાત્મા પ્રગતિમાં ઘણો આગળ વધે છે. અને આ વિચારણા સમ્યક્ જ્ઞાનનું ફલ હોવાથી પરિણામે પરમપદને આપનાર બને છે. ૯૭.

અસ્યાં તુ ધર્મમાહાત્મ્યાત્સમાચાર વિશુદ્ધિતઃ।
પ્રિયો ભવતિ ભૂતાનાં ધર્મે કાગ્રમનાસ્તથા ॥૯૮॥

વિવેચન—આ દૃષ્ટિમાં રહેલા જીવે એટલો બધો વિકાસ કરી લીધો હોય છે કે તે જ્યાં જાય છે ત્યાં તમામ પ્રાણીઓના વેર-વિરોધ શાંત થાય છે. તેમ જ ધર્મના અનુષ્ઠાનોમાં એટલો બધો પ્રવીણ હોય છે કે તે ધર્મના પ્રભાવે તથા આચાર વિશુદ્ધિને લીધે જગતના સર્વ પ્રાણીઓને પ્રિય લાગે છે. તેમ જ જે જે ધાર્મિક ક્રિયાઓ કરે છે તે બધી સ્થિર તથા એકાગ્ર મન વડે કરે છે. દરેક કાર્ય વિવેકથી કરે છે, તેથી તે અમૃત-ક્રિયા રૂપ કહેવાય છે, અને તેને તેમાં ઘણો આનંદ આવે છે. ૯૮.

શ્રુતધર્મે મનોનિત્યં કાયસ્તત્સ્યાન્યચેષ્ટિતે।
અતસ્તત્ત્વાક્ષેપક જ્ઞાનાન્ન ભોગા ભવહેતવઃ ॥૯૯॥

વિવેચન—કાન્તાદૃષ્ટિવાળા જીવે એટલો બધો વિકાસ કરેલો હોય છે કે તેને સાંસારિક વસ્તુ પર ઘણી જ આસક્તિ દૂર થઈ હોય છે, સંસારમાં રહેવા છતાં તે નિર્લેપ રહે છે. શ્રુતધર્મ—આગમ રહસ્યોની વિચારણા તે મન વડે નિરંતર કર્યા કરે છે, અને કાયાને બીજા કામોમાં યોજે છે. જ્ઞાન વડે જડ ચૈતન્ય અને ભોગાદિ વસ્તુ સ્વરૂપ સમ્યક્ પ્રકારે વિવેચક (પૃથક) બુદ્ધિ વડે જાણે છે. સંસારની આસક્તિ ઘટી જવાથી તેને સંસારવૃદ્ધિ કરનાર કર્મનો બંધ પડતો નથી. આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે—કોઈ એક સ્ત્રી પોતાના ઘરના સર્વ કામકાજ કરે છે, પણ જ્યારે કામથી મુક્ત થાય છે ત્યારે તેનું

મન પોતાના પ્રાણપતિને મળવામાં રહ્યા કરે છે. એ જ પ્રકારે કાન્તા દૃષ્ટિમાં રહેલ જીવાત્મા સાંસારિક કાર્યો કરે તો પણ તેનું મન તો શ્રુતનું વાંચન, શ્રવણ અને મનન કરવા તરફ સદા લાગેલું રહે છે. આવી પરમ સ્થિતિ પ્રાપ્ત થવાનું કારણ જ્ઞાન ઉપરનો અનુરાગ તથા વિચારણા છે. ૯૯.

આ વાતને દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે

માયાંભસ્તત્ત્વતઃ પશ્યન્નનુદ્વિગ્નસ્તતો દ્રુતમ્।
તન્મધ્યેન પ્રયાત્યેવ યથા વ્યાઘાતવર્જિતઃ ॥૧૦૦॥

વિવેચન—કાન્તા દૃષ્ટિવાળો જીવાત્મા વસ્તુ તત્ત્વને સમ્યક્ પ્રકારે જાણતો હોવાથી પાંચ ઈન્દ્રિયોના વિષયો—કામભોગોને "માયાંભ" માયામય જળની જેમ જોતો અને તે પાણીના કાલ્પનિક આવતા મોટા ધોધને જોઈ તેથી જરા પણ ન ગભરાતા તેની મધ્યમાં થઈ શીઘ્ર તેનાથી પાર થાય છે. યથા શબ્દ ઉદાહરણ ઉપન્યાસ માટે છે. "માયાંભ" ઈન્દ્ર જાળનાપાણીનું વાસ્તવિક જ્ઞાન થવાથી તે પાણીમાં ડૂબવા રૂપ વ્યાઘાત થવાનો સંભવ હવે થતો નથી.

ભોગોના સ્વરૂપને "માયોદક" ઈન્દ્રજાળ અગર ઝાંઝવાના પાણી સમાન અસાર જાણતો, પૂર્વ કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા ભોગોને આસક્તિરહિતપણે ભોગવતાં છતાં પરમપદને પામે છે. ૧૦૦.

ભોગતત્ત્વસ્ય તુ પુનર્ભવોદધિ લંઘનમ્।
માયોદકદૃઢાવેશસ્તેન યાતીહ કઃ યથા ॥૧૦૧॥

વિવેચન—આ કાન્તા દૃષ્ટિવાળો જીવાત્મા ઈન્દ્રજાલને કદી સાચી માનતો નથી. તેના હૃદયમાં વાસ્તવિક તત્ત્વજ્ઞાનરૂપી વીજળી લાઈટ પ્રગટેલી હોવાથી સાંસારિક ભોગોને તે ઝાંઝવાના પાણી સમાન માને છે. પણ ભવાભિનંદી જીવ વિષયભોગોના સુખને જ પરમતત્ત્વ રૂપ માની તેમાં આસક્ત થાય છે, તેવો જીવાત્મા આ સંસાર સમુદ્રને કયારેય પણ પાર કરી શકતો નથી.

જેમ કોઈ બુદ્ધિના ભ્રમથી ઝાંઝવાના પાણીને સત્ય માની તેમાંથી બહાર નીકળતો નથી, અને તેમાં જ અંતે ઠેકાણે પડે છે. એ જ રીતે ભોગોને સાર માનનારો તેમાં જ આસક્ત થવાથી કદાપિ આત્મ કલ્યાણ કરી શકતો નથી. ૧૦૧.

स तत्रैव भयोद्विग्नो यथा तिष्ठत्यसंशयम्।
मोक्ष मार्गेऽपि हि तथा भोगजम्बाल मोहितः ॥१०२॥

વિવેચન — સત્ સમાગમથી જીવ આગળ વધતા અગિયારમા ગુણસ્થાનક સુધી ઊંચે ચઢે છે. પણ અહીં મોહનીય કર્મની પ્રકૃતિનો ઉપશમ કરેલ છે, ક્ષય કર્યો નથી. એથી ઉપશમ શ્રેણી અને ગુણસ્થાનકનો સમય પૂર્ણ થતાં મોહનો પાછો ઉદય થાય છે અને તેનું પતન થાય છે, એ પ્રમાણે મોક્ષ માર્ગ તરફ પ્રયાણ કરવા છતાં ભોગજંબાલ – વિષયભોગ રૂપી કાદવમાં ખૂંચી જવાથી પાછા હતા ત્યાં આવે છે. જેમ કોઈ મનુષ્ય ઝાંઝવાના જળમાં ભયથી ઉદ્વેગ પામતો તેમાં જ બેસી રહે છે, જેમ કે આ જળ છે એમ જાણી ત્યાં જ અટવાય જાય છે, તેવી રીતે શરીર ભોગાદિમાં આસક્ત થવાથી પરિણામે તેમાં ખૂંચી જાય છે આત્મહિતાર્થે મોક્ષ તરફ કરાતી પ્રવૃત્તિ છૂટી જાય છે. અને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. ૧૦૨.

સારાંશ જણાવે છે —

મીમાંસા ભાવતો નિત્યં ન મોહોઽસ્યાં યતો ભવત્।
અતસ્તત્ત્વસમાવેશાત્સદૈવ હિ હિતોદયા : ॥૧૦૩॥

વિવેચન—કાંતા દૃષ્ટિમાં વર્તતા જીવને આત્મતત્ત્વની વિચારણા સતત થયા જ કરે છે. રાતદિવસ એવી ભાવના રહે છે કે કયારે કર્મબંધનથી મુક્ત થવાય. કયા કયા કર્મોથી બંધન થાય છે અને કયા કારણોથી મુક્ત થવાય તેની વિચારણા સતત કરે છે. વળી નિશ્ચયપૂર્વક જાણે છે કે આ મોહ, મમત્વ સંસારના કારણો છે માટે તે તેનો ત્યાગ કરવા જ પ્રયત્નશીલ બને છે. સંસાર પ્રત્યેનો રાગ નષ્ટ થઈ જાય છે. ભવ પ્રપંચ પ્રત્યે તે ઉદાસીન વૃત્તિવાળો હોય છે. શ્રુતધર્મનો તે બહુ રાગી હોય છે, અને આત્મજ્ઞાનની વિચારણામાં લીન અને આત્મ-સાક્ષાત્કાર કરવામાં વર્તે છે. પરિણામે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થતાં પરમપદ રૂપ હિતોદય એટલે કલ્યાણ થવામાં વાર લાગતી નથી. ૧૦૩.

ઇતિ શ્રી છઠ્ઠી કાન્તા નામની દૃષ્ટિ સમાપ્તમ્

સાતમી પ્રભા દૃષ્ટિનો અધિકાર

ધ્યાન પ્રિયાપ્રભા યેન નાસ્યાં રુગત એવ હિ ।
તત્ત્વપ્રતિપત્તિયુતા વિશેષેણ શમાન્વિતા ॥૧૦૪॥

વિવેચન—" ધ્યાન પ્રિયા પ્રભા " આ શબ્દથી એ અર્થ થાય છે કે સાતમી દૃષ્ટિ પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી ધ્યાન પ્રિય બને નહિ, યથાર્થ ધ્યાનની પ્રાપ્તિ તો અહીંથી જ થાય

છે. આ પહેલાની દૃષ્ટિઓમાં ધ્યાન ગુણ સામાન્ય વિચારણા રૂપ હતો, તે અહીં યથાર્થ ધ્યાન રૂપ બને છે. આ પ્રભા દૃષ્ટિ અપ્રમતસંયતી કે પ્રમતસંયતીઓને હોય છે. મિત્રા, તારા, બલા અને દીપ્રા એ ચાર દૃષ્ટિ સુધી તો સૂક્ષ્મ બોધ વેદ્ય-સંવેદ્યપદ–જડ ચૈતન્યનું જ્ઞાન ન હોવાથી શાસ્ત્રકાર મહારાજ તેને પ્રથમ ગુણસ્થાનક જણાવે છે. તેનામાં હાલ મિથ્યાત્વ રહેલ છે. જ્યારે પાંચમી સ્થિરા દૃષ્ટિમાં જીવાત્મા પ્રવેશ કરે છે ત્યારે તેનામાં સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી ચતુર્થ ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. ત્યારે તે જીવાત્માના હૃદયમાં બોધરૂપી પ્રકાશ પ્રગટ થાય છે. ત્યારે તે જડ ચૈતન્યનો વિવેક અર્થાત્ ભેદવિજ્ઞાન સારી રીતે કરી શકે છે, ભોગોને કર્મબંધનના કારણભૂત છે, એમ સારી રીતે જાણે છે. છતાં તેના તરફથી નિવૃત્ત થઈ શકતો નથી. કાન્તા દૃષ્ટિમાં તેથી આગળ વધે છે, એટલે તેનામાં દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાનક, અથવા સર્વ વિરતિનામનું છઠ્ઠું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. પાંચમે ગુણ-સ્થાનકે શ્રાવક નિર્લેપ ભાવે સંસારમાં રહે છે, અને ત્યાંથી વિકાસ સાધતા છઠ્ઠે ગુણસ્થાનકે આવે છે; જ્યાં સર્વવિરતિ પણું પ્રાપ્ત થાય છે. સાતમી પ્રભાદૃષ્ટિ તો સર્વવિરતિ સાધુઓને જ હોય છે અને અપ્રમત્તસંયતીને હોય છે.

આ સાતમી પ્રભાદૃષ્ટિમાં બોધ સૂર્યની પ્રભા સમાન લાંબા વખત સુધી સ્થિર અને એકસરખો પ્રકાશ હોય તેવો બોધ આ દૃષ્ટિમાં હોય છે. એ મહા લાભદાયક થાય છે. એ બોધ ધ્યાનનું નિમિત્ત બને છે. કારણ ધ્યાનમાં મનની એકાગ્રતા થવી

જોઈએ તે આવા બોડથી થઈ શકે છે. વળી આવા તીવ્ર સ્થિર બોધથી અન્ય ધર્મના શાસ્ત્રો વાંચે તો પણ તેની વિપરીત અસર થતી નથી. પાંચ યમોમાં એટલા બધા આગળ વધેલા હોય છે કે તેઓની પાસે ગમે તેવા વેર-વિરોધવાળા જીવોના વૈર શાંત થઈ જાય છે. આ દૃષ્ટિમાં અષ્ટાંગ યોગમાંથી સાતમું ધ્યાન નામનું યોગાંગ પ્રાપ્ત થાય છે. "ધારણા તુ ક્વચિત્ ધ્યેયે ચિત્તસ્ય સ્થિર બંધનં, ધ્યાનં તુ વિષયે તસ્મિન્નેક પ્રત્યય સંતતિઃ" કોઈ એક ધ્યેય-પ્રભુનો ફોટો, ૐકાર, હ્રીંકાર વગેરે જે પોતાને ઈષ્ટ હોય તે ધ્યેય વસ્તુને સામે રાખી ઉપર મનને સ્થિર કરવું, ધ્યેયમાં મનને સ્થિર કરવાનો અભ્યાસ કરવો તે ધારણા કહેવાય છે. ત્યાર પછી ધ્યેય વસ્તુમાં મનની વૃત્તિઓ એકાકાર થવી એનું નામ ધ્યાન, અને ત્યાર પછી તે ધ્યેય-વસ્તુનું ધ્યાન કરતાં કરતાં તદાકાર-તદ્રૂપ બની જવું એનું નામ સામધિ.

તેના પર દૃષ્ટાંત કહે છે-

એક પટેલે ગુરુ મહારાજ પાસે સાંભળ્યું કે ધ્યાન કરવાથી પ્રભુના દર્શન થાય છે. ત્યારે તેણે ગુરુશ્રીને વિનંતી કરી કે મને ધ્યાન કરતાં શીખવો. ગુરુજીએ કહ્યું કે, "તારે ધ્યાન કરવું હોય તો આ રૂમમાં બેસી જા. અને તને જે પ્રિય હોય તેનું કલ્પનામય ચિત્ર મનોમય બનાવી તેમાં મનને સ્થિર કર." પટેલે કહ્યું—હે પ્રભો, મને મારી ભેંસ બહુ પ્રિય છે. તો ભલે, તેનું મનોમય ચિત્ર બનાવી તેને એકાગ્રતાથી ધારી ધારીને જોયા કર, અને તારા મનને તદ્રૂપ બનાવી દે. પટેલે તેવો

અભ્યાસ શરૂ કર્યો. અમુક સમય અભ્યાસ કર્યા પછી તે ભેંસના રૂપમાં તદાકાર બની ગયો. ગુરુએ તેની પરીક્ષા કરવા કહ્યું કે, ભાઈ! હવે બહાર આવ. ત્યારે તે રૂમનો દરવાજો નાનો હતો તેથી કેવી રીતે બહાર આવે? પણ બાજુમાં વળી નીચો ઊંચો થઈ શિંગડાવાળું માથું પડખે કરીને બહાર આવ્યો. એટલે ગુરુએ તેને કહ્યું કે હવે તું પ્રભુનું ધ્યાન કરવાને લાયક થયો છે. પછી એ જ પ્રમાણે પ્રભુનું ધ્યાન કરતાં તેણે પ્રભુનો સાક્ષાત્કાર કર્યો. એ જ પ્રમાણે પ્રભુના ફોટાનું જે આલંબન લેવું તે ધ્યેયવસ્તુ છે, તેના પર મનની વૃત્તિઓને એકાકાર કરવી અને તેના દરેક અવયવોને એકાગ્ર મન વડે જોવા તેનું નામ ધ્યાન છે, અને તે પ્રભુ સ્વરૂપમાં તદ્રુપ થવું તે સમાધિ છે. આ પ્રભા દૃષ્ટિમાં ધ્યાનની પ્રગતિ શ્રેષ્ઠ પ્રકારની થાય છે. સાધ્યબિંદુ–મોક્ષ તેમાં શૂન્યવૃત્તિ–બેદરકારવૃત્તિ હતી તે દોષ અહીં ચાલ્યો જાય છે, તેમ જ આઠ ગુણમાંથી સાતમો ગુણ તત્ત્વપ્રતિપત્તિ નામનો પ્રાપ્ત થાય છે. પ્રથમ તત્ત્વની જે વિચારણા હતી તે હવે સત્યતા રૂપે સ્વીકારાય છે. સામાન્યથી અમલમાં મૂકાય છે. ખરેખર રીતે તો અમલમાં આઠમી દૃષ્ટિમાં મૂકાય છે. વળી વિશેષ પ્રકારે શાન્તિપ્રધાન સુખ પ્રાપ્ત થાય છે. તેનું મુખ્ય કારણ ધ્યાન દ્વારા થતી ચિત્તની એકાગ્રતા છે. આ પ્રમાણે પ્રભા દૃષ્ટિ સત્પ્રવૃત્તિ પરમપદ તેને આપનાર છે. ૧૦૪.

ધ્યાનજં સુખમસ્યાં તુ જિતમન્મથ સાધનમ્ ।
વિવેકબલ નિર્જીતં શમસારં સદૈવ હિ ॥૧૦૫॥

વિવેચન—પ્રભાદૃષ્ટિવાળો જીવાત્મા ધ્યાનાભ્યાસમાં એટલો ઉત્કૃષ્ટ વિકાસ કરે છે કે તે ધ્યાન બળથી તેના ઘણા ખરા

કર્મોનો ક્ષય થઈ જાય છે. અને અપૂર્વ જ્ઞાન પ્રગટ થાય છે. અને અપૂર્વજ્ઞાનના સામર્થ્યથી નિરંતર શાંતિપ્રધાન શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત થાય છે. જ્યારે આત્મામાં આત્મિક પરમશાંતિ ઉત્પન્ન થાય છે અને તેમાં જ મગ્ન, લીન બની જવાય છે ત્યારે સાંસારિક માયાવી ભ્રાન્તિજન્ય સુખનું અસારપણું તથા દુઃખ-રૂપતા પ્રત્યક્ષ ભાસે છે. ૧૦૫.

સત્ય સુખનું લક્ષણ

સર્વં પરવશં દુઃખં સર્વમાત્મવશં સુખમ્ ।
એતદુક્તં સમાસેન લક્ષણં સુખદુઃખયોઃ ॥૧૦૬॥

વિવેચન—જગતના સર્વ જીવો સુખ પ્રાપ્ત કરવા માટે ચારે તરફ ભ્રમણ કરે છે, પણ તેઓને ખરેખર સ્થાયી સુખ મળતું નથી. પરંતુ વાસ્તવિક સત્ય સુખ કયાં છે તે શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે, જે જે પુદ્ગલિક વસ્તુઓ પરાધીન છે તેની સ્પૃહા (ઇચ્છા) કરવી તે જ મહાદુઃખ રૂપ છે. તેને મેળવવા અનેક પ્રકારના સાચા-ખોટા પ્રપંચો કરવા પડે, દેશ છોડી પરદેશ જવું પડે આ બધું દુઃખરૂપ જ છે ને? પરંતુ પરપુદ્ગલિક વસ્તુમાંથી સ્પૃહાનો (ઇચ્છાનો) ત્યાગ કરી નિઃસ્પૃહી બનવું એ જ સત્ય સુખ પ્રાપ્તિનો ઉપાય છે. સર્વ જ્ઞાનીપુરુષો એકી અવાજે ટૂંકમાં સુખદુઃખની વ્યાખ્યા નીચે પ્રમાણે કરેલ છે—જે જે અંશે બાહ્ય ઉપાધિ ઓછી તે તે અંશે આત્મિક સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને જ્યારે બાહ્ય સર્વ ઉપાધિથી મુક્ત થાય ત્યારે સર્વથા આત્મિક સુખ પ્રાપ્ત થાય છે અને તે જ સાચું સુખ છે. બાકી બાહ્ય ઉપાધિ વધતાં દુઃખ વધે

છે. જેમ કે એક દુકાન ચાલતી હોય ત્યારે માનવ મનની તૃષ્ણા કહે છે, 'હવે બીજી દુકાન કરું.' એમ આશા, તૃષ્ણાને વશીભૂત થઈ ને જેમ જેમ ઉપાધિ વધારે છે તેમ તેમ પરિણામે તૃષ્ણાનો ખાડો ન પૂરાતા તે દુઃખી થાય છે. માટે જ્ઞાની જનો કહે છે—હે મહામાનવ! તૃષ્ણાના પોષણથી સુખ નહિ મળે. એ આશા દુરાશા માત્ર છે પણ તું એ તૃષ્ણાને સંતોષ રૂપી અમૃત વડે સિંચન કરે તો તને સત્ય અને સ્થાયી સુખ નિઃસંદેહ મળશે જ. ૧૦૬.

એ બીનાને વિશેષ પ્રકારે સ્પષ્ટ કરે છે

પુણ્યાપેક્ષમપિ હ્યેવં સુખં પરવશં સ્થિતમ્ ।
તતશ્ચ દુઃખમેવૈતત્તલ્લક્ષણ નિયોગત : ॥૧૦૭॥

વિવેચન—પ્રથમ સુખ તથા દુઃખના જે લક્ષણો બતાવ્યાં તેમાં પરવશથી દુઃખ થાય છે એમ જે કહ્યું છે તે અંગે કોઈ શંકા કરે છે કે પરાધીન જે ભોગની સામગ્રી છે તેના દ્વારા સુખ મળે એમ માનવું તે તો ભ્રાન્તિ છે, તે વડે તો દુઃખ થાય તે બરાબર છે, અને તે દુઃખ રૂપ જ છે. પણ પૂર્વે જે દાન, શીયળ, તપ, જપ, ભાવના વગેરે કરેલ તેના પુણ્યના ફળ રૂપે જે સુખરૂપ ભોગ સામગ્રી મળે તેને દુઃખરૂપ કેમ કહો છો? શાસ્ત્રકાર મહારાજ તેનો ઉત્તર આપે છે કે પુણ્યની અપેક્ષાથી પ્રાપ્ત થતા ભોગ સામગ્રી રૂપ જે સુખો તે પણ પૂર્વોકત ન્યાયથી દુઃખ રૂપ જ છે, કારણ કે પુણ્ય પણ કર્મ જ હોવાથી પર જ છે, અને પર છે ત્યાં દુઃખ જ છે. દુઃખનું જે લક્ષણ " પરવશં દુઃખં " તે માટે પુણ્યથી પ્રાપ્ત થતું સુખ

તે પણ પરવશ, પરાધીનતાવાળું હોવાથી દુઃખ રૂપ જ છે તેમ સમજવું. પરંતુ સ્વવશ, સ્વાધીન તો આત્મધ્યાનથી ઉત્પન્ન થતું આત્મિકસુખ તે જ તાત્ત્વિક સુખ છે. અને તે જ સત્ય, શાશ્વત સુખ છે. ૧૦૭.

ધ્યાનં ચ નિર્મલે બોધે સદૈવ હિ મહાત્મનામ્
ક્ષીણપ્રાયમલં હેમ સદા કલ્યાણમેવ હિ ॥૧૦૮॥

વિવેચન—પ્રભા દૃષ્ટિમાં સૂર્યની પ્રભા જેવો સ્થિર તથા નિર્મળ ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો બોધ હોવાથી આ દૃષ્ટિવાળા મહાન્ પુરુષોને નિરંતર ધ્યાન—આત્મ સ્વરૂપમાં રમણતા કરવા રૂપ સદૈવ બની રહે છે. સત્ય વસ્તુનું સ્વરૂપ સમજાયા પછી પરવસ્તુમાં રાચવાપણું કયાંથી રહે? એ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે જે સુવર્ણનો મેલ નષ્ટ થયો છે તેને પવિત્ર કહેવાય છે, તે પ્રમાણે આ મહાત્માઓ પણ કર્મદોષ રૂપી મળથી રહિત હોવાથી નિરંતર કલ્યાણ સ્વરૂપ છે. ૧૦૮.

સત્પ્રવૃત્તિપદં ચેહાઽસંગાનુષ્ઠાનસંજ્ઞિતમ્ ।
મહાપથપ્રયાણં યદનાગામિપદા વહમ્ ॥૧૦૯॥

વિવેચન—પ્રભા દૃષ્ટિ ધ્યાન પ્રિય હોવાથી એ દૃષ્ટિવંત જીવાત્મા ઘણે ભાગે આત્મધ્યાનમાં જ મસ્ત રહે છે. આ ક્રિયા તે જ અસંગાનુષ્ઠાન છે. કોઈ પણ જાતની આકાંક્ષા કે સાંસારિક સુખની અભિલાષા રાખ્યા વિના શાસ્ત્રાનુસાર વિધિપૂર્વક જે અનુષ્ઠાન કરે છે તે ક્રિયાને અસંગ અનુષ્ઠાન કહે છે. એ અનુષ્ઠાન મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરવાને સત્યવૃત્તિ રૂપ છે, તથા પરમપદને આપનાર છે. આ બધો પ્રતાપ અસંગાનુષ્ઠાનનો

છે. શાસ્ત્રમાં વિષ, ગરલ, અનન્ય હેતુ, તદ્‌હેતુ અને અમૃતાનુષ્ઠાન એ પાંચ પ્રકારના અનુષ્ઠાનો બતાવેલ છે. વળી હરિભદ્ર સૂરિએ ષોડશ ગ્રંથમાં બીજી રીતે ચાર પ્રકારના અનુષ્ઠાનો બતાવેલ છે. પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાન. સ્ત્રીનું ભરણ-પોષણ જેમ રાગથી કરવામાં આવે છે તેવી રીતે પ્રીતિથી રાગપૂર્વક અનુષ્ઠાનો કરવાં તે પ્રીતિ અનુષ્ઠાન. માત પિતાનું ભરણપોષણ ભક્તિપૂર્વક થાય તેવી રીતે ભક્તિપૂર્વક અનુષ્ઠાનો કરવાં તે ભક્તિ અનુષ્ઠાન શાસ્ત્ર તથા જ્ઞાનીપુરુષોની આજ્ઞાનુસાર અનુષ્ઠાનો કરવાં તે વચન અનુષ્ઠાન. સ્વાભાવિક રીતે જ્ઞાની જનોની આજ્ઞાનુસાર, વચનુનાસાર વર્તન થઈ જાય તે અસંગાનુષ્ઠાન છે. આ ચોથા પ્રકારના અસંગ અનુષ્ઠાન પર પ્રભાદૃષ્ટિવાળાની સ્થિતિ થાય છે, અર્થાત્ પ્રભા દૃષ્ટિમાં અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. જેમ દંડના પૂર્વપ્રયોગથી ચક્રનું ભ્રમણ થયા કરે છે, તેમ અસંગાનુષ્ઠાનમાં સ્વાભાવિક રીતે જ્ઞાની જનોના વચનાનુસાર અનુષ્ઠાન થાય છે. એ અનુષ્ઠાનથી સિદ્ધિપદ સત્વરે મળે છે. ૧૦૯.

અસંગાનુષ્ઠાનનાં નામો

પ્રશાંતવાહિતાસંજ્ઞં વિસભાગપરીક્ષયઃ
શીવવર્ત્મ ધ્રુવાઽવેતિ યોગિભિર્ગીયતે હ્યદઃ ॥૧૧૦॥

વિવેચન–વસ્તુ એક હોવા છતાં જુદા જુદા દર્શનોને લીધે શબ્દોમાં ભેદ પડે છે. મૂળ વસ્તુતત્ત્વમાં કદી ભેદ પડતો નથી, પણ ક્રિયાકાંડો–શબ્દોમાં ભેદ પડે છે. મોક્ષ મેળવી આપનાર કારણોમાં અસંગાનુષ્ઠાન અસાધારણ છે. એના વડે કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. આ અસંગાનુષ્ઠાનને અન્યમતવાળાઓ જુદા જુદા નામથી કહે છે. તે કહે છે, સાંખ્યો અસંગાનુષ્ઠાનને

પ્રશાંત વાહિતા કહે છે, બૌદ્ધો વિસભાગ પરિક્ષય કહે છે, શૈવો–
–શિવવર્ત્મ કહે છે અને પતંજલી વગેરે યોગીઓ ધ્રુવમાર્ગ કહે છે. એ અસંગાનુષ્ઠાન ક્રિયામાં મહાઉત્કૃષ્ટ આત્મદશા વર્તતી હોય છે. પ્રભા દૃષ્ટિમાં આત્મોન્નતિમાં ઘણો વિકાસ થાય છે. અહીં સાધ્ય જે મોક્ષ તે તદ્દન સ્પષ્ટ રૂપે સમીપમાં દેખાય છે. ત્યાં પહોંચવા માટે એટલી તીવ્ર ભાવના થાય છે કે તેના સુખ પાસે સ્વર્ગના કે અનુત્તરવાસી દેવોના સુખ તુચ્છ ભાંસે છે, અસાર લાગે છે. આ ભાવનાને પ્રભાવે પરમપદ પ્રાપ્ત થાય છે. ૧૧૦.

એતન્પ્રસાદ્વયત્યાશુ યદ્યોગ્યસ્યાં વ્યવસ્થિતઃ ।
એતત્પદાવહૈષૈવ તત્તત્રૈતદ્વિદાં મતા ॥૧૧૧॥

વિવેચન—પ્રભાદૃષ્ટિ બહુ ઉન્નત દશા પ્રાપ્ત કરેલ અપ્રમત્તયતિને જ હોઈ શકે અને એ અપ્રમત્તયતિ શીઘ્ર જ સાધ્ય–મોક્ષને પ્રાપ્ત કરી શકે છે, એ સ્થિતિ પ્રાપ્ત કરાવનાર અસંગાનુષ્ઠાન છે. પરમપદને પણ આ જ અનુષ્ઠાન મેળવી આપે છે. એને અસંગાનુષ્ઠાન યોગ પ્રભાદૃષ્ટિવંત જ કરી શકે છે. એમ આ અસંગઅનુષ્ઠાનને જાણનારા જ્ઞાની જનો જણાવે છે. સારાંશ એ છે કે આટલી હદે જ્યારે જીવાત્મા આગળ વધે છે ત્યારે પુદ્ગલિક ભાવ તરફ તેની વૃત્તિ તદ્દન નીકળી જાય છે, અને પરમપદ પ્રાપ્ત કરવાની જ તાલાવેલી લાગેલી હોય છે, એ કારણે અસંગાનુષ્ઠાન કરે છે અને તેના પ્રભાવે પરમપદને મેળવી સત્ ચિદાનંદ સ્વરૂપ આત્મામાં પરમશાંતિનો અનુભવ કરતાં મુક્ત બની જાય છે. ૧૧૧.

ઇતિ શ્રી પ્રભાદૃષ્ટિ સમાપ્તમ્

આઠમી પરા દૃષ્ટિનું વર્ણન

સમાધિનિષ્ઠા તુ પરા તદ્વાસંગવિવર્જિતા ।
સાત્મીકૃતપ્રવૃત્તિશ્ચ તદુત્તીર્ણાશયેતિ ચ ॥૧૧૨॥

વિવેચન—આઠમી પરા દૃષ્ટિ સમાધિનિષ્ઠા છે. એ યોગનું આઠમું અંગ છે. ધ્યાનની ઉત્કૃષ્ટ સ્થિતિનું નામ સમાધિ છે. રાતદિવસ આત્મસ્વરૂપમાં રમણુતા કરે છે. સંસાર પર મમત્વ-ભાવરૂપ આસંગ નામનો આઠમો દોષ નષ્ટ થાય છે, અને આઠમો ગુણ આત્મપ્રવૃત્તિરૂપ પ્રગટ થાય છે. પરા દૃષ્ટિમાં ચંદ્રની ચંદ્રિકા સમાન સૂક્ષ્મબોધ થાય છે. સૂક્ષ્મબોધને લીધે આત્મ-ભાવમાં સંપૂર્ણપણે પ્રવર્તન થાય છે. સંકલ્પ-વિકલ્પનો પણ અભાવ થાય અને આત્મસ્વરૂપમાં તદાકાર થવું તે સમાધિ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજે અભિધાન ચિંતામણિ કોષમાં કહ્યું છે કે—

સમાધિસ્તુતદેવાર્થ માત્રાભાસકરુપકમ્ ।
એવં યોગોયમાદ્યંગૈરષ્ટભિ સંમતોઽષ્ટધા ॥

અર્થ—ધ્યેય તરીકે જે પદાર્થ સન્મુખ રાખેલ છે, તે જ પદાર્થમાત્રનો અભાસ થવો–અર્થાત્ તે પદાર્થ સ્વરૂપ ધ્યાન બની જાય તેનું નામ સમાધિ. બાહ્ય આલંબન ત્યાગી પરમાત્મસ્વરૂપનું અથવા તેના ગુણોનું આલંબન લઈ ને તદ્રૂપ બની જવું તેનું નામ સમાધિ છે. ખરી સમાધિ તો ચૌદમે ગુણસ્થાનકે શૈલેષીકરણ અવસ્થામાં મન, વચન અને કાયાના યોગોનો નિરોધ કરી ઘાતી અને અઘાતી કર્મોનો ક્ષય કરી જ્યારે પરમાત્મ સ્વરૂપ બને છે તે જ સાચી સમાધિ છે. તેરમાં

ગુણસ્થાનકે ઘાતી કર્મનો ક્ષય કરી જ્યારે કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે તે પણ સમાધિ જ છે–આત્મસ્વરૂપમાં સ્થિર થવું, કોઈ પ્રકારના સંકલ્પો વિકલ્પો, વિચારો કરવા નહિ અને આત્મ-સ્વરૂપમાં લીન થવું તેને સમાધિ કહે છે. જેમ ચંદનની સુવાસ ચારે તરફ સુગંધ ફેલાવે છે, તેવી રીતે પરાદૃષ્ટિમાં રહેલ જીવાત્માનો વચન વિલાસ, તેના શરીરની સુગંધ અને સર્વ આચરણ ચંદનની જેમ ચારે બાજુ સુયશ વિસ્તારનાર થાય છે અર્થાત્ તેના ગુણોની સુવાસનો વિસ્તાર વાતાવરણમાં સર્વત્ર પ્રસરે છે. સંકલ્પવાળા ચિત્તના અભાવને કારણે સંસાર તરફની પ્રવૃત્તિથી ઉત્તીર્ણ થઈ, મુક્ત થઈ નિરાશી ભાવ પ્રાપ્ત થતાં પરિણામે પરમપદને પ્રાપ્ત કરે છે. ૧૧૨.

નિરાચાર પદાહ્યસ્યામતિચાર વિવર્જિતઃ ।
આરઢારોહણા ભાવ ગતિ વત્ત્વસ્ય ચેષ્ટિતમ્ ॥૧૧૩॥

વિવેચન—પરાદૃષ્ટિવાળા યોગી આઠમા ગુણસ્થાનકથી માંડી ચૌદમાં ગુણસ્થાનક સુધી પહોંચે છે. તેમને ક્ષાયકભાવના જ્ઞાનદર્શન ચારિત્રાદિ ગુણો પ્રગટ થાય છે. અને આત્મીય ગુણોમાં પ્રવર્તન કરવા રૂપ ક્રિયા ત્યાં હોય છે. પણ બાહ્ય ક્રિયાઓનો ત્યાં ઉપયોગ હોતો નથી. કારણ કે જ્યાં અંતરંગ પ્રવર્તન થતું હોય ત્યાં બાહ્યાચારની જરૂર રહેતી નથી. તેમ જ એ અવસ્થામાં માનસિક દૂષણો પણ લાગતા નથી. પ્રાપ્ત કરવા લાયક કેવલજ્ઞાન પ્રાપ્ત થવાથી હવે કોઈ પણ જાતનો બાહ્ય આચાર રહ્યો નથી. મિથ્યાત્વાદિનો નાશ થવાથી સૂક્ષ્મ દોષ, અતિચારાદિ પણ લાગતા નથી. વળી જેમ મુનિરાજ

ઉપશમ કે ક્ષપકશ્રેણી રૂપ પર્વત પર આરોહણ કરે છે, તે જ રીતે અહીં પરિણામની ધારાએ આત્મા પંડિત વીર્યના ઉલ્લાસથી ગુણશ્રેણી ઉપર આરોહણ કરે છે. તેમજ નિરાચારપદ પ્રાપ્ત થવાથી આ યોગની પ્રવૃત્તિ તથા ક્રિયા વગેરે ભવગતિથી ન્યારી હોય છે. ૧૧૩.

આચાર નથી તો ભિક્ષાટન વગેરે આચાર કેમ સંભવે?

રત્નાદિશિક્ષાદૃષ્ટ્યોડન્યા યથાદ્રક્તન્નિ યોજને ।
તથાચાર ક્રિયાપ્યસ્ય સૈવાન્યા ફલ ભેદતઃ ॥૧૧૪॥

વિવેચન—મિત્રાદિ દૃષ્ટિમાં જે જે આહારાદિ અર્થે ક્રિયા કરવામાં આવે છે તેમાં અમુક અંશે આસક્ત ભાવ રહેતો હતો. પરંતુ પરાદૃષ્ટિ જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે બાહ્ય ક્રિયાનો દેખાવ તો એક સામાન્ય સાધુના જેવો દેખાય પણ ફળમાં ઘણું અંતર હોય છે. કારણ કે પરા દૃષ્ટિવાળા યોગી મહાત્માનું વર્તન અનાસક્ત ભાવવાળું બની જાય છે. આત્મજ્ઞાનપૂર્વક ક્રિયા કરનાર અને ગતાનુગતિક ક્રિયા કરનારના ભાવોમાં મોટું અંતર હોવાથી ફળમાં પણ ભેદ પડે છે. એ વાતને દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે—રત્ન તથા અશ્વની પરીક્ષામાં નિપુણ એવો મનુષ્ય અને બીજો તે નહિ જાણનાર મનુષ્ય એ બન્ને રત્ન તથા અશ્વને જુએ છે તો પણ તેના ગુણ અને દોષને જાણનાર તેને જુદા જ રૂપમાં નિહાળે છે. અને તેનું મૂલ્ય પણ જુદી જુદી રીતે આંકે છે. તેવી રીતે પ્રતિક્રમણાદિ આચાર પરા દૃષ્ટિવાળાને હોતા નથી, તો પણ આહારાદિ ભિક્ષાનો આચાર તો હોય છે. છતાં આ આચાર ઘણો સુંદર હોય છે, બાહ્ય દૃષ્ટિવાળા તેની કિંમત

એક સરખી આંકશે, પણ ગુણદોષના પરીક્ષક તેનું મૂલ્ય જુદા જ પ્રકારે કરશે. અત્યાર સુધી સાંપરાયિક કર્મનો ક્ષય થતો હતો. (કષાય સહિત કર્મનો ક્ષય થાય તેને સાંપરાયિક કર્મક્ષય કહેવાય.) કેવલજ્ઞાન થયા પછી સાંપરાયિક કર્મ રહેતા નથી. એટલે તેનો ક્ષય કરવાનો હોતો નથી. પરંતુ હજુ ભવોપગ્રાહિ[1] ચાર કર્મો બાકી રહેલ છે, કર્મનો સર્વથા ક્ષય થયા વિના મોક્ષ પ્રાપ્ત થાય નહિ. કર્મને આવવાના પાંચ માર્ગમાંથી મિથ્યાત્વ, અવ્રત, કષાય એને પ્રમાદ એ ચારનો ક્ષય થઈ ગયો છે, અને મન, વચન, કાયાના યોગ રહેલ છે. એ વડે પણ કર્મ બંધ થાય છે, તેને ઈર્યાપથિક કર્મ કહે છે. તે કર્મ પ્રથમ સમયે બંધાય, બીજે સમયે ભોગવાય અને ત્રીજે સમયે ખરી જાય. એ ભવોપગ્રાહિ કર્મ ભિક્ષા માટે પ્રવૃત્તિ કરતાં ક્ષય થાય છે. પહેલાની દૃષ્ટિઓમાં સાંપરાયિક કર્મ ક્ષય થતું હતું. પરા-દૃષ્ટિમાં ઈર્યાપથિક–ચાલવાને અંગે લાગતું કર્મ તેનો પણ ક્ષય થાય છે. પરિણામે ફરીવાર જીવને સંસારમાં ન આવવું પડે એવી રીતે કર્મને દૂર ફેંકી દે છે. ૧૧૪.

तन्नि योगात्महात्मेह कृतकृत्यो यथाभवेत् ।
तथायं धर्मसंन्यास विनियोगात्महामुनिः ॥११५॥

વિવેચન––રત્નની પરીક્ષા કરવામાં પ્રવીણ થયેલ વાણિયાએ પ્રતિજ્ઞા કરી કે ચિંતામણિ રત્ન (મનમાં જે ચિંતવન કરે તે પ્રાપ્ત થાય એવું રત્ન) મળે તો જ લેવું. એમ વિચારી તેને શોધવા માટે ફરવા લાગ્યો. અંતે એક ડુંગરાળ ભૂમી પ્રદેશમાં એક ભરવાડ પાસે એ રત્ન જોયું, અને પરિશ્રમ કરીને

નોંધ. ૧ વેદની, નામ, આયુ, ગોત્ર.

તેણે તે રત્ન પ્રાપ્ત કર્યું અને કૃતાર્થ બન્યો. જેવી રીતે એ પુણ્યાત્મા રત્નવણિક રત્ન પ્રાપ્ત કરીને પરમસુખી થયો તેવી રીતે પરાદૃષ્ટિવંત યોગી ધર્મસંન્યાસ નામના પરમયોગને પામી પરમ કૃતાર્થ થાય છે. પરમપદ હવે હસ્તગત થયું એમ જાણે છે. ૧૧૫.

ધર્મ સંન્યાસ યોગની પ્રાપ્તિ

દ્વિતિયાડપૂર્વકરણે મુખ્યોડયમુપજાયતે।
કેવલ શ્રીસ્તતશ્ચાસ્ય નિઃસપત્ના સદોદયા ॥૧૧૬॥

વિવેચન—પ્રથમ અપૂર્વકરણ સમ્યક્ત્વની પ્રાપ્તિના સમયે થાય છે. આ વાત પહેલા જણાવવામાં આવી છે. જ્યારે જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યાર પછી દેશવિરતિ, ત્યાર પછી સર્વવિરતિ થાય છે, ત્યારે ધર્મ સંન્યાસ નામનો યોગ છઠ્ઠા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે, ત્યારે જે ધર્મ સંન્યાસયોગ પ્રાપ્ત થાય છે, તે સાધારણ સમજવો. મુખ્ય ધર્મસંન્યાસયોગ આઠમા ગુણસ્થાનકે બીજું અપૂર્વકરણ પ્રાપ્ત થતાં ક્ષપકશ્રેણી શરૂ કરી ચાર ઘાતી કર્મ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય એ ચારનો ક્ષય કરી કેવલજ્ઞાન રૂપી શાશ્વત આત્મલક્ષ્મીને પ્રાપ્ત કરે છે ત્યારે આ મુખ્ય યોગ હોય છે. અહીં હજુ મન, વચન, કાયાના યોગ તથા ચાર અઘાતી કર્મો બાકી રહે છે. એ પ્રમાણે પરા દૃષ્ટિમાં યોગી વિકાસ સાધે છે ૧૧૬.

ઘાતીકર્માભ્રકલ્પં તદુક્તયોગાનિલાહતેઃ।
યદાપૈતિ તદા શ્રીમાન જાયતે જ્ઞાનકેવલી ॥૧૧૭॥

વિવેચન—પ્રથમ જે બીના જણાવી તેનો ઉપનય ઘટાવતાં જણાવે છે કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય એ ચાર ઘાતીકર્મ રૂપ આત્મા સૂર્ય ઉપર આવરણ કરનાર વાદળાં જાણવા. જેમ પવનના ઝપાટાથી વાદળાં દૂર થાય છે, તેમ બીજા અપૂર્વકરણના સમયે જે ધર્મસંન્યાસ નામનો યોગ તે રૂપ પવનના ઝપાટાથી ચાર ઘાતી કર્મરૂપ વાદળાં દૂર થાય છે અને આત્મિક પુરુષાર્થ વડે કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને સર્વજ્ઞ બને છે. ૧૧૭.

ક્ષીણદોષોઽથ સર્વજ્ઞઃ સર્વલબ્ધિ ફલાન્વિતઃ।
પરં પરાર્થં સંપાદ્ય તતો યોગાન્તમશ્નુતે ॥૧૧૮॥

વિવેચન—ઉપરના શ્લોકમાં સર્વજ્ઞ બને છે તેમ જણાવ્યું તે વાતને વિશેષ પ્રકારે સ્પષ્ટ કરતાં જણાવે છે કે, જ્યારે દાનાદિ અંતરાયો તથા હાસ્યાદિ વગેરે સમગ્ર દોષો ક્ષય થાય ત્યારે જિન, ઓહિજિન, પરમ ઓહિજિન વગેરે અનેક લબ્ધિઓ પ્રાપ્ત થતાં સર્વજ્ઞ–સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ગુણ, પર્યાય દ્રવ્યને જાણનારા બને છે. સર્વ જાતની ઉત્સુકતા (આતુરતા) નાશ પામે છે, અને પરોપકાર ખાતર આ પૃથ્વીતલમાં વિચરી અનેક ભવ્ય જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવી મહાન ઉપકાર કરે છે, ત્યાર પછી પરમપદ પામવાના સમયે યોગસંન્યાસ પ્રાપ્તિની શરૂઆત થાય છે. એ યોગ પ્રાપ્ત થતાં શું લાભ થાય તે જણાવે છે. ૧૧૮.

તત્ર દ્વાવેવ ભગવાનયોગાદ્યોગસત્તમાત્।
ભવ વ્યાધિ ક્ષયં કૃત્વા નિર્વાણં લભતે પરમ્ ॥૧૧૯॥

વિવેચન—તેરમા-ગુણસ્થાનકે બિરાજમાન થઇને અનેક ભવ્ય જીવોના અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરાવી, તેઓને જડચૈતન્યનું ભેદવિજ્ઞાન સમજાવી, મોક્ષમાર્ગના અધિકારી બનાવી, તે માર્ગે તેઓને પ્રયાણ કરાવે છે. તે છતાં પોતે તો આત્માનંદમાં મસ્ત રહી સ્વાભાવિક આનંદની પરાકાષ્ઠા (અંતિમ) અનુભવે છે. કેટલોક સમય એવી ઉત્કૃષ્ટ અવસ્થામાં પૃથ્વીતલને પાવન કરી છેવટે શૈલેશીકરણ અવસ્થામાં યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ પ્રાપ્ત થતાં મન, વચન અને કાયાના યોગનો નિરોધ કરી બાકીના ચાર અઘાતી કર્મો વેદનીય, નામ, ગોત્ર, આયુનો ક્ષય કરી અયોગી અવસ્થા પ્રાપ્ત થતાં ભવ વ્યાધિનો ક્ષય કરી પરમ શાંતિમય એવું મોક્ષસ્થાન પ્રાપ્ત કરે છે અને ત્યાં સદાકાળ રહે છે, એ સ્થિતિમાંથી ફરી કર્મક્લેશમય સંસારમાં આવતા નથી. ત્યાં સંપૂર્ણ આત્મિક સુખરસનો નિરંતર અનુભવ કરે છે. આ સ્થિતિને પ્રાપ્ત કરવી એ સર્વ જીવોનું સાધ્ય છે, અને તેના માટે આ સર્વ પ્રયત્નો કરવા એ સાધના છે. એ સ્થિતિમાં જે આનંદ છે તે વર્ણાતીત છે, વચનાતીત છે. ૧૧૯.

મુક્તિમાં નિવૃત્તાત્મા કેવા હોય તેનું વર્ણન.

व्याधि मुक्तः पुमान् लोके यादृशस्तादृशोऽयम् ।
नाभावो न च नो मुक्तो व्याधिनाऽव्याधितो न च ॥१२०॥

વિવેચન—કોઈ દર્શનકાર મુક્તિમાં ગયેલ જીવાત્માને બુઝાઈ ગયેલ દીપક સમાન અભાવ રૂપ માને છે. એ મતનું ખંડન કરતાં શાસ્ત્રકાર જણાવે છે કે—જેમ જગતમાં કોઈ મનુષ્ય

વ્યાધિથી મુક્ત થાય તો શાંતિનો અનુભવ કરે છે તેવી રીતે મુક્તાત્માઓ ભવ વ્યાધિનો નાશ થવાથી પરમશાંતિને પ્રાપ્ત કરે છે. પરંતુ બુઝાઇ ગયેલ દીપકના અભાવરૂપ બનતો નથી, તેમ વ્યાધિથી મુક્ત થયો નથી તેમ પણ નથી. વ્યાધિથી મુક્ત થયેલ જ છે. અને જડ રૂપ પણ બનતો નથી, તે ત્યાં આત્મિક સુખનો અનુભવ કરે છે. અભાવ રૂપ મુક્તિ માટે કોઇ બુદ્ધિમાન પ્રવૃત્તિ કરે જ નહિ. ૧૨૦.

ભવ એવમહાવ્યાધિર્જન્મમૃત્યુ વિકારવાન ।
વિચિત્ર મોહ જનનસ્તીવ્ર રાગાદિ વેદનઃ ॥૧૨૧॥

વિવેચન—ઉપરના શ્લોકમાં વ્યાધિમુક્ત પુરુષ પરમશાંતિને પામે છે. એમ જે જણાવ્યું તો પ્રશ્ન થઇ શકે છે કે તે વ્યાધિ કઈ જાતની છે ? એના ઉત્તરમાં જણાવે છે કે સંસાર તે જ મહાવ્યાધિ છે કે જેના કારણે જીવાત્મા ચાર ગતિના ભયંકર દુઃખોને સહન કરે છે. જેમ વ્યાધિથી શરીરમાં અનેક વિકારો ઉત્પન્ન થાય છે તે રીતે આ સંસારરૂપી મહાવ્યાધિથી આ જીવને જન્મ, જરા, રોગ, શોક, મૃત્યુ વગેરે વિકારો ઉત્પન્ન થાય છે, અને જીવ દુઃખ, વેદનાને ભોગવે છે. મિથ્યાત્વના ઉદયથી વિવિધ પ્રકારના મોહથી ઉત્પન્ન થતો તીવ્રરાગનો અનુભવ એ પણ વેદના જ જાણવી. ૧૨૧.

મુખ્યોડયમાત્મનોડનાદિ ચિત્રકર્મ નિદાન જઃ ।
તથાનુભવ સિદ્ધત્વાત્ સર્વ પ્રાણભૃતામિતિ ॥૧૨૨॥

વિવેચન—આ સંસારને વ્યાધિની જે ઉપમા આપી છે તે કલ્પિત નથી, પણ સત્ય જ છે. વળી આ વ્યાધિ જીવને

અનાદિ અનંતકાળથી લાગેલી છે. તે વ્યાધિ દ્રવ્યકર્મ–અનુદય અવસ્થાવાળા, ભાવકર્મ ઉદય અવસ્થાવાળા ભેદથી ભિન્ન ભિન્ન કર્મના યોગથી ઉત્પન્ન થયેલ છે અને આ બીના જન્મ, જરા, મરણાદિના અનુભવ વડે સર્વ પ્રાણીમાત્ર મનુષ્ય, તિર્યંચ, દેવ, નરકાદિ ગતિઓમાં અનુભવે છે માટે તે અનુભવ સિદ્ધ વાત છે. ૧૨૨.

એતનમુક્તશ્ચ મુક્તોપિ મુખ્ય એવોપપદ્યતે ।
જન્માદિ દોષ વિગમાત્તદ્ દોષત્વસંગતેઃ ॥૧૨૩॥

વિવેચન—કેટલાક મતવાળા સંસારમાં રહેલાને જેમ કે જનક વિદેહી વગેરેને શરીર છતાં મુક્ત માને છે, વળી કેટલાક દીપકના બુઝાઇ જવા જેવી મુક્તિ અહીં સંસારમાં માને છે. તેઓને સમજાવતાં ગુરુશ્રી જણાવે છે કે એ મુક્તિ કહેવાય નહિ, પરંતુ જે સંસારરૂપી મહાવ્યાધિ જન્મ, જરા, મરણાદિ દુઃખોને આપનાર છે તેનાથી મુક્ત થવું, ફરી આ સંસારમાં આવવાપણું ન રહે તે જ વાસ્તવિક મુક્તિ કે મુક્ત થયો જાણવો. કારણ કે જ્યારે જીવાત્મા મુકત થાય છે ત્યારે તેના જન્મ, જરા, મરણ, ચાર ગતિનું પરિભ્રમણ એ વગેરે દોષોનો નાશ થાય. અને જીવાત્મા એ દોષથી મુકત બને ત્યારે જ તે મુકત કહેવાય. સદોષ અવસ્મા જ્યાં સુધી છે ત્યાં સુધી સંસાર છે. દોષ રહિત અવસ્થા જ્યાં છે તે જ પરમપદ–મોક્ષ રૂપ છે. ૧૨૩.

તત્સ્વભાવોયમર્દ્ધેડપિ તત્તત્સ્વા ભાવ્ય યોગતઃ ।
તસ્યૈવ હિ તથાભાવાત્તદ્ દોષત્વ સંગતિઃ ॥૧૨૪॥

વિવેચન—ચંદ્રમાની જેમ આત્મનું શુદ્ધ સ્વરૂપ નિર્મળ હોવા છતાં વાદળથી જેમ ચંદ્રમાનું તેજ આચ્છાદિત થાય છે તે જ પ્રમાણે અનાદિકાળના લાગેલા કર્મમળરૂપ વાદળાથી આત્માનું શુદ્ધ સ્વરૂપ આચ્છાદિત થાય છે. અથવા કર્મની વિચિત્રતાને કારણે તેમાં ફેરફાર થાય છે. કર્મમળ આત્માને અનાદિના લાગેલા હોવા છતાં તે કર્મ જ્યારે દૂર થાય છે, ત્યારે આત્મા તે દોષ રહિત નિર્મળ બને છે, જે દોષ સહિત હોય તે જ દોષ રહિત બને છે. ૧૨૪.

સ્વભાવોઽસ્ય સ્વભાવો યન્નિજા સત્તૈવતત્ત્વતઃ।
ભાવાવધિરયં યુક્તો નાન્યથાઽતિપ્રસંગતઃ ॥૧૨૫॥

વિવેચન—ઉપરોક્ત કથનથી એ નિશ્ચય થાય છે કે, આત્માનો જે મૂળ સ્વભાવ સચ્ચિદાનંદ સ્વરૂપ છે તે રૂપ બનવું તેનું નામ મુક્ત થયો તેમ જાણવું અર્થાત્ મોક્ષ થયો એમ જાણવું. આત્માનું જે મૂળ સ્વરૂપ તેનું નામ જ સ્વભાવ છે. પરમાર્થથી પોતાની સત્તા (વિદ્યમાનતા, હયાતિ) તે જ સ્વભાવ છે. કોઈ પ્રશ્ન કરે કે સ્વભાવ શું વસ્તુ છે? ઉત્તર–આત્માનું શુદ્ધ સ્વરૂપ આ પ્રમાણે આ સ્વભાવ-ભાવાવધિ આત્માના શુદ્ધ સ્વરૂપ સુધી વિકલ્પો કરી શકાય છે, તેનીથી આગળ વિકલ્પો કરી શકાતા નથી.[૧] ૧૨૫.

નોંધ–૧. આત્માનું શુદ્ધ સ્વરૂપ એટલે આત્માનો સ્વભાવ જ કહેવો પડશે પણ બીજી રીતે કહેવાથી વ્યાજબી નહિ ગણાય. શા માટે? ઉત્તર–અતિ પ્રસંગે દોષ ઉત્પન્ન થાય. કોઈ પણ વસ્તુનું પ્રતિનિયત સ્વરૂપ પછી રહેવા પામશે નહિ જેની ઈચ્છામાં આવે તે પ્રમાણે વસ્તુનું સ્વરૂપ કલ્પી શકશે. આનું નામ અતિપ્રસંગદોષ જાણવો.

અતિ પ્રસંગ દોષ જણાવે છે

અનન્તરક્ષણોડભૂતિરાત્મભૂતેહ યસ્ય તુ।
તયાડવિરોધાન્નિત્યોડસૌ સ્યાદ્વસન્વા સદૈવ હિ ॥૧૨૬॥

વિવેચન —પ્રથમ કહ્યા પ્રમાણે આત્મસ્વભાવ, આત્માની સત્તા અથવા આત્મસ્વરૂપ છે. આમ માનવામાં ન આવે તો અતિપ્રસંગદોષ ઉત્પન્ન થશે. જેમ કે, આત્માનું સ્વરૂપ કે આત્માની સત્તા દ્રવ્ય તથા પર્યાય રૂપ છે, નિત્યાનિત્ય રૂપ છે. આત્માનું સ્વરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ છે. એ ઉપયોગો વારંવાર પરિવર્તન પામતા હોવાથી અનિત્ય રૂપે આત્મા છે, અને મૂળ આત્મ દ્રવ્ય તેમાં ફેરફાર થતો ન હોવાથી આત્મ નિત્ય રૂપે છે. આ પ્રમાણે આત્મદ્રવ્યનું સત્ય સ્વરૂપ હોવા છતાં આત્માને એકાંતથી ક્ષણિક, અનિત્ય કે નિત્ય માનવો તે યોગ્ય ગણાય નહિ. બૌદ્ધધર્મવાળા આત્માને ક્ષણિક અર્થાત્ અનિત્ય માને છે. તેઓ કહે છે કે ક્ષણિક છે. પંચ સ્કંધથી પ્રાણીમાત્રની પ્રવૃત્તિ થાય છે. તેમાં વિજ્ઞાન સ્કંધ વેદના સ્કંધાદિ ક્ષણે ક્ષણે બદલાતા માને છે. જ્ઞાનનો આધાર વિજ્ઞાન ક્ષણે ક્ષણે બદલાય છે. જ્ઞાનમાં ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે. જ્ઞાન ફરે છે, પરિવર્તન પામે છે માટે આત્મા અનિત્ય છે પણ આત્માને એકાંત અનિત્ય માનતાં બંધ, મોક્ષ, સુખ, દુઃખ ઘટી શકતા નથી. આત્મા ક્ષણે ક્ષણે બદલાતો હોય તો સુખ દુઃખની સિદ્ધિ થતી નથી. આત્માને કોઈએ મારી નાખ્યો અને પાપ કર્યું, ક્ષણવારમાં તે આત્મા નષ્ટ થયો અર્થાત્ તેનો નાશ થયો. ત્યારે બીજી ક્ષણમાં અન્ય આત્મા ઉત્પન્ન થયો. તે આત્માને અન્યનું પાપ રૂપ ફળ દુઃખ મળે એમ માનવું પ્રત્યક્ષ

વિરોધાભાસ રૂપ છે, એક આત્માએ પાપ કર્યું અને તે નાશ પામ્યો અને બીજી ક્ષણે બીજો આત્મા ઉત્પન્ન થયો. તેને ફાંસી આપવામાં આવે તે લોક વિરુદ્ધ તથા ન્યાય વિરૂદ્ધ ગણાય. પાપ કરે પૂર્વનો આત્મા અને તેના ફળ રૂપ દુઃખ ભોગ કરે પશ્ચાત્ અન્ય ઉત્પન્ન થનાર આત્મા. તે શી રીતે સંભવે? પુણ્ય કરે પૂર્વનો આત્મા અને તેના ફળ રૂપ સુખ ભોગવે અન્ય આત્મા એ પ્રત્યક્ષ વિરોધ છે. કર્મથી બંધાય પૂર્વનો આત્મા અને પછી ક્ષણવારમાં ઉત્પન્ન થનાર અન્ય આત્માનો મોક્ષ થાય એમ માનવું ચાર પ્રમાણથી વિરુદ્ધ લાગે છે, ક્ષણિકવાદમાં કારણ, કાર્ય ભાવ ઘટતો નથી. તેમ જ ક્ષણવાદમાં એક જ આત્માનો મોક્ષ પણ ઘટતો નથી. માટે એકાંત અનિત્ય આત્માને માનતાં અનેક દોષોની ઉત્પત્તિ સંભવે છે. ૧૨૬.

નિત્ય પક્ષ આશ્રી કહે છે

ભવભાવાડનિવૃતાવપ્ય યુક્તા મુક્ત કલ્પના ।
એકાન્તૈકસ્વભાસ્ય ન હ્યવસ્થાદ્વયં કવચિત્ ॥૧૨૭॥

વિવેચન—જેવી રીતે બૌદ્ધ દર્શનકાર એકાંતથી આત્માને અનિત્ય માને છે, તેવી રીતે સાંખ્ય દર્શનકાર એકાંતથી આત્માને નિત્ય માને છે જેવી રીતે આત્માને એકાંત અનિત્ય માનવાથી આત્મા પરમપદ મુક્તિ મેળવી શકતો નથી, તેવી રીતે આત્માને નિત્ય સર્વવ્યાપક માનવાથી આત્મા પરમપદ–મુક્તિને કદી મેળવી શકતો નથી. સાંખ્ય મતમાં આત્માને એકાંતથી નિત્ય, અકર્તા, અભોક્તા, સર્વવ્યાપક માને છે, તેમ જ " અપ્રચ્યુતાનુત્પન્ન સ્થિરૈકસ્વભાવં નિત્યં " નિત્યતાનું લક્ષણ વર્ણન કરતાં કહે છે કે

જેમાંથી કાંઈપણ ઓછું થતું ન હોય, વળી ઉત્પન્ન ન થયેલ હોય, સ્થિર એક જ સ્વભાવવાળું હોય તેને નિત્ય કહે છે. સાંખ્ય મતવાળા સંસારી જીવાત્માને નિત્ય, સ્થિર અપરિણામી એક સ્વભાવી માને છે. શાસ્ત્રકાર મહારાજ તેને પૂછે છે કે–આત્માને એકાંત નિત્ય માનવાથી જીવની સાંસારિક અવસ્થાની નિવૃત્તિ કેવી રીતે થશે? અને કર્મજન્ય સુખદુઃખાદિ રૂપ ફળનું ભોકતૃત્વ–ભોગવવાપણું પણ કેવી રીતે બનશે? સ્વરૂપમાં પરિવર્તન થયા વિના કર્મનું ભોગવવાપણું બને જ નહિ. અને જો પરિવર્તન થાય તો આત્મા અનિત્ય બની જાય. સ્વભાવમાં પરિવર્તન થવું એનું નામ જ અનિત્યતા છે. તેમજ પૂર્વના સ્વરૂપને છોડયા વિના આત્માના મુક્તિપદની કલ્પના કરવી તે પણ અયુક્ત છે. એકાંત સ્વભાવવાળા આત્માની સંસારી અવસ્થા અને મુક્તાવસ્થા, એમ બે અવસ્થા કયારેય પણ સંભવે નહિ. અને બે અવસ્થા ગ્રહણ કરવામાં આવે તો એકાંત એકસ્વભાવ આત્માને કલ્પવામાં આવે છે; તેના ઉપર પાણી ફરી વળે છે. ૧૨૭.

तद्भावे च संसारी मुक्तश्चेति निरर्थकम् ।
तत्स्वभावोपमर्दोऽस्य नित्या तात्त्विक इष्यताम् ॥१२८॥

વિવેચન—ચાર ગતિમાં પરિભ્રમણ કરતા જીવોની, નારકી, તિર્યંચ, દેવ, મનુષ્ય સંબંધી એક અવસ્થા અને સાંસારિક ભવપ્રપંચમય ઉપાધિથી સર્વથા મુક્ત થવું તે બીજી મુક્ત અવસ્થા. આ બે અવસ્થા માન્યા વિના જીવ અષ્ટકર્મ ક્ષય કરી પરમાનંદને પામ્યો, અને આ જીવ ચાર ગતિમાં ભમ્યો. આ કથન શબ્દ માત્ર નિરર્થક થશે. કારણ કે આ

શબ્દોનો કંઈ અર્થ છે જ નહિ. "તત્તથાસ્વભાવોપદ" મુક્ત સ્વભાવ વડે સાંસારિક સ્વભાવનું ઉપમર્દન થાય છે. અર્થાત્ સાંસારિક સ્વભાવ દૂર થવાથી જ મુક્ત સ્વભાવ પ્રાપ્ત થાય છે, એમ માનવું જ પડશે. આ પ્રમાણે ન્યાયથી આત્માની સાંસારિક અવસ્થાના ત્યાગથી અને પરમાર્થિક મુક્ત સ્વભાવ અંગીકાર કરવાથી, અવસ્થા ભેદ ન માનવામાં આવે તો પછી કાયમ માટે સંસારી જીવને મુક્ત છે તેમ માનવું. અને તેમ માનવામાં આવે તો વ્રત, તપ, જપ, યાત્રા, સત્સંગ, ધ્યાન એ સર્વ ધાર્મિક અનુષ્ઠાનો મુક્ત થવા માટે કરવામાં આવે છે તેનું કાંઈ પ્રયોજન સંભવતું નથી. કારણ કે તમારી માન્યતાનુસાર નિત્ય મુક્ત આત્મા હોવાથી તે બધા કરવા વ્યર્થ જ ઠરે છે. કારણ કે સંસારી અવસ્થા નિવારવા અર્થે જ તે કરવાના હોય છે, અને આમ હોય તો બે અવસ્થા અવશ્ય સ્વીકારવી પડશે.

વેદાંતીઓ આત્માને એકાંત અબંધ, નિત્ય મુક્ત માને છે. અને તેઓ પ્રકૃતિના ચોવીસ ભેદ માને છે. પુરુષ પ્રકૃતિથી ભિન્ન છે. આત્મા રૂપ પુરુષ નિર્લેપ છે. પ્રકૃતિ કર્તા છે, પુરુષ તો કમલપત્રની જેમ નિર્લેપ રહે છે. આત્મા લેપાતો નથી. આત્મામાં પ્રકૃતિનું પ્રતિબિંબ પડે છે તેથી આત્મા હું કર્તા છું, ભોક્તા છું એમ માને છે. પણ આત્મા તો નિર્લેપ છે. આ આત્માને એકાંત અબંધ માનવા છતાં ધાર્મિક ક્રિયાઓ કરતા જોવામાં આવે છે. આત્મા અબંધ છે તો ધર્મક્રિયાઓ કરવાની શી જરૂર છે? અને વળી વિચારો કે આત્મા અબંધ છે ત્યારે ક્રિયાઓનું ફળ કોણ ભોગવશે ત્યારે તેઓ કહેશે કે પ્રકૃતિ ભોગવશે. એમ કહેતા શશશૃંગવત્ ક્રિયાઓનું ફળ નિષ્ફળ થશે. કારણ કે પ્રકૃતિ

તો અનાદિકાળથી ક્રિયાઓ કર્યા કરે છે. ત્યારે તમે ધર્મક્રિયાનું ફળ પણ પ્રકૃતિને આપ્યું, અને તે તો પ્રકૃતિનો સ્વભાવ હતો. માટે એકાંત નિર્લેપ આત્માને માનતાં ધર્મક્રિયાઓ ઘટી શકતી નથી. પ્રકૃતિનું પ્રતિબિંબ આત્મામાં પડયું માનો છો અને નિર્લેપ આત્મા સ્વીકારો છો તે પણ યુક્ત નથી. આત્મા નિરાકાર છે. નિરાકાર વસ્તુમાં પ્રકૃતિનું પ્રતિબિંબ પડતું નથી. માટે નિરાકારમાં પ્રતિબિંધ પડે છે તેમ માનવું પણ વ્યર્થ કરે છે. કદી તમો વ્યવહારથી પ્રકૃતિથી આત્મા લેપાય છે એમ માનશો તો જિનમતમાં પ્રવેશ થયો કહેવાશે તેથી આત્મા એકાંત અબંધ નિર્લેપ છે એમ કહેવું ટળી જાય છે. ઇત્યાદિ વિચારતા આત્માને એકાંત નિત્ય અબંધ માનતાં પુણ્ય અને પાપ કરવાથી આત્મા બંધાશે નહિ તો શા માટે પાપ કર્મો ત્યાગવા અને સત્કર્મો આદરવા આદિ હજારો દોષો જણાય છે. માટે એકાંત અબંધ માનનારાનું બોલવું પણ અપેક્ષા વિના અસત્ય જણાય છે. ૧૨૮.

ઉપસંહાર

અનેક યોગશાસ્ત્રેભ્યઃ સંક્ષેપેણ સમુદ્ધૃતઃ ।
દૃષ્ટિભેદેન યોગોઽયમાત્માનુ સ્મૃતયે પરઃ ॥૧૨૯॥

વિવેચન—શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ યોગ-દૃષ્ટિ ગ્રંથનો ઉપસંહાર કરતાં જણાવે છે કે આ યોગદૃષ્ટિ ગ્રંથ પૂર્વના ઋષિઓએ બનાવેલા અનેક યોગશાસ્ત્રો થકી ટૂંકામાં "સમુદ્ધૃતઃ" તેના થકી જુદો કર્યો છે. દૂધ થકી જેમ માખણ જુદું કઢવામાં આવે છે, તેવી રીતે દૂધ સમાન અનેક

યોગશાસ્ત્રો તેના થકી આ યોગદૃષ્ટિ ગ્રંથ માખણ સમાન દૃષ્ટિના ભેદ વડે જુદો તારવ્યો છે. જેનું સ્વરૂપ પ્રથમ લખાઈ ગયું છે એવો આ યોગ અહીં "અધિકૃત આત્માનુસ્મૃત્યર્થ" આત્માના પોતાના સ્મરણ ખાતર ભૂલી ન જવાય તે ખાતર યોગદૃષ્ટિ "પરઃ" પ્રધાન યોગ ગ્રંથનો ઉદ્ધાર કરેલ છે. ૧૨૯.

બીજું પ્રયોજન જણાવે છે.

કુલાદિ યોગિભેદેન ચતુર્ધા યોગિનો યતઃ ।
અતઃ પરોપકારોઽપિ લેશતો ન વિરુધ્યતે ॥૧૩૦॥

વિવેચન—આ ગ્રંથ બનાવવાનું કારણ પ્રથમ આત્માની સ્મૃતિ ખાતર જણાવેલ છે. ફરી અહીં બીજું કારણ જણાવે છે કે ગોત્રયોગી, કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને નિષ્પન્ન યોગી એમ ચાર પ્રકારના યોગીઓ સામાન્ય પ્રકારે કહેલ છે 'અતઃ' કહેતાં આ કારણથી તથા પ્રકારના કુલાદિ યોગીઓની અપેક્ષાએ તેઓને લેશથી પરોપકાર કરવો તે વિરુદ્ધ નથી. યોગીઓ પોતાના સાધર્મિક ભાઈઓ છે તેઓને યોગની પ્રાપ્તિ થાય અને આત્મકલ્યાણનો માર્ગ અંગીકાર કરીને આગળ વધી પરમપદ મોક્ષને પરંપરાએ પ્રાપ્ત કરે, એ એક મહાન પરોપકાર છે. આ કારણે પણ આ ગ્રંથની રચના સાફલ્યતા-વાળી છે. ૧૩૦.

કુલપ્રવૃત્તચક્રા યે ત એવા સ્યાધિકારિણઃ ।
યોગિનો ન તુ સર્વેઽપિ તથાઽસિદ્ધ્યાદિ ભાવતઃ ॥૧૩૧॥

વિવેચન—પ્રથમ ચાર પ્રકારના યોગીઓ બતાવ્યા છે. તેમાંથી કુલયોગીઓ અને પ્રવૃત્તચક્રયોગીઓ આ બે પ્રકારના

યોગીઓ જ આ યોગશાસ્ત્રના અધિકારીઓ છે, પણ ગોત્ર-યોગીઓ જે હજુ યમાદિ નિયમ પાળવાને અસમર્થ હોવાથી, મુક્તિપદને યોગ્ય તેઓ ન હોવાથી આ ગ્રંથના તેઓને લાયક ગણ્યા નથી, તેમ જ નિષ્પન્ન યોગીઓ–યોગમાં પૂર્ણ થવાથી સિદ્ધિપદની નિકટ પહોંચવાથી તેઓને પણ આ ગ્રંથની જરૂરિયાત નથી. ૧૩૧.

યોગીઓનું સ્વરૂપ

યે યોગિનાં કુલે જાતાસ્તદ્ધર્માનુગતાશ્ચ યે।
કુલયોગિન ઉચ્યન્તે ગોત્રવન્તોઽપિ નાપરે ॥૧૩૨॥

વિવેચન—જે યોગીના કુલમાં ઉત્પન્ન થયા હોય અને તેના કુલ ધર્મને અનુસરતા હોય તેને કુલયોગી કહેવાય છે. આ લક્ષણ દ્રવ્યથી જાણવું. ભાવથી કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા ભવ્ય જીવોનો આ વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે છે. જેના વારસામાં ધર્મ કરવાની ભાવના દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે આદરમાન, ભક્તિ, સેવા, સત્કાર, સન્માન કરનારા છે, એ બધાને કુલયોગીઓ ગણવામાં આવે છે. યોગીઓના ગોત્રમાં જન્મેલા પુણ્ય પ્રકૃતિવાળા અહિંસાદિ યમોમાં દાખલ થયા નથી તે કુલયોગીઓ કરતાં ઉતરતા ગોત્રયોગીઓ સમજવા. પણ જેઓ ધર્મના અનુરાગી નથી એવા કુલયોગીઓ અહીં લેવા નહિ. ૧૩૨.

કુલયોગીઓનું વિશેષ સ્વરૂપ

સર્વત્રા દ્વેષિણશ્ચૈતે ગુરુદેવ દ્વિજપ્રિયાઃ।
દયાલવો વિનીતાશ્ચ બોધવંતો પતેન્દ્રિયા : ॥૧૩૩॥

વિવેચન—જે તમામ જીવો ઉપર દ્વેષભાવ રહિત, તથા સર્વ જીવો સાથે મૈત્રીભાવના ચિંતવનાર, દેવ, ગુરુ અને બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારા ઉપર હૃદયથી શુદ્ધ ભક્તિભાવ રાખનારા, ક્લિષ્ટ કર્મના અભાવથી સ્વાભાવિક સર્વ જીવો ઉપર દયાભાવ રાખનારા, દેવ, ગુરુનો વિનય કરનારા, સુંદર અનુબંધને કારણે પુણ્યની વૃદ્ધિ કરનારા, અંતરની શુદ્ધ લાગણીને લીધે તથા ગ્રંથિના ભેદને કારણે જડચૈતન્યના વિવેકજ્ઞાનવાળા, તથા ચારિત્રની ભાવનાને લીધે ઇન્દ્રિયોને દમન કરનારા, ઉપરોક્ત ગુણધારક કુલયોગીઓ કહેવાય છે. ૧૩૩.

પ્રવૃત્તચક્ર યોગીઓનું સ્વરૂપ

પ્રવૃત્તચક્રાસ્તુ પુનર્યમદ્વયસમાશ્રયા।
શેષદ્વયાર્થિનોઽત્યન્તં શુશ્રૂષાદિગુણાન્વિતાઃ ॥૧૩૪॥

વિવેચન—યમ ચાર પ્રકારના છે. ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ, સિદ્ધિયમ. આ ચાર યમોમાંથી પ્રથમના બે યમો જેને પ્રાપ્ત થયા હોય અને બાકીના બે યમો પ્રાપ્ત કરવાની જેમને ઇચ્છા હોય અને જેનામાં શુશ્રૂષા વગેરે ગુણો હોય તેને પ્રવૃત્તચક્ર યોગી કહે છે. જે પુરુષોએ અહિંસાદિ રૂપ યમોનું પાલન કરેલ હોય તેની કથા શ્રવણ કરવામાં આનંદ આવે, અને તેવા યમો આચરવાની ઇચ્છા, ભાવના થાય તેને ઇચ્છાયમ કહે છે. ઉપશમ ભાવપૂર્વક યમોનું પાલન કરવું તે બીજો પ્રવૃત્તિયમ કહેવાય છે. ક્ષયોપશમ ભાવથી અતિચાર રહિતપણે જે યમનું પાલન કરવામાં આવે તે ત્રીજો સ્થિરયમ કહેવાય. અહીં ઉપશમભાવને બદલે

ક્ષયોપશમભાવ પ્રાપ્ત થાય છે એ સ્થિરયમવાળા પુરુષ જે યોગની ક્રિયા કરે તે સ્વાભાવિક રીતે અતિચાર રહિત થાય છે. શુદ્ધ અંતરાત્મામાં ઉત્કૃષ્ટ સિદ્ધિ સાધક યોગથી અચિંત્ય વીર્યોલ્લાસપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે તે ચોથો સિદ્ધિયમ કહેવાય. આ સિદ્ધિયમમાં એટલી બધી ઉત્કૃષ્ટયમની પ્રાપ્તિ થાય છે કે તેના પ્રભાવે હૃદયમાંથી વૈરવૃત્તિ આદિ દુર્વાસનાઓ દૂર થઈ જાય છે અને નિર્વૈર બુદ્ધિ પ્રાપ્ત થાય છે. શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, વિજ્ઞાન, ઈહા, અપોહ અને તત્ત્વજ્ઞાનમાં આગ્રહ એ પ્રમાણે આઠ ગુણો સહિત હોય છે. આ પ્રમાણે પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ બતાવ્યું. ૧૨૪.

યોગ અવંચક ત્રયનું સ્વરૂપ

આદ્યાવંચક યોગાપ્ત્યા તદન્યદ્વયલાભિન।
એ તેડધિકારિણો યોગપ્રયોગસ્યેતિ તદ્વિદઃ ॥૧૨૫॥

વિવેચન—ત્રણ પ્રકારના અવંચક કહેલા છે. તેનું સ્વરૂપ બતાવે છે. જેઓના દર્શન માત્રથી પવિત્ર થવાય એવા પુણ્યવંત મહાત્માઓનો યોગ–સમાગમ થવો તે યોગ અવંચક. પુણ્યહીન પ્રાણીઓને તો એવા મહાત્માઓનો સમાગમ થવો જ દુર્લભ હોય છે. અને કદાચ સમાગમ થાય તો પણ તેમને ગુણવાન તરીકે ઓળખવા તે પણ મુશ્કેલ છે. તેથી પ્રથમ અવંચક ભાવ તરીકે સાચા મહાત્માઓ અને તેના ગુણોની પરીક્ષાપૂર્વક સમાગમ થવો તેને યોગ અવંચક કહે છે. સત્સંગની જીવને કેટલી જરૂરત છે તે આ ઉપરથી સહેજે સમજાય તેમ છે. જ્યાં સુધી આવા મહાત્માઓનો સમાગમ થતો નથી ત્યાં સુધી વસ્તુ સ્વરૂપનો યથાર્થ બોધ થતો નથી.

એવા મહાત્મા પુરુષોને અંતરના ભાવપૂર્વક વંદન, નમસ્કારાદિ કરવા, અને તેઓ પ્રત્યે પૂજ્ય બુદ્ધિ રાખવી, એ બીજો ક્રિયા અવંચક કહેવાય છે. વસ્તુતત્ત્વનો બોધ થયા પછી જે ક્રિયા થાય તે અતિ આહ્લાદજનક અને વિવેકપૂર્વકની હોવાથી તેથી મહાન લાભ થાય છે. અનિષ્ટ કર્મનો નાશ કરનાર બને છે અને સિદ્ધિ તરફ પ્રયાણ કરાવનાર થાય છે. યોગ અવંચક પ્રાપ્ત થયા પછી જો ક્રિયા અવંચક પ્રાપ્ત થાય તો જ તે લાભપદ થવા સંભવ છે. આ યોગ અવંચક અને ક્રિયા અવંચકપણાથી શુભ અનુબંધ રૂપ ફળની પ્રાપ્તિ થાય તેને ફલા અવંચક ભાવ કહે છે. મહાત્માઓના સમાગમ થવાથી તેઓના સદુપદેશ પ્રમાણે જે આચરણ કરવામાં આવે તેના પરિણામે ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય તે ફલાવંચક ભાવ છે.

વિશેષ પ્રકારે

નિર્મળ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરેલ છે એવા મહાત્માઓનો પૂર્વપુણ્ય યોગે—સમાગમ થવો એ પ્રથમ યોગ અવંચક છે. આત્મસ્વભાવ સાથે યોજન – જોડાણ – અનુસંધાન થવું તેનું નામ યોગ છે. આત્મગુણને અર્થાત્ સ્વરૂપ લક્ષને વંચે નહિ, છેતરે નહિ, ઠગે નહિ એવો અમોઘ, અચૂક, રામબાણ યોગ તે અવંચક યોગ છે. ઉપરોક્ત ગુણોયુક્ત મહાત્માઓ પ્રત્યે પ્રલોભન અને ભયરહિત શુદ્ધ સાધુ – સાધ્વીઓની કપટ-રહિત ત્રિકરણ શુદ્ધ વિન્યાન્વિતપણું અને વંદન નમસ્કારાદિ ક્રિયા તે "ક્રિયા અવંચક યોગ" છે. તે બન્ને અવંચક યોગના ફળ સ્વરૂપે સદુપદેશાદિ વડે કરીને આત્મદર્શન સહ નિઃશ્રેયસ પદની પ્રાપ્તિ થાય છે. તેને "ફલ અવંચક" કહે છે.

આ ત્રણ અવંચકમાંથી પ્રથમ યોગ અવંચક પ્રાપ્ત થાય છે. અને બીજા બે અવંચકની ઇચ્છાવાળા પ્રવૃત્તચક્ર યોગીઓ અવંધ્ય કારણભૂત છે. શા કારણથી ? આ યોગીઓ છે તે જ ચાલુ યોગ પ્રયોગ–અધિકૃત યોગદૃષ્ટિ રૂપ યોગના અધિકારી છે એમ યોગના સ્વરૂપના જ્ઞાતાઓ કહે છે. ૧૩૫.

ઉપરોક્ત યમોનું સ્વરૂપ કહે છે

अहिंसादयः पंच सुप्रसिद्धा यमाः सताम् ।
अपरिग्रह पर्यंतास्तथेच्छादि चतुर्विधाः ॥१३६॥

વિવેચન—દરેક દર્શનવાળાઓ પાંચ યમને માને છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ યમો સર્વથા મહાવ્રતને ધારણ કરનારા સાધુઓને હોય છે. અને ગૃહસ્થોને સ્થૂલથી હોય છે. સર્વ દર્શનોમાં સાધારણ રીતે માનેલા આ યમો છે. ' યમા–ઉપરમા '–હિંસાદિથી પાછું હઠવું તેનું નામ યમો છે. પતંજલીઋષિ યોગશાસ્ત્રમાં પણ કહે છે કે " अहिंसा–सत्यास्तेयं ब्रह्मचर्यापरिग्रहायमाः" ૨–૩૦. એ પાંચ યમો છે તેમ જ એ પાંચના અંગે ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ, સિદ્ધિયમ. આ પ્રમાણે બીજા ચાર યમો પણ કહેલા છે. આ જણાવેલા પાંચ યમોને સર્વથા કે દેશ થકી પાલન કરવાની ઇચ્છા થવી તથા તેમાં પ્રવૃત્તિ કરવી આ બે યમોવાળા પ્રવૃત્તચક્ર યોગીઓ હોય છે. ૧૩૬.

ચાર યમોનું વિશેષ સ્વરૂપ

तद्कथाप्रीतिश्रुता तथाऽविपरिणामिनी ।
यमेष्विच्छावसेयेह प्रथमो यम एव तु ॥१३७॥

વિવેચન—જે મહાત્માઓ પંચમહાવ્રતોનું પાલન કરે છે, તેવા ઉત્તમ જીવોનું ચરિત્ર શ્રવણ કરતાં આનંદ થાય અને પરિણામની ચડતી ધારાએ યમોના સ્વરૂપને જાણીને તેને ગ્રહણ કરવાની ઇચ્છા થવી અર્થાત્ પંચમહાવ્રત કે સ્થૂલ વ્રતોને ગ્રહણ કરવાની ભાવના થવી તેનું નામ ઇચ્છાયમ. ૧૩૭.

સર્વત્ર શમસારં તુ યમપાલનમેવ યત્ ।
પ્રવૃત્તિરિહ વિજ્ઞેયા દ્વિતીયો યમ એવ તત્ ॥૧૩૮॥

વિવેચન—ઇચ્છાયમમાં યમોને ગ્રહણ કરવાની ઇચ્છા થઈ હતી, બીજા યમમાં સર્વ જીવો પર સમભાવ ધારણ કરવો અને ઉપશમ ભાવપૂર્વક અહિંસાદિ વ્રતોને પાલન કરવાની પ્રવૃત્તિ કરવી તેનું નામ યમોમાં પ્રવૃત્તિયમ જાણવો. ઇચ્છાથી આગળ વધીને અહીં પ્રવૃત્તિ થાય છે. ૧૩૮.

વિપક્ષ ચિંતારહિત યમપાલનમેવ યત્ ।
તત્સ્થૈર્યમિહ વિજ્ઞેયં તૃતિયો યમ એવ હિ ॥૧૩૯॥

વિવેચન—જે મહાત્માઓ પાંચ મહાવ્રતોનું સર્વથા પાલન કરે છે તે સર્વ વિરતિપણું અને જેઓ સ્થૂલથી તેનું પાલન કરે છે તે દેશવિરતિપણું છે. આ બન્ને મહાત્માઓ પોતપોતાના વ્રતોનું પાલન કરવા છતાં તેમાં કોઈ પણ જાતના અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર આદિ દોષો લાગવા દેતા નથી. એવી રીતે જે ક્ષયોપશમ ભાવથી યમોનું સ્થિરતાપૂર્વક પાલન કરે છે, તેને ત્રીજો સ્થિરયમ કહેવાય છે. ૧૩૯.

પરાર્થસાધકં ત્વેતત્સિદ્ધેઃ શુદ્ધાન્તરાત્મનઃ ।
અચિન્ત્યશક્તિ યોગેન ચતુર્થો યમ એવ તુ ॥૧૪૦॥

વિવેચન—જ્યારે અહિંસાદિ પાંચ મહાવ્રતો ઉત્કૃષ્ટ રીતે પાલન કરાય છે ત્યારે તેની સમીપમાં પરસ્પર વૈરવિરોધવાળા જીવો પણ પોતાના જાતિ વૈરને ત્યાગી અરસપરસ સાથે ખેલે છે અને શાંત બની જાય છે. આ બધો પ્રભાવ નિર્વૈરબુદ્ધિ મહાત્માના ચારિત્રનો જ છે. એનું નામ પરાર્થસાધક–પરમ અર્થ જે સિદ્ધલોક તેનું સાધન તે આ મહાવ્રતોનું પાલન છે. તેને સિદ્ધિયમ કહે છે. આ સિદ્ધિ જેનો આત્મા પરમ પવિત્ર બન્યો છે તેના પ્રભાવે આત્માની અચિંત્ય શક્તિ પ્રગટ થઈ છે તેને જ પ્રાપ્ત થાય છે. આ સિદ્ધિયમ ચોથો છે. ૧૪૦.

કુલાદિયોગિનામસ્માન્મત્તોઽપિ જડધીમતામ્ ।
શ્રવણાત્પક્ષપાતાદ્દેરુપકારોઽસ્તિ લેશતઃ ॥૧૪૧॥

વિવેચન—શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ આ ગ્રંથની સમાપ્તિ કરતાં જણાવે છે કે આ "યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ" બનાવવાનો મારો પ્રયત્ન મારા કરતાં પણ જેઓ અલ્પજ્ઞ છે, તેમ જ યોગની લાગણીવાળા કુલયોગીઓ તથા પ્રવૃત્તચક્ર યોગીઓ છે તેઓના ઉપકાર અર્થે મારો આ પ્રયત્ન છે. તે યોગીઓ આ ગ્રંથને મનનપૂર્વક શ્રવણ કરશે, અર્થ-સહિત તેની વિચારણા કરી તેના રહસ્યને જાણી તે પ્રમાણે વર્તન કરશે તો અવશ્ય 'પક્ષપાતાદ્' ગ્રંથના પ્રત્યે પક્ષપાત દ્વારા શુભ ઇચ્છાદિ-પુણ્યબંધ દ્વારા મહાન લાભને પ્રાપ્ત કરવા રૂપ અંશથી અવશ્ય ઉપકાર થશે, તથા અંતરગત યોગના બીજની પુષ્ટિ પણ અવશ્ય થશે. ૧૪૧.

શુભલાગણી રૂપ પક્ષપાતથી ઉપકાર શું? તે શંકા દૂર કરવા જણાવે છે–

તાત્ત્વિકઃ પક્ષપાતશ્ચ ભાવશૂન્યા ચ યા ક્રિયા ।
અનયોરન્તરં જ્ઞેયં ભાનું ખદ્યોતયોરિવ ॥૧૪૨॥

વિવેચન—અહીં વાદી શંકા કરે છે કે પક્ષપાત માત્રથી ઉપકાર કઈ જાતનો? ઉત્તર–જેઓનું સ્વરૂપ પ્રથમ કહેલ છે એવા કુલાદિ યોગીઓ કે જેનામાં યોગના બીજો દાખલ થઈ ગયા છે અને મોક્ષના માર્ગ તરફ જેઓનું પ્રયાણ શરૂ થઈ ગયું છે તેઓના પ્રત્યે મને વાસ્તવિક પક્ષપાત–ધર્મની લાગણી છે; અને તે લાગણી વશાત્ આ ગ્રંથ બનાવેલ છે. આ ગ્રંથના શ્રવણ, વાચન, મનન અને નિદિધ્યાસનથી વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજી તે પ્રવૃત્તિ પ્રમાણે કરવાથી જે જે ક્રિયા કરશે તે સમજણપૂર્વક વિવેકથી અને આદરમાનથી કરશે. એક મનુષ્ય તત્ત્વના રહસ્યને જાણ્યા વિના ભાવશૂન્ય ઉપયોગરહિત ક્રિયા કરે છે, અને બીજો મનુષ્ય તત્ત્વના રહસ્યને સમજી માનસિક ભાવસહિત ક્રિયા કરે છે. આ બન્નેની ક્રિયામાં કેટલો અંતર–ફળનો ભેદ છે? તો કહે છે કે ભાનુ અને ખદ્યોતના જેટલું મહાન અંતર છે. ભાવશૂન્ય ક્રિયાનું ફળ ચાર ગતિમાં પરિભ્રમણ રૂપ છે, ભાવપૂર્વક તત્ત્વજ્ઞાનના રહસ્યપૂર્વક કરેલ ક્રિયાનું ફળ મોક્ષ છે. આ મોક્ષ રૂપી ફળ આ ગ્રંથના શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી કુલાદિ યોગીઓ પ્રાપ્ત કરે છે. આ પક્ષપાતથી–લાગણીથી જ પરોપકાર થાય છે, કુલાદિ યોગીઓ પરંપરાએ પરમપદ મેળવે એ કાંઈ જેવો તેવો ઉપકાર ન સમજવો, એ લાભ યોગીઓ આ ગ્રંથ દ્વારા મેળવે છે. ૧૪૨.

ખદ્યોતકસ્ય યત્તેજસ્તદલ્પં ચ વિનાશી ચ ।
વિપરીતમિદં ભાનોરિતિ ભાવ્યમિદં બુધૈઃ ॥૧૪૩॥

વિવેચન—તત્ત્વના રહસ્યને જાણી ભાવપૂર્વક થતી ક્રિયા અને તે રહિત ભાવશૂન્ય ક્રિયામાં જે અંતર છે તે દૃષ્ટાંત દ્વારા સમજાવે છે–ખદ્યોત–એક જાતનો જીવડો છે કે જે રાત્રિના સમયે આકાશમાં ઉડતા દીવાના જેવો તેનામાં પ્રકાશ તગતગે છે. આને ખજવો કહે છે. એનો જે પ્રકાશ છે તે અલ્પ છે અને નાશવાન છે, પરંતુ ભાનુ-સૂર્યનો પ્રકાશ ખજવા કરતાં વધારે છે અને અવિનાશી છે. એ જ રીતે ભાવશૂન્ય જે ક્રિયા છે તે ખદ્યોતના પ્રકાશ જેવી છે, અલ્પ સત્ત્વવાળી છે તેમજ નાશવાન છે. એનું ફળ પણ અલ્પ છે જે ચાર ગતિ રૂપ ફળને આપનાર છે, પરંતુ ભાવપૂર્વક થતી ક્રિયા તે મહાન સત્ત્વવાળી, અવિનાશી, પરંપરાએ મોક્ષદાયક છે એમ જાણવું. ૧૪૩.

શ્રવણનો અધિકાર

શ્રવણે પ્રાર્થનીયાઃસ્યુર્ન હિ યોગ્યાઃ કદાચન ।
યત્નઃ કલ્યાણ સત્ત્વાનાં મહારત્ને સ્થિતો યતઃ ॥૧૪૪॥

વિવેચન—શ્રીમાન હરિભદ્ર સૂરીશ્વર મહારાજ કહે છે કે આ ગ્રંથના શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવા માટે અધિકારી પુરુષોને કયારે પણ પ્રાર્થના કરવાની જરૂર નથી કારણ કે પુણ્યશાળી જીવાત્માઓનો પ્રયત્ન ચિંતામણિ આદિ રત્ન મેળવવા માટે સ્વાભાવિક જ હોય છે. તેમ રત્ન સમાન સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે આવા ભવ્ય જીવો સદા સતત પ્રયત્નશીલ હોય જ છે. તેથી જ કહેલ છે કે યોગ્ય, લાયક જીવો હોય તે

આ ગ્રંથના અધિકારી છે અને તેઓ જ આ ગ્રંથરૂપ મહાન રત્નને પ્રાપ્ત કરી ઇચ્છિત સ્થાનને પ્રાપ્ત કરે છે. ૧૪૪.

નૈતદ્વિસ્તવયોગેભ્યો દદત્યેનં તથાપિ તુ।
હરિભદ્ર ઈદં પ્રાહ નૈતેભ્યો દેય આદરાત્ ॥૧૪૫॥

વિવેચન—યોગ્યાયોગ્યના સ્વરૂપને સારી રીતે જાણનાર આચાર્યો અયોગ્ય-કુશિષ્યને તેની પાત્રતા ન હોવાથી ઉત્તમ ગ્રંથોને વાચવા આપતા નથી, એ વાત ચોક્કસ છે. તથાપિ આ ગ્રંથના કર્તા હરિભદ્રસૂરીજી આ પ્રમાણે જણાવે છે કે આ યોગદૃષ્ટિ સમુચ્ચય નામનો મહાન ગ્રંથ અયોગ્ય જીવોને કદાપિ પણ આપવો નહિ. આ ગ્રંથ અયોગ્ય જીવોને આપવાથી ગ્રંથનું તથા તે વ્યક્તિનું એમ બન્નેનું હિત ન થતાં અહિત કરનાર બનશે. અનાજ તથા રસાયણ શરીરને પુષ્ટ કરનાર છે, તો પણ બાળકને તથા રોગીને નુકસાનકર્તા જ બને છે. કારણ કે તે વસ્તુને લાયક તેઓ હાલ બન્યા નથી. એ જ દૃષ્ટાંતે અયોગ્ય જીવો આ ગ્રંથને લાયક નથી. આ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરી, આચાર્યોને આદરપૂર્વક જણાવે છે. ૧૪૫.

અવજ્ઞોહ કૃતાલ્પાપિ યદનર્થાય જાયતે।
અતસ્તત્પરિહારાર્થં ન પુનર્ભાંદોષતઃ ॥૧૪૬॥

ઉપરના શ્લોકમાં શ્રીમાન હરિભદ્રજીસૂરીજી મહારાજ અયોગ્ય જીવોને આ "યોગદૃષ્ટિસમુચ્ચય" નામનો ગ્રંથ આપવાની ના પાડે છે તેનું કારણ એ નથી કે તેઓશ્રીને તેના પ્રત્યે દ્વેષભાવ છે, તેઓ તો સર્વ પર સમાન દૃષ્ટિ રાખનાર મહાદયાવંત છે, અને સર્વ જીવોને પરમપદ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છનારા

છે, પરંતુ સામું પાત્ર અયોગ્ય હોવાથી તેને આ ગ્રંથથી અંશતઃ પણ લાભ ન થવાનો હોવાથી, તે તેનું અહિત કરનાર હોવાથી આથી તેઓને ન આપવો એ જ યોગ્ય છે. જો કે આ ગ્રંથ જીવોનું કલ્યાણ કરનાર છે. પણ તે કયારે ? જ્યારે તે ગ્રંથનું મહત્ત્વ સમજાય ત્યારે, તેના પ્રત્યે આદરમાન, સત્કાર, સન્માનવાળી બુદ્ધિ થાય ત્યારે જ, પણ તેવી બુદ્ધિ ન હોય તો એ ગ્રંથની અવજ્ઞા–અશાતના થોડી પણ થાય તો તે અશાતના વડે મહા અનર્થ રૂપ સંસાર પરિભ્રમણ કરવા રૂપ થાય છે. કારણ કે આ ગ્રંથ પ્રશસ્ત વિષયવાળો છે. માટે તે અનર્થને દૂર કરવા માટે આ ગ્રંથ અપાત્રને આપવાની ના પાડી છે. પરંતુ તેઓના પ્રત્યે દ્વેષ ભાવ નથી. તેમ જ તુચ્છતા પણ નથી. ૧૪૬.

યોગ્ય જીવોને ગ્રંથ આપવો

યોગ્યેભ્યસ્તુ પ્રયત્નેન દેયોઽયંવિધિનાન્વિતૈ ।
માત્સર્યવિરહેણોચ્ચૈઃ શ્રેયોવિઘ્નપ્રશાન્તયે ॥૧૪૭॥

વિવેચન—શ્રીમાન હરિભદ્રાચાર્ય આ ગ્રંથને પૂર્ણ કરતાં જણાવે છે કે આ ગ્રંથ યોગ્ય જીવોને–શ્રોતાઓને પ્રયત્નપૂર્વક વિધિસહિત સંભળાવવો. વિધિ એ છે કે જ્યારે આ ગ્રંથ ગુરુમુખે સાંભળવો હોય ત્યારે પ્રથમ ત્રણ ખમાસમણા બોલી ઇચ્છાકાર સુખશાતા પૂછી અબ્ભૂટ્ઠિયાનો પાઠ બોલી ખમાસમણ આપી "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! વાયણા સંદિસાહું ?" ફરી ખમાસમણા આપી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ વાયણા લેશું ! ફરી ખમાસમણા આપી ઇચ્છાકારી ભગવાન્ પસાય કરી વાયણા કરશોજી. આ પ્રમાણે વિધિસહિત

આ ગ્રંથ બહુ આદરપૂર્વક શ્રોતાઓને સંભળાવવો. જો તેમ કરવામાં ન આવે તો, "પ્રત્યવાય સંભવાત્" વિઘ્નો આવવાનો સંભવ છે, અગર કષ્ટો, દુઃખો આવવાનો સંભવ છે. માટે વિધિપૂર્વક શ્રોતાઓએ આ ગ્રંથ શ્રવણ કરવો અને વક્તાએ સંભળાવવો એમ આચાર્યશ્રી જણાવે છે. વળી આ ગ્રંથ ઇર્ષ્યાનો ત્યાગ કરીને ઉચ્ચ પ્રકારે સાંભળે તો આત્મકલ્યાણ થતાં વાર લાગતી નથી. તથા વિઘ્નોની શાન્તિ માટે થાય છે. જે જે પવિત્ર કાર્યોનો આરંભ કરવામાં આવે તે સર્વ કાર્યો વિઘ્ન વિના પૂર્ણ થાય છે. અહીં "માત્સર્ય વિરહેણ" આ પદ આ ગ્રંથની પૂર્ણાહૂતિમાં આવેલ છે. અહીં વિરહ શબ્દ છે તે શ્રીમાન હરિભદ્રસૂરીજી મહારાજના ગ્રંથની નિશાની છે. તેઓશ્રીના સર્વ ગ્રંથોને અંતે વિરહ શબ્દ જોડેલો છે. દૃષ્ટાંત તરીકે "ભવવિરહવરં" આ શબ્દ સંસાર દાવાનળમાં છે. આ ગ્રંથમાં માત્સર્ય વિરહેણ શબ્દ છે, આ શબ્દ લખવાનો તેઓશ્રીનો આશય (હેતુ) એવો જણાય છે કે જગતના સર્વ જીવો ઇર્ષ્યા-અભિમાનને જો ત્યાગી દે તો સંસારના દુઃખથી મુક્ત થતાં વાર લાગે નહિ, આ ગ્રંથમાં જણાવેલ યોગના બીજકોને જાણી જેઓ તેનું આચરણ કરે છે તે જીવો આ યોગને પ્રાપ્ત કરી થોડા સમયમાં પરમપદના ભોક્તા બને છે. ૧૪૭.

ઇતિ શ્રી પરાદૃષ્ટિઃ સમાપ્તા

કૃતાંતોડયં મનોહારિ યોગદૃષ્ટિઃ સમુચ્ચયઃ ।
ભાષાંતર વિનિર્માતા જયતાદ્ દેવ વાચકઃ ॥૨॥

સોऽહમ્

સોऽહમ્ ॐ સોऽહમ્

સોऽહમ્

આચાર્ય શ્રી પૂજ્યપાદ રચિત

ॐ ઇષ્ટોપદેશ ॐ

સંપાદક :

વિશ્વશાંતિ ચાહક



શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

—શ્રીમદ્

"કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય".

પ્રથમાવૃત્તિ



નમ્ર નિવેદન

આ પુસ્તક **ઈષ્ટોપદેશ** એ ગ્રન્થ દિગંબર **આચાર્ય શ્રી પૂજ્યપાદ સ્વામીએ** સંસ્કૃતમાં રચેલ છે. તે મુમુક્ષુ માટે ઉત્તમ, ઉપકારી અને ઉપયોગી હોવાથી ગુજરાતીમાં તેનો અનુવાદ કરવામાં આવેલ છે.



ઈષ્ટોપદેશ

ઈષ્ટ એટલે સુખ. પરંતુ તે સુખ કયું ? આ લોકમાં, આ સંસારમાં મળનાર સુખ ઈષ્ટ છે ? નહિ, કારણ કે આ લોકનું સુખ ક્ષણિક અને વિનાશી છે, દુઃખોત્પાદક છે, અને માનવમાત્રને તો દુઃખરહિત સુખ જોઈએ છે. તેવું સુખ તો મોક્ષનું જ શાશ્વત સુખ છે. ઈષ્ટનો અર્થ થયો—મુક્તિનું પરમ સુખ, શાશ્વત સુખ, અને ઈષ્ટોપદેશનો—અર્થ થયો.—તે શાશ્વત સુખથી પ્રાપ્તિનો ઉપદેશ.

અધ્યાત્મ જ્ઞાનથી મોક્ષ પ્રાપ્તિ થાય છે, અને આ ગ્રંથમાં અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ છે. આ ઈષ્ટોપદેશ એટલો બધો સુંદર, સરળ અને મહત્ત્વપૂર્ણ ગ્રન્થ છે કે, તેના ઉપર અનેક ટીકાઓ અને તેના અનુવાદો થયા છે. આ મહત્ત્વપૂર્ણ ઈષ્ટોપદેશનો ગુજરાતી અનુવાદ ગુજરાતી જનતાના લાભાર્થે તૈયાર કરવામાં આવેલ છે. સુજ્ઞજનો તેનો લાભ લઈને વિકાસ સાધે એ જ અભ્યર્થના સહ વિરમું છું.

લિ. **સંપાદક**

શ્રીમત્ પૂજ્યપાદ સ્વામી-વિરચિત

ઈષ્ટોપદેશ

આત્માને પરતંત્ર, બંધનમાં રાખનાર સર્વ કર્મોનો નાશ કરવાથી આત્માનો નિર્મળ, નિશ્ચળ ચૈતન્યરૂપ સ્વભાવ પ્રગટ થાય છે. એવા કેવળજ્ઞાન સ્વરૂપી આત્માઓ સર્વ પ્રાણીઓથી ઉત્કૃષ્ટ છે. તેમને હું નમસ્કાર કરું છું. ૧.

યોગ્ય ઉપાદાન રૂપ કારણ મળવાથી પાષાણ-વિશેષ કે જેની અંદર સુવર્ણરૂપ પરિણમનની યોગ્યતા હોય છે, તે પાષાણ સુવર્ણ બની જાય છે. એવી જ રીતે સુંદર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોની સામગ્રી મળવાથી જીવ પણ ચૈતન્ય સ્વરૂપ આત્મા બની જાય છે.

શિષ્યની શંકા-હે ગુરુદેવ! સારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ સામગ્રી મળવાથી આત્મા સ્વસ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે, તો પછી વ્રત સમિતિ વગેરેનું પાલન કરવાની શી જરૂરત છે? વ્રત પાલનથી વ્યર્થમાં શરીરને કષ્ટ આપવાથી શો લાભ?

સમાધાન-આચાર્યનો ઉત્તર-હે વત્સ! વ્રત આદિનું પાલન નિરર્થક નથી થતું કારણ કે વ્રત આદિ નવીન શુભ કર્મોના બંધનું કારણ હોવાથી, તથા પૂર્વોપાર્જિત અશુભ કર્મોનો એકદેશ ક્ષયનું કારણ હોવાથી વ્રતાદિ સફળ અને સાર્થક છે. એટલું જ નહિ પણ વ્રત સંબંધી અનુરાગ-લક્ષણરૂપ શુભ

ઉપયોગ હોવાથી પુણ્યની ઉત્પત્તિ થાય છે. અને તે પુણ્ય સ્વર્ગાદિ પદની પ્રાપ્તિને માટે નિમિત્ત કારણ થાય છે. માટે વ્રતાદિકનું આચરણ સાર્થક છે.

એ વાતને સ્પષ્ટ કરવા માટે આચાર્ય આ પછીના શ્લોકમાં કહે છે કે:- ૨.

જેવી રીતે છાયામાં અને તડકામાં બેઠેલા માણસમાં ફરક દેખાય છે, તેવી રીતે વ્રતી અને અવ્રતીમાં ફરક છે. છાયામાં બેઠેલ મનુષ્ય સુખથી બેસે છે. ત્યારે તડકામાં બેઠેલ મનુષ્યને તાપનું દુઃખ સહન કરવું પડે છે. તેવી જ રીતે વ્રતોનું પાલન કરનાર મનુષ્ય દેવલોકમાં સુખો પ્રાપ્ત કરે છે. ત્યારે અવ્રતી, અસંયમી મનુષ્ય નરકાદિ સ્થાનોમાં દુઃખનો ભોગ કરે છે. તેથી વ્રતાદિનું પાલન નિરર્થક નથી પરંતુ સાર્થક છે અને આવશ્યક પણ છે.

શિષ્યની શંકા-જો એ વાતને માની લઇએ તો ચિદ્રૂપ આત્મામાં ભક્તિભાવ (વિશુદ્ધ અંતરંગ અનુરાગ) રાખવો અયુક્ત થઈ જશે, કારણ કે આત્માના અનુરાગથી મળતું મોક્ષ-સુખ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિ રૂપ સંપત્તિની અપેક્ષા રાખતું હોવાથી બહુ દૂર થઈ જશે. અને વ્રતોની સહાયતાથી વચમાં જ સ્વર્ગ આદિ સુખ મળી જશે, તો પછી આત્માનુરાગ કરવાથી શો લાભ ? સુખાર્થી સાધારણ જનો આત્માનુરાગ તરફ આકર્ષિત ન થતાં વ્રતાદિક તરફ જ ઝૂકી જશે.

સમાધાન-આચાર્યનો ઉત્તર-વ્રત આદિનું પાલન કરવું, આચરણ કરવું નિરર્થક નથી પરંતુ સાર્થક જ છે. એટલું જ

નહિ પણ આત્માનું રાગ–આત્મભક્તિને અયુક્ત બતાવવી તે પણ ઠીક નથી. તેની પુષ્ટિ માટે આચાર્ય હવે પછીનો શ્લોક કહે છે. ૩.

જે મજુર ભાર ઉપાડીને બે ગાઉ સુધી સહેલાઈથી જઈ શકે છે તે શું અર્ધો ગાઉ જતાં થાકી જશે ? અલબત્ત નહિ જ. તેવી જ રીતે જે આત્મભાવ, આત્મરમણતા મોક્ષ સુધી પહોંચાડવાની શક્તિ ધરાવે છે. તેને સ્વર્ગ, દેવલોકનું સુખ પ્રાપ્ત કરાવવું તે કાંઈ જ વિસાતમાં નથી. જે મનુષ્ય આત્મ રમણતાથી તે જ ભવે મોક્ષ પ્રાપ્ત ન કરી શકે તો તે ભવ પૂરો કરી દેવલોકમાં તો જરૂર જ જાય છે.

આમ સ્વર્ગ સરલતાથી પ્રાપ્ત થવાનું બતાવ્યું ત્યારે શિષ્ય પૂછે છે કે–"સ્વર્ગે જવા વાળાને શું ફળ છે?"

આચાર્ય તેનું સ્પષ્ટીકરણ કરે છે. ૪.

દેવલોકના સુખો પણ ઇન્દ્રિયજન્ય છે, પરંતુ આત્મિક સુખ નથી. પરંતુ મનુષ્યલોકના સુખોપભોગ ઇન્દ્રિયજન્ય હોવા છતાં દેવલોકનાં સુખો તેનાથી ઉત્કૃષ્ટ છે અને ઘણા કાળ સુધી ભોગવવા યોગ્ય છે. કારણ કે દેવોના આયુષ્યની સ્થિતિ સાગરોપમોની હોય છે. એકંદરે તે સુખો દેવોના ભોગને યોગ્ય છે. એટલે કે તે સુખો અનુપમ છે. તેના જેવા સુખો મનુષ્ય-લોકમાં નથી તેથી અનુપમ છે. ૫.

શિષ્યની શંકા–ભગવન્! સ્વર્ગમાં પણ ઉત્કૃષ્ટ સુખ મળે છે. તો પછી મોક્ષની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરવાથી શો લાભ?

સંસારના સુખદુઃખ ભ્રાંતિજન્ય છે, એ સમજાવવા માટે આચાર્ય ઉત્તર આપે છે.

દેહધારીઓનાં સુખદુઃખ વાસનાજન્ય છે. આ પદાર્થ મને ઇષ્ટ છે, ત્યારે અમુક વસ્તુ મને પસંદ નથી માટે અનિષ્ટ છે. એવા પ્રકારનો મનુષ્યને વિભ્રમ ઉત્પન્ન થાય છે તે વાસના છે. ઇન્દ્રિયજન્ય સુખ તથા દુઃખ સર્વ વાસનામય જ છે. દેહાદિક પદાર્થ જીવને ઉપકારી કે અપકારી પણ નથી. તે તો જીવની કલ્પનાથી ઉપજેલ છે. એટલે પરમાર્થથી તો તે ઉપેક્ષણીય જ છે. પરંતુ જેને તત્ત્વબોધ નથી હોતો તેવો જીવ કાં તો તેને ઉપકારક અને ઇષ્ટ માને છે, અથવા તો અપકારક અનિષ્ટ માને છે. વિભ્રમથી આવા સંસ્કારો ઉત્પન્ન થાય છે તેને વાસના કહે છે. તે સ્વભાવિક સત્ય નથી. જેઓ દેહને જ આત્મા માને છે, તેમને જ એ ઇન્દ્રિયજન્ય સુખદુઃખોમાં ઇષ્ટાનિષ્ટ ભાવ ઉત્પન્ન થાય છે. વળી જે સુખ મનની સારી સ્થિતિમાં આનંદજનક લાગે છે, તે જ સુખ આપત્તિના સમયમાં સંતાપદાયક લાગે છે. તેના માટે ટીકાકાર દાખલો આપે છે કે—

જો પક્ષી સખત તડકામાં તેની પ્રિયા પક્ષિણી સાથે ઉડતું હોય, ફરતું હોય, તો તેને તડકાનું કષ્ટ જરાય માલૂમ પડતું નથી, પણ તે હોંશથી આનંદથી ઊડે છે. પરંતુ જો તે જ પક્ષીને રાત્રે તેની પ્રિય પક્ષિણીનો કોઈ કારણસર વિયોગ થઈ જાય છે, તો તેને ચંદ્રમાના શીતળ કિરણો પણ સુખ કે આનંદ આપી શકતા નથી. કારણ કે મન ઉદ્વિગ્ન, દુઃખી હોવાથી તેને બધું અકારું લાગે છે. એ જ રીતે મનુષ્યનું પણ સમજવું.

વળી મનુષ્ય જ્યારે નીરોગી હોય, પીડાતો ન હોય ત્યારે જ તેને કામભોગમાં આનંદ આવે છે પણ પેટમાં જ્યારે અત્યંત ભૂખ લાગી હોય ત્યારે તેનું ચિત્ત કામભોગમાં લાગી શકતું નથી.

આ ઉપરથી નિશ્ચિંત થાય છે કે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતું સુખ એ ફક્ત વાસના જ છે. ત્યારે આત્માનું સ્વભાવિક સુખ વાસ્તવિક સુખ છે. ઇન્દ્રિયજન્ય સુખ એ વાસનામય ન હોત તો તે એક વખત સુખમય અને બીજી વખત દુઃખમય ન લાગત. વાસનાથી જ સુખદુઃખનો ભાવ ઉત્પન્ન થાય છે. એટલે સાચી રીતે સુખદુઃખ એ દેહધારીઓની કલ્પના માત્ર જ છે. ૬.

શિષ્યની શંકા :–એ સુખદુઃખ વાસના માત્ર છે તો લોકોને તે તેવા રૂપમાં જ કેમ દેખાતા નથી ? ત્યારે આચાર્ય સમજાવે છે કે :—

નશો ચડવાથી મનુષ્ય પોતાની શુદ્ધ બુદ્ધિ અને પોતાનો પ્રભાવ ખોઈ બેસે છે. અને વસ્તુને યથાર્થ રૂપે ઓળખી શકતો નથી. તે જ પ્રકારે જેનું જ્ઞાન મોહથી આચ્છાદિત થઈ ગયું છે, ઢંકાઈ ગયું છે, જેના જ્ઞાન ઉપર મોહનું આવરણ આવી ગયું છે, તે મનુષ્ય વાસ્તવિક સ્વભાવને જાણી, સમજી શકતો નથી. મોહયુક્ત જીવને તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાનની વાતો રુચતી નથી. એટલે તે સમજી પણ શકતો નથી. ૭.

એ જ વાત વધારે સ્પષ્ટ રીતે આગળ સમજાવેલ છે.

સ્વ અને પરના વિવેકજ્ઞાનથી રહિત જીવાત્મા શરીર આદિ પર પદાર્થોને આત્મા અથવા આત્માનું સ્વરૂપ જ માને

છે, સમજે છે. દેહ, ઘર, સ્ત્રી, પુત્ર, મિત્ર, શત્રુ વગેરે સર્વ આત્મસ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા છે. પરંતુ મોહને વશી ભૂત થયેલા પ્રાણીઓ તેને જ આત્મા માને છે, અને તે જ પોતાનું સ્વરૂપ છે, એમ સમજે છે. ૮.

દેહાદિ પદાર્થો કેવા છે તે દૃષ્ટાંતથી આગળ સમજાવે છે.

જુદા જુદા દેશમાં અને જુદી જુદી દિશાઓમાંથી ઉડતા ઉડતા આવીને પક્ષીઓ સાંજના એક ઝાડ ઉપર વિશ્રામો લે છે, રાતના આરામ કરે છે, અને સવાર થતાં વળી તે સર્વ પક્ષીઓ જુદી જુદી દિશામાં ઊડી જાય છે. તેવી જ રીતે નરક, તિર્યંચાદિ ચતુર્ગતિમાંથી સંસારી જીવાત્માઓ આ મનુષ્ય લોકમાં આવે છે, કોઇક કુળમાં ઉત્પન્ન થાય છે, માતા, પિતા, સ્ત્રી, પતિ, પુત્ર, પુત્રી, વગેરે સંબંધો બાંધે છે, અને પાછા આયુષ્ય પૂર્ણ થયે પોતાના કર્માનુસાર કોઈ પણ ગતિમાં ચાલ્યા જાય છે. આમ હકીકત છે, તો બુદ્ધિમાન મનુષ્ય સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ અન્ય સ્વભાવવાળા સ્ત્રી, પુત્રાદિ જનોમાં આત્મીય બુદ્ધિ કેમ રાખી શકે ? માટે હે જીવાત્મા ! મોહનું આવરણ દૂર કરીને સત્ય સ્વરૂપ સમજવા માટે પ્રયત્નવંત બન ! ૯.

ઉત્થાનિકા :— શત્રુ પ્રત્યે શત્રુભાવ રાખવો તે અજ્ઞાનતા છે, તે દૃષ્ટાંતથી હવે પછી સમજાવી અને શત્રુભાવ દૂર કરવાની પ્રેરણા કરે છે :—

હે જીવાત્મા ! તું બીજાને સંતાપે છે, સતાવે છે, દુઃખ આપે છે, તેના ઉપર અપકાર કરે છે, ત્યારે તને આનંદ

થાય છે. તો પછી બીજો જ્યારે આ ભવમાં કે બીજા ભવમાં બદલો લેવા તારા ઉપર અપકાર કરે, તને સંતાપે કે સતાવે, દુઃખ આપે ત્યારે તું ક્રોધ શા માટે કરે છે? 'વાવે તેવું લણે' એ તો જગતનો નિયમ છે. એટલે આપણું અહિત કરનાર ઉપર પણ બુદ્ધિમાને અપ્રીતિ, અપ્રેમ કે દ્વેષ કરવો નહિ. ૧૦.

શિષ્યનો પ્રશ્ન :—રાગદ્વેષથી આત્માનું શું અહિત થાય છે?

આચાર્ય સમાધાન કરે છે કે :—

નેતરાં (રસ્સિ, દોરી)ની ખેંચતાણથી રવૈયો છાશ કરવાની ગોળીમાં ઘૂમ્યા કરે છે, તેમ જીવાત્મા રાગદ્વેષ રૂપી બે નેતરાંથી ખેંચાઇને આ ભવાબ્ધિમાં અજ્ઞાનતાથી ઘૂમ્યા કરે છે, ભવ-ભ્રમણ કર્યા કરે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ રૂપ પંચ પરાવર્તન રૂપ સંસાર, દુઃખનું કારણ હોવાથી અને દુસ્તર હોવાથી સમુદ્ર સમાન કહેવાય છે. એવા આ સંસારમાં શરીર આદિમાં આત્મ-ભ્રાન્તિથી જીવાત્મા દીર્ઘકાળ સુધી પરિભ્રમણ કરે છે.

ઈષ્ટ વસ્તુમાં પ્રીતિ થવાને રાગ અને અનિષ્ટ વસ્તુમાં અપ્રીતિ થવાને દ્વેષ કહે છે. જ્યાં રાગ છે ત્યાં દ્વેષ અવશ્ય હોય છે. નિજત્વનો ભાવ થયો કે ત્યાં પરનો ખ્યાલ આવી જાય છે. સ્વ અને પરનો ભેદ થયો એટલે સ્વમાં રાગ અને પરમાં દ્વેષ રૂપ ભાવ થઈ જાય છે. રાગ-દ્વેષથી

બીજા દોષો પણ ઉત્પન્ન થાય છે. અનાદિ કાળથી રાગ-દ્વેષના પરિણામોથી જીવાત્મા આ સંસારસમુદ્રમાં ભવભ્રમણ કરી રહ્યો છે. ૧૧.

શિષ્યનો પ્રશ્ન :-હે સ્વામિન્! માનો કે મોક્ષમાં જીવ સુખી રહે છે, પણ સંસારમાં જીવ સુખી રહે તો શી હાનિ છે? સંસારમાં જીવ સુખી રહેતો હોય તો પછી સંસારમાં એવી શી ખરાબી છે કે સંત પુરુષો તેનો નાશ કરવા માટે પ્રયત્ન કરે છે?

આચાર્યશ્રીનો પ્રત્યુત્તર :—

સંસારમાં મનુષ્યને એક વિપત્તિ આવે તે જ્યાં ભોગવાઈ ન જાય, ત્યાં તો બીજી વિપત્તિ આવે છે, અને તેની પરમ્પરા ચાલ્યા જ કરે છે, એમ સંસારી જીવાત્મા વિપત્તિની ઘટમાળામાં દુઃખી રહ્યા કરે છે. ૧૨.

શિષ્યનો પ્રશ્ન :-હે ભગવન્! બધા સંસારી જીવો વિપત્તિગ્રસ્ત નથી, ઘણા સંપત્તિવાળા પણ જોવામાં આવે છે.

આચાર્યનો ઉત્તર :—જ્વર (તાવ) જેને આવે છે, તેને ઘી ખાવાથી સ્વસ્થતા પ્રાપ્ત થતી નથી, પરંતુ જ્વરનું જોર તેથી વધે છે. તેવી જ રીતે મનુષ્યને ધન ઉપાર્જન કરવામાં મુશ્કેલી, કષ્ટ પડે છે, ઉપાર્જન કરેલા ધનનું રક્ષણ કરવામાં પણ મુશ્કેલી અને કષ્ટ પડે છે, અને તેમ છતાં પણ ધન નાશવંત જ છે. તો પણ મનુષ્ય તેમાં સુખ માને છે. જેને ઉપાર્જન કરવામાં, રક્ષણ કરવામાં દુઃખ જ છે અને જેનો નાશ થાય તો પણ દુઃખ થાય છે, તેને જ મોહાસક્ત જીવ સુખ માને છે, તે જ વિચિત્રતા છે. ૧૩.

શિષ્ય—આ લોક અને પરલોકમાં દુઃખ દાતા ધનનો લોકો ત્યાગ કેમ નહિ કરતાં હોય?

આચાર્યનો ઉત્તર :—

ધનાદિમાં મોહાસક્ત થઈને સંસારી જીવોનો વિવેક એટલો બધો નષ્ટ થઈ જાય છે કે, ધન ચોરાઈ જવા વગેરેની બીજાઓની વિપત્તિઓ જોઈને પણ પોતાના પર તેવી જ જાતની વિપત્તિ આવી પડશે તેનો તેને ખ્યાલ જ આવતો નથી. અને બળતા વનમાંના ઝાડ ઉપર બેઠેલ મૂર્ખ મનુષ્યની જેમ બળીને નાશ પામે છે. તેવી રીતે સંસારી જીવાત્મા પણ વિપત્તિઓનો શિકાર બની જાય છે. વિપત્તિઓથી બચવાને બદલે તેનાથી જ નાશને પામે છે. ૧૪.

શિષ્ય—હે ભગવન્? નજીક આવતી વિપત્તિઓને પણ લોકોને કેમ દેખાતી નથી?

આચાર્ય—હે વત્સ! લોભથી, ધનાદિકની આસક્તિથી, લોલુપતાથી, ધનવાન મનુષ્ય પોતાની સામે આવેલી વિપત્તિઓને પણ જોતો નથી કારણ કે,:—

જેમ જેમ કાળ વ્યતીત થાય છે, તેમ તેમ ધનની વૃદ્ધિ થતી જાય છે. કારણ કે ધનની આવક સદા વધતી રહે છે. એ પ્રમાણે ધનની આવક વધારતા રહેવા માટે મનુષ્ય પોતાનું અમૂલ્ય આયુષ્ય વ્યતીત કરે છે. એટલે કે મનુષ્યને પોતાના આયુષ્ય કરતાં ધન વધારે પ્રિય લાગે છે. બુદ્ધિમાન મનુષ્ય ધન સંગ્રહ કરવામાં, તેને વધારવામાં પોતાના જીવનનો વ્યય કરતો નથી. કારણ કે તે જીવનનું મૂલ્ય, જીવનનો હેતુ શો છે?

તે તેને બરાબર જાણે છે. તેથી આવશ્યક આવક કર્યા પછી બાકીનો સમય તે આત્મસાધનામાં વ્યય કરે છે. પરંતુ ધનમાં આસક્ત મનુષ્ય ધનાર્જનમાં જ જીવન ગુમાવી નાખે છે, અને આત્મસાધના નહિ કરવાથી ભવ–ભ્રમણ વધારે છે. ૧૫.

શિષ્ય—ધનથી પુણ્ય ઉપાર્જન કરી શકાય છે, પાત્રને દાન આપવું વગેરે પુણ્યકર્મો ધનથી થઈ શકે છે, તો પુણ્યના સાધન રૂપ ધનને નિંદ્ય કેમ કહેવાય? એ તો પ્રશંસનીય છે, માટે જેમ બને તેમ ધન એકત્ર કરીને તેના વડે દાનાદિ શુભ કાર્યો કરવાં જોઈએ, અને પરભવનાં સુખ માટે પુણ્યનો સંચય કરવો જોઈએ.

આચાર્ય કહે છે :—

નિર્ધન મનુષ્ય દાન કરવા માટે ધન સંગ્રહ કરે છે, અને દાનાદિથી પુણ્ય થશે એમ માને છે, તેનું એ માનવું પાણીથી સ્નાન કરીને શુદ્ધ થઈ જશું એમ માનીને જાણી જોઈને કાદવ કીચડમાં પડનાર મૂર્ખ મનુષ્યના જેવું છે. ધનાર્જન કરવામાં પાપ જરૂર કરવું પડે જ છે. તે પાપનું ફળ દાનના પુણ્ય કરતાં વધી જાય છે, એટલે તે દાન કરવા માટે ધનાર્જન કરનારનું પાપ તેના દાનના ફળ કરતાં વધી જાય છે, તેથી તેવું કાર્ય પાપ ફળ વધારનાર છે.

સંસ્કૃત ટીકામાં લખેલ છે કે ચક્રવર્તી વગેરેની માફક જેને વિના પ્રયત્ને અનાયાસે ધન પ્રાપ્ત થયું હોય, તો તે એ ધનથી કલ્યાણ માટે પાત્ર દાન વગેરે કરી શકે છે પરંતુ દાન માટે ધનાર્જન કરવા પાપ કરવું તે ઇષ્ટ નથી. ૧૬.

શિષ્ય—ભગવન્! ધન કમાવામાં અધિક પાપ છે, અને તે દુઃખનું કારણ છે, તેથી ધનને નિંદ્ય કહો છો, પરંતુ ભોગોપભોગની સામગ્રી ધન વિના પ્રાપ્ત થઈ શકતી નથી, તેથી ધનની તો જરૂર છે જ. અને તેટલા માટે ધનને પ્રશંસનીય જાણવું જોઈએ.

આચાર્ય—હે વત્સ! તારી એ વાત બરાબર નથી, કારણ કે :—

ભોગોપભોગ ઘણા કષ્ટથી પ્રાપ્ત કરી શકાય છે, કારણ કે શરીર, ઇન્દ્રિયો અને મનને ઘણું કષ્ટ, કલેશ પહોંચ્યા પછી જ ભોગોપભોગ પ્રાપ્ત થઈ શકે છે. અને ભોગ પ્રાપ્ત થયા પછી પણ તેનાથી તૃપ્તિ પ્રાપ્ત થતી નથી. ઊલટું તે ભોગોને વારંવાર ભોગવવાનું મન થયા કરે છે, અને વારંવાર ભોગવ્યા છતાં પણ કયારેય તૃપ્તિ થતી નથી. પરંતુ વધારે અને વધારે મેળવવાંની અને ભોગવવાની તૃષ્ણા વધતી જ જાય છે. એટલું જ નહિ પરંતુ તેનો ત્યાગ કરતાં પણ દુઃખ થાય છે. ભોગો પરની આસક્તિને લીધે પોતે તો તેનો ત્યાગ કરે જ નહિ, પણ કોઈ જાતની આફત આવી પડતાં ન છૂટકે ભોગોને છોડવા પડે છે, ત્યાગવા પડે છે, ત્યારે પણ ઘણું દુઃખ થાય છે.

આ પ્રમાણે ભોગોને પ્રાપ્ત કરવામાં, ભોગવવામાં અને ત્યાગ કરવામાં, એમ ત્રણે પ્રકારે દુઃખકર્તા છે. એવા ભોગોમાં કયો બુદ્ધિમાન સુજ્ઞ મનુષ્ય આનંદ માને કે એવા ભોગોમાં કોણ આસક્ત થઈને તેમાં પ્રીતિ કરે? ૧૭.

શિષ્યની શંકા—તત્ત્વજ્ઞાનીઓએ ભોગો ભોગવ્યા ન હોય, એવી વાત સાંભળવામાં આવી નથી, તો ભોગ ન ભોગવવાની વાત પર કેમ શ્રદ્ધા રાખી શકાય ?

આચાર્ય—આસક્તિથી, રુચિપૂર્વક જ્ઞાની ભોગ ભોગવે નહિ એમ કહ્યું છે, કારણ કે, ચારિત્ર–મોહના ઉદયથી ભોગોને છોડવાને અસક્ત હોવા છતાં, પણ તત્ત્વજ્ઞાની પુરુષ ભોગને ત્યાગવા યોગ્ય સમજીને તેનું સેવન કરે છે. અને જેનો મોહોદય મંદ પડી ગયો હોય તે જ્ઞાન–વૈરાગ્યની ભાવનાથી ઈન્દ્રિયો અને મનને વશ કરવાને કટિબદ્ધ થઈ જાય છે.

વળી જે શરીરના સુખાર્થે આ બધું કરવામાં આવે છે, તે શરીર કેવું અપવિત્ર છે, તે કહે છેઃ– જે શરીરના સંગથી શુદ્ધ પવિત્ર પદાર્થો પણ અશુદ્ધ, અપવિત્ર બની જાય છે, અને જે શરીર અનેક જાતના ઉપદ્રવો, રોગો વિઘ્નો વગેરે દુઃખોનું ભાજન છે, અથવા દુઃખના મૂર્ત સ્વરૂપ જેવું છે, તે દેહના સંતોષ, તૃપ્તિ અર્થે ભોગોની ચાહના, તૃષ્ણા શા માટે ? પવિત્ર અને રમણીય ભોજન, વસ્ત્ર વગેરે પદાર્થો શરીરનાં સંબંધમાં આવીને અપવિત્ર, મલિન બની જાય છે. વળી આ દેહ ભૂખ, તરસ આદિ સંતાપો સહિત છે, તેને સંતોષી શકાતો નથી. છતાં તેને સંતોષવાની આકાંક્ષા રાખવી તે શું બુદ્ધિમાની છે ? તે યોગ્ય છે જ નહિ. ૧૮.

શિષ્ય—આત્માનો ઉપકાર કેવલ ઉપવાસ આદિ તપથી જ નહિ પણ ધનાદિ પદાર્થોથી પણ થાય છે.

આચાર્ય—એમ પણ નથી, કારણ કે—આત્માને માટે જે શ્રેયકર કલ્યાણકર છે, તે દેહને માટે અપકારી, અહિતકારી

છે, તથા દેહને માટે જે હિતકર્તા, કલ્યાણકારી છે, તે આત્માને માટે અહિતકર્તા છે.

દાખલા તરીકે ઉપવાસ વગેરે તપ સાધના કરવી તે કર્મોને નષ્ટ કરનાર હોઈ આત્મા માટે હિતકર અને કલ્યાણકારી છે. પરંતુ શરીરમાં તેથી ભૂખને કારણે ગ્લાનિ, શિથિલતા ઉપજે છે. એટલે કે તપ-સાધના શરીર માટે અહિતકર છે.

હવે તેનાથી વિપરીત ધનોપાર્જનનો દાખલો લઈએ ધનોપાર્જનથી અન્ન, વસ્ત્ર વગેરે પ્રાપ્ત કરીને શરીરને સંતોષાય છે, એટલે તે શરીર માટે હિતકારી છે, ત્યારે ધનોપાર્જનમાં અનેક પ્રકારનાં પાપ કરવા પડે છે, તેથી તે આત્મા માટે અહિતકર છે. ૧૯

શિષ્ય—"શરીરમાદ્યં ખલુ ધર્મ સાધનં"—શરીર ધર્મ કરવાનું મુખ્ય સાધન છે. વળી શરીરમાં રોગાદિ થાય તો ધ્યાનથી સહેલાઈથી મટાડી શકાય છે, જેમ કે તત્ત્વનુશાસનમાં કહ્યું છે કે, જે આ લોક સંબંધી ફળ છે, અને જે કંઈ પરલોક સંબંધી ફળ છે, એ બંનેનું કારણ ધ્યાન જ છે. મતલબ એ છે કે, ધ્યાન કરવાથી કંઈ પણ દુર્લભ નથી. ધ્યાન સાધનાથી ઇચ્છિત કામના પૂર્ણ થાય છે, એવો ધ્યાનનો દિવ્ય મહિમા છે.

આચાર્ય—ધ્યાનથી શરીરના ઉપકારનું ચિંતવન કરવાનો નિષેધ કરતા કહે છે કેઃ—

એક પ્રકારના ધ્યાનથી દિવ્ય ચિંતામણી રત્ન પ્રાપ્ત થાય છે, અને બીજા પ્રકારના ધ્યાનથી કાચનો ટુકડો મળે છે. તો વિવેકી મનુષ્ય એ બન્નેમાંથી કયું ધ્યાન પસંદ કરશે ? અલબત સૌ કોઈ ચિંતામણી જ પ્રસંદ કરશે.

શરીરની નીરોગતા ભોગોપભોગની પ્રાપ્તિ વગેરે આ લોકની સુખસામગ્રી એ કાચના ટુકડા સમાન છે, તે પણ ધ્યાન દ્વારા પ્રાપ્ત થાય છે. પરંતુ આ લોકના સુખની અભિલાષા ત્યાગીને વિવેકશીલે પરલોક તથા આત્મિક કલ્યાણ માટે આત્મધ્યાન કરવું જોઈએ. તે સર્વ આર્ત રૌદ્ર ધ્યાન છે, જે આ લોકના ફળની ઇચ્છાપૂર્વક કરાય છે. માટે તેનો ત્યાગ કરીને ધર્મધ્યાન વ શુકલધ્યાનની ઉપાસના કરવી જોઈએ. ૨૦.

શિષ્યમાં હવે શ્રદ્ધા ઉત્પન્ન થતાં પૂછે છે કે ધ્યાનથી આપે આત્મકલ્યાણ કરવાનું કહ્યું તે આત્માનું સ્વરૂપ કેવું છે?

આચાર્ય કહે છે :—

આત્મા લોક અને અલોકને જાણે છે, દેખે છે, તેથી તે જ્ઞાનસ્વરૂપ છે, અને અનંત સુખ સ્વભાવવાળો છે. શરીર પ્રમાણ, નિત્ય, અક્ષય, આદિ અનંત ગુણો સહિત છે. અને તે સ્વ-સંવેદન જ્ઞાનનો વિષય છે. યોગી જન સમાધિમાં તેનો અનુભવ કરે છે. ૨૧.

શિષ્ય—આત્મા એવો છે, તો તેની ઉપાસના કેવી રીતે કરવી? આત્મધ્યાન અથવા આત્મભાવના કરવાના ઉપાયો કયા કયા છે?

આચાર્ય કહે છે :—

જેણે ઇંદ્રિયો અને મનનો નિરોધ કર્યો છે, એવો આત્મા શુદ્ધાત્માને પોતાના આત્મા દ્વારા એટલે સ્વ-સંવેદન રૂપ પ્રત્યક્ષ જ્ઞાનથી ધ્યાવે. કારણ કે સ્વયં આત્મામાં જ તેનું જ્ઞાન થાય છે. આત્મા સ્વ-પરને પ્રકાશ કરનાર છે, પોતાને પણ

જ્ઞાન વડે જાણે છે, અને પરને પણ જાણે છે. માટે ચિંતા જાળને છોડીને સ્વ-સંવેદન જ્ઞાનથી તેને જાણો કે જે તમારી અંદર જ સ્થિત છે. મનને એકાગ્ર કરી ચક્ષુ આદિ ઇન્દ્રિયોને પોતપોતાના વિષયમાંથી હટાવીને સ્વાત્માની તેના ગુણોની ભાવના કરવી તેમાં જ મનનો લય કરવો. જે કોઈ શ્રુત ભાવનાનું કાલ્પનિક ભયથી આવલંબન નથી લેતો તે આત્મવિષયમાં અવશ્ય મોહ પામે છે, અને બાહ્ય ચિંતાને ધારણ કરે છે. (પર વસ્તુના અશુભ ધ્યાનમાં પડી જાય છે.) ૨૨.

શિષ્ય—આત્માની ઉપાસના કરવાથી શું લાભ થાય છે?

આચાર્ય જવાબ આપે છે કે :-

અજ્ઞાન એટલે આત્મજ્ઞાન વિહિન પરદ્રવ્યને પોતાનું માનનાર મનુષ્ય અને એવા ગુરુ આદિની ઉપાસના કરવાથી મોહાદિ વિભ્રમ મિથ્યાત્વ જ પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે આત્મજ્ઞાની ગુરુ અને આત્માની ઉપાસના કરવાથી વિવેક-ગુણની પ્રાપ્તિ થાય છે. સ્વપરનો વિવેક તે જ જ્ઞાન છે. તે જ્ઞાનનું ફળ અવિનાશી જ્ઞાન પ્રાપ્ત થવું તે જ છે, એમ નિશ્ચયથી જાણો. અહો! આ મોહનું જ મહાત્મ્ય છે કે, જેથી જ્ઞાનને છોડીને બીજા અનેકવિધ લાભો અજ્ઞ જન દ્વારા કરવામાં આવે છે. માટે હે ભદ્ર! જ્ઞાનીની ઉપાસના કરીને જેની સ્વ-પર વિવેક-રૂપી જ્યોતિ પ્રગટ થઈ છે, એવા આત્મા દ્વારા જ આત્માને જ ઉપાસવો. અનન્ય શરણ બનીને આત્મભાવના કરવી જોઈએ. ૨૩.

શિષ્ય—આધ્યાત્મ જ્ઞાનીને શું ફળ મળે છે?

આચાર્ય કહે છે કે :—

આધ્યાત્મ ધ્યાનમાં ચિત્ત લીન થવાથી ભૂખ, તરસ વગેરે પરિસહોની ખબર પડતી નથી. અને તે ધ્યાનસ્થ દશા દ્વારા આસ્રવો એટલે કે પાપોનું આવાગમન રોકાય જાય છે અને પૂર્વનાં કર્મોની નિર્જરા થાય છે, પાપ કર્મોનો નાશ થાય છે.

ધ્યાનની ઊંચી કક્ષાએ પહોંચ્યા પછી દેવો વગેરે દ્વારા અપાતા ઉપસર્ગો આદિમાં પોતાનો કર્મોદય માની સમભાવથી ભોગવવાથી યોગીજનના શુભાશુભ કર્મોની નિર્જરા થાય છે. જેના ફળરૂપે મુક્તિની પ્રાપ્તિ થાય છે,—નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

જે સદા ધ્યાનનો અભ્યાસ કરવાવાળા છે, પરંતુ તદ્‌ભવ મોક્ષગામી નથી, એવા ધ્યાતાને સંપૂર્ણ અશુભ કર્મોની નિર્જરા અને સંવર થાય છે. તે નવા તથા જૂના સમસ્ત અશુભ કર્મોનો સંવર તથા નિર્જરા કરે છે. ૨૪.

કર્મની નિર્જરા થવાનું વ્યવહાર નયથી કહેલ છે, પરંતુ પરમાર્થથી નહિ તે સમજાવવા માટે આચાર્ય કહે છે કે:—

ઉપરના ચરણમાં કહ્યું છે કે, આધ્યાત્મ ધ્યાનથી કર્મની નિર્જરા થાય છે. એટલે કે આત્મા અને કર્મ એ બે જુદી જુદી વસ્તુનો સંબંધ છે, અથવા હતો તે વ્યવહાર નયથી બતાવેલ છે એમ સમજવું. કારણ કે આત્માના ધ્યાનથી જ્યારે ઉત્કૃષ્ટ અદ્વૈત અવસ્થા થાય છે, ત્યારે પછી કોઈ પ્રકારે કર્મનો સંબંધ રહેતો નથી ત્યારે નિર્જરા કોની ? એ માટે સિદ્ધયોગી કહો કે ગતયોગી અથવા અયોગી કેવલી કહો એનામાં

કર્મોની નિર્જરા થાય છે, એમ કહ્યું તે વ્યવહાર નયનું કથન છે, પરમાર્થથી નહિ, એમ આચાર્યશ્રી કહે છે. ૨૫.

શિષ્ય—હે ભગવન્! જો આત્મદ્રવ્ય અને કર્મદ્રવ્યનો અધ્યાત્મ યોગના બળથી બંધ નથી થતો, એમ આપે બતાવ્યું તો પછી એ બન્નેમાં પરસ્પરના પ્રદેશો મળી જવા રૂપ કેવા પ્રકારનો બંધ થાય છે?

આચાર્ય કહે છેઃ—

"આ મારું છે, હું એનો છું" એવી મમતાથી જીવને કર્મ બંધ થાય છે, અને નિર્મમત્વ ભાવથી મમતા રહિત, રાગાદિ રહિત ઉપયોગવાળો થઈ જાય તો જીવાત્મા કર્મબંધથી મુક્ત બને છે. હલનચલન રૂપ ક્રિયા કર્મબંધનનું કારણ નથી, તેમજ ઇન્દ્રિયો કે ચેતન, અચેતન પદાર્થ કર્મબંધનું કારણ નથી, પરંતુ જીવનો રાગાદિ સહિતનો ઉપયોગ જ કર્મબંધનું કારણ છે. જો જીવ રાગદ્વેષ રહિત બને, એટલે મમતા રહિત બને, નિર્મમ બને તો તે કર્મોથી છૂટી જાય છે.

શરીરાદિ સર્વે મારાથી ભિન્ન છે, કોઈ મારું નથી. પરમાર્થથી હું એ સર્વથી ભિન્ન છું. હું કોઈનો નથી, કંઈ જ મારું નથી, કોઈ મારું નથી, એવી શ્રુતજ્ઞાનની ભાવના મુમુક્ષુએ ભાવવી જોઈએ. જ્યાં સુધી મુક્તિ થાય નહિ ત્યાં સુધી, પર દ્રવ્યોથી છુટવાની ભાવના કરવી જોઈએ. જ્યારે એનો અભાવ થઈ જશે ત્યારે પ્રવૃત્તિ જ નહિ રહે, બસ તેને જ અવિનાશી પદ જાણો. ૨૬.

શિષ્ય–નિર્મમત્વનું ચિંતવન કરવાનો ઉપાય શું ?

આચાર્ય:– ૨૭ થી ૩૦ ચરણ સુધીમાં તેનો જવાબ આપે છે. દ્રવ્યાર્થિક નયથી હું એક છું. પૂર્વાપર પર્યાયોમાં અન્વિવંત છું, નિર્મમ છું, "આ મારું છે," "હું તેનો છું." એવા અભિનિવેશથી રહિત છું. શુદ્ધ છું, નિશ્ચય નયથી દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ આદિથી રહિત છું. કેવલીઓ દ્વારા તો અનંત પર્યાય સહિત રૂપથી અને શ્રુત કેવલી દ્વારા શુદ્ધોપયોગ માત્ર રૂપથી જાણવામાં આવી શકાય એવો હું આત્મા છું. અને સંયોગથી દ્રવ્ય કર્મોથી પ્રાપ્ત થયેલ દેહાદિક પર્યાય છે, તે સર્વ મારાથી તદ્દન ભિન્ન છે. ૨૭.

સંસારનાં જીવો દેહાદિકના સંયોગથી, અન્ય વસ્તુઓના સંયોગથી ડુંગર જેવડા મોટા દુઃખોને, દુઃખના સમૂહને વેદે છે, સહન કરે છે, અને એ સર્વ સંયોગો મન, વચન અને શરીરની ક્રિયાઓથી થયા કરે છે, માટે એ સર્વ સંયોગોનો ત્યાગ કરવા યોગ્ય છે.

મન, વચન અને શરીરથી "આ મારું છે," એવી જ્યાં સુધી મમત્વ બુદ્ધિ, મનોવૃત્તિ રહે છે, ત્યાં સુધી સંસાર કાયમ સ્થિર રહે છે. એ સર્વથી હું ભિન્ન છું, એવી બુદ્ધિ વૃત્તિ થાય ત્યારે જ મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે. ૨૮.

સાધક વિચારે છે કે–શરીર આદિ પુદ્ગલની સાથે જીવનો મારાપણાનો સંબંધ છે, તેથી જ રોગ, મૃત્યુ, જરા, જન્મ આદિ બાધાઓ ઉપજે છે, થાય છે, તો કેવી ભાવનાથી

એ બાધાઓને હટાવવી (હઠાડવી) જોઈએ અને તેનું પોતે જ સમાધાન કરે છે કે :—

'એકોઽહં નિર્મમઃ શુદ્ધઃ।' હું એકલો એકાકી નિર્મમત્વ શુદ્ધ આત્મા છું. એવી જેને પ્રતીતિ થઈ છે, તેને મરણનો ભય નથી રહેતો. તે જાણે છે કે, આત્મા મરતો નથી, એ તો ફક્ત શરીરની ફેરબદલી છે, પછી તેમાં ભય પામવાનું શું? તેમ જ્વરાદિ રોગોથી મને પીડા થતી નથી, રોગો મારા નથી, પછી પીડા શેની? તેમ જ બાળપણ, યૌવન, વૃદ્ધત્વ, જેવી અવસ્થાના કલેશોથી હું શા માટે દુઃખ પામું? એ સર્વ અવસ્થાઓ તો પુદ્ગલોના પરિણામ રૂપે છે. તે સર્વ કાંઈ મારા નથી, પણ પરદ્રવ્યો છે. ૨૯.

વળી સાધક વિચારે છે કે—

એ સર્વ પુદ્ગલો મેં પૂર્વભવોમાં પણ ફરી ફરી અનેક વાર મોહ–મમત્વ રાખીને ભોગવ્યા છે, અને ભોગવી ભોગવીને છોડી દીધા છે. ભોજનમાંથી છોડી દીધેલું ઉચ્છિષ્ટ ભોજન તે એઠ કહેવાય છે. તેમ ભોગવીને છોડી દીધેલા ભોગો પણ એઠવાડ સમાન છે, એવી એઠમાં મારા જેવા જ્ઞાનીને હવે સ્પૃહા, ભોગેચ્છા શેની હોય? અર્થાત્ હવે એવી કોઈ ભોગેચ્છા રહી નથી.

હે આત્મન્! હવે તું જ્યારે મોક્ષાર્થી થયો છે, ત્યારે તારે નિર્મમત્વની જ ભાવના ભાવવી જોઈએ. ૩૦.

શિષ્ય—જીવની સાથે પુદ્ગલ હંમેશાં કેવી રીતે બંધાય છે?

આચાર્ય કહે છે :—

કોઈ વાર જીવ બળવાન હોય છે, તો કોઈ વાર કર્મબળવાન થઈ જાય છે; એ રીતે જીવ અને કર્મનું વેર અનાદિકાળથી ચાલી રહ્યું છે. પૂર્વ કર્મ બળવાન થાય છે, ત્યારે જીવનાં ઔદાયિક વગેરે ભાવો પેદા કરી જીવ પાસે વિશેષ કર્મો કરાવે છે. એટલે કર્મની પરંપરા વધે છે. અને કોઈ વાર કાળલબ્ધિથી જીવ બળવાન બનીને કર્મોને રોકે છે, તેમ જ કર્મોની નિર્જરા કરે છે. જીવના પરિણામ કે જે નિમિત્ત કારણ છે, તેને ગ્રહણ કરીને પુદ્ગળ કર્મરૂપે પરિણમે છે. અને પોતાના ચેતનાત્મક પરિણામોથી પોતે જ પરિણામવાળા જીવને માટે પૌદ્ગલિક કર્મ નિમિત્ત બની જાય છે. અને કાળ આદિ લબ્ધિથી બળવાન થયેલ જીવ કર્મોનો નાશ કરીને પોતાના અનંત સુખનું કારણ હોવાથી સ્વાત્મ ઉપલબ્ધિ રૂપ મોક્ષને ચાહે છે. માટે જ કહેવાય છે કે, પોતપોતાના મહાત્મ્યનો પ્રભાવ વધતાં પોતાના સ્વાર્થને માટે પોતાની ઉપકારક વસ્તુને કોણ નથી ચાહતું ? ૩૧.

માટે સમજો કે, કર્મથી બંધાયેલ પ્રાણી કર્મનો સંચય કરે છે ત્યારે :—

લોકોનો સામાન્ય સ્વભાવ એવો હોય છે કે, પોતાનો સ્વાર્થ સાધી લેવો, તેમને અનુસરીને હે જીવાત્મા ! તું પણ તારો સ્વાર્થ સાધી લે, દેહાદિ સર્વ પરવસ્તુ છે. છતાં અજ્ઞ બનીને તેના ઉપર તું સદા ઉપકાર કરતો આવ્યો છે. અર્થાત્ દેહાદિને સંતોષવામાં તું તારી શક્તિનો ઉપયોગ કરી રહ્યો છે. તે સર્વ પર ઉપકાર છે. તેને ત્યાગીને લોકસ્વભાવને અનુસરીને

તું તારો પોતાનો સ્વાર્થ સાધી લે એટલે કે તું મોક્ષ—સાધના કરીને તું તારા પોતાના ઉપર જ ઉપકાર કર. ૩૨.

શિષ્ય— સ્વ અને પરનો ભેદ કેવી રીતે જાણવો અને તે જાણવાનું શું ફળ થાય?

આચાર્ય કહે છે:—

ગુરુના બોધથી તથા પોતાના અભ્યાસથી ઉપજેલા જ્ઞાનથી, સ્વાનુભૂતિ દ્વારા આત્મા અને પરનો ભેદ જણાય છે. અને તેનું ફળ આત્મિક સુખ જે અનંત છે તે પ્રાપ્ત થાય છે, મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે. ૩૩.

શિષ્ય—મોક્ષ સુખના અનુભવના વિષયમાં ગુરુ કોણ થાય છે?

આચાર્ય કહે છે:—

જ્યારે આત્મા પોતે જ મોક્ષ સુખનો અભિલાષી થાય છે, ત્યારે "મને મોક્ષ સુખ પ્રાપ્ત થાઓ" એવી અભિલાષા જીવ કરતો રહે છે. ત્યારે તે મોક્ષ સુખના ઉપાયો જાણવાને ઇચ્છે છે, અને ત્યારે પોતે જ પોતાના જ્ઞાનથી પોતાને મોક્ષ સુખના ઉપાયો બતાવનાર ગુરુ બની જાય છે. ૩૪.

શિષ્ય—આત્મા જ ગુરુ છે, તો પછી ધર્માચાર્ય ગુરુની જરૂર ન રહી? એટલે તેમની સેવા કરવાની પણ જરૂર રહેતી નથી.

આચાર્ય સમજાવે છે કે—

તત્ત્વજ્ઞાની જીવ કોઈપણ ઉપાયે તત્વજ્ઞાનને ત્યાગી અજ્ઞતા પ્રાપ્ત કરતો નથી, તેમ અજ્ઞ જીવ, અભવ્ય આદિ જીવ હજારો ધર્મોપદેશથી પણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. ગુરુ આદિ કે શત્રુ, મિત્ર આદિ તેમાં વ્યવહારથી નિમિત્ત માત્ર જ છે. પરમાર્થથી વાસ્તવમાં કોઈપણ કાર્યનું થવું કે ન થવું તેનો આધાર તેની પોતાની યોગ્યતા ઉપર જ રહેલો છે. ૩૫.

શિષ્ય પૂછે છે કે, અભ્યાસ કેમ કરવો?

આચાર્ય કહે છે:—

રાગાદિ વિકલ્પોથી ઉપજતો ચિત્ત વિક્ષેપ જેણે ઉપશમાવી દીધો છે, અને જે પોતાના સ્વ–સ્વરૂપમાં સ્થિત થવા માટે એકાન્ત સ્થાનમાં, યોગસાધના માટે યોગ્ય પર્વતની ગુફા આદિમાં આળસ, નિદ્રા, પ્રમાદ, વગેરે દૂર કરીને અભ્યાસ કરે. ૩૬.

શિષ્ય—ભગવન્! યોગીને સ્વાનુભૂતિ થઈ રહી છે, તેની તેને કેમ ખબર પડે? અને એની હર એક ક્ષણમાં ઉન્નતિ થઈ રહી છે એ પણ કેમ જાણી શકાય?

આચાર્ય કહે છે:—

જેમ જેમ સ્વાનુભવથી, સ્વસંવેદનથી, શુદ્ધાત્મ સ્વરૂપ પ્રકાશતું જાય છે, સન્મુખ આવતું જાય છે, તેમ તેમ અનાયાસે પ્રાપ્ત થયેલા ભોગોમાં પણ તેની રુચિ, પ્રીતિ તથા આદર રહેતો નથી. તેના અંતરમાં ભોગેચ્છા ઉત્પન્ન થતી નથી. ૩૭.

ઉપરના ભાવને વિશેષ સ્પષ્ટ કરતાં કહે છે કે :—જેમ જેમ અનાયાસે પ્રાપ્ત થયેલા, પ્રાપ્ત ભોગો ઉપરથી ભોગેચ્છા વિરમતી જાય છે, અરુચિ વૃદ્ધિ પામતી જાય છે, તેમ તેમ યોગીની આત્મસંવેદનમાં નિજાત્માની અનુભવની પરિણતી વૃદ્ધિ પામતી જાય છે. ૩૮.

આચાર્ય કહે છે :—

સ્વ–સંવેદન વૃદ્ધિ પામતા પરિણતી કેવું રૂપ ધારણ કરતી જાય છે તે સાંભળ. યોગી સમસ્ત વિશ્વને ઇન્દ્રજાળ સમાન વ્યર્થ માને છે, અને સ્વપ્નવત્ જાણે છે. અને આત્મ-લાભ, આત્મપ્રાપ્તિની અભિરુચિ વૃદ્ધિ પામે છે, અને કોઈ વખતે અન્ય વિષયમાં, પરવસ્તુમાં, મન ખેંચાઈ જાય છે, તો તુરત પશ્ચાતાપ કરે છે. ૩૯.

સાચો યોગી (સાધુ) એકાંતવાસ ઇચ્છે છે, સદાયે નિર્જનતા ચાહે છે. પોતાના કાર્ય માટે પણ ઓછામાં ઓછું બોલે અને તેને પણ ભૂલી જાય છે.

લોકોનું મનોરંજન થાય તેવું બોલવું, મંત્ર–તંત્રના પ્રયોગ કરવા, જ્યોતિષથી લોકોના લાભાલાભ બતાવવા વગેરે સાચા સાધુઓનું કર્તવ્ય નથી. અને એવા કામોમાં ફસાઈ ન જવાય તે માટે જ સાધુને નિર્જનતા અને એકાન્તવાસની જરૂરિઆત આચાર્યશ્રીએ બતાવી છે.

સાચો સાધુ, યોગી પોતાના આત્મધ્યાનમાં જ લીન હોય. તેને જનસંગ પસંદ પડતો નથી. તેમજ વધારે

બોલવું પણ ગમતું નથી. અને આત્મધ્યાનમાં જ મગ્ન હોવાથી બોલેલું પણ થોડી વારમાં ભૂલી જાય છે. ૪૦.

જેણે આત્મસ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત કરી લીધી છે, તેવા યોગી સાધુની બધી ક્રિયા અનાસક્ત ભાવે થતી હોવાથી તે બોલે છે છતાં બોલતા નથી, જોવા છતાં જોતા નથી. ૪૧.

જ્યારે યોગી પોતાના યોગમાં (સમાધિમાં) તન્મય થઈ જાય છે, અતીંદ્રિયાનંદમાં લીન થાય છે, ત્યારે તે પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનું અવલોકન કરતા રહે છે. પોતાના નિરંજન આત્માનો જ અનુભવ કરતા રહે છે, અને આત્મતન્મયતાને લીધે તેને પોતાના શરીરનું પણ વેદન ભૂલાય છે અને બાહ્ય જ્ઞાન શૂન્ય એ અવસ્થા છે, તેને સમાધિ કહે છે. સમાધિલીન યોગીને નિર્વિકલ્પનાનો અનુભવ હોય છે, તેથી એ અવસ્થામાં સંકલ્પ-વિકલ્પો થતા નથી. પરંતુ સમતારૂપ વીતરાગભાવનું આસ્વાદાન હોય છે, તે અપૂર્વ આનંદમય અવસ્થામાં મોક્ષ સુખ વેદાય છે, તે સ્થિતિ અવર્ણીય છે, અનુભવગમ્ય છે. ૪૨.

શિષ્ય--હે ભગવાન્! મને આશ્ચર્ય થાય છે કે, એવી વિલક્ષણ વિભિન્ન દશા થવાનો સંભવ કેમ હોઈ શકે?

આચાર્ય--ધીમાન્! સાંભળ!

જે જ્યાં રહે છે, ત્યાં તેના પર પ્રેમ રાગ થાય છે. પછી તે રાગી રાગવશાત્ બીજે કયાંઈ જઈ શકતો નથી, અથવા જવા ઇચ્છતો નથી. તે જ પ્રકારે યોગી સાધુજનને અધ્યાત્મમાં પ્રેમ લાગવાથી, તેને તેમાં જ આનંદનો અનુભવ થાય છે.

અને તેથી તેને આધ્યાત્મ પ્રવૃત્તિ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિમાં રસ આવતો નથી, અને રુચિ સિવાય અન્ય પ્રવૃત્તિ તેમને કેમ સંભવે ? ૪૩.

અન્ય કોઈ બીજી પ્રવૃત્તિ નથી કરતા ત્યારે શું થાય છે, તે હવે આગળ આચાર્ય બતાવે છે :—

આત્મધ્યાનમાં લીન એવા યોગીગણ આધ્યાત્મથી ભિન્ન અન્ય કોઈ પ્રવૃત્તિ કરતા નથી. તેથી આત્માથી અન્ય ભિન્ન શરીરાદિની શુભાશુભ વિચાર વિશેષથી અનભિજ્ઞ રહે છે. અન્ય–પર વસ્તુઓનો વિચાર ન કરવાથી તેમને રાગદ્વેષ ઉત્પન્ન થતો નથી. તેથી જેટલે અંશે રાગાત્મક વૃત્તિઓ રોકાય છે, તેટલી અબંધ દશા થાય છે અને પૂર્વકર્મની નિર્જરા થાય છે. ૪૪.

શરીર વગેરે અન્ય તે અન્ય જ છે, અને તેથી તેના વડે દુઃખ ઊપજે છે. આત્મા આત્મા જ છે, તેથી તેના વડે સુખ ઊપજે છે, તેથી મહાત્માઓ પોતાના આત્માને માટે જ સર્વ પ્રવૃત્તિ કરે છે. શરીર વગેરે જડ સ્વરૂપ છે, અને તે આત્માથી ભિન્ન છે, પરંતુ અજ્ઞાની મનુષ્ય તેમાં સ્વત્વની કલ્પના કરે છે, તેથી તેના વિયોગ સમયે દુઃખી થાય છે.

જે પદાર્થનો સંયોગ થાય છે, તેનો અવશ્ય વિયોગ પણ થાય છે જ. અને અજ્ઞ જન પોતાના માની લીધેલા એવા પદાર્થોના સંયોગથી હર્ષિત અને વિયોગથી અત્યંત દુઃખી થાય છે, અને વિલાપ કરે છે.

પરંતુ આત્મ–પદાર્થ ચૈતન્ય સ્વરૂપ છે. અને આત્મસાધનાથી સ્વાધીન નિરાકુળ આત્મસુખની પ્રાપ્તિ થાય છે. તેથી તીર્થંકર

ભગવાનોએ કઠોર તપસ્યા રૂપ આત્મસાધના કરીને સર્વ કર્મોનો ક્ષય કરીને શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે.

એટલે મહાત્માઓની સર્વ પ્રવૃત્તિઓ પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે જ હોય છે. ૪૫.

હેય અને ઉપાદેયને નહિ જાણવાવાળા અજ્ઞ મનુષ્યો શરીરાદિ જડ દ્રવ્યને (પુદ્ગલને) પોતાના માનીને તેમાં આનંદ માને છે. તેથી તે પુદ્ગલો નરકાદિ ચાર ગતિમાં જીવને છોડતા નથી, ભવ ભવમાં એ પુદ્ગલો જીવની સાથે બંધાયેલા જ જ રહે છે. ૪૬.

ધ્યાનમાં સ્થિર, મગ્ન થવાથી, યોગી પ્રવૃત્તિ લક્ષણવાળા બાહ્ય વ્યાપારથી ઉદાસીનપણે ઉદયાનુસાર વર્તે છે. એવા યોગીઓ આત્મધ્યાનમાં પરમાનંદનો અનુભવ કરે છે. ધ્યાન-હીન માનવ તે પરમાનંદને અનુભવી શકતો નથી. ૪૭.

ધ્યાનાનંદ રૂપ અગ્નિ ભવોભવના સંચિત કર્મોની રાશિને બાળીને ભસ્મ કરી નાખે છે. એવા આનંદમસ્ત યોગીઓ, પરિસહ, ઉપસર્ગ, વગેરે બાહ્ય કલેશ, દુઃખોના વેદન પ્રત્યે ઉપેક્ષા બુદ્ધિવાળા હોવાથી હોતેઓ તેથી શોક દુઃખ રહિત થાય છે. ૪૮.

પરમજ્ઞાન રૂપ મહા જ્યોતિ અવિદ્યાનો નાશ કરે છે. માટે મુમુક્ષુએ–મોક્ષના અભિલાષીઓએ ગુરુ આદિની પાસેથી તેની જ (જ્ઞાનજ્યોતિની) પુછગાછ કરવી જોઈએ. તથા એની જ ઇચ્છા કરવી જોઇએ અને સદા એનો જ અનુભવ કરવો જોઇએ. ૪૯.

આ પ્રમાણે શિષ્યને વિસ્તારથી સમજાવ્યા પછી આચાર્યશ્રી તેના સારરૂપ હેય ઉપાદેય તત્ત્વને સમજાવે છે.

આત્મા જુદો છે, પુદ્ગલ જુદા છે. શરીરાદિ પુદ્ગલ દ્રવ્યથી આત્મા તદ્દન ભિન્ન છે, એ તત્ત્વનો સાર છે. સૂત્ર, શાસ્ત્રોમાં એ સિવાયનું બીજું જે કંઈ કહેવામાં આવ્યું છે, એ સર્વ આ એક જ તત્ત્વનો સર્વ વિસ્તાર છે. ૫૦.

હિતાહિતની પરીક્ષા કરવામાં ચતુર એવો મતિમાન ભવ્યાત્મા, મોક્ષના પરમ સુખના કારણભૂત આત્મજ્ઞાનનો ઉપદેશ જેમાં ભરેલો છે, એવા આ ઇષ્ટોપદેશ નામના ગ્રંથનું યથાર્થ પ્રકારે અધ્યયન, મનન અને ચિંતન કરીને તેથી ઉત્પન્ન થયેલ આત્મજ્ઞાનથી માન, અપમાન, આદિમાં રાગદ્વેષ ન કરતાં સમભાવ ધારણ કરી, નિરાગ્રહી બની, નગર કે ગ્રામમાં અથવા નિર્જન વનમાં વસવા છતાં અનુપમ શિવ સંપદા રૂપ મોક્ષપદ પ્રાપ્ત કરે છે. ૫૧.

સદ્ગુરુનો સદ્બોધ ગ્રહણ કરીને જે તેની ઉપાસના કરે છે, તેને આત્મા અને પુદ્ગલ ભિન્ન છે, તેની પ્રતીતિ થાય છે, અને સ્વાનુભવથી આત્મસ્વરૂપને ઓળખે છે. તેથી તે પરમ સુખના ધામરૂપ પરમાત્મ પદને પ્રાપ્ત કરે છે. ૫૨.

શિવ મસ્તુ સર્વ જગતઃ, પરહિત રતઃ ભવન્તુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાન્તુ નાશં સર્વત્ર સુખી ભવન્તુ લોકઃ ૧.

સર્વેપિ સન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા।
સર્વે ભદ્રાણિ પશ્યેત્ માકાશ્ચત્ પાપમાચરેત્ ૨.

લિ. વિશ્વશાન્તિ ચાહક

સોઽહમ્

સોઽહમ્ ૐ સોઽહમ્

સોઽહમ્

શ્રી પ્રભેન્દુ વિરચિત

ૐ સમાધિ શતક ૐ

(સરળ ગુજરાતી અનુવાદ)

સંપાદક

વિશ્વ શાન્તિ ચાહક

વિષય સુખાનિ દ્વૈ દિવસ કે પુનઃ દુઃખાનાં પરિપાટી।
ભ્રાન્ત જીવ મા વાહય ત્વં આત્મનઃ સ્કંધે કુઠારમ્॥

—પરમાત્મ પ્રકાશ

વિષયોનું સુખ માત્ર બે દિવસનું જ છે; અને પાછળથી એ વિષયો દુઃખની સંતતી રૂપ છે એમ જાણીને હે ભ્રાન્ત જીવ, તું પોતાના સ્કંધ પર તું પોતે જ કુલ્હાડી ન માર. અર્થાત્ વિષયોના સેવનથી નરકાદિ દુઃખોમાં પોતાને ડુબાવનાર આ આત્મા જ છે માટે તેનાથી વિરમ અને જ્ઞાનીઓના માર્ગને અનુસરણ કર તે જ શ્રેયનો માર્ગ છે.

પ્રથમાવૃત્તિ

સોઽહમ્

સોઽહમ્ ॐ સોઽહમ્

સોઽહમ્

સમાધિશતક

જેણે આત્માને આત્મા રૂપે જ જાણ્યો અને અપરને પર જાણ્યું એવા અક્ષય અને અનંત બોધવાળા સિદ્ધાત્માને નમસ્કાર કરું છું.

અહીં પૂર્વાર્ધથી મોક્ષોપાય કહ્યો અને ઉત્તરાર્ધથી મોક્ષ સ્વરૂપ કહ્યું, સિદ્ધાત્મા એટલે સિદ્ધ પ્રભુ. અર્થાત્ સિદ્ધ એટલે સકળ કર્મથી અત્યંત મુક્ત તેવા આત્માને નમસ્કાર.

તેમણે શું કરેલ છે?

જેણે આત્માને આત્મા રૂપે જ યથાર્થ જાણેલો, શરીરાદિ રૂપે કે કર્મોત્પાદિત સુર, નર, નરક, તિર્યંચાદિ જીવ પર્યાયાદિ રૂપે નહિ, અપર એટલે બીજું, આત્માથી અન્ય (જુદું) એવું જે શરીરાદિ તથા કર્મજનિત મનુષ્યાદિ જીવ પર્યાયાદિકને પર એટલે ભિન્ન જાણેલું, એટલું જ નહિ પણ જે અક્ષય અને અનંત બોધવાળા, એટલે અક્ષય નામ અવિનશ્વર અને અનંત એટલે દેશકાલાનવચ્છિન્ન જેનો બોધ તેવા, તેમને નમસ્કાર હો. આવો જે બોધ તે અનંત દર્શન સુખવીર્ય સહવર્તમાન જ

હોવો જોઇએ, એટલે તે સામર્થ્યથી તે સિદ્ધાત્મા અનંત ચતુષ્ટ રૂપ પણ જાણવા એમ તાત્પર્ય છે. હવે અત્રે એવી શંકા થાય કે, પોતાના ઇષ્ટ દેવતા તો પંચપરમેષ્ઠી રૂપ છે, છતાં સિદ્ધને કેમ નમસ્કાર કર્યો ? તેના સમાધાનમાં સમજવું કે—

વ્યખ્યાતા અને શ્રોતાને સિદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે, માટે સિદ્ધને નમસ્કાર કર્યો છે. વળી સિદ્ધ શબ્દથી જ અરિહંત આદિનું ગ્રહણ થાય છે, કારણ કે તેમને પણ નયા-પેક્ષાએ દેશથી સિદ્ધપણું છે. ૧.

પૂર્વોક્ત સિદ્ધ સ્વરૂપ પ્રાપ્તિ અર્થે ઉપદેશકર્તા સકલ ઇષ્ટ દેવતાની સ્તુતિ કરે છે, જે ભગવાનની ભારતી રૂપ વાણી વિભૂતિ કોઇ પણ આત્માને બાધ ન કરતા છતાં વિજયી વર્તે છે. તે ભારતીની વિભૂતિઓ કેવી છે, તે કહે છે.

'અવદતોડપિ' એ વિશેષણ દિગમ્બર આમ્નાયનું છે, કેમકે દિગમ્બર મતમાં ભગવાનની દિવ્ય ધ્વનિ અનક્ષર રૂપ છે. શ્વેતામ્બર મતમાં ભગવાન અક્ષર રૂપ વાણીથી મુખ દ્વારા ઉપદેશ આપે છે.

ભગવાન અક્ષર રૂપથી ઉપદેશ આપે છે, તેનો નિર્ણય સિદ્ધાંત ગ્રંથોથી જોઇ લેવો.

'અવદતોડપિ' એ વિશેષણ સહિત વિભૂતિઓ જાણવી, અથવા દ્વંદ્વ–સમાસ કરતાં, વાણી તથા છત્ર, ચામર, પ્રતિ-હાર્યાદિક વિભૂતિ એમ બેનો સમાવેશ ગ્રહી શકાય, નિરીહ એવા ભગવંત છતાં જેની એવી વિભૂતિ છે, ઇચ્છા મોહનીય કર્મથી ઉત્પન્ન થાય છે. પ્રભુએ મોહનીય કર્મનો નાશ કર્યો

છે, તેથી ઈચ્છારહિત છે. એવા તીર્થંકર એટલે સંસાર સમુદ્રથી તરવાના તીર્થ જેવું આગમ (તીર્થ) કરનાર છે, શિવાય–પરમ કલ્યાણ સ્વરૂપ છે, તેમને ધાત્રે એટલે સકલ લોકનો ઉદ્ધાર કરનાર એવા તેમને, સુગતાય એટલે સમ્યગ્ અનંત ચતુષ્યને જે પામેલા છે એવા, વિષ્ણુ એટલે સર્વ લોકાલોકના કેવલજ્ઞાન વડે વ્યાપક એવા તેમને, જિન એટલે કર્મરૂપ શત્રુઓને જીતનાર એવા, સકલાત્મા એટલે કલાએ સહવર્તમાન છે શરીર જેનું તે સકલ તેવા આત્મા એવા તેમને નમસ્કાર. ૨.

શક્તિથી અનુસરીને, શ્રુત થકી, લિંગ થકી, સમાહિત અંતઃકરણ વડે નિરીક્ષા કરીને કૈવલ્ય સુખની સ્પૃહા કરનાર માટે, વિવિક્ત આત્મસ્વરૂપ કહ્યું છું.

ઈષ્ટદેવને નમસ્કાર કર્યા પછી, વિવિક્ત એટલે કર્મના મળથી રહિત એવા આત્માનું, જીવનું સ્વરૂપ કહું છું. શક્તિને અનુસરી યથાશક્તિ કહું છું. તેવા આત્માની નિર્મળ મનથી નિરીક્ષા કરીને કહું છું, નિરીક્ષા શાથી થાય?

એક તો શ્રુતિ એટલે સૂત્ર સિદ્ધાંતથી, તેમજ લિંગ થકી એટલે હેતુ થકી નિરીક્ષા કરીને કહું છું, તે આ પ્રમાણે, આત્મા શરીરાદિથી ભિન્ન છે, કેમ કે તે ભિન્ન લક્ષણવાળા છે. જે જેનાથી ભિન્ન લક્ષણવાળું હોય તે તેનાથી ભિન્ન હોય જેમ કે જળ અને અગ્નિ, એ જ પ્રમાણે આત્મા અને શરીર ભિન્ન લક્ષણો પેત છે, એ લક્ષણ કંઈ અપ્રસિદ્ધ છે એમ પણ નથી. કેમ કે આત્મા છે તે ઉપયોગ સ્વરૂપે ઉપલક્ષિત છે, ને શરીરાદિ છે તે તેથી વિપરીત જડ સ્વભાવવાળું છે.

એકાગ્ર ચિત્તથી આવું અનુભવ જ્ઞાન પામીને બન્નેના લક્ષણ કહું છું. સકલ કર્મ મલથી રહિત થતાં જે શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે, તે સુખની સ્પૃહા જેમને છે, તેવા અધિકારીને આત્મસ્વરૂપ કહું છું. ૩.

સર્વ દેહમાં—બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા, એ ત્રણ પ્રકારે આત્મા છે, તેમાં અંતરાત્માથી પરમાત્માની પ્રાપ્તિ કરવી અને બહિરાત્માનો ત્યાગ કરવો.

જડ વસ્તુમાં આત્મબુદ્ધિ તે બહિરાત્મા. દેહથી આત્મા જુદો છે, એવી બુદ્ધિ તે અંતરાત્મા, અને નિર્મલ કર્મરહિત રત્નત્રયી યુક્ત તે પરમાત્મા. એ ત્રણ પ્રકારનો આત્મા સર્વ દેહને વિષે રહેલો છે. અભવ્ય જીવોમાં નહીં, કેમ કે તેનામાં તો બહિરાત્મા માત્રનો સંભવ છે, ત્યારે તો સર્વ દેહમાં ત્રિધા આત્મા હોય એ પણ શી રીતે?

અભવ્યમાં પણ દ્રવ્ય રૂપતાએ કરીને ત્યાં પણ ત્રિધાત્મ સદ્‌ભાવ ઉત્પન્ન છે, અભવ્ય જીવોમાં અંતરાત્મા અને પરમાત્મત્વ સત્તાએ રહ્યું છે. પણ અભવ્યોમાં અંતરાત્મા અને પરમાત્મત્વનો આવિર્ભાવ (પ્રગટ ભાવ) થતો નથી. તેથી અભવ્ય જીવો પરમાત્મ પદ પામતા નથી, અને મોક્ષમાં જતાં નથી.

અભવ્યોમાં આવિર્ભાવે સદાકાળ બહિરાત્મપણું છે, કારણ કે તેમાં તેવા પ્રકારનો સ્વભાવ જ કારણ છે, અભવ્ય જીવોમાં પાંચ જ્ઞાનાવરણની ઉપપત્તિ ઘટે છેઃ કેવલજ્ઞાન, કેવલ દર્શન, અને ક્ષાયીક ચારિત્ર્યની સામગ્રી તેઓને પ્રાપ્ત થવાની નથી, માટે તે અભવ્ય કહેવાય છે. પણ તેઓમાં સત્તાની

અપેક્ષાએ ત્રિધાત્મનું અભાવપણું ઘટતું નથી, અથવા ભવ્ય રાશિની અપેક્ષા એ સર્વ દેહ એમ કહ્યું છે એમ પણ માની શકાય અથવા પાસેના તેથી દૂર, અને સૌથી દૂર એવા સર્વ ભવ્યને વિષે એ પ્રમાણે ભવ્યાભવ્ય સર્વત્ર ત્રિધાત્મા કહ્યો, ત્યારે શ્રીસર્વજ્ઞ જે પરમાત્મા છે તેનામાં અંતરાત્માને બહિરાત્માના અભાવને લીધે એ વાત ઘટે નહિ, એ શંકા પણ નકામી છે, કેમ કે ભૂત પ્રજ્ઞાપન નયની અપેક્ષાએ તેમનામાં પણ તે આત્માનો વિરોધ નથી, અને ઘૃત ઘટની પેઠે સિદ્ધ થાય છે.

જે સર્વજ્ઞાવસ્થામાં પર એવો પરમાત્મા થયો તે પૂર્વે પણ બહિરાત્મા, અંતરાત્મા હતો. એ તો ઘૃતઘટની જેમ સિદ્ધ જ છે. અંતરાત્માનું પણ બહિરાત્મત્વ તથા પરમાત્મત્વ ભૂત ભાવિ પ્રજ્ઞાપન નયાપેક્ષાએ સમજી લેવું.

ત્યારે એ ત્રણમાંથી શાથી શાનું ઉપાદાન કરવું ? શાનો ત્યાગ કરવો ? તે કહે છે.

પરમાત્માને પામવો અને બહિરાત્માને તજવો તે માટેનો પ્રયત્ન મધ્ય અથવા અંતરાત્માએ કરવો. બહિરાત્માને અંતરાત્મા બનતા ત્યાગવો. હવે આગળ ત્રણેનું પૃથક્ લક્ષણ બતાવે છે. ૪.

શરીરાદિને વિષે આત્મભ્રાન્તિ જેને છે તે બહિરાત્મા, ચિત્તદોષરૂપ ભ્રાન્તિરહિત તે અંતરાત્મા અને અતિ નિર્મળ તે પરમાત્મા.

શરીરાદિ એટલે શરીર, વાણી અને મન; તેમને વિષે આત્મબુદ્ધિ જેને થઈ છે તે બહિરાત્મા, ચિત્ત એટલે વિકલ્પ, દોષ

એટલે રાગાદિ અને આત્મા તે શુદ્ધ ચેતન દ્રવ્ય, તેમાંથી વિભ્રાંતિ એટલે ભ્રાન્તિનું દૂર થવું, જતું રહેવું, કે જેને થયું છે, તે અંતરાત્મા. જે ચિત્તને ચિત્ત રૂપે, દોષને દોષને રૂપે આત્માને આત્મારૂપે જાણે છે, તે અંતરાત્મા છે, અર્થાત્ છે ચિત્ત અને દોષોમાં 'આત્મા' માનવા રૂપ ભ્રાન્તિ જતી રહી છે તે અંતરાત્મા. પરમાત્મા તે કેવા છે, જે સર્વ કર્મ મળ રહિત છે, તે પરમાત્મા છે. તેના ગુણો કહે છે. ૫

નિર્મળ, કેવળ, શુદ્ધ, વિવિક્ત, પ્રભુ, અવ્યય, પરમેષ્ઠી, પરાત્મા, પરમાત્મા, ઇશ્વર, જિન, નિર્મળ એટલે કર્મમળ રહિત છે. કેવળ એટલે શરીરાદિ સંબંધ રહિત છે. શુદ્ધ એટલે દ્રવ્યકર્મ અને ભાવકર્મરહિત પરમ વિશુદ્ધ છે.

વિવિક્ત એટલે શરીર કર્માદિના સ્પર્શથી રહિત. પ્રભુ એટલે ઇંદ્રાદિકના સ્વામી છે. અવ્યય એટલે પોતાના સ્વરૂપથી નાશ નહિ થનારા એવા, પરમેષ્ઠી એટલે ઇંદ્રાદિથી વંદનિક તે, જિન એટલે રાગદ્વેષાદિ જીતનારા, પરમાત્મા એટલે સંસારી જીવોથી જેનો ઉકૃષ્ટ આત્મા છે, આદિ અનેક નામધારક પરમાત્મા છે. ૬.

ઇંન્દ્રિય દ્વારથી બાહ્ય એવા પદાર્થના ગ્રહણ પ્રતિ સ્ફુરણા પામવાથી જે બહિરાત્મા આત્મજ્ઞાનથી પરાઙ્મુખ (વંચિત) થઈ એમ જ જાણે છે કે આ દેહ એ જ આત્મા છે અને શરીર તે જ હું છું, એવી તેને બુદ્ધિ થાય છે, તેથી તે શરીરને જ આત્મા માને છે. ૭.

નર એટલે મનુષ્ય તેના દેહમાં રહેલો તે પોતાને

(આત્માને) નર માને છે, કોણ એમ માને છે? કે જે બહિરાત્મા છે તે જ. એ જ રીતે પશુના દેહમાં હોય તો આત્માને પશુ માને છે. ને દેવ શરીરમાં હોય તો દેવ માને છે. ૮.

નરક યોગ્ય દેહમાં રહ્યો હોય તો તે આત્મા નારકી છું એમ મૂઢ માને છે, પણ પોતાનું જે યથાર્થ સ્વરૂપ તે જાણતો નથી. આત્મા છે તે કર્મની ઉપાધિ વિના નરાદિ રૂપને પોતાની મેળે લેતો નથી, અર્થાત્ તત્ત્વથી કર્મની ઉપાધિવાળો નથી. માત્ર વ્યવહારમાં તેવો કહેવાય છે, જીવને જે મનુષ્યાદિ પર્યાય પ્રાપ્ત થાય છે, તે કર્મોપાધિકૃત છે, કેમ કે કર્મ નિવૃતિ થતાં પર્યાય પણ નિવૃત્તિ પામે છે, અર્થાત્ તે તે પર્યાય જીવને વાસ્તવિક નથી, માટે જ કહેવામાં આવે છે કે, આત્મા તો અનંતાનંત જ્ઞાન શક્તિવાળો છે, અને અનંત વીર્ય શક્તિવાળો છે, એવો છતાં શી રીતે જાણી શકાય? માટે જણાવે છે કે, તે આત્મા સ્વસંવેદ્ય છે અને તે અચળ સ્થિતિવાળો છે. તેના સ્વરૂપનો વિનાશ સંભવતો નથી, અર્થાત્ મુક્ત થયા પછી પાછો સંસારમાં આવતો નથી. ૯.

મૂઢ અજ્ઞાની બહિરાત્મા અન્યના આત્મા સહિત અચેતન શરીરને પોતાના શરીરની માફક જ ઇન્દ્રિયોના વ્યાપાર તથા વચનાદિ વ્યવહાર કરતાં જોઈ, તેને અન્યના શરીરને અન્યનો આત્મા માની લે છે.

જેમ બહિરાત્મા પોતાના શરીરને પોતાનો આત્મા માને છે, તેવી જ રીતે સ્ત્રી, પુત્ર, મિત્ર આદિના શરીરને, સ્ત્રી, પુત્ર, મિત્રાદિના આત્મા રૂપે માને છે. ૧૦.

વિભ્રમ એટલે વિપર્યાસ—મિથ્યાજ્ઞાન, તે થાય છે. કોને થાય છે? તો જે આત્મસ્વરૂપને નથી જાણતા તેઓને. શાથી થાય છે? પૂર્વોક્ત એવા સ્વપર અધ્યવસાયથી. ક્યાં થાય છે? કે દેહને વિષે. શા પ્રકારનો વિભ્રમ થાય છે? કે પુત્ર ભાર્યાદિ ગોચર, અર્થાત્ આત્માને ઉપકારક નહિ એવા પુત્ર દારા, ધન, ધાન્યાદિને પોતાનાં ઉપકારક માને છે, પોતાના માને છે, એવો ભ્રમ થાય છે, તેમની સંપતિથી સંતોષ માને છે, તેમના વિયોગથી મહા સંતાપ માની પ્રાણ ત્યાગ કરવાને પણ તૈયાર થાય છે. એવા વિભ્રમથી શું થાય તે કહે છે? ૧૧.

તેથી બહિરાત્મામાં અવિદ્યાના સંસ્કાર દૃઢ થાય છે, તેથી અજ્ઞાની જીવો જન્માન્તરમાં પણ શરીરને જ આત્મા માને છે. તે વિભ્રમમાંથી બહિરાત્માને સંસ્કાર રૂપ વાસના દૃઢ થાય છે, તેને અવિદ્યા કહે છે. એનાથી અવિવેકીઓ પુનઃ એટલે જન્માંતરે શરીરને જ આત્મા માને છે. એમ માની શું કરે છે તે કહે છે. ૧૨.

અનાદિકાળથી બહિરાત્માને દેહમાં આત્મબુદ્ધિની ભ્રાન્તિ થઈ છે, અને તે આત્માને પરમાનંદ નહિ પામવા દેતા દેહમાં જ બાંધી રાખે છે, સંસારમાં પરિભ્રમણ કરાવે છે, અર્થાત્ દીર્ઘ સંસાર તાપમાં તપાવે છે, આત્માને જડ જેવો રાખે છે. જેને આત્મામાં જ આત્મબુદ્ધિ છે એવો અંતરાત્મા પોતે પુદ્ગલના સંયોગથી આત્માને મુક્ત કરે છે અને પરમાત્મા રૂપ બને છે. ૧૩.

હવે આત્માને દેહ સાથે બાંધી રાખનાર બહિરાત્માના દુર્વિલાસનો અનુશય કરતા

આચાર્ય કહે છે—

પુત્ર, ભાર્યાદિ કલ્પના થઈ. શાને વિષે? દેહને વિષે, આત્મથી થતાં તે કયાં થતાં? દેહને વિષે. અર્થ એવો છે કે, પુત્રાદિ દેહને જીવત્વરૂપે માનનારાને મારો પુત્ર, મારી ભાર્યા, ઇત્યાદિ કલ્પના વિકલ્પ પેદા થાય છે. એવાં જે અનાત્મ રૂપ તેના થકી, આત્માને પુત્ર ભાર્યાદિ સંપત્તિને પોતાની માને છે. અહો! એમ માનનારું જગત વિનાશ પામી રહ્યું છે. અર્થાત્ સ્વરૂપના પરિજ્ઞાન વિના માત્ર બહિરાત્મ થઈ ગયું છે. ૧૪.

હવે કહેલા અર્થનો ઉપસંહાર કરી અંતરાત્મા થવાનું કહે છે!

સંસાર દુઃખનું મૂળ કારણ દેહમાં આત્મબુદ્ધિની ભ્રાન્તિ થવી તે જ છે, માટે તે બુદ્ધિને ત્યાગીને અંતરમાં પ્રવેશ કરવો. આત્મા આત્મા જ છે. એવી બુદ્ધિ કરવી, અર્થાત્ બહિરાત્મ ભાવ ત્યાગી અંતરાત્મા બનવું. અંતરાત્મા કેવી રીતે બનવું? તત્ત્વ સ્વરૂપને સમ્યક્ પ્રકારે સમજી આત્મામાં આત્મબુદ્ધિ કરવી, જડ વસ્તુ તે કદાપિ કાળે પોતા રૂપ થવાની નથી, માટે તે પોતાની નથી એવો નિશ્ચય કરવો. ૧૫.

હવે અંતરાત્મા થયેલ જીવ અલભ્ય લાભ પામી, પોતાની બહિરાત્મ વૃત્તિને યાદ કરી ખેદ કરે છે, મત્ત હોઈ આત્મ-સ્વરૂપથી ભ્રષ્ટ થયેલ અને ઇન્દ્રિય દ્વારા વિષયોમાં આસક્ત થયો એવો હું પોતે જ આત્મા છું. શરીરાદિ તે આત્મા નથી એમ પૂર્વે જાણ્યું નહિ, અહો! કેટલી મોટી ભૂલ થઈ?

અંતરાત્મ થતાં પૂર્વની બહિરાત્મ ચેષ્ટાથી આત્મા પશ્ચાતાપ કરે છે, અને પોતાનું સ્વરૂપ ઓળખવાથી આત્મા આનંદ પામે છે. ૧૬.

હવે આત્મજ્ઞાનનો ઉપાય દર્શાવે છે.

એ પ્રમાણે પુત્ર, ભાર્યા, ધન, ધાન્ય, કુટુંબ, ભોગાદિ બાહ્ય વસ્તુના વાચક શબ્દ માત્ર તેને સર્વથા પ્રકારે તજવા અને તે પછી અંતરવાચાને પણ અશેષપણે તજવી, અર્થાત્ જેથી અહંતા સિદ્ધ થાય છે તેવી વાચા માત્ર તજવી. એટલે હું સુખી, હું દુઃખી, આ મારું, આ તારું ઇત્યાદિ અંતરવાચા પણ તજવી. આવો જે બાહ્ય અને આંતર ત્યાગ રૂપ યોગ કહ્યો, તે કરવાથી આત્માની સ્થિરતા રૂપ એવો સમાધિ યોગ થાય કે સંક્ષેપમાં આત્મસ્વરૂપ પ્રકાશક તે યોગ જલદીથી બને છે. અત્રે ગ્રંથકર્તાએ ઉત્તમ સમાધિ યોગ બનાવ્યો છે. ચિત્તવૃત્તિ નિરોધ લક્ષણ સમાધિનું રહસ્ય પ્રાદુર્ભાવ પામે છે, અંતરવાચાને તજવી તે રાજયોગનું લક્ષણ છે, તેનો પણ અંતરભાવ અત્રે આ ભાવાર્થમાં થાય છે. ૧૭.

રૂપ એટલે શરીરાદિ રૂપ જે દેખાય છે અર્થાત્ ઇન્દ્રિયો દ્વારા મારાથી જણાય છે, તે તો અચેતન છે, એટલે હું તેને જે કાંઈ કહું તે તે સમજવાનું નથી. અને વાત કરવાનો વ્યવહાર તો જે જાણે તેની સાથે ઘટે, જાણનાર તો આત્મા છે, તો તે તો દૃશ્ય નથી, ઇન્દ્રિયાદિથી ગ્રાહ્ય નથી, એમ છે ત્યારે કોની સાથે બોલવું ? આ પ્રકારે બાહ્ય વિકલ્પ તજવી આંતર્વિકલ્પ તજવાની યુક્તિ કહે છે. ૧૮.

પર એટલે ઉપાધ્યાય ગુરુ આદિ તે મને પ્રતિપાદન[૧] કરે, જ્ઞાન આપે અને હું શિષ્યાદિને પ્રતિપાદન (શિક્ષણ આપવું.) કરવા બેસું, તે બધી મારી ઉન્મત્ત (પાગલપણું) ચેષ્ટા જ છે, મોહ માત્રને લઈને એ આખુ વિકલ્પ જાળ પ્રવર્તે છે, એમ કેમ કહો છો! તો કે હું તો કેવળ નિર્વિકલ્પ છું, વચન વિકલ્પો વડે હું અગ્રાહ્ય છું. ૧૯.

તે જ વિકલ્પાતીત સ્વરૂપનું નિરુપણ કરે છે, જે શુદ્ધાત્મ સ્વરૂપ, અગ્રાહ્ય એવું જે કર્મોદય નિમિત્ત ક્રોધાદિ સ્વરૂપ તેને ગ્રહતું નથી, અર્થાત્ આત્મસ્વરૂપે માનતું નથી, અને ગ્રાહ્યને (ગ્રહણ કરવાને) એટલે નિરંતર સિદ્ધ એવા પોતાના અનંત જ્ઞાનાદિ સ્વરૂપને તજતું નથી. આવું જે શુદ્ધાત્મ સ્વરૂપ તે શું કરે છે? શું જાણે છે?

ચેતન અચેતન—સર્વને જાણે છે, દ્રવ્ય પર્યાયાદિ સર્વ પ્રકારે સર્વને જાણે છે, આવું જે રૂપ તે સ્વસંવેદ્ય-સ્વસંવેદન ગ્રાહ્ય સ્વરૂપ તે હું આત્મા છું. એવા સ્વરૂપ પરિજ્ઞાન પૂર્વે મારું ચેષ્ટિત સ્વરૂપ કેવું હતું તે કહે છે. ૨૦.

જેને એક થાંભલો જોતાં આ પુરુષ છે. એવી ભ્રાન્તિ થઈ છે, તે પુરુષ થાંભલા પ્રતિ જેવી ચેષ્ટા કરે છે, તેવી જ મારી પણ ચેષ્ટા હતી. કોના પ્રતિ? તો કહે છે કે, દેહાદિ પ્રતિ, શા કારણથી? આત્મવિભ્રમથી, અર્થાત્ દેહાદિને આત્મ રૂપે માનવાના ભ્રમથી. કયારે? પૂર્વ એટલે કે ઉક્ત પ્રકારે આત્મસ્વરૂપના પરિજ્ઞાન પૂર્વ. ૨૧.

નોંધ—૧ પ્રતિપાદન—શીખવું અને શીખવવું.

હવે આત્મજ્ઞાન થતાં મારી ચેષ્ટા કેવી છે તે કહુ છું.

સ્થાણુને પુરુષ માનીને તેના પ્રતિ જે ચેષ્ટા થતી હતી, તે જ્યારે સ્થાણુ તે પુરુષ છે એવી ભ્રન્તિ મટી ગઈ, ત્યારે જેમ સ્થાણુને સ્થાણુ રૂપે જાણવા રૂપે પ્રવૃત્તિ થઈ, અર્થાત્ પુરુષ ગ્રહજનિત ઉપકારાપકારરૂપ પ્રવૃત્તિ અટકી.

તે જ પ્રમાણે દેહમાં થતો આત્મબુદ્ધિનો ભ્રમ નષ્ટ થવાથી તેવી જ ચેષ્ટાવાળો થયો છું દેહાદિ પ્રત્યે. ૨૨.

આત્મામાં પુરુષ લિંગ નથી, કે સંખ્યા પણ નથી, એ બતાવવા તથા આત્માનું સ્પષ્ટ સાધારણ સ્વરૂપ બનાવવા કહે છે.

જે ચૈતન્ય સ્વરૂપથી આત્મામાં સ્વસંવેદન સ્વભાવ વડે અનુભવાઉં છું. કોને? આત્માને. કયાં? આત્મા વિષે–સ્વરૂપને વિષે, તે જ હું છું, નપુંસક, સ્ત્રી કે પુરુષ હું કાંઈ નથી, તેમ જ એક બે કે બહુ પણ હું નથી, કેમ કે સ્ત્રીત્વાદિ ધર્મ છે તે તો કર્મોત્પાદિ તે દેહસ્વરૂપના છે. ૨૩.

જે આત્મ રૂપે હું અનુભવાઉં છું તે કેવો છે તે કહે છે :—

જે શુદ્ધ સ્વસંવેદનના અભાવે અર્થાત્ અનુભવ ન હતો ત્યારે હું સુપ્ત હતો, અર્થાત્ પદાર્થ પરિજ્ઞાનાભાવ લક્ષણ નિદ્રામાં ગાઢ લપેટાયેલો હતો, અને જેના સદ્ભાવે એટલે જે સ્વરૂપનો અનુભવ થતાં વિશેષે કરીને જાગેલો છું, તે જ સ્વરૂપ

હું છું. હું બાહ્ય ઇન્દ્રિયો વડે અગોચરપણાથી કથન કરવાને અશક્ય અને સ્વસંવેદન જ્ઞાન વડે ગ્રાહ્ય છું. ૨૪.

સ્વરૂપને જાણનારને રાગાદિ ક્ષીણ થયેલા હોવાથી કવચિત્ પણ શત્રુ-મિત્ર વ્યવસ્થા રહેતી નથી તે દર્શાવે છે :—

અહીં જ અર્થાત્ આ જન્મમાં જ, જ્ઞાન સ્વરૂપ સર્વ પરભાવથી રહિત એવા નિર્મળ આત્માને જાણનાર પુરુષના રાગ-દ્વેષાદિ દોષોનો નાશ થાય છે. શાથી ક્ષીણ થાય છે? તે ઉત્તરમાં સમજવું કે આત્માને તત્ત્વથી જાણવાથી, યથાવત્ આત્મસ્વરૂપ જાણવાથી, રાગાદિ ક્ષીણ થયા તેથી મારે શત્રુ કે મિત્ર રહેતા નથી. ૨૫.

તથાપિ કોઈ એમ શંકા કરીને કહે છે ભલે તું બીજા કોઈનો શત્રુ મિત્ર ન હો, તો પણ બીજા કોઈ તો તારા શત્રુ-મિત્ર હશે ને? તે શંકાનું સમાધાન કરે છેઃ—

અંતર આત્મા સમાધાન કરે છે કે અજ્ઞાની જનો તો મારા આત્માને દેખતા-જાણતા નથી. મારું આત્મસ્વરૂપ તો અતીન્દ્રિય હોવાથી તેમની ઇન્દ્રિયોને અગોચર છે, તેથી તેઓ મારા વિષે શત્રુ મિત્રની કલ્પના કેવી રીતે કરી શકે? તેઓ તો મારા જડ શરીરને જ દેખે છે. શરીરથી ભિન્ન એવો આત્મા તો દેખાતો નથી, તો ભલે તેઓ મારા શરીરને શત્રુ-મિત્ર માને. મારા આત્માને તેથી શું?

જ્ઞાનીજનો મારા શુદ્ધાત્મ સ્વરૂપને યથાવત્ જાણતા

હોવાથી તેમનામાં રાગ-દ્વેષાદિનો અભાવ છે, તેથી મારા પ્રત્યે તેમનામાં શત્રુ-મિત્રાદિ ભાવ કેમ સંભવે? ૨૬.

હવે અંતરાત્મા બહિરાત્માનો ત્યાગ કરે તે પછી પરમાત્મ પ્રાપ્તિનો શો ઉપાય તે બતાવવા કહે છે.

એ પ્રમાણે બહિરાત્માને તજીને અંતરાત્મામાં સ્થિર થયેલાએ સર્વ સંકલ્પ વર્જિત પરમાત્માની પૂર્વોક્ત પ્રમાણે ભાવના કરવી. અંતરાત્મ પદ પ્રાપ્ત કરે છતે, બહિરાત્માનો ત્યાગ કરી, અંતરાત્મા પરમાત્માની ભાવના કરે. કેવા પ્રકારના પરમાત્મા છે?

તો કહે છે કે, સર્વ સંકલ્પ વર્જિત છે, અથવા સર્વ સંકલ્પોને ત્યાગી પરમાત્માને ભાવે તે પરમાત્મા થાય છે, જે જેનું ધ્યાન કરે, તે તેવો થાય છે. ૨૭.

હવે ભાવનાનું ફળ કહે છે

પરમાત્માપદની ભાવના ભાવતા રહેવાથી સોઽહમ્ એ હું જ છું. "હું જ પરમાત્મા સમાન આત્મા છું." એવા સંસ્કાર પ્રાપ્ત થાય છે, ગ્રહણ થાય છે. એ પ્રમાણે વારંવાર તેનો અભ્યાસ કરતા રહેવાથી તે સંસ્કાર દૃઢ થઈ જાય છે, ત્યારે આત્મસ્થિતિને પ્રાપ્ત કરે છે, સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે. ૨૮.

મૂઢાત્મા તે બહિરાત્મા. જ્યાં શરીર, પુત્ર, કલત્ર, ધન, ધાન્ય આદિ ઉપર વિશ્વાસ કરે છે, એ સર્વ વસ્તુઓ મારી છે, હું એ વસ્તુથી ભિન્ન નથી, એમ અભેદ બુદ્ધિ અશુદ્ધ

પરિણામથી ધારણ કરે છે, તેનાથી કોઈ મોટો ભય નથી, તથા પરમાત્મ સ્વરૂપની રમણુતા, લીનતાથી જે ભય કરે છે, પરંતુ તેનાથી બીજું કોઈ અભય સ્થાન નથી, અથવા અજ્ઞાની જીવ પરમાત્મ સ્વરૂપમાં પ્રવૃત્તિ કરતાં ભય પામે છે, પરંતુ તત્ત્વ દૃષ્ટિથી વિચારતા આત્મધ્યાન, આત્મજ્ઞાન, આત્મરમણુતા, આત્મસ્થિરતા એ જ અનંત સુખના સ્થાનો છે, તે જ પરમ અભય સ્થાન છે. પરંતુ તે અભય સ્થાનને અજ્ઞાની ન તો જાણી શકે છે, અને ન તો પામી શકે છે. ૨૯.

સર્વ ઇન્દ્રિયોનો સંયમ કરી સ્થિરભૂત અંતરાત્મા વડે ક્ષણમાત્ર જોતાં જે જણાય છે, તે જ પરમાત્મ તત્ત્વ છે. પોત-પોતાના વિષયોમાં પ્રવર્તતી સર્વ ઇન્દ્રિયોનો નિરોધ કરી, મૂળમાં કહ્યા પ્રમાણે સંયમ કરીને, સ્થિરાત્માથી જોતાં જે ચિદાનંદ સ્વરૂપ પ્રતિભાસે છે તે જ પરમાત્માનું સ્વરૂપ છે. ૩૦.

જે પરમાત્મા તે જ હું, અને જે હું તે જ પરમાત્મા, એટલે હું જ જે પરમ એટલે પ્રસિદ્ધ ઉત્કૃષ્ટ આત્મા છે, તે જ હું છું, અને જે સ્વસંવેદન પ્રસિદ્ધ હું, એ નિશ્ચયનું સ્થાન અંતરાત્મા છું, ત્યારે મારો અને પરમાત્માનો આવો અભેદ છે, એટલે હું જ મારે પોતાને ઉપાસ્ય છું, બીજા કોઈની આરાધનાની મારે જરૂર નથી એવી સ્થિતિ છે. એટલે આરાધ્યા-રાધકની વ્યવસ્થા એ પ્રમાણે છે, તે જ બતાવવા કહે છે. ૩૧.

હું જે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયથી શુદ્ધ તે મારા આત્માને જ પ્રાપ્ત છું, તે સ્વરૂપે હું ત્રિકાલમાં અખંડપણે સત્તાએ છું. મારા આત્માને ક્ષયોપશમ ચેતના યોગે, વિષયોમાંથી

ખેંચી, પોતાના અબાધિત સહજ સ્વભાવને પ્રાપ્ત છું. હું મારા જ્ઞાનગુણમય આત્મમાં પરમ આનંદ વડે પરિપૂર્ણ છું. ૩૨.

આત્માને શરીરથી જે અભિન્ન જાણે છે, તેના પ્રતિ કહે છે.

જે દેહથી આત્માને પૂર્વોક્ત પ્રકારે ભિન્ન જાણતો નથી, તથા અવ્યય એટલે અપરિત્યક્તાનંત ચતુષ્ટ સ્વરૂપવાળો જાણતો નથી, તે બહિરાત્મા મિથ્યાત્વી જીવાત્મા મોક્ષ પામી શકતો નથી. શું કરવા છતાં પણ નથી પામતો? પરમ તપ તપ્યા છતાં પણ મોક્ષ પામતો નથી, અરે! પરમ તપ કરવાથી તો મનને મહાકલેશ થાય છે, ત્યાં તેનાથી નિર્વાણ પ્રાપ્તિનો સંભવ જ શાનો? ૩૩.

આત્મા અને દેહના અંતર એટલે ભેદનું જ્ઞાન થવાથી જે અક્ષય આનંદ થાય છે, તેનાથી તૃપ્ત એટલે અત્યંત સુખી મુનિરાજ બાર પ્રકારના તપથી ઘોર દુષ્કૃત ભોગવવા છતાં પણ ખેદ પામતા નથી. ૩૪.

જેનું આત્મરૂપ સરોવરમાં મન રૂપ જળ તે રાગદ્વેષ રૂપ કલ્લોલથી એટલે જેનું મન કલુષતા, ચંચળતાને ધારણ કરતું નથી. ચંચળતાનો નાશ થવાથી જ મન સ્થિર થાય છે. રાગ-દ્વેષાદિનો નાશ થવાથી મન શુદ્ધ થાય છે, એવી રીતે જેનું મન શુદ્ધ સ્થિર હોય તે જ આત્માનો અનુભવ પામી શકે, બીજા કોઈ અન્યને અનુભવ થતો નથી. ૩૫.

તત્ત્વ તત્ત્વ કહો છો તે શું? તે હવે બતાવે છે :—

અવિક્ષિપ્ત એટલે રાગાદિ રૂપે અપરિણુત એવું જે નિશ્ચલ મન તે તે આત્મતત્ત્વ અર્થાત્ આત્માનું યથાર્થ સ્વરૂપ; અને તેથી વિપરીત આત્મભ્રાન્તિ માટે અવિક્ષિપ્ત મનનો આશ્રય કરવો, મનને સદા અવિક્ષિપ્ત જ રાખવું, વિક્ષેપ પામવા દેવું નહિ, મનનો વિક્ષેપ શાથી થાય છે, અને અવિક્ષિપ્ત કેમ થાય તે કહે છે. ૩૬.

શરીરાદિ જગતના માયિક પદાર્થોને પવિત્ર, સ્થિર તથા આત્મરૂપ માનવા તે અવિદ્યા, તેનો અભ્યાસ એટલે પુનઃ પુનઃ તે માયિક પદાર્થોમાં પ્રવૃત્તિ, અને તે પ્રવૃત્તિથી પેદા થયેલા સંસ્કાર એ વાસના, તેને કરીને અવશ એટલે વિષયેન્દ્રિયાધીન થયેલ મન વિક્ષેપતાને પામે છે, ને તેનું તે જ મન જ્ઞાન સંસ્કારથી એટલે આત્માને શરીરાદિ થકી ભિન્ન જાણવા રૂપ પુનઃ પુનઃ અભ્યાસથી, સ્વતઃ એટલે પોતાની જ મેળે, આત્મસ્વરૂપ તત્ત્વમાં અવિક્ષિપ્ત હોઈ સ્થિર થાય છે. ૩૭.

અવિક્ષેપનું ફળ બતાવવા કહે છે :—

અપમાન એટલે પોતાના મહત્ત્વનું ખંડન. અવજ્ઞા, એટલે તિરસ્કાર, મદ, ઈર્ષ્યા, માત્સર્ય, આદિ તે જેના વડે ચિત્તનો વિક્ષેપ થાય, અર્થાત્ રાગાદિ પરિણામ થાય, તેને તે વિઘ્ન કરે છે, ને જેના ચિત્તનો વિક્ષેપ થતો નથી, તેને તેમાંનું કાંઈ પણ થતું નથી, દોષયુક્ત ચિત્ત તે જ સંસાર છે. ૩૮.

અપમાનાદિના અપગમનો ઉપાય કહે છે :—

મોહનીય કર્મોદયથી જ્યારે તપસ્વીને આત્મામાં રાગદ્વેષ ઉત્પન્ન થાય ત્યારે બાહ્ય વિષયથી વ્યાવૃત્ત (પાછો હઠી) કરેલા

આત્માએ આત્માના સ્વરૂપની ભાવના કરવી, જેથી ક્ષણવારમાં જ રાગદ્વેષાદિની નિવૃત્તિ થઈ જાય છે. ૩૯.

પોતાના કે પરના શરીર પર મુનિને પ્રેમ (રાગ) હોય, તો ત્યાંથી દેહી એટલે આત્મા, આત્માએ વિવેક જ્ઞાને કરી તેનો ત્યાગ કરવો, પછી તો શરીર કરતાં ઉત્તમ શરીર એટલે ચિંદાનંદ રૂપી–આત્મા રૂપી શરીર તે ઉપર પ્રેમ લગાડવો તે પણ અંતરદૃષ્ટિથી પ્રેમ આત્મારૂપી કાયામાં લગાડવો એમ થવાથી પૂર્વનો જે કાય સ્નેહ તે દૂર થાય છે. ૪૦.

તેમ થવાથી શું થાય તે કહે છે?

શરીર, મન, વાણીમાં આત્મબુદ્ધિથી ઉત્પન્ન થયેલ વિભ્રમ, અને વિભ્રમથી ઉત્પન્ન થયેલ અનેક પ્રકારનાં દુઃખો, તે આત્મજ્ઞાનથી નાશ પામે છે, આત્મજ્ઞાન અર્થે યત્ન નહિ કરનારાઓ ઘોર મહા કલેશકારક તપ કરવા છતાં પણ મુક્તિ-પદને પામતા નથી. ૪૧.

દેહ તે જ આત્મા, એમ જેની બુદ્ધિ વર્તે છે, તે બહિરાત્મા શુભ, અને સુંદર શરીર, દિવ્ય વિષયભોગ અને સ્વર્ગના ભોગ ઇચ્છે છે. અંતરાત્મા તત્ત્વજ્ઞાની છે, તે શરીર ભોગાદિ થકી છૂટવાને ઇચ્છે છે. અને આત્મામાં સ્થિર થવા ઇચ્છે છે. જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં આકાશ અને પાતાળ જેટલો તફાવત છે. અજ્ઞાની જેથી બંધાય છે, તેથી જ્ઞાની છૂટે છે. ૪૨.

પરત્ર એટલે શરીર, મન, વાણી, આદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિવાળો બહિરાત્મા સ્વાત્માથી ચ્યુત થઈ, આત્માને

કર્મબંધનથી બાંધે છે, પણ જ્ઞાની આત્મામાં જ અહંવૃત્તિ ધારણ કરવાથી શરીરાદિકથી રહિત થઈ મુક્તિપદ પામે છે. ૪૩.

દૃશ્યમાન જે શરીરાદિ તે સ્ત્રીલિંગ, પુરુષલિંગ, અને નપુંસકલિંગ એ ત્રણ લિંગ વિશિષ્ટ તેને મૂઢ એટલે બહિરાત્મા, આત્મા જાણે છે. અને દૃશ્યમાનથી જુદો થઈ, બોધ પામેલો અંતરાત્મા તે શબ્દવર્જિત અરૂપી આત્મતત્ત્વને આત્મરૂપે જાણે છે, સ્વીકારે છે. ૪૪.

આત્મ તત્ત્વને જાણવા છતાં પણ તેમજ વિવિક્ત એટલે શરીરાદિથી ભિન્ન એ પ્રમાણે આત્માની ભાવના કરવા છતાં પણ પૂર્વ અવસ્થામાં જે વિભ્રમ હતો તેના સંસ્કારથી ફરીથી ભ્રાન્તિ પામે છે, માટે આત્મસ્વરૂપનો દૃઢ સ્થિર ઉપયોગ રાખવો કદાપિ પર વસ્તુમાં આત્મભ્રાન્તિ થઈ જાય તો પણ પુનઃ આત્મસ્વરૂપ સંભાળી, આત્મસ્વરૂપમાં રમણતા કરવી. ૪૫.

આ શરીરાદિ જે દૃશ્ય વસ્તુ તે તે સર્વ જડ છે, તેથી રોષ–તોષાદિને જાણતું નથી, ને જે ચેતન છે, તે આત્મ સ્વરૂપ ઇન્દ્રિયોથી ગ્રહણ થતું નથી, એમ છે ત્યારે કયાં રોષતોષ કરવો ? કેમકે તેનો વિષય કોઈ પણ ઘટતો નથી, માટે ઉદાસીન વૃત્તિ ધારણ કરું છું. ૪૬.

મૂઢ બહિરાત્મા બાહ્ય વસ્તુનો ત્યાગ અને ગ્રહણ કરે છે, આત્માથી ભિન્ન વસ્તુમાં દ્વેષ થતાં તે વસ્તુનો અભિલાષાના અભાવને કારણે મૂર્ખ તેનો ત્યાગ કરે છે, વળી તેમાં જ પાછો રાગ પ્રગટ થતાં ગ્રહણ કરે છે, અને અંતરાત્મા અધ્યાત્મમાં

ત્યાગ ગ્રહણ કરે છે, એટલે અંતરાત્મા અંતરમાં રહેલા રાગ, દ્વેષ, કર્માદિ તેને ત્યાગે છે, અને અનંત જ્ઞાન, અનંત દર્શનાદિ પોતાના ગુણોનું ઉપાદાન (ગ્રહણ) કરે છે. અને જે કર્મરહિત સિદ્ધાત્મા છે તેમને બાહ્ય કે અંતરથી ત્યાગ કે ગ્રહણ નથી, કારણ કે સ્વરૂપમાં જ સ્થિત છે. ૪૭.

આત્માને (ભાવમનની) જોડે (તેની સાથે અભેદ કરે) અને વાણી તથા કાયાથી વિયુક્ત (ભિન્ન) કરવો, કાયા અને વાણીથી આત્માને એટલો જુદો પાડવો કે તેનો અભેદ થાય નહિ. વચન તથા કાયા દ્વારા વ્યપાર થતા પુદ્ગળના છે, એમ મનથી વિચારી મન દ્વારા તેનો સંબંધ છોડવો, અને મનને આત્માભિમુખ કરવું. આમ મન અને આત્માનું ઐકય સાધવું એ શાન્તિનો માર્ગ છે.

ભવ્ય પ્રાણી વચન અને કાયાની રતિ છોડીને જો આત્મ-ચિંતનમાં મનને જોડે, આત્મભાવના સિવાય મનને અન્યમાં જવા દે નહિ તો અંતરમાં શુભ વાસના પ્રગટે અને તે આત્મ-ગુણના અનુભવને જોડી આપે છે. તે માટે આત્મજ્ઞાનીએ આત્મામાં જ મનનો લય કરવો. મન હાથી કરતાં પણ વધારે મસ્તાન છે, એકદમ બાહ્ય વિષયોમાં મર્કટની જેમ ચંચળ ભટકતું ચિત્ત વશ કરી શકાય નહિ. શનૈઃ શનૈઃ આત્મામાં જોડવું, એમ કરવાથી સંકલ્પ વિકલ્પોની જાળ નાશ પામશે, અને અનુભવ રૂપ સૂર્ય હૃદયમાં પ્રગટશે તેથી આત્માની અનંત રિદ્ધિ આત્માને મળે છે, અર્થાત્ આત્મા તે પરમાત્મા સ્વરૂપે થાય છે. ૪૮.

દેહમાં આત્મ બુદ્ધિ કરનાર બહિરાત્મા સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ સમુહરૂપ સંસારને વિશ્વાસલાયક અને રમણીય માને છે, તેને સંસારમાં જ આનંદ આવે છે ત્યાં જ તેની આસક્તિ છે, જ્યારે સમ્યગ્ દૃષ્ટિ અંતરાત્માને એ સર્વ સંસારિક પર પદાર્થોમાં વિશ્વાસ કે આસક્તિ કેમ સંભવે? અર્થાત્ અંતરાત્મા સંસારી પદાર્થોમાં લુબ્ધ થતાં નથી. ૪૯.

અંતરાત્માએ આત્મજ્ઞાનથી ભિન્ન એવા બીજા કોઈ કાર્યને લાંબા સમય મનમાં ધારણ કરી રાખવું નહિ. સ્વપરના ઉપકાર માટે કદાચ વચન તથા કાયાથી કંઈ કરવું પડે તો તે અનાસક્ત ભાવે કરવું. અંતરાત્મા મુમુક્ષુએ પોતાનો અધિક સમય આત્મચિંતનમાં જ વ્યય કરવો. સ્વપરના ઉપકારને કારણે કંઈ પણ કાર્ય કરવું પડે તો તે અનાસક્ત ભાવે જ કરવું. ૫૦.

જે શરીરાદિક પદાર્થો ઇન્દ્રિયો વડે હું જોઉં છું તે મારું સ્વરૂપ નથી, હું તો અરૂપી છું, ઇન્દ્રિયો તેને ગ્રહણ કરી શકતી નથી, બાહ્ય ઇન્દ્રિયોને સ્થિર કરીને અંતરમાં સ્વયંવેદનથી—સ્વાનુભવથી જે જ્યોતિ દેખું છું તે જ આત્માસ્વરૂપ છે, તે આનંદમય જ્ઞાન પ્રકાશ હું છું, તે જ મારું વાસ્તવિક સ્વરૂપ છે. જીવો બાહ્ય વસ્તુમાં સુખ માની આત્મજ્ઞાનથી વિમુખ થઈ ઉપરથી નદી, દેવમંદિર વગેરેને તીર્થમાની તેને જ તરવાનો એકાંત ઉપાય માને છે તે અજ્ઞાન છે. ૫૧.

જેણે આત્મભાવનાનો હમણાં જ અભ્યાસ શરૂ કર્યો હોય તેને તેના જૂના અભ્યાસને લીધે બાહ્ય વિષયોમાં સુખ

દેખાય, અને આત્મસ્વરૂપની ભાવના ભાવવામાં કષ્ટ, દુઃખ લાગે, પરંતુ આત્મસ્વરૂપને યથાર્થ રીતે જાણીને, તેનો અભ્યાસ વધતા અને મન સુદૃઢ થતાં, તેને બાહ્ય પદાર્થો સુખરૂપ લાગતા નથી. તેને કેવળ આત્મ ચિંતનમાં સુખનો અનુભવ થાય છે, માટે આત્મચિંતનનો અભ્યાસ કરતાં રહેવું જોઈએ. ૫૨.

આત્મતત્ત્વને વિષે બોલવું અર્થાત્ તેની પારકા આગળ વાત કરી તેની સિદ્ધિ કરવી, તેમ જ જેઓએ આત્મ સ્વરૂપ જાણ્યું છે, તેમને આત્મતત્ત્વની પૃચ્છા કરવી અને આત્મ-તત્ત્વનું જ્ઞાન સંપાદન કરવું, તેની જ ઇચ્છા રાખવી અર્થાત્ આત્મતત્ત્વને જ પરમાર્થ સત્ય માનવું, અને આત્મ સ્વરૂપમાં જ નિમગ્ન થવું. એમ કરવાથી બહિરાત્મ બુદ્ધિ સ્વરૂપ, જે અવિદ્યા તેનો ત્યાગ થાય અને વિદ્યામય જે પરમાત્મા સ્વરૂપ તે પ્રગટ થાય. ૫૩.

વાણી અને શરીરને આત્મા જાણવારૂપ જેને ભ્રાન્તિ છે તેવો બહિરાત્મા તે વાણી અને શરીરને આત્મા જાણે યથાર્થ આત્મસ્વરૂપનો જાણનાર તે શરીર અને વાણીથી છે, પરંતુ આત્માને પૃથક્ એટલે પરસ્પર ભિન્ન બરાબર જાણે છે. ૫૪.

આ પ્રમાણે ન જાણનાર મૂઢાત્મા જેમાં આસક્ત છે, તેમાંનું કશું તેને દુઃખ આવતા કામ આવતું નથી. તે કહે છે :—

ઇન્દ્રિયોના વિષયોમાં એક પણ વિષય એવો નથી કે જે આત્માને હિતકર હોય, તો પણ અજ્ઞાની બહિરાત્મા ચિરકાળના મિથ્યાત્વના સંસ્કારથી તેમાં આસક્ત રહે છે, પાંચે ઇન્દ્રિયોના

વિષયો ક્ષણભંગુર છે, પરાધીન છે, વિષમ છે, દુઃખરૂપ છે, અને તે આત્માને હિતકર નથી. છતાં મોહાસક્ત જીવ એ વિષયોની પ્રાપ્તિમાં જ સંલગ્ન રહે છે, અહો ! તે જ અતિ ખેદનો વિષય છે. ૫૫.

અનાદિકાળથી બહિરાત્માઓ સૂતેલા છે, અર્થાત્ સમકિત વિના તથા આત્મજ્ઞાન વિના નિગોદાદિકમાં અતીવ જડતાને પામ્યા છતાં સૂઈ રહ્યા છે. તે જીવોને ગાઢ મિથ્યાત્વ રૂપ નિદ્રાની લહેરીઓ એવી તો આવી રહી છે કે તે બિચારા કશું પણ સમજી શકતા નથી, કદાપિ દૈવયોગે સંજ્ઞા પામી જાગે છે તો હું અને મારું એમ માનતા જ જાગે છે, તે હું અને મારું એવો અધ્યાસ પણ પોતાના આત્માથી ભિન્ન એવી વસ્તુઓમાં ધારણ કરે છે, અર્થાત્ સ્ત્રી-પુત્રાદિ પરપદાર્થોને પોતાના માને છે અને અનાત્મ જે શરીર તેને હું હું એમ માને છે, એવા બહિરાત્માનો અધ્યાસ ભ્રાન્તિવાળો વર્તે છે. ૫૬.

માટે બહિરાત્મરૂપ તજીને સ્વ-પર દેહને આ પ્રમાણે જોવો :—

જેમાં પોતાનો આત્મા રહ્યો છે, તે શરીરને અનાત્મ બુદ્ધિથી જોવું, અને પરના દેહને પણ અનાત્મબુદ્ધિથી જોતાં રહેવું, આત્મસ્વરૂપમાં જેણે સ્થિતિ કરી છે, એવા ભવ્ય પુરુષે આ પ્રમાણે સદાકાળ પ્રવૃત્તિ કરવી, તેથી અંતરમાં ઉપયોગ સહેજે પ્રગટશે. ૫૭.

મૂઢાત્માને તે શા માટે બતાવવામાં આવતો નથી, કે તે પણ જાણે, એમ પુછનારને કહે છે.

મને એટલે આત્મસ્વરૂપને જે મૂઢાત્મા છે તે, જેમ કહ્યા વિના જાણતા નથી, તેમ કહ્યા છતાં પણ જાણતા નથી, તો તેવા પ્રતિ કહેવાનો (તેમને બોધ કરવાનો) પ્રયત્ન વ્યર્થ છે. ૫૮.

વળી જે વિકલ્પાદિકરૂઢ આત્મસ્વરૂપ અથવા દેહાદિ જેને બોધ કરવા ઇચ્છું છું, તે તો હું નથી, તે સ્વરૂપ હું આત્મા નથી. હું તો સ્વસંવેદ્ય ચિદાનંદ સ્વરૂપ આત્મા છું, તે અન્યને ગ્રાહ્ય નથી, કેમ કે આત્મા તો સ્વસંવેદન ગ્રાહ્ય છે, તેથી બીજાને શો બોધ કરું ? ૫૯.

જે બહિરાત્મા છે તે બાહ્ય વસ્તુ શરીરાદિમાં સુખ માને છે, જ્યાં સુધી અંતર આત્મજ્યોતિ ઢંકાએલી છે અર્થાત્ મોહથી જ્ઞાનજ્યોતિ અભિભૂત છે, માટે તેને પરવસ્તુમાં જ સુખ ભાસે છે. અને તેમાં જ રતિ અનુભવે છે, તે મૂઢાત્માની અજ્ઞાન યોગે એવી દશા થઈ રહી છે, અને જેની આંતરજ્યોતિ પ્રકાશિત થયેલી છે, તે પ્રબુદ્ધાત્મા આત્મસ્વરૂપમાં જ સુખ આનંદ માને છે. તે બાહ્ય વસ્તુઓમાં સ્વપ્ને પણ આનંદ માનતો નથી, બાહ્યમાં સુખ નથી, એવી તેની દૃઢ ભાવના નિશ્ચયને ભજનારી થાય છે. ૬૦.

તેવા પુરુષને બાહ્ય શારીરાદિ પર રાગ રહેતો નથી તે કહે છે :—

શરીરો સુખ–દુઃખને જાણતાં નથી, કારણ કે તે જડ છે તો પણ બહિરાત્મા શરીરાદિના ઉપર નિગ્રહ બુદ્ધિ અને અનુગ્રહ બુદ્ધિ કરે છે, દ્વેષના વશથી શરીરાદિને ભૂખ્યા રાખવા, ફાંસી આવી, પંચાગ્નિ સાધના કરવી તે આદિથી પીડા કરે છે અને

રાગના વશથી કંકણ, ભૂષણાદિની શોભા કરવી, સારા સારા વસ્ત્રોથી શણગારવું આદિ કૃત્યોથી અનુગ્રહબુદ્ધિ શરીરાદિમાં રાખવી તે, જ્યાં સુધી શરીરાદિને વિષે આત્મબુદ્ધિ રાખી પ્રવૃત્તિ કરવી, ત્યાં સુધી સંસાર છે. ૬૧.

ને તેનો અભાવ થતાં મુક્તિ થાય તે બતાવે છે :—

સ્વબુદ્ધિ એટલે આત્મબુદ્ધિથી કાયા, વાણી અને ચિત્ત એ ત્રણે ને જ્યાં સુધી અભેદ સમજે, તેને આત્માના અંગ સમજે ત્યાં સુધી સંસાર અને તેમના ભેદનો અભ્યાસ એટલે મન, વચન, શરીરથી, આત્મા ભિન્ન છે, એવા નિશ્ચયપૂર્વકનો અભ્યાસ થતાં મોક્ષ થાય છે. ભેદ જ્ઞાની આત્મા સ્વહિત સાધી માનવજન્મને સફળ કરે છે. ૬૨.

ઘન એટલે જાડું વસ્ત્ર પહેરવાથી પોતે જાડો થાય છે એમ બુદ્ધિજન માનતો નથી, એમ શરીર જાડું થતાં અંતરાત્મા પણ આત્મા જાડો થાય છે એમ માનતો નથી. ૬૩.

વસ્ત્ર જીર્ણ થતાં બુદ્ધજન શરીર જીર્ણ થયું માનતો નથી, તેમ સ્વદેહ જીર્ણ થતાં અંતરાત્મા પોતાના આત્માને જીર્ણ થયેલો માનતો નથી. ૬૪.

વસ્ત્રનો નાશ થતાં બુદ્ધિમાન પુરુષ પોતાનાં શરીરનો નાશ થયો માનતો નથી, તેવી રીતે અંતરાત્મા પોતાનાં શરીરનો નાશ થવાથી પોતાના આત્માનો નાશ થયો માનતો નથી. ૬૫.

વસ્ત્ર લાલ રંગનું હોય તો બુદ્ધિમાન પોતાના શરીરને લાલ રંગનું માનતો નથી, તેવી રીતે અંતરાત્મા પોતાનુ શરીર લાલ હોય તો પણ પોતાના આત્માને લાલ થયેલો માનતો નથી. ૬૬.

આવી રીતે આત્મા શરીરાદિથી ભિન્ન છે. એમ ભાવના કરતા અંતરાત્માને શરીરાદિ કાષ્ટાદિ તુલ્ય લાગે છે, અને મુક્તિ માટે યોગ્યતા થાય છે, તે બતાવતાં કહે છે :—

જે અંતરાત્માને આ જગત ભીંત સમાન સ્થિર અપ્રજ્ઞ એટલે વિચાર વગરનું જડ, તથા ચેષ્ટા અને ભોગ રહિત જણાય છે તે શાન્ત રસના ભોગી બને છે. સ્વપ્નમાં જેમ આ જાગૃત દશાનું જગત ભૂલી જવાય છે. તેમ સર્વ વિકલ્પોથી રહિત એવા આત્માસ્વરૂપના ચિંતનમાં જગતનું મહાત્મ્ય અને તેની વિસ્મૃતિ થયા વિના રહેતી નથી, આ નિર્વિકલ્પ સમાધિ એ જ સમતા છે, શાંત સુખમય સ્થિતિ છે. ૬૭.

શરીર તે જ કંચુક–વસ્ત્ર તેનાથી ઢંકાયું છે, જ્ઞાનરૂપી શરીર તે જેનું એવો જેનો આત્મા થઈ ગયો છે તે મૂઢાત્માને આત્મજ્ઞાન થતું નથી, અત્રે આવરણ કરનાર સામાન્ય કાર્મણ શરીર સમજવું; કેમ કે તે જ મુખ્ય વૃત્તિએ કરીને આવરણ રૂપે હોય છે. એવો જે બહિરાત્મા તે પોતાનું શુદ્ધ સ્વરૂપ ન જાણવાથી ઘણા વખત સુધી ભવ કહેતાં સંસારમાં પરિભ્રમણ કરે છે. ૬૮.

જો બહિરાત્મા આત્માને આત્મારૂપે નથી જાણતો, તો શા રૂપે જાણે છે ? તે કહે છે :—

ભેદ બુદ્ધિ વિનાના જીવો સડણ, પડણ, વિધ્વંસણ સ્વભાવવાળા અને પ્રવેશ કરતા અને નિકળતા એવા પરમાણુઓના સમૂહરૂપ શરીરને આત્મા છે, એમ સ્થિતિ ભ્રાન્તિથી

માની લે છે. આત્મા અને દેહના અભેદ અધ્યવસાય રૂપ ભ્રાન્તિ એવો દૃઢ પ્રત્યય—વિશ્વાસ અજ્ઞાની જીવોને થાય કે તે શરીરને જ આત્મા માને છે અને તેથી તે શરીર ઉપર મમતા રાખે છે, અને સ્વ-તત્ત્વનું ભાન ભૂલે છે, એવા અજ્ઞાની જીવો ચતુર્ગતિરૂપ સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે. બહિરાત્મા અજ્ઞાનથી આસ્રવના હેતુઓને રાચીમાચી સેવે છે અને અંતે સ્વજીવન નિષ્ફળ પણે વ્યતીત કરી માનવ ભવ હારી જાય છે. ૬૯.

માટે યથાર્થ આત્મસ્વરૂપ જાણવાની ઇચ્છા રાખનારે આત્માને દેહથી ભિન્ન ભાવવો તે કહે છે :—

હું ગોરો, હું જાડો, હું દુર્બળ, હું બળવાન ઇત્યાદિ જે જે પ્રત્યય શરીરમાં થાય, તેને આત્માના વિશેષણ રૂપે માનવા નહિ અને આત્માની ધારણા કરવી. વિશેષતઃ ચિત્તમાં તેનું જ ધ્યાન કરવું. કેવળ જ્ઞાનમય સ્વરૂપ છે જેનું, એટલે જ્ઞાન શરીરવાળો આત્મા ધારવો, અનેક પ્રકારનાં કામ કરતાં પણ અંતરથી સતત તેવી જ ધારણા રાખવી, એવી ધારણા રાખવાથી ભેદજ્ઞાન દૃઢ થાય છે, અને તેવી દૃઢતાની વૃદ્ધિ થવાથી રાગદ્વેષની પરિણતિ સ્વયંમેવ મંદ પડે છે, અને અંતરમાં આનંદ પ્રગટે છે. ૭૦.

ઉપરોક્ત સ્વરૂપવાળા આત્માની એકાગ્ર મનથી જે ભાવના કરે તેને જ મુક્તિ મળે, બીજાને નહિ એમ બતાવે છે :—

જેના ચિત્તમાં અચલ આત્મસ્વરૂપની ધારણા છે, તે અંતરાત્માને અવશ્ય થવાવાળી મુક્તિ થાય છે અને જેને પૂર્વોક્ત પ્રકારની અચલ ધારણા નથી, તેને તે અવશ્ય મુક્તિ

થતી નથી, અચલ ધૃતિ ત્યારે જ થાય કે જ્યારે લોકસંસર્ગનો પરિત્યાગ કરી આત્મસ્વરૂપના સંવેદનનો અનુભવ થાય, એમ કર્યા વિના તે થાય નહિ એમ બતાવવા કહે છે. ૭૧.

મનુષ્યોને મળવાથી પરસ્પર બોલવાનું થાય છે, તેથી વાણીની પ્રવૃત્તિ થાય, ને તે થકી મનની વ્યગ્રતા થાય, ને મનની વ્યગ્રતાથી ચિત્ત વિભ્રમ એટલે નાના પ્રકારના વિકલ્પોની પ્રવૃત્તિ થાય છે. આમ ન થાય તે માટે યોગીએ મનુષ્યોનો સંસર્ગ તજવો. ૭૨.

ત્યારે શું સંસર્ગ તજીને અરણ્યમાં રહેવું? એવી શંકા થાય તેનું સમાધાન કરે છે :–

ગ્રામ અથવા અરણ્ય (વન) એ બે જે સ્થાન તે તો અનાત્મદર્શીને માટે છે. અનાત્મદર્શી એટલે જેને આત્માનો અનુભવ નથી તેવો અજ્ઞાની તેને માટે છે. પણ દૃષ્ટાત્મા એટલે આત્માના અનુભવવાળા છે, તેમને તો વિવિક્ત એટલે વિમુક્ત અર્થાત્ રાગાદિ રહિત જ આત્મા, જે નિશ્ચલ ચિત્ત વ્યાકુલતા રહિત છે, તે જ ખરો નિવાસ છે અથવા તેનો સ્વરૂપ સ્થિતિમાં જ નિવાસ છે. ૭૩.

અનાત્મદર્શી તથા આત્મદર્શીના ફળને બતાવે છે :—

દેહાંતર એટલે બીજો ભવ, તેમાં ગતિ એટલે ગમન, તેનું બીજ એટલે કારણ શું? તો એ જ કે આ દેહમાં આત્મબુદ્ધિ ધારણ કરવી તે જ છે, અનંતા ભવ જીવાત્માએ ધારણ કર્યા, તેનું કારણ બહિરાત્મભાવ છે. અને મુક્તિનું કારણ તો આત્માને આત્મા

સ્વરૂપે ધારવો તે જ છે. આત્માને જ આત્મા ધાર્યા વિના કોઈની મુક્તિ થઈ નથી, અને થવાની પણ નથી. ૭૪.

ત્યારે મુક્તિ પામવા માટે કોઈ ગુરુ જોઈએ કે નહિ તે વિષે કહે છે :—

દેહાદિમાં દૃઢાત્મ ભાવનાથી આત્મા જન્મ-મરણ રૂપી સંસારમાં ભ્રમણ કરે છે અને આત્મા જ આત્માને પોતાના ઉપર આત્મબુદ્ધિ સ્થિર કરી પોતાને મોક્ષમાં લઈ જાય છે, માટે પરમાર્થે જોતાં તો આત્મા જ આત્માનો ગુરુ છે, બીજો નથી. પછી વ્યવહારથી ગુરુ હોય તો હરકત નથી. ૭૫.

દેહાત્મ બુદ્ધિવાળો મરણ સમયે શું વિચારે છે તે કહે છેઃ—

દેહાદિમાં દૃઢ આત્મબુદ્ધિવાળો એવો બહિરાત્મા, પ્રાણ વિયોગરૂપ મરણ, તથા સગાં-સંબંધી, મિત્ર, પુત્ર આદિનો વિયોગ એ બે વાત જોતાં જ મરણથી બહુ ડરે છે, અનેક પ્રકારની ચિંતા કરે છે, મોહમાયામાં મુંઝાય છે અને બહુ ભય પામે છે. ૭૬.

જેને આત્મામાં જ આત્મબુદ્ધિ છે તે મરણ સમીપ આવતા શું કરે છે તે કહે છે :—

આત્મામાં જ આત્મબુદ્ધિ છે એવો અંતરાત્મા શરીર ગતિ એટલે શરીર પરિણતિ, અથવા શરીર વિનાશ અથવા બાલ્યાદિ અવસ્થા તેને આત્મા થકી ભિન્ન માને છે. અને જાણે કે શરીરનાં ઉત્પાદ-વિનાશાદિથી આત્માને કાંઈ જ લાભ કે હાનિ નથી. તેથી ભય કે શોક કરતો નથી. જેમ એક વસ્ત્ર

તજી બીજું લેતા શરીરને કાંઈ નથી, તેમ દેહ તજી બીજો દેહ ધારણ કરવાથી આત્માનું કંઈ બનતું કે બગડતું નથી, એમ તે સમજે છે. ૭૭.

આવું જ્ઞાન તેને જ થાય છે કે, જે વ્યવહારમાં અનાદર રાખે છે, પણ જે વ્યવહારમાં આદર રાખે છે, તેને તેમ થતું નથી.

વ્યવહાર એટલે મનમાં ઉત્પન્ન થતાં અનેક પ્રકારના સંકલ્પ અને વિકલ્પ સ્થાન રૂપ અર્થાત્ સંસારમાં ઇષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટમાં નિવૃત્તિ રૂપ સંસાર એવા સંસારમાં ઊંઘે છે, અર્થાત્ સર્વ વ્યવહારની કલ્પનાજાળને જેણે વિસારી દીધી છે, તે ભવ્ય આત્મદર્શનમાં જાગે છે, અર્થાત્ તે જ આત્મસંવેદન પામે છે, અને જે ઉક્ત પ્રકારના વ્યવહારમાં જાગે છે, અર્થાત્ હું અને મારું એવો અધ્યાસ ધારણ કરે છે, પરવસ્તુમાં મમત્વબુદ્ધિવાળો છે, સંકલ્પ–વિકલ્પ રૂપ પ્રવૃત્તિ કર્યા જ કરે છે, એવો જીવ વ્યવહાર એટલે સંસારમાં જાગે છે, અને તેથી આત્મદર્શનમાં ઊંઘે છે, તે આત્મજ્ઞાન પામતો નથી. ૭૮.

જે આત્મદર્શનમાં જાગે છે તેને જ મુક્તિ મળે તે કહે છે :—

અસંખ્ય પ્રદેશ સ્વરૂપી આત્માને અંતરમાં એટલે શરીરની અંદર વ્યાપી રહેલો જોઈ, અને દેહાદિને બાહ્ય માની દેહ અને આત્માને અંતર સમજવો. એમ ભેદ જ્ઞાન થતાં, અચ્યુત થાય, એકલા ભેદજ્ઞાનથી અચ્યુત થાય એમ નહિ પણ તે ભેદજ્ઞાનના અભ્યાસથી તથા પુનઃ પુનઃ આત્મભાવના કરવાથી અને ભાવનાની પ્રબળતાએ મોહનો નાશ થતા. મુક્તિપદ મળે છે. ૭૯.

દેહાત્મ ભેદદર્શન થયું છે, તેને યોગારંભે અને યોગ સિદ્ધ થતાં જગત કેવું ભાસે છે તે બતાવે છે:—

પ્રથમ છે દૃષ્ટ આત્માતત્ત્વ જેને, એટલે જેને દેહ થકી આત્મા ભિન્ન છે એવું પ્રથમ જ્ઞાન થયું છે, અને જેણે યોગનો આરંભ કર્યો છે તેને જગત ઉન્મતવત્ લાગે છે. સારાંશ કે સ્વરૂપ ચિંતવન વિકલ હોવાથી, આ જગત નાના બાહ્ય વિકલ્પ. યુક્ત ઉન્મત્ત જેવું ભાસે છે. પછીથી એટલે જ્યારે અભ્યાસ વધતાં આત્મબુદ્ધિ સ્થિર થાય, યોગમાં પરિપકવ થવાય, ત્યારે જગતની કોઈ ચિંતા ન રહેવાથી તે કેવળ કાષ્ટ–પાષાણ જેવું લાગે છે, એમ પરમ ઉદાસીનતાથી થાય છે. ૮૦.

આત્માભ્યાસ એવું આ પદમાં કહ્યું તેની શી જરૂર છે? આત્મા ભિન્ન છે એવું તે જ્ઞાન જાણનાર પાસેથી સાંભળતાં મુક્તિ થઈ શકે છે?

આવી જે શંકા થાય તેના સમાધાન અર્થે કહે છે:—

બીજા પાસેથી એટલે ગુરુ, ઉપાધ્યાય પાસેથી આત્મા દેહથી ભિન્ન છે, એમ સાંભળતો હોવા છતાં, અથવા જાતે તેમ બોલતો હોવા છતાં, બીજાને તે પ્રમાણે ઉપદેશ દેતો હોવા છતાં, પણ જ્યાં સુધી એવી દૃઢ ભાવના નથી કરી શકતો કે આત્મા દેહથી ભિન્ન છે, એવો અનુભવ થયો નથી, તે અનુભવ વિના મોક્ષ પ્રાપ્ત થાય નહિ.

માટે આત્મજ્ઞાન શ્રવણ કરી તે પ્રમાણે ધ્યાન કરવું.

જ્યારે આત્મધ્યાન કરવામાં આવે છે, ત્યારે જ સહજ

શુદ્ધ આત્માનો આનંદ અનુભવાય છે. માટે એક શ્વાસોછ્વાસ પણ આત્મધ્યાન વિના જવા દેવો નહિ.

શ્રી ચિંદાનંદજી કહે છે કે :—

એક શ્વાસોછ્વાસ પણ અમૂલ્ય છે, તે ફોગટ જવા દેવો નહિ, આત્મસ્વરૂપ જાણીને તે પ્રમાણે આત્મધ્યાનમાં પ્રવર્તવું. શુષ્ક જ્ઞાનથી આત્મહિત થતું નથી, માટે આત્મસ્વરૂપના ધ્યાન વડે આત્મભાવને દૃઢ કરવો. ૮૧.

એવી ભાવનામાં તેણે શું કરવું તે કહે છે :—

દેહથી આત્માને ભિન્ન કરી, ભિન્ન જાણીને, પશ્ચાત્ અરૂપી અસંખ્યાત પ્રદેશી આત્મા તે જ હું છું. એવી સતત ભાવનાભાવવી, અને આત્મ ઉપયોગ રાખવો. અને જેમ વિકલ્પોનો નાશ થાય અને નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થાય તેવો સતત અભ્યાસ કરવો, સ્વપ્નમાં પણ દેહ સાથે આત્માનો યોગ (દેહને આત્મારૂપે માનવામાં આવે નહિ) ન થાય એવો દૃઢ અભ્યાસ કરવો. દેહને આત્માનો અધ્યાસ ન બને, પરમૌદાસી-ન્યાવસ્થામાં જેમ સ્વ-પર વિકલ્પ ત્યજવા તેમ વ્રત-વિકલ્પ પણ ન જોઈએ. ૮૨.

અપુણ્ય એટલે અધર્મ (પાપ) તે અવ્રત એટલે હિંસાદિ તેનાથી થાય છે, અને પુણ્ય તે શુભ કર્મ તે હિંસાદિથી વિરમવા રૂપ વિકલ્પ જે વ્રત તેનાથી થાય છે, અને મોક્ષ તો એ બંનેનો ક્ષય થાય ત્યારે જ થાય છે. જેમ લોઢાની સાંકળથી બંધન થાય છે, તેમ સોનાની સાંકળથી પણ બંધન થાય છે,

વ્યવહારમાં પણ મુક્તતા, સ્વાધીનતા, તો જ્યારે બંનેમાંથી એકે સાંકળ ન હોય ત્યારે જ કહેવાય. તેમજ પરમાર્થમાં સમજવું, માટે જ મોક્ષાર્થી છે તેણે વ્રત તેમજ અવ્રત ઉભયનો વિકલ્પ તજવો. (અભિમાન ત્યાગવું.) ૮૩.

કયારે શા માટે તજવાં? તેનો ક્રમ બતાવે છે:—

અવ્રત જે હિંસાદિ તેને પ્રથમ તજવાં અને વ્રતોને અંગીકાર કરવાં. મોક્ષની પ્રાપ્તિ સુધી વ્રતોને ધારણ કરવાં. પરમભાવની એટલે મોક્ષની પ્રાપ્તિ થઈ નથી અને જે વ્રતોને ત્યાગે છે, તે દુઃખી થાય છે, અને તત્ત્વરૂપી મોક્ષને પામતો નથી. વ્રતોથી પાપનો રોધ થાય છે. મહાવ્રતો એ મોક્ષમાર્ગની નીસરણી છે. અને મોક્ષ પ્રાપ્ત થતાં વ્રતો સ્વમેવ વિલીન થાય છે. ૮૪.

જે ઉત્પેક્ષા જાળ એટલે ચિંતાની જાળ, કેવી છે તે કહે છે કે અન્તરૂવચન વ્યાપારયુક્ત તે જ દુઃખનું મૂળ છે, માટે એવી અંતરમાં વિકલ્પ–સંકલ્પ રૂપ થતી ચિંતા જાળ તેનો નાશ થતાં, અભિલષિત એવું પરમપદ જે મોક્ષ તે જ બાકી રહે છે, અને આત્માનો અનુભવ થાય છે. ૮૫.

ઉત્પેક્ષા (ચિંતા) જાળનો નાશ શા ક્રમથી કરવો તે કહે છે:—

અવ્રતાવસ્થામાં થતી વિકલ્પ જાળને વ્રતનું ગ્રહણ કરીને છેદવી, અને વ્રતાવસ્થાના વિકલ્પ જાળને જ્ઞાનપરાયણ થઈ છેદવી, એમ પરમાત્મ જ્ઞાનસંપન્ન પરમ વીતરાગ એવો જે જિન થાય તે પર એટલે સકલ જ્ઞાનથી ઉત્કૃષ્ટ જે કેવલજ્ઞાન

તેને પામે અને સ્વયમેવ, ગુરુ આદિના ઉપદેશ વિના જ, સિદ્ધ રૂપ થાય છે. ૮૬.

જેમ વ્રત–વિકલ્પ મુક્તિનો હેતુ નથી, તેમ લિંગ–વિકલ્પ પણ નથી, તે કહે છે :–

લિંગ તે જટાધારણ નગ્નત્વાદિ તે સર્વ દેહાશ્રિત છે, અને તે શરીરનો ધર્મ છે, અને દેહ છે તે તો સંસારનું કારણ છે, માટે જે લિંગને વિષે આગ્રહ રાખનારા છે કે, લિંગાદિ જ મુક્તિના હેતુ છે, તેઓ મુક્તિ પામતા નથી. લિંગ કે વેશ મુક્તિનો હેતુ નથી, તો તેવાં જીવોની મુક્તિ કેમ થાય ? અર્થાત્ ન જ થાય. ૮૭.

જાતિ એટલે બ્રાહ્મણાદિ સમજવી, જાતિ પણ દેહાશ્રિત છે. અને દેહ છે તે સંસારનો હેતુ છે, માટે જે જીવ જાતિથી જ મુક્તિ માને છે, અને જાતિમાં જ રાચી રહે છે, તેના સંસારનો નાશ થતો નથી. ૮૮.

બ્રાહ્મણાદિ જાતિમાં ઉત્પન્ન થયેલાને જ મુક્તિ મળે, અમુક વેશ ધારણ કરવાથી જ મુક્તિ મળે, એવા અનેક પ્રકારના વિકલ્પો કરનાર અને તે પણ શાસ્ત્રનું નામ આપીને એવા વિકલ્પો માટે આગ્રહ રાખે તે સર્વ આગ્રહ દેહાશ્રિત છે, અને રાગ ભાવનું કારણ છે, અને સંસારવૃદ્ધિનો હેતુ છે, એ સર્વ પૌદ્ગલિક વસ્તુઓ છે, તેનો આત્મા સાથે કોઈ જ સંબંધ નથી, એટલે જાતિ, લિંગ આદિના રાગભાવને ત્યાગી દઈને વીતરાગભાવને ધારણ ન કરાય ત્યાં સુધી મુક્તિ મળે નહિ. ૮૯.

શરીર, મન, વાણી, તેના ત્યાગ માટે, એટલે તેમાં થતી મમતા તેના ત્યાગાર્થે પુત્ર, સ્ત્રી, ધન, વૈભવાદિ થકી નિવૃત્તિ પામી પાછા હઠે છે. પણ ઊલટા તે ત્યાગ કરવા યોગ્ય શરીરના ઉપર જ પ્રીતિ ધારણ કરે છે.

અને પ્રાપ્ત કરવા યોગ્ય વીતરાગપદ તેના ઉપર દ્વેષ કરે છે, શાથી એમ કરે છે કે તે મોહાંધ છે. ૯૦.

તેમને દેહને વિષે દર્શનવ્યાપારનો વિપર્યાસ કેવો બને છે તે કહે છે :—

આત્મા અને શરીરનો ભેદ ન સમજનાર, કોઈ આંધળા અને પાંગળાનો સંયોગ થઈ, આંધળાને બલે પાંગળો બેસીને બંને ચાલતા હોય, તેમાં જેમ પાંગળાની દૃષ્ટિ તે આંધળાની છે એમ માને છે, તેમ જ આત્માનો જે ધર્મ તે દેહ અને આત્માના સંયોગને લીધે દેહને આરોપી ભ્રમ પામે છે. આવી ભૂલથી શરીરથી ભિન્ન આત્મ ધર્મ છે. એવું જ્ઞાન નથી થયું ત્યાં અજ્ઞાની જીવ કર્મમાર્ગ સન્મુખ ગતિ કરે છે. ૯૧.

બહિરાત્મને આમ થાય છે, ત્યારે અંતરાત્મા કેમ કરે છે તે કહે છે : —

જેને દૃષ્ટિભેદની ખબર છે, તે પુરુષ જેમ પાંગળાની દૃષ્ટિ આંધળાની માનતો નથી, તેમ જે દેહ અને આત્માના ભેદને જાણનાર છે, એવો અંતરાત્મા તે આત્માની દૃષ્ટિ દેહમાં આરોપતો નથી. આત્મજ્ઞાની શરીરને પોતાનું માને નહિ, જળ પંકજવત્

ઉપયોગ દૃષ્ટિથી અંતરાત્મા સદાકાળ શરીરથી ન્યારો વર્તે છે. ૯૨.

ભ્રાન્તિ શાનું નામ અને અભ્રાન્તિ શાનું નામ તે કહે છે :—

અનાત્મદર્શી બહિરાત્મા છે, તેને નિદ્રાવસ્થા અને ઉન્મત્ત દશા તે સર્વ વિભ્રમાવસ્થા છે. આત્મદર્શી અંતરાત્મા તે તો જેમના દોષ ક્ષીણ થયા નથી, એવા બહિરાત્માની અવસ્થા માત્ર, તેને વિભ્રમરૂપ જ માને છે.

વળી આ શ્લોકનો અર્થ જુદી રીતે કરતા એવો પણ થાય કે, આત્મદર્શીઓને સુપ્તોન્મત્તાદિ અવસ્થામાં પણ વિભ્રમ રૂપ નથી, કારણ કે આત્મધ્યાન રમણતાના અત્યન્ત અભ્યાસથી તેઓને વિપર્યાસ થતો નથી, અને વળી એવા આત્મદર્શીઓને આત્મજ્ઞાનની વિકલતાનો અસંભવ છે. આત્મદર્શી અંતરાત્માને સુપ્તાદિ અવસ્થામાં પણ વિભ્રમ નથી તો જાગૃત અવસ્થામાં કયાંથી હોય ?

અલબત્ત હોય નહિ.

પરંતુ જેમના દોષ ક્ષીણ થયા નથી, એવા દેહાદિ અવસ્થાને પણ આત્મા માને છે. તેમને અનેક વિભ્રમનો સંભવ છે. આત્મદર્શીને જરા પણ વિભ્રમનો સંભવ નથી, આત્મદર્શીની નિદ્રાવસ્થાની બરોબર પણ બહિરાત્માની જાગૃત અવસ્થા નથી. અહો ! બંનેની દશામાં કેટલો ફેરફાર વર્તે છે ? ૯૩.

હવે બાલ્ય, યૌવન, વૃદ્ધાવસ્થાદિને આત્મબુદ્ધિથી દેખનાર મનુષ્ય પણ સંપૂર્ણ શાસ્ત્રના જાણપણાથી નિદ્રા રહિત થતાં મુક્ત થશે જ એમ કહેનારને કહે છે :—

બહિરાત્મા સંપૂર્ણ શાસ્ત્રનો જાણનાર છતાં, અને જાગતો છતો, પણ કર્મબંધનથી મુક્ત થતો નથી, અને ભેદજ્ઞાની અનુભવી અંતરાત્મા દૃઢતર (ખૂબ દૃઢ) અભ્યાસને લીધે નિદ્રા લેતો હોય તથા વિકલ હોય, તો પણ સંસારથી મુક્ત થાય છે, અર્થાત્ કર્મરહિત થાય છે. ૯૪.

જ્યાં એટલે જે વિષયને વિષે મનુષ્યની બુદ્ધિ સંલગ્ન થાય છે, તે જ વિષય ઉપર તેની શ્રદ્ધા એટલે રુચિ થાય છે, અને જ્યાં તેની શ્રદ્ધા થાય ત્યાં જ ચિત્ત લય પામે છે, આસક્ત થાય છે. ૯૫.

ચિત્ત કયાં આસક્ત નથી થતું તે કહે છે :—

જે વિષયમાં મનુષ્યની બુદ્ધિ ન ચોંટે તે વિષયમાં તેની શ્રદ્ધા થતી નથી, એટલે તેનાથી બુદ્ધિ પાછી ફરે છે. એમ જ્યારે થાય ત્યારે તે વિષયમાં ચિત્તનો લય શી રીતે થાય? અર્થાત્ થાય નહિ. જ્યાં ચિત્તનો લય થાય એવું જે ધ્યેય તે ભિન્ન હોય, કે અભિન્ન હોય. ૯૬.

ત્યાં ભિન્ન એવા ધ્યેયનું ધ્યાન કરવાથી થતા ફળને બતાવે છે :—

ભિન્નાત્મા એટલે પોતાના આત્માથી ભિન્ન એવા અરિહંત, સિદ્ધ રૂપ આત્માની ઉપાસના કરવાથી, આરાધક પુરુષ પણ

પરમાત્મા બને છે. તે ઉપર દૃષ્ટાંત બતાવે છે કે દીપથી ભિન્ન એવી જે વાટ, તે દીપ જ્યોતિને સેવી પોતે પણ જ્યોતિ રૂપ બને છે, તેમ અત્રે સમજવું. ૯૭.

હવે પોતાનાથી અભિન્ન એવા આત્માની ઉપાસનાનું ફળ બતાવે છે :—

અથવા આત્માને જ એટલે ચિદાનંદમય સ્વસ્વરૂપ તેને જ ઉપાસતાં આત્મા એટલે પુરુષ, પરમાત્મા થાય છે. એ વાતનું દૃષ્ટાંત બતાવે છે કે, જેમ પોતે પોતાને જ મથે છે તો વૃક્ષ લાકડું છે તે અગ્નિરૂપ થઈ જાય છે, તેમ જ આત્મા પણ આત્માનું ધ્યાન કરતા નિજરૂપ બને. જે જેવી ભાવના કરે તેવો તે થાય છે. ૯૮.

આ વાતનો ઉપસંહાર કરી ફળ કહે છે :—

એ પ્રમાણે ભિન્ન કે અભિન્ન ગમે તે પ્રકારે આત્મ-સ્વરૂપની ભાવના નિત્ય હરપળે કરવી, તે ભાવનાના સતત સેવનથી અગોચર એવું મોક્ષપદ પમાય છે, જે મોક્ષપદ પામ્યા પછી ફરીથી ત્યાંથી પાછા ફરાતું નથી, અર્થાત્ પશ્ચાત્ સંસારમાં આવાગમન થતું નથી. આવું મોક્ષપદ આત્મા સ્વયમેવ પામે છે. ૯૯.

ચેતના લક્ષણ આત્મતત્ત્વ જો ભૂત જ એટલે પૃથ્વી, જળ, વાયુ અને અગ્નિ એ ચાર તત્ત્વના સમૂહથી ઉત્પન્ન થયું છે એવું માનીએ તો નિર્વાણ જે મોક્ષ તે યત્નથી સાધી શકાય નહિ, કારણ કે ચાર્વાકમતમાં શરીરના ત્યાગ પછી

રહી શકે એવા આત્માનો અભાવ છે. ચારભૂતથી ઉત્પન્ન થયેલો આત્મા માનતાં, શરીર નષ્ટ થતાં આત્મા પણ નષ્ટ થઈ જાય; કારણ કે શરીરથી આત્મા ભિન્ન ચાર્વાક મતમાં નથી.

વળી સાંખ્યમતમાં ભૂત જ એટલે સહજ સિદ્ધ આત્મા નિર્લેપ છે. સાંખ્યમતમાં કહ્યું છે કે, જે કંઈ થાય છે તે પ્રકૃતિ જ કરે છે, પુરુષ તો કમળના પત્ર સમાન નિર્લેપ છે. તે મતાનુસારે આત્મા પ્રથમથી જ નિત્ય, શુદ્ધ અને મુક્ત માનવામાં આવે તો નિર્વાણ યત્નથી સિદ્ધ થતું નથી. ચાર્વાક-મતવાળા ભૂતથી આત્માની ઉત્પત્તિ માને છે, પણ તે અસત્ય છે. ભૂત તો જડ છે અને જડથી ચૈતન્ય વસ્તુની ઉત્પત્તિ કેમ સંભવે? મૃતક શરીરમાં ચાર ભૂત હોય છે, પણ ત્યાં આત્મા હોતો નથી. આત્મા તો જ્ઞાન સ્વરૂપ છે, તે અરૂપી એવો આત્મા તે રૂપી એવા ચાર ભૂતનું કાર્ય નથી, તે માટે આત્મા ચાર ભૂતથી જુદો છે. અન્યથા એટલે આ બે મતથી જુદી રીતે 'જૈન મતાનુસાર' યોગાભ્યાસ દ્વારા આત્મસ્વરૂપનો અનુભવ સ્વીકારવામાં આવે તો, ચિત્તવૃત્તિ નિરોધરૂપ યોગથી નિર્વાણ સહેજે પ્રાપ્ત થાય છે, અને સ્વસ્વરૂપમાં રમતા યોગી-ઓને ઉપસર્ગ વગેરેના દુઃખોને દુઃખરૂપ ન માનતા સાધક કર્મફળનો ભોગવટો સમભાવથી કરે છે, અને પોતે તો જ્ઞાન-સ્વરૂપ આનંદમય આત્મા છું, આ દુઃખાદિ મારા જ્ઞાન-સ્વભાવમાં નથી એમ પરને પર સ્વરૂપે અને પોતાને પોતા સ્વરૂપે જાણતો જોતો આત્મસમાધિરૂપ મોક્ષ સુખને વેદે છે. ૧૦૦.

મરણ રૂપ વિનાશ પામ્યા પછી આત્માનો અભાવ નથી, તો તેનું સર્વદા અસ્તિત્વ શી રીતે સિદ્ધ થાય એવી શંકાને ઉદ્દેશીને કહે છે :—

સ્વપ્નાવસ્થામાં દૃષ્ટ જે શરીરાદિ તેનો નાશ થતાં, જેમ આત્માનો નાશ થતો નથી, તે પ્રમાણે જાગૃત દૃષ્ટ જે શરીરાદિ તેનો નાશ થતાં આત્માનો નાશ થતો નથી. કોઈ એમ કહે કે સ્વપ્નદશામાં ભ્રાન્તિને લીધે આત્માનો પણ નાશ ભાસે, એવી શંકા કરનારને ઉત્તર એ છે કે તે વાત તો જાગ્રતને પણ સરખી છે, કેમકે જેને ભ્રાન્તિ નથી, તેવો કોઈ પણ મનુષ્ય શરીરના નાશથી આત્માનો નાશ થાય એમ માને જ નહિ, માટે ઉભયત્ર આત્માનો નાશ ઘટતો નથી. જાગ્રત અને સ્વપ્ન એ બંને અવસ્થામાં પણ આત્મા અવિનાશી નિત્ય વર્તે છે. ૧૦૧.

સર્વાવસ્થામાં આત્મા નિત્યપણે વર્તે છે, કોઈ પણ અવસ્થામાં આત્માનો નાશ થતો નથી, તથાપિ આત્માની મુક્તિને અર્થે મહાદુઃખ રૂપ કલેશાદિ ઉઠાવવાની જરૂર નથી, જ્ઞાનભાવના માત્રથી જ મુક્તિ થશે એવી શંકા કરનારને કહે છે :—

અદુઃખ એટલે કાયકષ્ટાદિ દુઃખ વિના જે ભાવિત એટલે એકાગ્રતાથી પુનઃ પુનઃ ચિત્તમાં ધારણ કરેલું જ્ઞાન તે ક્ષય પામે છે, કયારે તે જ્ઞાન ક્ષય પામે છે, તો કહે છે કે, જ્યારે દુઃખ પ્રાપ્ત થાય છે ત્યારે. શરીરથી આત્મા ભિન્ન છે, એવું શાતા વેદનીયના યોગે ભાવિત જ્ઞાન દુઃખના સમયે સ્થિર રહેતું

નથી, માટે પોતાની શક્તિને અનુસરી દુઃખ[1] સહન કરતા જવું અને આત્માની ભાવના, ભાવનાનો પણ અભ્યાસ કરવો. ૧૦૨.

જો આત્મા શરીર થકી નિરંતર ભિન્ન છે, તો તેના ચાલવાથી શરીર ચાલે છે, ને તેના ઊભા રહેવાથી ઊભું રહે છે, તે શું ? એમ શંકા કરનાર, પ્રતિ કહે છે.

આત્મ સંબંધી પ્રયત્નથી શરીરમાં વાયુ પેદા થાય છે, તે પ્રયત્ન કેવો છે, ઇચ્છા દ્વેષથી પ્રવર્તિત રાગ દ્વેષથી પેદા થયેલો, એવા વાયુથી શરીર રૂપ જે યંત્રો તે પોતપોતાનાં કર્મ કરવા પ્રવર્તે છે. શરીરને યંત્ર શા માટે કહ્યું, તે બતાવે છે કે :— કાષ્ટનાં બનાવેલાં સિંહ, વ્યાઘ્રાદિ યંત્ર પોતપોતાનાં સાધવાની વિવિધ ક્રિયાઓ પર પ્રેરણાથી કરે છે, તેમ જ શરીર પણ કરે છે, એટલે ઉભયમાં પરસ્પર સમાનતા છે. ૧૦૩.

આવાં જે શરીર યંત્ર તેમનો આત્મામાં આરોપ અને અનારોપ કરીને જડ પુરુષો તથા વિવેકી પુરુષો શું કરે છે, તે બતાવે છે :—

---

૧ દુઃખ સહન કરતા રહેવું એટલે તપ અને સંયમનું પાલન કરવું આત્મ ભાવનાની સાથે તપ અને સંયમનું પણ પાલન કરવું શાસ્ત્રમાં જ્ઞાનાક્રિયાભ્યામ્ મોક્ષાણિઃ પદ આવેલ છે, તેથી જ્ઞાન સહિત ક્રિયાનો મહિમા છે. જ્ઞાનની સાથે સંયમ તપાદિ ક્રિયા હોય તો જ મોક્ષ મળે, શુષ્ક જ્ઞાન કે શુષ્ક ક્રિયાથી મોક્ષ મળે નહિ, બન્ને એક બીજા વિના અંધ અને પંગુ છે બન્નેના સંયોગથી મોક્ષ પ્રાપ્ત થાય છે, ક્રિયા અંધ છે અને જ્ઞાન પંગુ છે. જો અંધ અને પાંગળાનો સંયોગ થાય તો ભવરૂપી અરણ્ય પાર થઈ શકે માટે બન્નેનો આદર કરવો.

બહિરાત્મા ઇન્દ્રિયો સહિત શરીરોને આત્માને વિષે આરોપે છે અને હું ગોરો છું, હું કાળો છું, હું સુંદર નેત્રવાળો છું ઇત્યાદિ અભેદાધ્યવસાય માને છે, અને જડ અસુખને પણ સુખ સમજી તે પ્રમાણે વર્તે છે, પણ જે ભેદજ્ઞાની અંતરાત્મા છે તે તો આરોપ એટલે શરીર, મન, વાણીમાં માનેલી જે આત્મબુદ્ધિ તેનો ત્યાગ કરી, આત્મામાં જ આત્મપણાનો નિર્ધાર કરી, સ્વસ્વભાવમાં રમણતા કરી, અને પરસ્વભાવને પરહરી મોક્ષ પદ પામે છે. ૧૦૪.

જેનાથી સંસાર દુઃખની ઉત્પતિ થાય એવી પરમાં આત્મબુદ્ધિ અને અહંપણાની બુદ્ધિ; તેનો ત્યાગ કરીને સંસારમાંથી વિશેષ પ્રકારે મુક્ત થયેલ અને પરમાત્મ સ્વરૂપનો સંવેદક એવો જ્યોતિર્મય સુખને પામે છે, તેનો જ માર્ગ સમાધિતંત્ર જાણીને, સમાધિ એટલે પરમાત્મ સંવેદનની એકાગ્રતા અથવા પરમોદાસીન્ય, તેનો માર્ગ તે બતાવનારું શાસ્ત્ર તે સમાધિતંત્ર, તેને જાણીને એ દેહાત્મબુદ્ધિનો ત્યાગ કરીને મોક્ષને પ્રાપ્ત કરવો. ૧૦૫.

બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણ પ્રકારના આત્માનું આ ગ્રંથમાં પ્રતિપાદન કર્યું છે, પરમાત્મા રૂપી ફળ સાધ્ય છે, અંતરાત્મા સાધન છે, અને બહિરાત્મા ત્યાગ કરવા યોગ્ય છે. જે ભવ્ય આ ગ્રંથને વાંચી, વિચારી, મનન કરીને સ્વસ્વરૂપનું સદ્ધ્યાન કરે છે, તે પરમપદને પ્રાપ્ત કરે છે.

જેણે આત્માને બહિર, અંતર અને ઉત્તમ, એવા ત્રણ ભેદથી સ્પષ્ટ કરી બતાવ્યો. જેણે સદ્ધ્યાનથી અનંત-ચતુષ્ટમય

અમલ શરીરરૂપ મોક્ષ છે, એમ પ્રસિદ્ધ કર્યું છે, તે કેવાં છે તે જિન છે, જેના પાદ પૂજ્ય છે. જેમણે વિષય માત્રાનો ત્યાગ કર્યો છે, ને જે ભવ્યોને આનંદ કરનારું છે એવા સમાધિશતકના રચનાર શ્રી પ્રભેન્દુ પ્રભુ જય પામો. ૧.

शिवमस्तु सर्वजगतः परहितरता भवन्तु भूत गणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीन् भवन्तु लोकाः ॥१॥

सर्वेपि सन्तु सुखीनः सर्वे संतु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु माकूश्चित् पापमाचरेत् ॥२॥

—વિશ્વ શાન્તિ ચાહક

સોઽહમ્

સોઽહમ્ ૐ સોઽહમ્

સોઽહમ્

આત્મ પ્રબોધકર ભાવનાઓ

લેખક તથા સંકલનકાર :

વિશ્વશાન્તિ ચાહક

તારા અંતરમાં તને જે જે વાસના સતાવતી હોય તેની પ્રતિપક્ષી ભાવનાઓમાં તું વારંવાર રમણ કર. જ્યારે પેલી વાસના જાગે...ટકે કે તરત જ પેલી પ્રતિપક્ષી પવિત્ર ભાવના દ્વારા તેને દૂર ભગાડી દે.

આંતરિક પતનમાંથી ઉગરવાનો આના સિવાય બીજો કોઈ માર્ગ સમજાતો નથી. સાથે સાથે આ માર્ગ ઘણો કારગત નીવડે છે, એવો અનુભવ છે. તું પ્રયત્ન કર, શ્રદ્ધા ધારણ કરીને પ્રયત્ન કર. સફળતા અવશ્ય મળશે.

પ્રથમાવૃત્તિ

સોઽહમ્

સોઽહમ્ ૐ સોઽહમ્

સોઽહમ્

આત્મ પ્રબોધક ભાવનાઓ

આત્મકલ્યાણ કરવાનો સરળ ઉપાય

ભાવનાનું સ્વરૂપ અને ફળ

બધા શાસ્ત્ર ભણવાનો સાર "આત્માના સત્ય સ્વરૂપને જાણીને એને પ્રગટ કરવું" એ આત્મ સ્વરૂપને પ્રગટ કરવાનું ઉત્તમ સાધન આત્મ પ્રબોધકર ભાવનાઓનું સતત ચિંતન કરવું તે છે.

સર્વ જ્ઞાની પુરુષોએ દુઃખથી મુક્ત થવાનો એક જ ઉપાય બતાવ્યો છે. અને તે સત્યજ્ઞાન અને સચ્ચરિત્ર છે; જેટલા પ્રમાણમાં જ્ઞાન તથા ચારિત્ર્ય શુદ્ધ અને પવિત્ર હોય છે, એટલા પ્રમાણમાં દુઃખ દૂર થાય છે. "જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ" જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ અર્થાત્ દુઃખ રહિત બની શકાય છે. મારું સત્ય સ્વરૂપ શું છે? અને મારું કર્તવ્ય શું છે? એવી ભાવના કરવાથી, વિચારવાથી, સત્ય જ્ઞાન અને સત્ય ચરિત્ર પ્રગટ થાય છે.

શુદ્ધ ભાવથી કરેલ પ્રબળ ભાવના વડે કાર્યની સિદ્ધિ

સત્વર થાય છે અને પુરુષાર્થથી સંપૂર્ણ સિદ્ધિ મળે છે. દૃઢ ભાવના વડે જ દરેક કાર્યમાં વિજય પ્રાપ્ત થાય છે.

જેવું બીજ તેવું વૃક્ષ ઉત્પન્ન થાય છે, એવી રીતે જેવા વિચાર હોય, તેવું ચારિત્ર બને છે, એ માટે અશુભ વિચારોને ત્યાગી સદા સર્વદા સુવિચારો જ કરવા જોઇએ. વિચાર વડે જ ચારિત્ર ઘડાય છે.

પોતાની ભાવના અનુસાર જીવન બને છે, માટે ઉત્તમ ભાવોને જ દિલમાં સ્થાન આપવું જોઈએ. જે મનુષ્ય હું દુઃખી છું, રોગી છું, નિર્બળ છું, વૃદ્ધ બની જઈશ, સફળતા નહિ મળે વગેરે હલકા વિચાર કરે છે તે તેવો જ બની જાય છે. અને જે માણસ એમ વિચારે છે કે હું સુખી છું, નીરોગી છું, બળવાન છું, સદા યુવાન રહીશ, બધા ઈષ્ટ કાર્યમાં સફળ થઈશ વગેરે ઉત્તમ વિચાર કરે છે તે તેવો બને છે.

અહિંસા, સત્ય, નીતિ, પરોપકાર વગેરેના વિચારો કરવાથી તેવા જ ગુણ પોતામાં પ્રગટ થાય છે.

"જં અબ્ભસેઇ જીવો, ગુણં ચ દોષં ચ ઇત્થં જમ્મંમિ,
તં પાવઈ પુણ્ણભવે, અબ્ભાસેણ પુણો તેણ" ॥૨॥

અર્થ:—જે જે ગુણ અગર દોષ આ જન્મમાં ધારણ કરેલ હોય તેવા જ ગુણદોષ પૂર્વ જન્મમાં પૂર્વના અભ્યાસથી તે શીઘ્ર ઉત્પન્ન થાય છે. એથી સદ્‌ગુણોનો અભ્યાસ સતત કરવો જોઇએ.

કર્મનું બંધન તથા તેનો નાશ ભાવો અનુસાર જ હર-સમય થયા કરે છે. સુષુપ્ત અવસ્થામાં, જાગ્રત અવસ્થામાં, હાલતા,

ચાલતા, બેસતા દરેક ક્ષણે કર્મ બંધાય છે. (સંસ્કાર પડે છે.) રાગ–દ્વેષ, મોહરહિત નિર્મળ ભાવોથી અશુભ કર્મોનો નાશ થાય છે અને રાગ, દ્વેષ, મોહ વગેરેના વિચારોથી અશુભ કર્મોનો બંધ થાય છે.

પ્રસન્નચંદ્ર રાજઋષિએ અશુભ ભાવ વડે સાતમી નરકમાં જાય એટલા કર્મોના દલિયાં એકત્ર કર્યા અને ભાવોને પલટી શુભ ભાવોનું ચિંતન કરવાથી કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું.

તંદુલ મચ્છ (જેનું ભાતના દાણા જેવડું શરીર છે) અશુભ વિચારો કરવાથી બે ઘડીના અલ્પ આયુષ્યમાં સાતમી નરકમાં ચાલ્યો જાય છે. થોડીવારના અશુભ વિચારોથી પણ આટલું દુઃખ થાય છે તો સતત અશુભ વિચારો કરનારની શી દશા?

એમ વિચારીને અશુભ વિચારોને હટાવી શુભ વિચારોમાં સંલગ્ન રહેવું જોઈએ. સુવિચાર જ અનંત સુખનું કારણ છે અને અશુભ વિચારો જ અનંત દુઃખદાતા છે.

માટે હે મહામાનવ! અશુભ ભાવોને ત્યાગી શુદ્ધ અને શુભ ભાવોને દિલમાં સ્થાન આપ એ જ સુખનો રાજમાર્ગ છે.

સુખ એ આત્માનો મુખ્ય ગુણ છે, સ્વભાવ છે. તે ગુણ અજ્ઞાન અને મોહથી મલિન થવાથી જ આત્મા પોતાના આત્મિક સુખને ભૂલી ઇન્દ્રિયજન્ય ભોગમાં (બાહ્ય પદાર્થોમાં) આસક્ત થાય છે. શુભ ભાવોથી બાહ્ય સુખ અને અશુભ ભાવોથી બાહ્ય દુઃખ ઉત્પન્ન થાય છે. જ્યારે શુદ્ધ ભાવ અર્થાત્ રાગ, દ્વેષ, મોહ રહિત આત્મધ્યાન–આત્મરમણતા રૂપ પરિણામ થાય છે ત્યારે બાહ્ય સુખદુઃખ તથા તેના કારણરૂપ પુણ્ય-પાપ રૂપ

પ્રકૃતિઓનો નાશ થઈને આત્મા અનંત સુખને પ્રાપ્ત કરે છે.

રોગ, શોક, ભય, જન્મ, જરા, મરણાદિ દુઃખો માત્ર અશુભ ભાવોનું ફળ છે, અને એ સર્વ દુઃખોથી મુક્ત થવાનો ઉપાય માત્ર શુદ્ધ અને શુભ ભાવના છે. શુદ્ધ અને શુભ ભાવના કરવાથી પૂર્વના બંધાએલા અશુભ કર્મનું પરિવર્તન થઈ શકે છે. એનું નામ શાસ્ત્રમાં 'સંક્રમણ' અર્થાત્ કર્મોનું પરિવર્તન એમ કહ્યું છે.

શુભ ભાવના કરવાથી અશાતા વેદની કર્મશાતા રૂપ બને છે, પાપ પ્રકૃતિ પુણ્ય રૂપ થાય છે, અશુભ કર્મોની લાંબી સ્થિતિ ઘટી જાય છે, તીવ્ર રસ (અતિશય દુઃખ) મંદ રસ (અલ્પ દુઃખ) થાય છે. ઘણા કર્મોનો પુંજ અલ્પ થઈ જાય છે. એવી રીતે અશુભ ભાવનાઓ વડે શુભકર્મ, શાતાવેદની, પુણ્યપ્રકૃતિનો પણ નાશ થાય છે અને પાપ પ્રકૃતિઓ વધી જાય છે એમ જાણીને વિવેકીજનોએ ઉત્તમ ભાવનાઓને જ દિલમાં સ્થાન આપવું એ જ શ્રેયકર માર્ગ છે.

ઉત્તમ ભાવનાઓ કેવી રીતે ? કયા સમયે શું વિચારવું ? તેના માર્ગદર્શક રૂપે આ પુસ્તકનું વાંચન, મનન સુજ્ઞજનોએ નિત્ય કરવું જરૂરી છે.

રોગીને આ ભાવ ઔષધ રૂપ છે. આ ભાવનાથી દ્રવ્યથી રોગ શાંત થશે અને ભાવથી અશુભ કર્મોનો નાશ થશે. શારીરિક, માનસિક, પરિવારજન્ય, વ્યાપારજન્ય વગેરે કોઈ પણ સંકટ, વિપત્તિ, દુઃખ આદિનો નાશ કરવાનો સરળ ઉપાય શુભ ભાવના કરવી તે છે; બધા દુઃખોનું મૂળ કારણ મલિન

ભાવો છે, એથી દુઃખોને દૂર કરવાનો સાચો માર્ગ શુભ ભાવના કરવી તે છે. માટે સુખાભિલાષીઓનું પરમ કર્તવ્ય છે કે શુદ્ધ અને શુભ ભાવનામાં નિરંતર લીન બનવું.

વૃક્ષ પણ બીજાની ભાવના વડે ફાલેફૂલે છે અને સૂકાય જાય છે એમ વિજ્ઞાનશાસ્ત્રી શ્રી જગદીશચંદ્ર બોઝે પ્રત્યક્ષમાં બતાવ્યું છે. એમ છે તો વનસ્પતિના જીવોથી અનંતગુણ વિશેષ જ્ઞાનશક્તિ જેમાં પ્રગટ થઈ છે એવો માનવ આત્મા પોતાની જ ઉત્તમ ભાવનાઓ વડે પોતાનો વિકાસ કરે એ તો યથાર્થ જ છે.

૧

શ્રી નમસ્કાર મહામંત્રનો અર્થ અને ભાવના

(૧) **નમો અરિહંતાણું**–શ્રી અરિહંતદેવને નમસ્કાર કરું છું. 'અરિ' અર્થાત્ ભાવ શત્રુ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય, પ્રમાદ આદિ અંતરંગ શત્રુઓનો સર્વથા 'હંતાણું' અર્થાત્ નાશ કરનાર એવા મહા પ્રભુને નમસ્કાર કરું છું. હું પણ જ્યારે ક્રોધાદિ ભાવશત્રુઓનો નાશ કરીશ ત્યારે ધન્ય બનીશ. આ સંસારમાં મને કોઈ દુઃખ આપવા સમર્થ નથી. ફક્ત આ ક્રોધાદિ વિકારો જ મારા શત્રુ છે અને તેનો ત્યાગ કરવાથી આત્મા પોતાનો મિત્ર બની સુખદાતા બને છે. આજ અત્યારથી હું આ ક્રોધાદિ શત્રુઓને દૂર કરવાની ભાવના સહ પ્રયત્ન કરી. ક્ષમાદિ ગુણોને ધારણ કરવાનો સુપ્રયત્ન કરીશ.

(૨) **નમો સિદ્ધાણું** :–શ્રી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરું છું. જેમણે આત્માના બધા જ આવરણોને દૂર કર્યા છે,

બધા કર્મોનો નાશ કર્યો છે, અને જેણે આત્માના અનંત ગુણોને પ્રાપ્ત કર્યા છે એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરું છું.

આત્માના આઠ ગુણોને આચ્છાદિત કરનાર આઠ કર્મો છે એનો નાશ કરવાની ભાવનાઓ.

૧. જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાઓ, અનંત જ્ઞાન ગુણ પ્રગટ થાઓ.

૨. દર્શનાવરણીય કર્મનો નાશ થાઓ, અનંત દર્શન ગુણ પ્રગટ થાઓ.

૩. મોહનીય કર્મનો નાશ થાઓ, અનંત આત્મિક સુખ, ક્ષાયિક સમ્યક્ત્વ અને વીતરાગ ચારિત્ર એ ગુણ પ્રગટ થાઓ.

૪. અંતરાય કર્મનો નાશ થાઓ, અને અનંત આત્મિક સુખ પ્રાપ્ત થાઓ.

૫. વેદનીય કર્મનો નાશ થાઓ, અને અનંત અવ્યાબાધ સુખ પ્રગટ થાઓ.

૬. આયુષ્ય કર્મબંધનનો નાશ થાઓ, અને અજર, અમર ગુણ પ્રગટ થાઓ.

૭. નામકર્મ દૂર થાઓ, અરૂપી અવસ્થા પ્રાપ્ત થાઓ.

૮. ગોત્ર કર્મનો નાશ થાઓ, અને અગુરુ લઘુ ગુણ પ્રગટ થાઓ.

બધા કર્મોનો નાશ થાઓ, અને આત્મિક અનંત ગુણો પ્રગટ થાઓ.

(૩) **નમો આયરિયાણું** :- શ્રી આચાર્યજી મહારાજને નમસ્કાર કરું છું. તે આચાર્ય ભગવંત કેવા છે? પાંચ આચારને સ્વયં પાળે છે અને બીજાને તે પાળવાનો ઉપદેશ આપે છે. એવા આચાર્ય ભગવંતને હું નમસ્કાર કરું છું. પાંચ આચાર જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચાર પાળવાનું બળ મને પ્રાપ્ત થાઓ. જે દિવસે હું તેની આરાધના કરીશ તે દિવસ મારો ધન્ય ધન્ય થશે.

(૪) **નમો ઉવજ્ઝાયાણું** :- શ્રી ઉપાધ્યાયજી મહારાજને નમકાર કરું છું. જ્યારે હું ૧૧ અંગ ૧૨ ઉપાંગનો જ્ઞાતા બની સમ્યક્ત્વ સહિત ઉપાધ્યાયના ગુણોને ધારણ કરીશ તે દિવસ મારો ધન્ય બનશે.

(૫) **નમો લોએ સવ્વ સાહૂણું** :— સર્વ સાધુજી મહારાજને નમસ્કાર કરું છું. હિંસા, વિષય, કષાયાદિ મારા દુર્ગુણોનો નાશ થાઓ, અને અહિંસા, સંયમ, અકષાય, સમભાવ ગુણ પ્રગટ થાઓ. પાંચ પદમાં જે જે ગુણો છે તે મારા આત્મામાં સત્તાપણે રહેલા છે તે ગુણો મારામાં સત્વર પ્રગટ થાઓ, એવું બળ અને શક્તિ મને પ્રાપ્ત થાઓ, અને સતત પ્રયત્નપૂર્વક પુરુષાર્થ કરી તેને પ્રાપ્ત કરું.

૨

નમસ્કારના પ્રકાર અને ફળ.

(૧) **દ્રવ્ય નમસ્કાર** :— મનની એકાગ્રતા વિના અને ભાવ વિના જે વચનથી સ્તુતિ અને શરીરથી નમસ્કાર થાય તે.

એથી વચન અને કાયાનું પાપ રોકાઈ જાય છે અને અલ્પ પુણ્ય બંધ થાય છે.

(૨) **વ્યવહાર નમસ્કાર** :–મન સ્થિર કરીને જ્ઞાનાદિ ગુણોની સ્તુતિ અને નમસ્કાર કરે તે. એથી અત્યંત નિર્મળ પુણ્યની પ્રાપ્તિ થાય છે અને શુદ્ધ ઉપયોગ–રાગાદિ રહિત પરિણામ હોય એટલી નિર્જરા થાય છે–કર્મોનો નાશ થાય છે.

(૩) **ભાવ નમસ્કાર** :– પ્રભુ સમાન મારો આત્મા પણ જ્ઞાનાદિ ગુણ સંપન્ન છે એવી ભાવના સહિત વારંવાર વંદન કરે તથા તે તે ગુણોને પ્રગટાવવાનો પ્રયત્ન કરે.

નમસ્કાર કરવા અર્થાત્ જેને આપણે નમસ્કાર કરીએ છીએ તેવાં ગુણો પોતામાં પ્રગટ થાય છે. એ માટે મહાન આત્માઓને, પવિત્રાત્માઓને નમસ્કાર કરવા જોઇએ.

૩

સમકિતગુણને પ્રગટ કરનાર ભાવના

મોક્ષનું બીજ સમ્યક્ત્વ અને સમ્યક્ત્વનું મૂળ કારણ ચાર ભાવના છે. એ માટે હંમેશા એનું ચિંતન કરીને ચારે સદ્ગુણોને પ્રાપ્ત કરવા જોઈએ એ ગુણ પ્રગટ થાય પછી જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

(૧) **મૈત્રી ભાવના** :—સંસારના સર્વ જીવોને પોતાના આત્મા સમાન જાણીને કોઇ પણ જીવની હિંસા ન કરવી. બધાનું હિત કરવું અને ઇચ્છવું. બધા જીવો સાથે મૈત્રીભાવના કરવી. કોઇ સાથે વૈરભાવ ન કરવો. સંસારના સર્વ જીવોને મિત્ર સમાન ગણી બધાનું ભલું કરવું અને એનાં દુઃખ દૂર થાઓ એવી ભાવના કરવી.

(૨) **પ્રમોદ ભાવના** :— હંમેશા ગુણાનુરાગી બનવું. બીજાના સદ્‌ગુણ દેખી પ્રમુદિત થવું અને વિચારવું કે મારામાં પણ એ ગુણ પ્રગટ થાઓ. બધાના ગુણો દેખવાની અને દોષોથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો તે પ્રમોદ ભાવના મારા હૃદયમાં સ્થિર થાઓ, એવી ભાવના કરવી.

(૩) **કરુણા ભાવના** :— દુઃખી જીવોને દેખીને દિલમાં કરુણા ઉત્પન્ન થાય, તેના દુઃખ દૂર કરવાની ભાવના થાય, પ્રયત્ન થાય, તેના દ્રવ્ય, ભાવ દુઃખને દૂર કરું વગેરે ભાવનાનું ચિંતન, મનન કરવું.

(૪) **મધ્યસ્થ ભાવના** :– દુર્જનોને દેખી તેનો તિરસ્કાર ન કરવો મનને મલિન ન થવા દેવું, પણ વિચારવું કે કર્માધીન સર્વ જીવો છે, એમ વિચારી તેના પ્રત્યે ઉપેક્ષા ભાવ કરવો એ ચાર ભાવનાઓને નિરંતર ભાવી તેવા ગુણો પોતામાં પ્રગટ કરવા.

જીવાત્મા નિરંતર વિચાર તો કરે છે, પરંતુ વિશેષ કરીને અશુભ વિચાર વધારે કરે છે એ માટે અશુભ વિચારોનો ત્યાગ કરવા શુભ ભાવનાનો વારંવાર આશ્રય ગ્રહણ કરવો જોઇએ.

૪

આત્મદર્શન સત્ય, શ્રદ્ધા ગુણ પ્રગટ કરવાની ૩૬ ભાવનાઓ

આ જીવાત્માઓ અનાદિકાળથી સમ્યક્‌ત્વ ભાવના ન ભાવવાથી જન્મ–મરણાદિ અનંત દુઃખ ભોગવી રહ્યા છે. જેવી રીતે સૂર્યોદય થવાથી અંધકારનો નાશ થાય છે અને પ્રકાશ

ફેલાય છે એવી રીતે સમ્યક્ત્વ ગુણ પ્રગટ થવાથી અજ્ઞાનજન્ય દોષથી ઉત્પન્ન થયેલ સર્વ દુઃખોનો નાશ થાય છે. સમ્યક્ત્વ સહિત જીવ નરકમાં પણ સુખી હોય છે જ્યારે મિથ્યાત્વી જીવ સ્વર્ગના સુખનો ઉપભોગ કરતા પણ પોતાની ભાવના વડે દુઃખી રહે છે. એથી સમકિત એટલે સાચી સમજણ જ સુખનું મૂળ છે. એમ જાણી સમકિત ગુણ પ્રગટ કરવાની ભાવના નિરંતર કરવી જોઈએ.

અનેક પૂર્વાચાર્યોએ સમકિતની ભાવનાનું આરાધન કરવાની શિક્ષા આપતા ફરમાવે છે કે, હે ભવ્ય ! તું છ મહિના સુધી સર્વકાર્ય છોડીને, પ્રપંચ ત્યાગીને, શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરી, પાંચ ઇન્દ્રિયોના વિષય તથા ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય અને આર્તરૌદ્રધ્યાનનો ત્યાગ કરી એકાગ્ર ચિત્તથી સમકિત ભાવનાનું ચિંતવન કર તો તને છ મહિનામાં અવશ્ય આત્મદર્શન અર્થાત્ શુદ્ધ નિજ આત્માનો અનુભવ પ્રાપ્ત થશે. સ્વાનુભવ અર્થાત્ સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયા પછી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એવી કલ્યાણકારી ભાવનાઓ શાસ્ત્રકારો અને પૂર્વાચાર્યોએ ભવ્ય જીવોના લાભાર્થે અને દુઃખથી મુક્ત થવા માટે ભાવકરુણાવશાત્ બતાવી છે. તેનો અહીંયા સંગ્રહ કરેલ છે. મોક્ષાભિલાષીઓએ એનું ચિંતન, મનન અવશ્ય કરવું એ જ શ્રેયનો માર્ગ છે.

૧. સમ્યક્ત્વ–સ્વાનુભવ મને પ્રાપ્ત થાઓ.

૨. મિથ્યાત્વનો નાશ થાઓ, વિપરીત ભાવનો નાશ થાઓ.

૩. પર વસ્તુ મારી નથી તો તેના નાશથી હું શા માટે ભય પામું ? શા માટે ખેદ કરું ? આજથી, અત્યારથી ભયાદિ

દોષોનો નાશ કરવા પ્રયત્નવંત બનું, અને નિર્ભયતાદિ ગુણનો પ્રગટ કરીશ.

૪. દેહભાવનો નાશ થાઓ અને આત્મિકગુણ પ્રગટ થાઓ.

૫. પર વસ્તુને પોતાની માનવી તે વિપરીત ભાવનો નાશ થાઓ, અને સ્વને સ્વ માનવા રૂપ સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાઓ.

૬. મોહાદિ વિકારોનો નાશ થાઓ, અને મારું નિર્વિકારી સ્વરૂપ પ્રગટ થાઓ.

૭. વિષયાદિ ઇચ્છાઓનો નાશ થાઓ, નિર્વિષય એવું મારું આત્મ સુખ પ્રગટ થાઓ.

૮. પર વસ્તુમાંથી 'અહં મમ' બુદ્ધિનો નાશ થાઓ, સ્વમાં સ્વ બુદ્ધિ થાઓ.

૯. રાગાદિ દોષોનો નાશ થાઓ, વીતરાગ ગુણ પ્રગટ થાઓ.

૧૦. વિભાવનો નાશ થાઓ, સ્વભાવ ગુણ પ્રગટ થાઓ.

૧૧. વિષમ ભાવનો નાશ થાઓ, વીતરાગ ગુણ પ્રગટ થાઓ.

૧૨. બહિરાત્મ ભાવનો નાશ થાઓ, અંતરાત્માભાવ પ્રગટ થાઓ.

૧૩. પુદ્ગલાનંદીપણું નાશ પામો, પરમાનંદપણું પ્રગટ થાઓ.

૧૪. અસંયમનો નાશ થાઓ, સંયમગુણ પ્રગટ થાઓ.

૧૫. અજ્ઞાનનો નાશ થાઓ, જ્ઞાનગુણ પ્રગટ થાઓ.

૧૬. ભયનો નાશ થાઓ, નિર્ભયતા ગુણ પ્રગટ થાઓ.
મિથ્યાદર્શનનો નાશ થાઓ, સમ્યગ્દર્શન પ્રાપ્ત થાઓ.

૧૭. ભોગેચ્છાનો નાશ થાઓ, ભોગેચ્છા રહિતપણું પ્રાપ્ત થાઓ.

૧૮. સર્વ ઇચ્છાઓનો નાશ થાઓ, ઇચ્છાનિરોધ રૂપ તપ-ગુણ પ્રગટ થાઓ.

૧૯. ભેદ ભાવનો નાશ થાઓ, અભેદ ગુણ પ્રગટ થાઓ.

૨૦. ક્ષુધા વેદની કર્મનો નાશ થાઓ, અને આત્મિક અનાહારક ગુણ પ્રગટ થાઓ.

૨૧. અવિવેકનો નાશ થાઓ, વિવેકગુણ પ્રગટ થાઓ.

૨૨. કષાય દોષનો નાશ થાઓ, અકષાય ગુણ પ્રગટ થાઓ.

૨૩. મમત્વ ભાવનો નાશ થાઓ, નિર્મમત્વ ગુણ પ્રગટ થાઓ.

૨૪. શિવોઽહમ્ કલ્યાણકર, સુખકર, દુઃખહર.

૨૫. હું સિદ્ધ પરમાત્મા સમાન આત્મા છું, મારું તે આત્મ સ્વરૂપ પ્રગટ થાઓ.

૨૬. હું વિનાશી નથી પણ અવિનાશી આત્મા છું તે મારું અવિનાશીપણું પ્રગટ થાઓ.

૨૭. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન ગુણોનો ધણી છું, તે મારા ગુણો સત્વર પ્રગટ થાઓ.

૨૮. હું નિરુપાધિક સુખનો સ્વામી છું, તે મારું નિરુપાધિક સુખ પ્રગટ થાઓ.

૨૯. હું કેવલજ્ઞાન-કેવલદર્શનનો સ્વામી છું, તે મારા નિજ ગુણો સત્વર પ્રગટ થાઓ.

૩૦. નીરોગ, નિરામય આત્મા છું, તે મારા ગુણો સત્વર પ્રગટ થાઓ.

૩૧. હું આત્મા આનંદસ્વરૂપ, સુખસ્વરૂપ છું તે મારા ગુણો સત્વર પ્રગટ થાઓ.

૩૨. હું આત્મા ચંચળતા રહિત સ્થિર, સમ છું તે મારા ગુણો સત્વર પ્રગટ થાઓ.

૩૩. હું અમર આત્મા છું મારું તે અમરપણું સત્વર પ્રગટ થાઓ.

૩૪. હું શુદ્ધ, બુદ્ધ, પવિત્ર આત્મા છું, અનંતજ્ઞાનાદિ ગુણોથી યુક્ત છું, અન્ય સર્વ જડ પદાર્થોથી ભિન્ન છું, એ મારા નિજ ગુણો સત્વર પ્રગટ થાઓ.

૩૫. હું સમ શાંત પરિપૂર્ણ આત્મા છું. એ મારું સ્વરૂપ છે તે સત્વર પ્રગટ થાઓ.

૩૬. સર્વ દોષોથી રહિત શુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વ મને પ્રાપ્ત થાઓ.

૫

નીરોગી અને સુખી બનવાની ભાવનાઓ

આ ભાવના કરવાથી ક્ષય જેવા ભયંકર રોગોનો નાશ થાય છે, રોગીઓએ આ ભાવનાઓનું વારંવાર રટણ, ચિંતન કરવું જોઈએ. રોગીની હાલત સારી ન હોય તો સેવા કરનારે તેને તે ભાવના વારંવાર સંભળાવવી જોઈએ.

(૧) હું નીરોગી છું, મને બિલકુલ રોગ નથી, મારા બધા રોગો દૂર થઈ ગયા છે. સ્નાયુમંડલ બરાબર કામ કરે છે.

મને બરાબર ભૂખ લાગે છે. હું જે ખાઉં છું તે બરાબર પચી જાય છે, મારા મનની દુર્બળતાથી મને વેદનાનો અનુભવ થાય છે અને રોગના વિચારોથી જ હું રોગી બનેલ છું. આજથી અત્યારથી રોગના વિચારોને દૂર કરી હું નીરોગતાના વિચાર કરીને પૂર્ણ નીરોગી બનીશ.

(૨) મારા મસ્તકનું દર્દ હવે દૂર થઈ રહ્યું છે, વેદના શાંત થઈ ગઈ છે. મગજ શાંત તથા સ્થિર છે. હું હવે સારા સારા વિચાર કરું છું, બરાબ વિચારોને દેશવટો આપી દીધો છે. મારી આંખ તેજસ્વી છે, નીરોગી છે, તેમાં કોઈ જાતનો રોગ નથી. મારી આંખ મહાપુરુષોના દર્શન કરવા લાયક તથા આધ્યાત્મિક પુસ્તકો વાંચવા લાયક છે. મારા કાન નીરોગ છે, તે વડે શુદ્ધ ધર્મમય વચન શ્રવણ કરીશ.

મારું નાક નીરોગ છે તે વડે શુદ્ધ પ્રાણવાયુને ગ્રહણ કરું છું.

મુખ અને જીભ રોગ રહિત છે, તે પોતાનું કાર્ય બરાબર કરે છે, સાદુ અને પથ્ય ભોજન રુચિપૂર્વક ખાય છે, પ્રિય, હિત, મિત, સત્ય વચન બોલી શકે છે. શરીરની સર્વ વેદના, દર્દ, રોગ દૂર થઈ ગયા છે, હું પૂર્ણ નીરોગી છું. સમસ્ત સ્નાયુમંડલ પોતાનું કાર્ય બરાબર કરી રહ્યા છે, મન પવિત્ર અને શાંત છે અને સારા સારા વિચાર કરે છે. ભયાદિ અશુભ વિચારોથી જ રોગ ઉત્પન્ન થાય છે તેવા વિચારો હવે હું નહિ કરું, પરંતુ કરુણામય, પ્રેમમય, નિઃસ્વાર્થ વિચારોનું જ હું સેવન કરીશ.

(૩) શાસ્ત્રમાં પ્રભુએ કહ્યું છે કે છઃકાયના જીવોને મન, વચન, કાયાથી દુઃખ આપવાથી દુઃખ પ્રાપ્ત થાય છે, તેમ જ દુઃખદાયી પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે. પ્રતિકૂળ સંયોગ મળે છે, તથા છઃકાયના જીવોને દુઃખ ન આપવાથી તથા તેને શાતા ઉપજાવવાથી સુખ મળે છે અને સુખદાતા સંયોગ મળે છે.

હિંસાદી ૧૮ પાપનો મન, વચન, શરીરથી સેવન કરવાથી, સેવન કરાવવાથી, તેને ભલું જાણવાથી તીવ્ર દુઃખ અને અશાતા વેદની કર્મ બંધાય છે, અને ૧૮ પાપનો મન, વચન, કાયાથી ત્યાગ કરવાથી અતિશય નિર્મળ સુખદાતા શાતાવેદનીય કર્મ બંધાય છે, અને આત્મધ્યાન કરવાથી બાધાપીડા રહિત શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે.

(૪) શરીર જડ છે, આત્માથી ભિન્ન છે, રોગ શરીર પર અસર કરે છે, પણ આત્માને કંઈપણ હાનિ કરી શકે તેમ નથી. કારણ આત્મા અરૂપી, અરોગી, અજર, અમર છે. શરીર પરના મમત્વને લઈને જ મને દુઃખ થાય છે માટે મારું કર્તવ્ય એ છે કે શરીરનો મોહ મમત્વ ત્યાગીને મારા અવિનાશી સુખનો ભોકતા બનું.

દોહરો—રોગ પીડે દેહને, નહિ જીવને ખાસ;
ઘર બળે અગ્નિ થકી, નહિ ઘરનો આકાશ.

એવા આત્મિક વિચારો કરી ચિંતા, શોક, ભયથી રહિત થઈને પરમાનંદનો અનુભવ કરવો.

(૫) અશાતા વેદની, દુઃખ વગેરે પૂર્વકૃત પાપનો નાશ

કરે છે. તે તો ઉપકારી છે. પાપ ન કરવાની શિક્ષા આપે છે. મારું કર્તવ્ય છે કે મારે દોષનો ત્યાગ કરવો.

(૬) રોગમાં, દુઃખમાં, ચિંતા, ભય, શોક વગેરે કરવાથી રોગ દુઃખાદિની વૃદ્ધિ થાય છે અને નવીન કર્મનો બંધ થાય છે જેથી ભવિષ્ય પણ દુઃખપ્રદ બને છે. રોગને દૂર કરવા માટે અત્યંત પાપથી બનેલ દવાઓનું સેવન કરવાથી પણ પાપ વધે છે અને એના ફળ સ્વરૂપ વિશેષ દુઃખ પ્રાપ્ત થાય છે. હું અશુભ વિચારો નહિ કરું તથા હિંસાકારી દવાઓનું સેવન નહિ કરું.

(૭) દવા લેવાથી વિશેષ કરીને એક રોગ દબાઈ જાય છે તો બીજા અનેક રોગ ઉત્પન્ન થાય છે. આજકાલ દવાઓનો પ્રચાર વધેલ છે તેમ રોગો પણ વધેલ છે પણ ઘટયા નથી. સો રોગીમાં દવા લેવાવાળા પ્રાયઃ ૯૦ ટકા દુઃખી દુઃખી થઈને અંતે મરે છે અને દવા ન લેવાવાળા સેંકડે ૧૦ ટકા મરે છે. ઉપવાસ, તપ, બ્રહ્મચર્યનું પાલન પાંચ ઇંદ્રિયોનો સંયમ કરવો, ભૂખ લાગે ત્યારે સાદો ખોરાક લેવો અને ક્રોધાદિનો ત્યાગ કરવાથી ૧૦૦ રોગીમાં ૯૯ સુધરી જાય છે. ચિંતા, શોક, ભયાદિ મનોવિકારોથી પણ કેટલાક રોગો થાય છે. તેથી તેવા વિચારોનો ત્યાગ કરવો જરૂરી છે. રોગ એ એક જાતની કુદરતી ક્રિયા છે. જે વડે શરીરની સફાઈ થાય છે; પરંતુ લોકો અજ્ઞાનવશ તેનાથી ભયભીત થઈને, અનેક પ્રકારની દવાઓ કરે છે જેથી શરીરનું ઝેર પાછું શરીરમાં રહે છે બહાર નીકળી શકતું નથી.

૮. હું નીરોગી છું, અભોગી છું, અશરીરિ છું, અક્રોધી છું, નિર્મોહી છું, અનંતકેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આત્મિકશક્તિ, અનંત આત્મિક સુખયુક્ત છું, એ મારા નિજગુણ પ્રગટ થાઓ.

૯. શારીરિક વેદના એ પૂર્વકર્મનું ફળ જાણવું

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલા કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે સહન કરવા યોગ્ય છે. ઘણીવાર શારીરિક વેદનાનું બળ પ્રબળ હોય છે, ત્યારે માનવને સ્થિર રહેવું કઠિન બને છે, તથાપિ મનમાં વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા–મરણાદિ ધર્મથી રહિત ભાવતાં, વિચારતાં મનનો વિશ્વાસ દૃઢ થાય છે.

મહાપુરુષોએ સહેલા ઉપસર્ગ તથા પરિસહના પ્રસંગોની વારંવાર સ્મૃતિ કરી, તેમની દૃઢતા, નિશ્ચયબળ, અચલતા વગેરેનું વારંવાર મનન, ચિંતન કરવાથી મનના પરિણામ સ્થિર થાય છે અને વેદના વેદનાના ક્ષય કાળે નિવૃત થયે ફરી તે વેદના કોઈ કર્મોનું કારણ થતી નથી.

વ્યાધિ રહિત શરીર હોય તેવા સમયે જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્ય સ્વરૂપ જાણી, તે પ્રત્યેના મોહ, મમતાદિ ત્યાગ્યાં હોય, તો તે મહાન કલ્યાણકારી છે, પરંતુ તેમ ન બન્યું હોય તો કોઈ પણ વ્યાધિ, રોગ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું કર્મ-બંધન થતું નથી; અને મહાવ્યાધિના ઉત્પત્તિ કાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાની પુરુષના માર્ગની વિચારણાએ વર્તવું એ શ્રેષ્ઠ ઉપાય છે.

જો કે દેહ મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ દુષ્કર છે, છતાં દૃઢ નિશ્ચય બળ પાસે કંઈ જ દુષ્કર નથી.

અવિચાર અને અજ્ઞાન એ સર્વ કલેશનું, મોહનું અને નીચી ગતિનું કારણ છે. સદ્વિચાર અને આત્મજ્ઞાન એ મોક્ષનો ઉપાય છે.

ભયથી મુક્ત થવાનો ઉપાય એ છે કે વારંવાર વિચારવું જોઈએ કે સમસ્ત સંસાર મૃત્યુ આદિ ભયે કરી અશરણ છે. તેને શરણરૂપ માનવો તે મૃગજળ સમાન છે. તે સંસારનું મુખ્ય કારણ સ્નેહબંધન અને દ્વેષબંધન છે તેનાથી નિવર્તવું એ ભયથી છૂટવાનો અને નિર્ભય બનવાનો માર્ગ છે.

આત્મભાનથી અહંતાનો નાશ થાય છે.

ભાવકર્મથી વિમુખ થવાય તો નિજભાવ પરિણામી થવાય.

સમ્યગ્દર્શન વિના વાસ્તવિકપણે જીવ ભાવકર્મથી વિમુખ ન થઈ શકે.

જ્યાં સુધી સ્વરૂપ ભ્રાન્તિ છે, ત્યાં સુધી વિષયોનો વિક્ષેપ મટતો નથી ને જ્યાં સુધી વિષયોનો વિક્ષેપ મૌજુદ છે ત્યાં સુધી સ્વરૂપ ભ્રાન્તિ ટળતી નથી. વિષયનો વિક્ષેપ એટલે સ્વમાં પરની ભ્રાન્તિ અને પરમાં સ્વની ભ્રાન્તિ અર્થાત્ પોતાની ભિન્ન એવા જડ–પૌદ્ગલિક સુખમાં, અનિત્ય સુખમાં સુખબુદ્ધિ.

હે આત્મન્! તું અસંગતાનો અભ્યાસ કર.

અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપમાં સ્થિર થવું તે જ છે.

સ્વચ્છંદ રૂપી અંધત્વ છે ત્યાં સુધી મોક્ષ માર્ગ મળતો નથી.

હું નીરોગી નિરામય આત્મા છું, રોગની સત્તા મારા પર ચાલી શકે જ નહિ.

હું નિર્ભય આત્મા છું, મને રોગ કંઈ કરી શકે નહિ, આ વિશ્વમાં મારું અહિત કરનાર કોઈ શક્તિ વિદ્યમાન નથી જ.

મારા આત્મામાં અનંત શક્તિ ભરી પડી છે. હું તેનો સ્વામી છું. હું નિર્બળ નથી પણ બળવાન છું.

૬

વિદ્યાર્થીઓની ભાવના

પ્રત્યેક વિદ્યાર્થીઓએ સદા પ્રાતઃકાલમાં પ્રભુસ્તુતિ કર્યા પછી અવશ્ય ચિંતન કરવા યોગ્ય ભાવનાઓ. મનુષ્ય જ્યાં સુધી સર્વજ્ઞ ન બને ત્યાં સુધી અપૂર્ણ જ છે, માટે પ્રત્યેક માનવોએ આ ભાવનાઓનું નિરંતર ચિંતન, મનન કરવું જોઈએ.

હે પરમાત્મા! હું તમોને ભાવપૂર્વક નમસ્કાર કરું છું. આપના સમાન મારી આત્મા પણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતશક્તિ સત્તા રૂપે વિદ્યમાન છે તે ગુણોને પ્રગટ કરવા માટે હું આપને નમસ્કાર કરું છું.

આજ અત્યારથી હું અજ્ઞાનનો નાશ કરવા અને જ્ઞાનને પ્રગટ કરવા પ્રયત્નશીલ બનીશ.

વિવેકથી અવિવેકનો નાશ કરીશ.

અહિંસાથી હિંસક ભાવનો નાશ કરીશ.

સત્યના પાલનથી અસત્યને દૂર કરવા પ્રયત્નવંત બનીશ.

બ્રહ્મચર્યનું પાલન કરી વિષયવાસનાનો નાશ કરવાનો પ્રયત્ન કરીશ.

ક્ષમાભાવને ધારણ કરી ક્રોધને જીતવાનો પ્રયત્ન કરીશ. વિનયથી ગર્વને દૂર કરવા પ્રયત્ન કરીશ. સરળતાથી કપટ, માયાને જીતવાનો પ્રયત્ન કરીશ. સંતોષથી લોભને જીતવાનો પ્રયત્ન કરીશ. ઇચ્છાઓનો નાશ કરીને ઇચ્છા રહિત આત્મસ્વરૂપને પ્રગટ કરવા પ્રયત્નશીલ બનીશ.

હે પ્રભો ! મને સદ્‌પુરુષાર્થ કરવાનું બળ આપો.

પૈસા કમાવાની ખાતર જ હું ભણુતો નથી પણ શરીર, મન અને આત્માની ઉન્નતિ કરી સ્વ કલ્યાણ કરવા શક્તિમાન બનવા માટે જ ભણું છું.

કોઈ પણ ખરાબ આદત, દુર્વ્યસન, તમાકુ, બીડી, સિગારેટ, મસાલેદાર ખોરાક, નાટક, સિનેમા, બિભત્સ વાર્તાઓ વગેરે શારીરિક, માનસિક હાનિકારક વસ્તુઓથી હું બચવાનો પ્રયત્ન કરીશ.

હું શારીરિક કેળવણી લઈશ. એટલે શરીરને સ્વસ્થ રાખવા કસરત, વ્યાયામ કરીશ. આરોગ્યતાના નિયમોનું પાલન કરીશ.

માનસિક શિક્ષણ ગ્રહણ કરીશ, એ વડે મનોવિકારો જીતવાનો પ્રયત્ન કરીશ. મનોબળને મજબૂત કરીશ જેથી સુખ, દુઃખોની અસર તેના પર ન થતા હું આત્મવિકાસ

કરી શકું અને અંતમાં આત્મિકજ્ઞાન પ્રાપ્ત કરી શકું. જે શિક્ષા વડે શારીરિક, માનસિક તથા આત્મિક વિકાસ થાય તે જ સાચી શિક્ષા છે.

હું નિર્ભય, સાહસી, ઉદાર, સત્પુરુષાર્થી, ધર્મશ્રદ્ધાવંત, દયાળુ, સેવાભાવી, સત્યવાદી, બ્રહ્મચારી, સંતોષી, ઉદાર અને સંયમી બનું એવો હે પ્રભો! મને શક્તિ આપો, એવી આપ ચરણોમાં મારી નમ્ર પ્રાર્થના છે.

જે ભારતદેશમાં હું રહું છું તેમાં લાખો મનુષ્યોને પેટ પૂરતું અન્ન મળતું નથી એવી અવસ્થામાં વિવિધ ખાનપાન, મોજશોખ, નાટક, સિનેમા, માનપાન વગેરેમાં વ્યર્થ ખર્ચ કરવો તે યોગ્ય નથી.

આ દેશ અજ્ઞાનથી, કુરૂઢિઓથી, કુસંપથી અને ધર્માંધતાથી દુઃખી થઈ રહ્યો છે. એ અવસ્થામાં મારે તન, મન, ધન અને સત્તાથી મારી બધી શક્તિઓને સુશિક્ષા, સંપ, સચ્ચરિત્ર અને આત્મસંયમની વૃદ્ધિમાં અર્પણ કરવી જોઈએ.

સમસ્ત ભારતવાસીઓમાંથી તેમ જ મારામાંથી કુસંપ, ઈર્ષ્યા, કાયરતા, રૂઢિચુસ્તતા, ધર્માંધતા, નિંદા અને હિંસકભાવનો સર્વથા નાશ થાઓ, અને આત્મિક ગુણો સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રગટ થાઓ. સમસ્ત ભારતવાસીઓમાં અને મારામાં ઐકય, ગુણાનુરાગ, સેવાભાવ, વીરત્વશક્તિ, સત્યપ્રિયતા, અહિંસકભાવ, ન્યાયસંપન્નતા, સત્પુરુષાર્થ વગેરે ઉત્તમ સદ્ગુણો પ્રગટ થાઓ.

૭

બ્રહ્મચર્ય પ્રાપ્ત કરવાની તથા એનાં રક્ષાની ભાવનાઓ

સુખનું મૂળ બ્રહ્મચર્યનું પાલન સદા થાઓ.

દુઃખદાયી વિષયેચ્છાનો નાશ થાઓ.

અનંત, અક્ષય સત્યસુખ આપનાર શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન સદા કરું.

ચારિત્રગુણનું શુદ્ધ પાલન કરવામાં સહાયક બ્રહ્મચર્ય ગુણ પ્રગટ થાઓ. વિકારોના નાશ થાઓ. અવિકારી ગુણ પ્રગટ થાઓ.

મોક્ષ માર્ગમાં વિઘ્નભૂત ભોગેચ્છાનો નાશ થાઓ.

નવવાડ સહિત શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરું.

સ્ત્રી–પુરુષ સંબંધી ભોગનો ત્યાગ તે સ્થૂલ–બ્રહ્મચર્ય, પાંચ ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ તે વ્યવહાર બ્રહ્મચર્ય, શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણ કરવું તે નિશ્ચય બ્રહ્મચર્ય મને પ્રાપ્ત થાઓ.

બધા રોગોનું મૂળ, આયુષ્યનો શીઘ્ર અંત કરનાર અને રોગી, ભાર રૂપ સંતતિ ઉત્પન્ન કરનાર વિષયાનંદનો નાશ થાઓ.

અશુચિમય શરીર પરથી મોહ દૂર થાઓ, વિષયવાસનાઓ દૂર થાઓ અને આત્મિક સંયમ પ્રાપ્ત થાઓ. અનંત દુઃખદાતા વિષયેચ્છાનો નાશ થાઓ, મન, વચન, શરીરથી પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન થાઓ.

આત્મભાન ભૂલાવનાર ભોગેચ્છાનો નાશ થાઓ, અભોગી અવસ્થા પ્રાપ્ત થાઓ.

વિષયાનંદીપણું દૂર થાઓ, આત્મરમણુતા રૂપ આત્માનંદપણું પ્રાપ્ત થાઓ.

જીવન સુધી બ્રહ્મચર્યનું પાલન કરવાથી આત્મા પરમાત્મા સમ બને છે. સર્વ ઇન્દ્રિયો અને મનનો નિગ્રહ કરીને આત્મ ધ્યાનમાં લીન થવાથી જ પરમપદના ભોગી બની શકાય છે.

વિકારોને જે જીતે તે જ જ્ઞાની, તે જ વિદ્વાન.

વિષયોમાં કોઈ સાચો આનંદ નથી તે તો સુખભાસ માત્ર છે.

હું તો આત્મતૃપ્ત છું. હું શાંત છું. શરીર અને મનથી અંતસ્થ પ્રભુના પવિત્ર સત્ય દ્વારા હું દિવ્ય છું, પવિત્ર છું, શુદ્ધ છું, ઉન્નત છું, મુક્ત છું. એ ગુણોને હું પ્રગટ કરી રહ્યો છું. હું ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છા નહિ કરું. મારી બુદ્ધિ આત્મ સંલગ્ન થઈ રહી છે, અને આત્મલીનતામાં જ મને આનંદ આવે છે. હું પ્રસન્ન છું કેમ કે મનસા, વાચા, કર્મથી ભગવાનની જ સેવા કરવા માટે સ્વતંત્ર છું અને મારો પ્રાણ એકાગ્ર થઈને પવિત્ર આત્મામાં જ પરિણુત થઇ રહેલ છે. મને કોઈ પણ વિષય અને વિકારોમાં લિપ્ત નહિ કરી શકે. હું પવિત્ર છું. મારામાં વિષય વિકારો પ્રવેશ નહિ કરી શકે કારણ કે હું પરમ પિતાનો પુત્ર આત્મસ્વરૂપ છું.

૮

બ્રહ્મચર્યની નવ વાડની ભાવનાઓ

બ્રહ્મચર્યની રક્ષા માટે નવ વાડ (મર્યાદા)ની અત્યંત જરૂર છે. એનું બરાબર પાલન કરવું જરૂરી છે. મર્યાદાનું પાલન જ બ્રહ્મચર્યનું પાલન છે.

૧. પહેલી વાડે સ્ત્રી, પશુ અને નપુંસક રહિત સ્થાનમાં નિવાસ કરવો, તેમ ન કરે તો શીલનો વિનાશ થાય.
ઉંદર અને બિલાડીનું દૃષ્ટાંત.

૨. બીજી વાડે બ્રહ્મચારી સ્ત્રી–પુરુષે એકાંતમાં કથાવાર્તા ન કરવી, કરે તો શીયળનો વિનાશ થાય.
લીંબુ અને દાઢનું દૃષ્ટાંત.

૩. ત્રીજી વાડે બ્રહ્મચારી સ્ત્રી–પુરુષના આસન પર એક મુહૂર્ત થયા પહેલા ન બેસે, બેસે તો શીયળનો વિનાશ થાય.
કોળા અને કણુકનું દૃષ્ટાંત.

૪. ચોથી વાડે બ્રહ્મચારી સ્ત્રી–પુરુષના અંગોપાંગ વિકારી દૃષ્ટિથી ન જુએ, જુએ તો શીયળનો વિનાશ થાય.
દુઃખતી આંખ અને સૂર્યનું દૃષ્ટાંત.

૫. પાંચમી વાડે બ્રહ્મચારી સ્ત્રી–પુરુષ ભીંત–દીવાલને આંતરે સંયોગી વસતાં હોય ત્યાં ન રહેવું, રહે તો શીલનો વિનાશ થાય.
ઢાંકી અગ્નિ અને મીણનું દૃષ્ટાંત.

૬. છઠ્ઠી વાડે બ્રહ્મચારી સ્ત્રી–પુરુષ પૂર્વે ભોગવેલા કામભોગ યાદ ન કરે, કરે તો શીલનો વિનાશ થાય.
મુસાફર અને સર્પના વલોણાંની છાશનું દૃષ્ટાંત.

૭. સાતમી વાડે બ્રહ્મચારી સ્ત્રી–પુરુષે પ્રતિદિન અતિશય સરસ આહાર કરવો નહિ, કરે તો શીલનો વિનાશ થાય.
સન્નિપાતવાળા અને દૂધ–સાકરનું દૃષ્ટાંત.

૮. આઠમી વાડે બ્રહ્મચારી સ્ત્રી–પુરુષ અતિશય દાબી–ચાંપીને આહાર ન કરે, કરે તો શીલનો વિનાશ થાય.
શેરની તોલડી અને બશેરની ખીચડીનું દૃષ્ટાંત.

૯. નવમી વાડે બ્રહ્મચારી સ્ત્રી–પુરુષે શરીરની વિભુષા, શણગાર, શોભા ન કરવી, કરે તો શીલનો વિનાશ થાય.
રાંક અને રત્નનું દૃષ્ટાંત.

૯

મુદ્રાલેખ

નીચે લખેલ મુદ્રાલેખ મોટા અક્ષરોમાં લખીને ઘરમાં ભીંત પર ટાંગી દેવો અને વારંવાર તેને વાંચવો.

દૃઢનિશ્ચય, ગંભીરતા, મૌન, વિચારશીલતા, નિર્ભયતા, અહિંસા, સત્ય, પ્રમાણિકતા, બ્રહ્મચર્ય, સંતોષ, સંયમ, ક્ષમા, ધૈર્ય, સત્પુરુષાર્થ, આળસનો ત્યાગ, વિચારીને બોલવું, નિંદાનો ત્યાગ, ગુણગ્રાહક બનો, દોષોને પ્રગટ કરવા, અશુભ વિચાર એ જ નરક, શુભ વિચાર એ જ સ્વર્ગ, વિચાર પરમજ્ઞાન, સત્સંગ પરમલાભ, સંતોષ પરમ ધન, સમભાવ એ જ પરમ સુખ, ક્રોધ સમાન વિષ નહિ, ક્ષમા સમાન અમૃત નહિ, અભિમાન સમાન શત્રુ નહિ, વિનય સમાન મિત્ર નહિ, કુશીલ સમાન ભય નહિ, શીલ સમાન નિર્ભયતા નહિ, લોભ સમાન પાપ નહિ.

દિવસના ચાર વિભાગ કરવા. છ કલાક નિદ્રા, છ કલાક વ્યપારાદિ, છ કલાક શરીરાદિનું કાર્ય, છ કલાક આત્મહિતનું કાર્ય સત્સંગ, ધાર્મિક વાંચન, મનન, ધ્યાન, મૌન, સમાધિ

વગેરે. આમ નિયમ કરવાથી આત્મહિત માટે સમય મળી શકે છે.

હંમેશાં આવશ્યકતા ઓછી કરવી. સંયમ, ત્યાગ, જ્ઞાનની વૃદ્ધિ થાય તેમ કરવું.

દાન, પુણ્ય, સેવા વગેરે સત્કર્મોના કાર્યો પરોપકાર માટે નહિ પણ સ્વ કર્તવ્ય જાણીને કરવાથી જ આત્માનું ખરું કલ્યાણ થાય છે.

જેમ બને તેમ શક્તિ, બુદ્ધિ અને ધનનો સદ્વ્યય કરવો.

રાત્રે સૂતા પહેલા દિવસમાં કરેલા પાપકર્મ, દોષ વગેરેને યાદ કરીને, ત્યાર બાદ અંતરપૂર્વક પશ્ચાતાપ કરીને એને દૂર કરવાનો સંકલ્પ કરવો, અને સત્કર્મો વધારે કરું એવી ભાવના કરવી. એક ડાયરીમાં પોતાના ગુણ અને દોષ લખવા અને ગુણોની વૃદ્ધિ અને દોષોને દૂર કરવાનો સતત પ્રયત્ન કરવો, જેથી જીવનનો વિકાસ થશે. એ ભાવ પ્રતિક્રમણ (પાપનો ત્યાગ) છે. એમ કરવાથી દિન પ્રતિદિન આત્માની શુદ્ધિ થતી જશે.

૧૦

વ્યાપારીની ભાવના

દ્રવ્ય ધન પ્રાપ્ત કરવા માટે હું વ્યાપાર કરું છું; એવી રીતે ભાવ ધન રૂપી ધર્મનો વ્યપાર કરીશ ત્યારે ધન્ય બનીશ.

દ્રવ્ય માલનો ક્રય-વિક્રય કરું છું એવી રીતે ભાવ માલ જ્ઞાન, દર્શન, ચારિત્રને ગ્રહણ કરીશ તે દિવસ ધન્ય બનીશ.

વ્યાપારમાં સત્ય, નીતિ, પ્રમાણિકતા, વગેરે હું પાલન કરું, અને ધર્મના આદેશોને ન ભૂલું. એવો યથાશક્તિ પ્રયત્ન કરીશ.

જેવી રીતે વ્યાપારનો હિસાબ રાખું છું એવી રીતે જીવન વ્યાપારના પુણ્ય પાપનો હિસાબ રાખીશ અને જેમ અને તેમ પાપનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરીશ. વ્યાપાર કરતા સ્વાર્થવૃત્તિને નહિ પોષુ પણ પરોપકારની ભાવના, સમાનતાની ભાવનાને જ કેળવીશ.

દેશ, જાતિ અને ધર્મને હાનિ કરનાર વસ્તુઓનો વ્યાપાર નહિ કરું.

ધન સંચય સમાન કોઈ પાપ નથી. સંચયવૃત્તિનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરીશ અને દાનવૃત્તિ વધારવાનો પ્રયત્ન કરીશ.

ધન અને ભોગ ભાવરોગ છે તેને ઘટાડવાનો પ્રયત્ન કરીશ. આરંભ, પરિગ્રહ દુઃખ, દુર્ગુણને વધારનાર અને દુર્ગતિના દાતા છે. એમ જાણી તેને ઘટાડવાનો પ્રયત્ન કરીશ.

૧૧

મંગલ કામના

ક્ષમાપનાનો અગ્નિ આપણા સર્વને વિશુદ્ધ બનાવો!

ધર્મની આરાધના હું નિષ્કામવૃત્તિથી કરું એવી મનોવૃત્તિ કેળવું, બાર ભાવનાનું સ્વરૂપ રોજ વિચારું, જ્યારે દુઃખ આવે ત્યારે કાયર થઈ દીન બનું છું તો એથી નવા કર્મ બંધાય છે, માટે આવેલા કર્મોને શૂરવીર બની શાંત ભાવે ભોગવું. સમાધિભાવની રક્ષા અને વિકાસ માટે યથાશકય

વ્રત, નિયમ, ત્યાગ, તપ, પ્રભુભક્તિ, સંતસેવા, દીન બંધુઓની સેવા, પવિત્ર ભાવનાઓ, ચારિત્રની સાધના, હે પરમાત્મા ! આપની કૃપાથી મને પ્રાપ્ત થાઓ.

ઉપરોક્ત બધી સાધનાનો સાર રૂપે આત્મતત્ત્વનો અનુભવ કરવો તે જ છે. હે પ્રભો ! આપના આલંબન અને ઉપાસનના ફળ વડે આત્માનુભવ પ્રાપ્ત કરવાનું બળ પ્રાપ્ત થાઓ. ભવાંતરમાં આત્માનુભવની સામગ્રી સુલભ થાય તેવા શુદ્ધ દેવ, ગુરુનો યોગ સરળતાથી મળે તેવી ભાવના હે પ્રભો ! તમારી પાસે વારંવાર ભાવું છું. હે પરમાત્મા ! તમારો અમૃત રૂપી ધર્મ, અને તમારું શરણ ભવોભવમાં પ્રાપ્ત થાઓ અને જગતના ભવ્ય જીવોને પણ પ્રાપ્ત થાઓ એ જ મંગલ કામના.

૧૨

શારીરિક અને માનસિક રોગોને દૂર કરવાનો રામબાણ ઈલાજ

શરીરના રોગ પરિમિત છે. મનના રોગ અપરિમિત છે. આ શારીરિક અને માનસિક સર્વ પ્રકારના રોગો તમારે દૂર કરવા છે ? આ રહી તે સર્વ રોગો નિવારણ કરવાની અમોઘ દવા, જે વડે સર્વ રોગો દૂર થવાનો વિશ્વાસ પ્રાપ્ત થાય છે, અને સાથે સાથે આત્મબળ અને આત્મવિશ્વાસ વધે છે.

ક્ષમાપના

રાત્રે નિદ્રાધીન થતા પહેલાં અર્ધો કલાક શાંતિપૂર્વક બેસો અને જે કોઈ વ્યક્તિ પ્રત્યે તમને અભાવ, અરુચિ, દ્વેષ તિરસ્કાર કે વૈરનો ભાવ હોય, તેમની સાથે તમે તમારા આ

માનસિક એકાંતમાં ક્ષમા માંગો. અંતરના સાચા ભાવથી ક્ષમા માગવાનો પ્રયત્ન કરો.

જો તમને કોઈ પશુ, પક્ષી કે મનુષ્યનો ભય હોય, તો તમારા આંતરચક્ષુ સમક્ષ તેને કલ્પના દ્વારા સાક્ષાત્ કરો, અને તેની ભાવપૂર્વક ક્ષમા માગો, તેના પ્રત્યે સદ્‌ભાવના, મૈત્રીભાવના તથા પ્રેમભાવનાના ભાવોનો પ્રવાહ વહાવો.

તમારા પ્રત્યે કોઈએ અન્યાય કર્યો હોય, તમે આવો આરોપ કોઈ ઉપર મૂકતા હો, તમે કોઈ પ્રત્યે શુષ્કપણે, વર્ત્યા હો, કોઇને કટુ શબ્દો કહ્યા હોય, કોઈની ટીકા–નિંદા કરી હોય, તો પણ તમારા આ માનસિક એકાંતમાં તેની ક્ષમા માગી આવા વિચારો ફરી ન કરવાનો તથા આવા શબ્દો ફરી ન બોલવાનો નિર્ણય કરો.

મિત્રો, સ્નેહી, સ્વજનો સાથેનો તમારો સ્નેહ ઓછો થતો જતો હોય, જો કોઈ સાથે તમે વિખવાદમાં હો, અણબનાવ બન્યો હોય, તો તમારી વચ્ચેની આ અંતર–ભેદની દીવાલ મૈત્રી અને સ્નેહભાવ વડે દૂર કરવા સર્વ શકય પ્રયત્નો આદરો.

૧૩

માનસિક સારવારની પ્રક્રિયા

Proeess of Mantal Therapy

સર્વ જીવોમાં રહેલાં તેમના શુદ્ધ સ્વરૂપને જુઓ અને સર્વ જીવો પ્રત્યે દૃઢતાપૂર્વક પ્રેમના વિચારો મોકલો. સક્રિયપણે મૈત્રી આદિ ભાવના ભાવો.

જગતમાં કોઇ એક જીવ પ્રત્યે પણ વૈરભાવ કે દ્વેષભાવ હોય તો તેની ક્ષમાપના કર્યા વિના, તેની માફી માંગ્યા વિના હૈયામાંથી આ અરુચિભાવ દૂર કર્યા વિના, નિદ્રાધીન ન થવાય તેની સતત કાળજી રાખો.

અન્યને દુઃખ થાય તેવો શબ્દ ન બોલો, તેવો વિચાર પણ ન કરવો, તેવી સતત કાળજી રાખો. વિપરીત પરિસ્થિતિમાં પણ ધૈર્ય રાખો, પ્રેમ કરો અને માયાળુ બનો. જો પ્રયત્નપૂર્વક રાત્રિનો અર્ધો કલાક માનસિક સારવારની આ પ્રક્રિયામાં પ્રમાણિકપણે ગાળશો તો તમારામાં રહેલો સ્વાર્થભાવ દૂર કરવાની શક્તિ પ્રાપ્ત થશે, અને તેથી માનસિક તથા શારીરિક બન્ને પ્રકારના રોગો દૂર થઈ તમોને અવશ્ય શાંતિ પ્રાપ્ત થશે.

જાતની ક્ષમા માગો

પોતાની જાતનો એકાંત તિરસ્કાર પણ હાનિકારક છે. જો તમે તમારી જાતને હલકી માનતા હો, તેનો તિરસ્કાર કરતા હો, તેની પ્રત્યે દ્વેષ, અરૂચિ ધરાવતા હો, જો તમે નિરાશાવાદી હો, તમારું જીવન તમને માત્ર અંધકારમય જ લાગતું હોય, તો તમે તમારી અંદર રહેલા પરમાત્માને પ્રાર્થના કરો.

હે પરમાત્મા! "તમારા શરણ વડે હું નિર્ભય, નિશ્ચિંત, નીરોગી, સમૃદ્ધ, પવિત્ર, ધૈર્યવાન, વિવેકી અને પૂર્ણ બનું."

હે પ્રભુ! "મારામાં રહેલું પૂર્ણ જ્ઞાન પ્રગટ થાઓ."

હે નાથ! "મારે તારું અનન્ય શરણું હો."

૧૪

મંગલ ભાવના

ધર્મનો પાયો દૃઢ કરવા જો તમે ઇચ્છતા હો તો તમે વારંવાર નીચેની ભાવનાઓનું રટણ કરો.

(ભાવના ભાવવી એટલે મનથી તેમાં ઓતપ્રોત થવું. વચનથી બહુમાન કરવું, અનુમોદના કરવી, અને કાયાથી પોતાની શક્તિ ગોપવ્યા વિના શકય એટલું ઉચિતપણે આચરણમાં મૂકવું.)

" જગતના સર્વ જીવોને હું ખમાવું છું (તેઓના અપરાધોને હું સહી લઉં છું.) મારે સર્વની સાથે મૈત્રી ભાવ છે. કોઈનીય સાથે વેર નથી.

જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ. સર્વ પ્રાણી સમૂહ પારકાનું હિત કરવાની ભાવનાવાળા બનો. સર્વ જીવો નિષ્પાપ બનો. સર્વને સદ્‌બુદ્ધિ મળો! સર્વે બોધિબીજ પામો! સર્વના સર્વ દોષો નાશ પામો, દોષ રહિત બનો. સર્વત્ર સર્વ લોક સુખી થાઓ! "

" જગતના સર્વ આત્માઓ મારા આત્મા સમાન છે. એટલે મને જેમ સુખ ઇષ્ટ છે, અને દુઃખ અનિષ્ટ છે, તેમ જગતના સર્વ જીવોને સુખ ઇષ્ટ છે.

જે વસ્તુ આપણને અનિષ્ટ હોય તે બીજા પ્રત્યે ન ઇચ્છવી, ન આચરવી. હું સર્વનું હિત ઇચ્છું છું. હું સર્વનું શુભ ઇચ્છું છું. હું સર્વનું પરમસુખ ઇચ્છું છું.

નિશ્ચયનું લક્ષ્ય રાખી શુદ્ધ વ્યવહારનું પાલન કરવાથી આત્મસ્વરૂપ અનુભવાતું જોવાય છે.

" હું જડ નથી, હું દેહ નથી, હું ચૈતન્ય સ્વરૂપ અનંત ગુણોનો પૂંજ છું. આત્મામાં અનંત શક્તિઓ ભરેલી છે. જેમના અનંત ગુણો પ્રગટ થયા છે. તેમનું હું શરણ લઉં છું. અને મારા અનંત ગુણો પ્રગટે છે."

આ મંગળ ભાવનાઓ વારંવાર ભાવવાથી આપણામાં દિવ્યત્વ પ્રગટશે. માટે સવારે અગર રાત્રે સુતા પહેલાં ઉપરની ભાવના ભાવવા આપ સૌને વિનંતિ :—

૧૫

આત્મશ્રદ્ધાની ભાવના

હું જીવનમાં આવતા કષ્ટો, વિઘ્નો વગેરેથી ભયભીત નહિ બનું. હું આત્મવિશ્વાસુ છું. સત્યાગ્રહી છું. હું આત્મશ્રદ્ધા વડે સ્થિર છું. સંસારની કોઈ શક્તિ મને વિચલિત નહિ કરી શકે. આત્મશ્રદ્ધાના બળ વડે હું અસંભવને સંભવ કરવા સમર્થ છું. આત્મશ્રદ્ધાના દૈવી બળ વડે પરાધીનતાથી મુક્ત થયેલ છું. આત્મશ્રદ્ધાની અખંડ જ્યોત મારા અંતરમાં સદા પ્રકાશિત છે, એથી મારું અંતર સદા પ્રશાંત અને તૃપ્ત રહે છે. મારા માટે કોઈ વસ્તુ દુર્લભ નથી, અસાધ્ય નથી. મને અનુભવ થઈ રહ્યો છે કે સામર્થ્યનો ગુપ્ત ભંડાર આત્મશ્રદ્ધા જ છે. હું કોઈ બીજી બાહ્ય સત્તા પર નિર્ભર નથી, પરંતુ આત્મશ્રદ્ધા જ મારું પરમ આવલંબન છે. બધા દુઃખો, સંકટો, બંધનોને દૂર કરનાર માત્ર એક આત્મશ્રદ્ધા જ છે. અનંત અને અપાર બળ પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ એક આત્મશ્રદ્ધાને પ્રગટ કરવી તે જ છે.

૧૬

સ્વ સ્વરૂપની ભાવના

હું સંસારની સર્વ કામનાઓથી પર છું. ઉચ્ચ વિચાર અને પવિત્ર ભાવનાઓ વડે પરિપૂર્ણ બની ગયો છું. ક્ષણભંગુર પદાર્થો પર હું આસકિત કરતો નથી. મનોવિકાર અને વાસનાઓ મને પોતાના ધ્યેયથી વિચલિત નહિ કરી શકે.

મારો આત્મા મન, ઇન્દ્રિય અને શરીરનો સ્વામી છે, ગુલામ નથી. હું હવે કયારેય પણ વ્યાકુળ તથા ક્ષુબ્ધ નહિ બનું. મારા આત્માની સામે કોઈની તાકાત નહિ ચાલી શકે. વાસ્તવિક શક્તિ મારા આત્મામાં છે, એને કોઈ દબાવી નહિ શકે કે નહિ રોકી શકે. મારો આત્મા અપરિમિત બળવાળો છે. હું હવે રજોગુણ કે તમોગુણને વશ નહિ બનું. સંસારના સર્વ મહાપુરુષોને મહાન કાર્ય કરવાની પ્રેરણા અંતરાત્મામાંથી જ મળે છે, એથી મારો પ્રેરક પણ આત્મા જ છે. ચિન્મય આત્માની પ્રેરણાથી જ હું સર્વ વ્યવહાર કરું છું. દુઃખ, શોક, પીડા, સંતાપને પોતાના હૃદયમાંથી દેશવટો આપું છું. પોતાના વિચારો પર પૂર્ણ અંકુશ રાખું છું. ચિદાનંદ સ્વરૂપી આત્માનું જ નિરંતર નિદિધ્યાસન કરું છું. જે પરમાત્મા આ વિશ્વનું શાસન કરી રહેલ છે તેવો જ મારો આત્મા છે.

૧૭

સત્ય વ્રતની ભાવના

હું વિપત્તિ, દુઃખ અને કલેશોનું સહર્ષ સ્વાગત કરું છું. હું સારી રીતે જાણું છું કે દુઃખ, દર્દ, કલેશ મારા ભલા

માટે જ આવે છે, મારા બંધન નષ્ટ કરવા માટે જ આવે છે. હું ભારેમાં ભારે વિપત્તિ આવશે તો પણ ખેદ નહિ કરું પરંતુ પ્રસન્ન રહીને જ સહન કરીશ. મને પરમ પ્રભુ પર પૂર્ણ વિશ્વાસ છે કે તેઓ સમસ્ત કલેશો તથા ભયથી મારું રક્ષણ કરી રહેલ છે. મને કોઈ પ્રકારની ચિંતા કે ફિકર નથી. હું સત્યપંથનો અનુગામી છું, સત્યનિષ્ઠ છું. મારા આત્મામાં અનંત બળ છે, તેના પર વિશ્વાસ કરું છું. કોઈ પણ વિપત્તિ મને પરાજિત નહિ કરી શકે, ન સત્યપંથથી ભ્રષ્ટ કરી શકશે. હું ભારેમાં ભારે સંકટમાં અને વિપત્તિમાં પરમ નિર્ભય અને નિશ્ચિત છું, કેમ કે હું ઈશ્વરી અદૃશ્ય કવચથી સદા સુરક્ષિત છું. હું પોતાના જીવનમાં સત્યવ્રતનો કદાપિ ભંગ નહી કરું. હું પોતાના વ્રતમાં અચલપણે પ્રતિષ્ઠિત છું. કોઈ વ્યક્તિ મારી સત્યતાને પરાજિત કરવા સમર્થ નથી. વિપત્તિઓના ઘનઘોર વાદળ મને ક્ષુબ્ધ અને અશાંત નહિ કરી શકે. હું પોતાના માર્ગથી તલમાત્ર વિચલિત નહિ બનું. સત્યનો જ સદા વિજય થાય છે.

૧૮

લક્ષ્યસિદ્ધિની ભાવના

વિશ્વમાં શાશ્વત વસ્તુ એક જ છે અને તે પરમાત્મા જ છે. એ પરમાત્માની પ્રાપ્તિ એ જ મારા જીવનનું લક્ષ છે. એ જ શાશ્વત મહાસત્ય મારા જીવનનું ધ્યેય છે. મેં મારા મનમાં દૃઢ નિશ્ચય કરી લીધો છે કે પરમાત્માની પ્રાપ્તિ માટે હર ક્ષણ સતત પ્રયત્નશીલ બનીશ. હું પોતાના લક્ષ પ્રાપ્તિના માર્ગથી એક રતીભર પણ અહીંતહીં વિચલિત નહિ બનું. હું

ક્યારેય પણ લક્ષભ્રષ્ટ નહિ બનું. પરમ લક્ષને પ્રાપ્ત કરવા માટે મન, પ્રાણ અને આત્મા નિરંતર ક્રાંતિ કરી રહેલ છે. ખાતા, પીતા, સુતા, બેસતા, ચાલતા, ફરતા, અહોનિશ મારું ધ્યાન પોતાના લક્ષ પર જ સ્થિર રહે છે. મારું જીવન પળ-પળ એની કૃપા પર અવલંબિત છે, અને એનું શરણ અને એનો આશ્રય ગ્રહણ કરી રહેલ છે. મારા લક્ષની પ્રગતિ થઈ રહી છે. અને હું દિનપ્રતિદિન તેના તરફ આગળ વધી રહ્યો છું. મારા બધા પાપ–તાપ ભસ્મ થઈને શરીર નીરોગી મન નિર્દોષ અને આત્મા પવિત્ર બની રહેલ છે. અશાંતિનો ભાવ મારા મનમાં પ્રવેશ નહિ કરી શકે. સંસારમાં કોઈ પણ મારી લક્ષસિદ્ધિમાં બાધા કરવાને સમર્થ નથી. શરીર, વાણી, મન એના તરફ દોડી રહ્યા છે. વૃત્તિમાં પણ સુંદર લક્ષને પ્રાપ્ત કરવાના આનંદનું અખંડ ભાન થઈ રહ્યું છે, અને હું લક્ષ-સિદ્ધિ તરફ આગળ ને આગળ વધી રહ્યો છું.

૧૯

પ્રસન્નતાની ભાવના

જીવનમાં પ્રસન્નતાનો અનુભવ કરવો એ જ મારી હાર્દિક અભિલાષા છે. મારો જન્મ પણ એ માટે જ થયો છે, કે હું પ્રતિકૂળથી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રસન્ન રહું. અનુકૂળ પરિસ્થિતિમાં સ્મિત કરવું સહેલું છે પરંતુ હું પ્રતિકૂળથી પ્રતિકૂળ પ્રસંગમાં પણ સદા સર્વદા પ્રસન્ન રહીશ. વિષસમ વિઘ્નોનું પાન કરીને પણ હું ખિન્ન કે ઉદાસ નહિ બનું. કોઈ મારા પર ક્રોધિત થાય તો પણ હું તેના પર પુષ્પોની

વૃષ્ટિ કરીશ. સ્મિત હાસ્ય સમીપ વિપદાઓ જરા પણ ટકતી નથી. હું આશા અને પ્રસન્નતાનો આવિષ્કાર પોતાના જીવનમાં કરું છું. નિર્મલ પ્રસન્નતા જ મારામાં પ્રગટ થઈ રહી છે. વિવિધ વ્યવહાર કરવા છતાં હું મનમાં પ્રસન્નતાને સ્થિર રાખું છું, અનુકૂળતા હોય કે પ્રતિકૂળતા, કોઈ અપમાન કરે કે સન્માન આપે, નિંદા કરે કે સ્તુતિ, હું એ સર્વ અવસ્થાઓમાં પોતાની પ્રસન્નતા સ્થિર રાખું છું. હું પોતે પ્રસન્ન રહીને બીજાઓને પ્રસન્ન કરી રહેલ છું. પ્રતિક્ષણ હું પોતાના દિલમાં પ્રસન્નતાનું ગાન જ કરું છું. હું પ્રસન્ન રહું છું અને સમગ્ર સંસાર મારી સાથે પ્રસન્ન રહે છે. હું નિરંતર આનંદસ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરું છું, અને સર્વ વિઘ્ન, બાધાઓ પર વિજય પ્રાપ્ત કરું છું.



કષાય ત્યાગ

કષાયેાની વૃદ્ધિમાં દુઃખ છે, કષાયેાની હાનિમાં સુખ છે. જ્યાં દુઃખનેા અનુભવ થાય ત્યાં તપાસવું કે મૂળમાં કયેા કષાય કામ કરી રહ્યો છે? કેાઈ એક કષાય જરૂર તમને જોવા મળશે. તમે એ કષાયને દૂર કરશેા કે તરત જ દુઃખ રવાના થશે. દુઃખનેા બાહ્ય પ્રતિકાર કરવા જતાં દુઃખની વૃદ્ધિ થાય છે, કારણ કે તેમ કરવા જતાં કષાયેા વધે છે. દુઃખનું કારણ ચાર કષાયેા જ છે, તે કષાયેાને ટાળવાનેા જ પ્રયત્ન કરેા. ત્યાર પછી જ આંતરશાંતિનેા અનુભવ થશે.

વીતરાગના પંથે ચાલવા માટે રાગનેા સંગ ત્યાગવેા જોઈએ. રાગનેા સંગ રાખી વીતરાગને અનુસરી શકાશે નહિ. રાગના ત્યાગ માટે રાગના સાધનેાનેા ત્યાગ કરેા. એવા સ્થાનેાનેા પણ ત્યાગ કરેા. રાગ ઉપરથી તેા મિત્રનેા દેખાવ કરે છે. મિત્ર બનીને જીવને ફસાવે છે, તે પછી ક્રૂર બની જીવના બેહાલ કરે છે. વાતવાતમાં ક્રોધ ન આવે, પ્રસંગે પ્રસંગે અભિમાન ન ઉપજે, સ્થાને સ્થાને માયા ન જાગે, અવસરે અવસરે લેાભ ન પ્રગટે, તેનું નામ છે શાન્તિ! તેનું નામ પ્રશમ! આવી શાન્તિ અહીં પ્રાપ્ત થઇ જાય તેા સમજવું કે મેાક્ષ સુખની આંશિક પ્રાપ્તિ થઇ. માટે જીવનનું આજ લક્ષ ક્રોધાદિ કષાયેા કેટલા શમ્યા? બીજી બાજુ ક્ષમા–નમ્રતા–સરળતા અને નિર્લોભતાનું લક્ષ રાખી સ્થાને સ્થાને તેનેા ઉપયેાગ કરેા. હતાશ ન થશેા. ક્રોધાદિ સામે જિંદગી સુધી લડવું પડશે. શ્રદ્ધા રાખેા કે અંતે અવશ્ય મારેા વિજય થશે.

—આંતરનાદ

સોઽહમ્

સોઽહમ્ ૐ સોઽહમ્

સોઽહમ્

આત્મબોધ

લેખક તથા સંગ્રાહક

વિશ્વશાન્તિ ચાહક

સુખની પિપાસા અને દુઃખનો દ્વેષ તારા અંતરાત્માને શાંતિનો સુમધુર અનુભવ નહિ થવા દે.

શાંતિનો અનુભવ કરવા માટે તારે સુખને ત્યાગતાં અને દુઃખને સહતાં શીખવું પડશે.

તારે સુખનો કયાં બહુ ત્યાગ કરવાનો છે.

સુખ તો છે જ થોડું !

પ્રયત્ન તો દુઃખને સહન કરવા માટે કરવાનો છે.

કેમ કે દુઃખ ઘણું છે !

પરંતુ અહીં ૫૦–૧૦૦ વર્ષની જિંદગીમાં આવતા દુઃખને સમતાપૂર્વક સહન કરીશ તો ભવિષ્યકાળનું અનંત સુખ તારા ચરણોમાં આવી પડશે.

પ્રથમાવૃત્તિ

ૐ

ૐ સોઽહમ્ ૐ

આત્મ બોધ



૧

શરીર પણ મકાન છે

મનુષ્યને શરીર પર અત્યંત મોહ હોય છે. અને શરીરના મોહને કારણે તે ધર્મ તથા ન્યાય–નીતિના નિયમોનું બરાબર પાલન કરી શકતો નથી. પણ માનવ શરીરના વાસ્તવિક સ્વરૂપને જાણતો નથી. જેવી રીતે આપણે આપણા નિવાસ-સ્થાનને ઘર કહીએ છીએ, એ જ પ્રકારે આ શરીર પણ આત્માનું નિવાસસ્થાન અર્થાત્ ઘર છે.

ઘર ત્રણ તત્ત્વોથી બનેલ છે. પત્થર, ચૂનો, તથા પાણી.

એ જ પ્રકારે આ શરીર રૂપી ઘર મુખ્ય ત્રણ પદાર્થોથી બનેલ છે. હાડ, માંસ અને લોહીથી.

શરીરમાં ઘરની જેમ પથ્થરનું કામ હાડ, ચૂનો માંસની જેમ અને લોહી પાણીની જેમ કામ કરે છે.

ઘર પર ચૂનાનું પ્લાસ્ટર કરાય છે એ પ્રકારે શરીર પર ચામડીનું પ્લાસ્ટર કરાય છે. કેવળ આ પ્લાસ્ટરથી જ ઘર તથા શરીરની શોભા છે. શરીર પરથી જો આ ચામડીને દૂર કરવામાં આવે તો એ જ શરીર અત્યંત ઘૃણાજનક બની જાય.

શરીરરૂપી ઘરનો સ્વામી, આત્મા શરીરરૂપી ઘરનો ત્યાગ કરીને અન્ય ગતિમાં જાય છે, ત્યારે તે ચૈતન્ય રહિત શરીરરૂપી ઘરની તેના સ્વજન સ્નેહી એટલી દુર્દશા કરે છે અને તેનો સર્વથા નાશ કરે છે.

આમ હોવા છતાં અજ્ઞાની માનવ આ દેહદેવાલય પર કેટલો મોહ કરીને અનંત જન્મો સુધી ભોગવાય એટલા પાપ-કર્મોની સામગ્રી એકત્ર કરે છે.

એક જીવન માટે, એક શરીરની મિથ્યા શાન્તિ માટે, અનંત ભવ તથા અનંત શરીર ધારણ કરીને અનંત દુઃખોનો ભોકતા બને છે. એને અનેક પ્રકારે જ્ઞાની પુરુષો બોધ આપે તો પણ તેનાથી આ તુચ્છ શરીરનો મોહ છોડી શકાતો નથી. તે જ અજ્ઞાનતા છે.

પ્રિય વાચક! જે મકાનમાં તું નિવાસ કરે છે, એની વ્યવસ્થા કેટલી વિચિત્ર છે? આંખની બે બારી કેટલી જબરદસ્ત છે? લાખ સૂર્ય હોય તો પણ આંખ વિના કોઈ કામના નથી. લાખો સૂર્યથી પણ વિશેષ મૂલ્યવાન આ બે નેત્રો છે. તેનું મૂલ્ય કેટલું હોવું જોઈએ તે સ્વયં વિચાર!

આંખ કરતા કાન વિશેષ મૂલ્યવાન છે. એક એક ઇંદ્રિય આટલી મૂલ્યવાન છે તો બધી ઇંદ્રિયો અને સર્વ શરીરનું કેટલું મૂલ્ય??? વાચક! સ્વયં વિચાર!

જ્ઞાની પુરુષોએ શરીરને અમૂલ્ય કહ્યું છે. આવા અમૂલ્ય શરીરના પ્રાપ્ત કરવા માટે પ્રિય વાચકવૃંદ! તમોએ કેટલા પુણ્યકર્મો કર્યા હશે, એનો થોડોક તો વિચાર એકાંતમાં કરો.

હીરા, મોતી અને માણેકથી પણ અનંત મૂલ્યવાન શરીર રૂપી મકાનમાં નિવાસ કરીને કેવાં કાર્યો કરવાં જોઈએ એનો વિચાર કરો.

આ શરીર પવિત્ર છે, તેમાં પરમાત્માનો વાસ છે, માટે આ શરીર દ્વારા એક પણ અપવિત્ર કાર્ય ન થવું જોઈએ, એવો સંકલ્પ કરો. એમ નહિ થાય તો આ મૂલ્યવાન માનવ-ભવ મળ્યો તે વ્યર્થ જશે.

આવા અપૂર્વ શરીરથી અપૂર્વ કાર્યો જ થવાં જોઈએ, એમ ન થાય તો આ શરીરની સાર્થકતા શું? કંઈ જ નહિ.

ચૌરાશી લક્ષ જીવા યોનિમાં માનવ-તન શ્રેષ્ઠ છે. સ્વર્ગના દેવ અને ઇન્દ્રાદિના શરીરથી પણ આ માનવશરીર અનંત ગુણ ઉત્તમ છે. અસંખ્ય દેવો પોતાના સ્વર્ગના સુખો, દેવાંગનાઓ અને રત્નો-મહેલો આદિ રિદ્ધિનો ત્યાગ કરીને આ માનવ-ભવનમાં નિવાસ કરવાની ઇચ્છા કરે છે, પરંતુ એને આ માનવ-શરીર રૂપી ભવન મળવું ઘણું જ દુર્લભ છે.

કેટલાક દેવો તો સ્વર્ગથી ચ્યવીને પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિ અધમ જીવાયોનિમાં ઉત્પન્ન થાય છે. અનંત પુણ્યવંત દેવોને આ માનવશરીર મળે છે. ધર્મ રહિત મનુષ્યનું શરીર પશુના શરીરથી પણ અનંતગુણ પતિત છે.

મનુષ્ય પાપથી ભય કરતો નથી. પશુ, પક્ષી હિંસામય અનંત ભવ વ્યતીત કરીને જેટલા પાપ કર્મ અર્જન નથી કરી શકતા, એટલા પાપ કર્મ એક મનુષ્ય અંતરમુહૂર્તમાં અર્જિત કરી શકે છે. ધર્મહીન માનવનું જીવન વિશ્વના સર્વ જીવો કરતા કનિષ્ટ છે.

પશુને પોતાને હિતાહિતનો બોધ હોતો નથી. હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? કયાં જવાનો છું ? મારે શું કરવું જોઇએ ? આ બાબતોનો એને યત્કિંચિત્ પણ બોધ હોતો નથી. મનુષ્યમાં આ બધી વાતોનું જ્ઞાન હોય છે. પશુ અજ્ઞાન છે, મનુષ્યમાં જ્ઞાન હોવા છતાં મનુષ્ય જો જીવનનો દુરુપયોગ કરે, તો તે પશુથી પણ હીન કહેવાય. પરંતુ માનવભવ રૂપી ચિંતા-મણિ રત્નનો ધર્મ આરાધના કરવામાં સદુપયોગ કરાય તો તે અનંત સુખપ્રદ થઈ શકે છે. તેનાથી વિપરીત વિષય વિલાસ–વાસનામય જીવન વ્યતીત કરવામાં એનો દુરુપયોગ કરવામાં આવે તો તે ભયંકર દુઃખ દાવાનળના આગાર નરકમાં નાખે છે.

૨

વચનામૃત શતક

નિર્બળનું શાસ્ત્ર વિષય કષાય છે. ૧.

બળવાનનું શસ્ત્ર સંયમ ને સમભાવ છે. ૨.

વિચાર વાયુમાત્ર છે, વ્યવહાર ચૈતન્ય છે. ૩.

આત્મવાદી ત્રણ લોકની વિભૂતિનો સ્વામી છે. ૪.

આત્મવાદી આત્મની મસ્તીમાં મસ્ત બની ચક્રવર્તીના તથા સ્વર્ગના સુખોને તુચ્છ સમજે છે. ૫.

કર્મ આટલા બળવાન છે ત્યારે ચૈતન્ય આત્મા કેટલો બલવાન હશે તે વિચારો. ૬.

જ્ઞાન રહિત જીવન પશુ સમાન છે. ૭.

જ્ઞાની સાગર સમ ગંભીર હોય છે. ૮.

ચૈતન્યવાદનું જ્ઞાન થાય તો વિશ્વમાં પરમ શાન્તિનું સામ્રાજ્ય થાય. જડવાદને કારણે જ રાગ, દ્વેષ, કલેશ, ઈર્ષ્યા આદિનું સામ્રાજ્ય ફેલાય છે. ૯.

આત્મોદ્ધાર માટે મૌન જ શ્રેષ્ઠ માર્ગ છે. આત્મજ્ઞાન થાય ત્યારે વૃત્તિ નિવૃત્તિમાં પરિણીત થઈ જાય છે. (આત્મ-ધર્મ નિવૃત્તિ છે.) ૧૦.

વિષયેચ્છા વિષ સમાન છે, સંયમ અમૃત સમ છે. ૧૧

આત્મજ્ઞાની સંસારને માયામય જાણી આત્મામાં લીન રહે છે. ૧૨

શ્વાસોછ્શ્વાસ લેતા અને છોડતા સ્વાભાવિક "સોડહમ્"નો ધ્વનિ થાય છે, તો પણ અજ્ઞાની તે તરફ લક્ષ ન આપતા વિષય કષાયમાં લીન રહે છે. (સોડહમ્ અર્થાત હું સિદ્ધ સ્વરૂપ આત્મા છું) ૧૩.

હે ભવ્યો! હરદમ સોડહમ્ નું રટણ કરો. ૧૪.

ધર્મગુરુઓની બેદકારી ભક્તોના પતનનું કારણ બને છે. ૧૫

સંસાર અનંત કાળનું જેલખાનું છે, અને સંસારી જીવ અનંત કાળથી કેદી બનેલ છે.

સંસાર રૂપી જેલને મહેલ માનવાથી જ જીવને અનંત કાળથી કેદી બનવું પડેલ છે. ૧૭.

કેદી બંધનને જ મુક્તિ માની રહ્યો છે. ૧૮.

જ્ઞાની અને અજ્ઞાનીની મિત્રતા થઈ શકે નહિ. ૧૯.

જિન વચનોના અજીર્ણવાળાને ઉપદેશ લાભદાયક થતો નથી. ૨૦.

દેહ દશા ત્યાં આત્મદશાની હાનિ છે. ૨૧.

રાજપાટ, રમણીઓ એ બધાનો ત્યાગ સરળ છે, પરંતુ માન, કીર્તિ, પૂજા, સન્માન આદિનો ત્યાગ કરવો કઠિન છે. એ જ ભવભ્રમણનું મૂળ કારણ છે. ૨૨.

જેના જ્ઞાન ચક્ષુ બંધ છે. તે સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ, બંધ, મોક્ષ વગેરેને દેખી શકતા નથી, જાણી શકતા નથી. ૨૩

બુદ્ધિજન્ય શ્રદ્ધા કાચ સમાન છે. હૃદયની શ્રદ્ધા હીરા સમાન છે. ૨૪.

ધનની મમતા કરવી તે જ્ઞાનીયોની દૃષ્ટિએ અપરાધ છે. ૨૫

માનવો ચોરની નિંદા કરે છે, પણ પરિગ્રહ ધારીની નિંદા કરતું નથી. ચોર જેટલો દયાપાત્ર છે, તેટલો જ પરિગ્રહધારી દયાપાત્ર છે. ૨૬.

ચોર એકની ચોરી કરે છે, પણ પરિગ્રહધારી ધનવાન હજારો ગ્રાહકો સાથે અનીતિ, અન્યાય, અસત્ય આદિનો વ્યવહાર કરીને તેનું ધન લૂંટે છે, છતાં લોકો તેને શાહુકાર કહે છે, આ જ અજ્ઞાન છે. ૨૭.

ધનવાનો ચોરની નિંદા કરે છે અને ચોર ધનવાનોની નિંદા કરતી વખતે કહે છે કે તમે અમારી પાસેથી વધારે વ્યાજ લઈને લૂંટી લીધા. અમારી પાસે ખાવા માટે પણ કંઈ જ ન રહ્યું એથી તો અમો ચોરી કરીએ છીએ એમાં અમારો શો દોષ ? ૨૮.

સિર્ફ ધનથી જ વર્તમાનમાં ખાનદાની માનવામાં આવે

છે, પૂર્વે ધર્મવાન જ મહાન ગણાતો હતો. આ છે સમયનો ફેર ! ૨૯.

ખેતીનો, સોનીનો, લુહારનો, સુતારનો આદિ ધંધાને પાપનો ધંધો કહે છે. ગરીબો પાસેથી ૧૦ યા ૧૨ ગુણા વ્યાજ અધિક લેનારનો ધંધો પવિત્ર ગણાય છે. સાચું પાપ શું છે તે જ લોકો જાણતા નથી. એ જ અજ્ઞાન. ૩૦.

રાજા પોતાના વિલાસ માટે પ્રજાને લૂંટે છે. શ્રીમંત પોતાના વિલાસ માટે ગરીબોને લૂંટે છે. બન્નેમાં શું અંતર છે ? કંઈ જ નહિ. ૩૧.

માનવ તું દેવ નહિ, પણ દેવોનો પણ દેવ છો તે શક્તિનો વિચાર કર અને ચેત. ૩૨.

બુદ્ધિવાદ યંત્રાલય સમાન છે, અને હૃદયની શ્રદ્ધા ચૈતન્યમય છે. ૩૩.

બુદ્ધિની શ્રદ્ધા મૃતક શ્રદ્ધા છે, અને હૃદયની શ્રદ્ધા જીવિત શ્રદ્ધા છે. ૩૪.

બુદ્ધિવાદી ધર્મને છોડી શકતો પણ નથી, અને ધર્મારાધન પણ કરી શકતો નથી. ૩૫.

હૃદયની શ્રદ્ધાવાળો ધર્મનું સેવન કરીને ધર્માત્મા બને છે. ૩૬.

સુખ, દુઃખ વગેરે કેવળ બુદ્ધિની કલ્પના છે. ૩૭.

જ્ઞાની, વિષય–કષાયની પ્રવૃત્તિને ઘટાડે છે. ૩૮.

અજ્ઞાની, વિષય–કષાયની પ્રવૃત્તિને વધારે છે. ૩૯.

સત્‌નો નિવાસ હૃદયમાં છે. ૪૦.

પ્રભુ મહાવીરને ગૌતમસ્વામી ઓળખી શકે છે. ગોશાલો ઓળખી શકયો નહિ. એ જ પ્રકારે જ્ઞાનીને જ્ઞાની જ ઓળખી શકે, અજ્ઞાની જ્ઞાનીને ઓળખી શકતો નથી. ૪૧.

માનવ તન રૂપી મંદિરથી વિશેષ મહત્વશાળી મંદિર ત્રણ લોકમાં નથી. ૪૨.

ક્ષમા વસ્ત્ર નથી, એ તો અભૂષણ છે. ૪૩.

સંયમી પુરુષો માટે રાત્રિ પણ દિવસ સમાન છે. ૪૪.

જ્ઞાનીનું જીવન નિર્દોષ બાળકથી પણ અનંત પવિત્ર છે. ૪૫.

જૈન શાસ્ત્રો આ જીવનને તથા અનંત જીવનને પવિત્ર બનાવવાવાળું પરમશક્તિશાળી સાધન છે. ૪૬.

જૈનશાસન વિશ્વને પવિત્ર બનાવવાવાળું પરમાર્થી પવિત્ર પુરુષાર્થી શાશ્વત મંડળ છે. ૪૭.

અધોગતિના કર્તવ્યથી છોડાવે તે જ ધર્મ છે. ૪૮.

આહાર–વિહારની અવિવેકતા રાખનારની તંદુરસ્તી ખરાબ થાય છે, આહાર–વિહારમાં વિવેક રાખનારની તંદુરસ્તી સારી રહે છે. એ જ પ્રકારે જ્ઞાની વિવેકપૂર્વક પોતાનું જીવન જીવે છે, અને અજ્ઞાની પાપમય જીવન જીવે છે જેથી તેની આત્મિક તંદુરસ્તી ખરાબ થાય છે. ૪૯.

પરમાત્મ પદ એ આત્માનો જન્મસિદ્ધ અધિકાર છે. પરંતુ અજ્ઞાનવશાત્ તે ભૂલાયેલ છે. ૫૦.

આધ્યાત્મિક જીવન નિરામય જીવન છે, નીરોગી, નિરામય, જીવાત્મા સ્વર્ગ, મોક્ષમાં જાય છે. ૫૧.

વિષય–કષાયજન્ય જીવન રોગી જીવન છે, જેથી રોગી જીવાત્મા નરક, નિગોદમાં જાય છે. ૫૨.

આત્મા અરૂપી છે, જેથી એનો રોગ પણ સૂક્ષ્મ હોય છે. ૫૩

આત્મિક સૂક્ષ્મ રોગને જ્ઞાનીજનો જ જાણી શકે છે, અજ્ઞાની જ્ઞાનચક્ષુ હીન, અંધ છે, તેથી આત્મિક રોગને જાણી શકતો નથી. તેથી તે તો શરીરની જ રાતદિવસ ચિંતા કરે છે. ૫૪.

ધર્મસ્થાનક એ તો શાન્તિ, વૈરાગ્ય, અને વીતરાગતા જાગૃત કરવાનું સ્થળ છે. ૫૫.

ચર્મચક્ષુથી ન જોતા વિશ્વને જ્ઞાનચક્ષુથી જોતા શીખો. ૫૬.

વિષય–કષાયની માત્રાનો નાશ થાય તો અધર્મ ઘટી જાય અને સર્વત્ર ધર્મનો વિજય થાય. ૫૭.

સેવા કરનાર પોતાની જ સેવા કરી રહ્યો છે, બીજાની નહિ, તે યાદ રાખવું જોઈએ. ૫૮.

વિવેકરહિત બુદ્ધિ તે જ જડતા. ૫૯.

ધર્મધ્યાન, દાન, આદિ સત્કર્મો પરોપકાર નથી, પરંતુ સ્વોપકાર છે. ૬૦.

અજ્ઞાની શરીરને જ આત્મા માને છે, અને સત્ સ્વરૂપી પોતાના આત્માને ભૂલી ગયો છે. ૬૧.

મનનો ગુલામ આત્મિક અનંત ગુણોની ઘાત કરે છે. ૬૨.

ધર્મ કોઈ પર વસ્તુ નથી, તે તો આત્મસ્વભાવ જ છે, અજ્ઞાની એને પર વસ્તુ માને છે. ૬૩.

વીરતાથી કષ્ટ સહન કરનાર જ સાધુ છે. ૬૪.

આવેલા કષ્ટોને સહન કરવાનો જે પ્રયત્ન કરે છે, તે શ્રાવક તથા સમ્યક્‌દૃષ્ટિ છે. ૬૫.

જ્ઞાની દુઃખને આમંત્રણ આપે છે, ઉદીરણા કરે છે, ત્યારે અજ્ઞાની દુઃખથી ડરે છે, ભય કરે છે, તેનો નાશ ઇચ્છે છે. ૬૬.

મુક્તિ કોઈ વસ્તુનું નામ નથી, પરંતુ રાગ દ્વેષથી મુક્ત થવું તે જ મુક્તિ છે. ૬૭.

ઇચ્છા નિરોધ રૂપી તપ સુખનું ધામ છે, અને ઇચ્છાને વધારવી તે દુઃખનું ધામ છે. ૬૮.

જ્ઞાન રહિત મનુષ્ય પશુ તુલ્ય છે. ૬૯.

રૂઢીવાદી ધર્મ જડતાનો પોષક છે. ૭૦.

વ્યક્તિગત ઉપાસના તે જડતાની ઉપાસના છે. ૭૧.

ગુણોની ઉપાસના તે ચૈતન્યની ઉપાસના છે. ૭૨.

ભોગો રોગના ભંડાર રૂપ છે. ૭૩.

નાકટ ચેટક આદિ વિલાસ વિટંબનાના કારણભૂત છે. ૭૪.

જેટલા હાસ્યજનક ગીત, ગાન, નૃત્ય વગેરે વિલાપ ઉત્પન્ન કરવાના કારણભૂત છે. ૭૫.

સર્વ આભૂષણો ભારભૂત છે, કર્મનો ભાર વધારનાર છે. સર્વ કામભોગો દુઃખના કારણભૂત છે. ૭૬.

ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, માનથી વિનયનો નાશ થાય છે, માયા–કપટથી મિત્રતાનો નાશ થાય છે, લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે. ૭૭.

હે ગૌતમ! તપરૂપ અગ્નિ, કર્મરૂપ ઈંધન (લાકડાં) ને ભસ્મ કરે છે. ૭૮.

ભગવાન મહાવીર દેવે કહ્યું છે કે, પ્રથમ જ્ઞાન પછી દયા અર્થાત્ પહેલા જ્ઞાન પછી ક્રિયા. ૭૯.

શ્રવણ કરવાથી હિત અને અહિત, પુણ્ય અને પાપ આદિનો જીવને બોધ થાય છે, હિત અને અહિતના માર્ગને સાંભળી જે યોગ્ય લાગે તે માર્ગે ગમન કરવું. સુખ જોઈતું હોય તો સંયમના માર્ગનું અનુસરણ કરવું. દુઃખ જોઈએ તો અસંયમના માર્ગનું અનુસરણ કરવું. હે જીવાત્મા! બન્ને માર્ગ મેં બતાવેલ છે. તને યોગ્ય લાગે તે માર્ગમાં ગમન કર, એ તારી ઈચ્છા પર નિર્ભર છે. એમ ભગવાન મહાવીર દેવે કહ્યું છે. ૮૦.

હે ગૌતમ! જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થાય છે પરંતુ પાણીથી સદા અલિપ્ત રહે છે. તેવી જ રીતે કામભોગથી ઉત્પન્ન થયેલ હોવા છતાં જે વિષયવાસના આદિથી સદા દૂર રહે છે, તે કોઈ પણ જાતિમાં ઉત્પન્ન થવા છતાં અમે તેને બ્રાહ્મણ કહીએ છીએ. ૮૧.

હે ગૌતમ! મસ્તકનું મુંડન કરવાથી કોઈ સાધુ થતા નથી. ૐકારનું રટણ કરવા માત્રથી કોઈ બ્રાહ્મણ બનતો નથી.

વનમાં રહેવાથી કોઈ મુનિ બની શકતો નથી અને દર્ભના વસ્ત્ર પહેરવાથી કોઈ તપસ્વી બની શકતો નથી. ૮૨.

સમદૃષ્ટિવંત સાધુ છે. બ્રહ્મચારી બ્રાહ્મણ છે. સમ્યક્ જ્ઞાનનું આચરણ કરનાર મુનિ છે. તથા ઇચ્છા નિરોધ રૂપ તપ કરનાર જ તપસ્વી છે. ૮૩.

સત્ય, શીલ, તપ આદિ સદનુષ્ઠાન કરનાર બ્રાહ્મણ છે. દુઃખીને સહાયતા કરનાર ક્ષત્રિય છે. નીતિ–ન્યાયથી વ્યાપાર કરનાર વૈશ્ય છે. તથા પરને પીડા કરનાર દુઃખ આપનાર ક્ષુદ્ર છે. ૮૪.

હે આર્ય! આ કામભોગ શલ્ય (કાંટા) સમાન છે, વિષ સમાન છે, આસી વિષ સર્પ સમાન છે, એ કામભોગનું સેવન કરવું તો દૂર રહ્યું પરંતુ તેની ઇચ્છા માત્ર કરવાથી દુર્ગતિમાં લઈ જાય છે, તેવા તે કામભોગો ભયંકર છે તેનાથી વિરમ! વિરમ! ૮૫.

હે આર્ય! આ કામભોગો ક્ષણિક સુખ આપનાર છે, અને ઘણા કાળ સુધી દુઃખ આપનાર છે, એ કામભોગ અનર્થની પરંપરા ઉત્પન્ન કરનાર છે, ત્યારે કામભોગના ત્યાગ રૂપ સંયમ માર્ગમાં ચાલનારને થોડું દુઃખ અને પાછળથી ઘણું સુખ મળે છે. આવી રીતે સંસાર અને મોક્ષનો માર્ગ જુદા જુદા છે. ૮૬.

ભોગી કર્મથી બંધાય છે, અભોગી અલિપ્ત રહે છે. ભોગી સંસારમાં પરિભ્રમણ કરે છે, અભોગી સંસારથી મુક્ત થાય છે. ૮૭.

જેમ કિંપાક ફળ રૂપે, રંગે, સ્વાદે સુંદર હોય છે, છતાં ખાનારના પ્રાણ હરે છે, તેમ જ સુંદરમાં સુંદર ભોગવેલા ભોગોનું પરિણામ પણ દુઃખમાં જ પરિણમે છે, માટે હે સુજ્ઞજનો ! તેનો ત્યાગ જ શ્રેયકર છે એમ વિચારો. ૮૮.

હે આર્યો ! અનિત્ય વસ્તુનો મોહ ત્યાગો, નિત્ય વસ્તુનો પ્રેમ કરો. ૮૯.

હે શૂરવીરો ! મોહ જીત બનો, મોહને જીતનાર જ સાચો શૂરવીર છે. ૯૦

શાશ્વત સુખ માટે અશાશ્વત વસ્તુઓનો ત્યાગ જરૂરી છે, તે સદા યાદ રાખો. ૯૧.

હે સુખાર્થી ! અંતરમાં જ સાચું સુખ વસેલું છે, માટે ત્યાં જ શોધવાનો પ્રયત્ન કર, બાહ્યમાં વ્યર્થ ફાંફા ન માર. ૯૨.

પરમાર્થ સમાન સુખ નથી, સ્વાર્થ સમાન દુઃખ નથી. ૯૩.

હે પુરુષાર્થી ! આંતર શત્રુઓને જીતવાનો સતત પુરુષાર્થ કર, તે જ શ્રેયનો માર્ગ છે. ૯૪.

ગરીબોની સેવા એ પ્રભુ સેવા સમાન છે. ૯૫

હે દાનવીર ! નિષ્કામ ભાવે જ દાન કર. હે સેવાર્થી ! સેવા ધર્મ ગહનો યોગીને પણ અગમ્ય છે, તે સેવા ધર્મ અંગીકૃત કરીને જીવનને સાર્થક કરવા કટીબદ્ધ થા. ૯૬.

હે મોક્ષાર્થી ! મોક્ષ અર્થે સર્વસ્વનો ત્યાગ જરૂરી છે, માટે સર્વસ્વનો ત્યાગ કર. ૯૭.

હે આત્માર્થી ! આત્મામાં લીન થા, બાકીનું સર્વ હેય છે. ૯૮.

હે જ્ઞાનાર્થી ! જ્ઞાન આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ બન. ૯૯.

સ્વાનુભવ જેવું અમૃત નથી. ૧૦૦

હે જીવાત્મા ! તારું છેલ્લું અને પહેલું કર્તવ્ય સ્વાનુભવ પ્રાપ્ત કરવાનું છે, તેનું સદા સતત સ્મરણ રાખ. ૧૦૧.

જ્યારે જ્યારે રાગદ્વેષના સંક્લેશ ઉત્પન્ન થાય ત્યારે ત્યારે

(૧) અરિહંતાદિ ચાર શરણ વારંવાર સ્વીકારો.

(૨) એની સાથે વારંવાર જન્મ-જન્માંતરના સ્વદુષ્કૃત તેની આલોચના કરો, માફી માગો.

(૩) પરમાત્મા તથા સર્વ મહાપુરુષોના મોટા સુકૃત્યોની અનુમોદના કરો.

ચિત્ત સંક્લેશ ટાળવાના (૩) ઉપાય

મારે અરિહંતનું શરણ, સિદ્ધ પ્રભુનું શરણ;

સાધુ ભગવંતોનું શરણ, જિનધર્મનું શરણ છે.

સર્વ પાપોની નિંદા ગર્હા કરું છું, સર્વ સુકૃત્યોની અનુમોદના કરું છું.

શરણ સ્વીકાર કરવામાં સસ્તાં, મહેનત કંઈ નહિ, છતાં લાભ અપરંપાર !

જીવનમાં આનો અભ્યાસ પડી જવો જોઈએ. અભ્યાસ ચાલુ ત્રિકાળ તો ખરો જ; પરંતુ મનમાં જ્યારે રાગ-દ્વેષાદિ, ભયાદિ વિકાર ઉત્પન્ન થાય ત્યારે વારંવાર આ સેવવાના.

ગદ્‌ગદ ભાવભીના હૃદયે જાણે રટણા ચાલે, મારે અરિહંતનું શરણ, મારે સિદ્ધ પ્રભુનું શરણ, મારે જિનધર્મનું શરણ, મારા દુષ્કૃત્યો મિથ્યા (નિષ્ફળ) થાઓ. મહાપુરુષોના સુકૃત્યોને ધન્ય છે. આની સતત ધારા ચાલી તો પછી શું તાકાત કે સંક્લેશ ઉભા રહે? કદાચ સર્વથા ન જાય તોપણ પાતળા તો જરૂર પડે. ૧૦૨.

ઉ

કર્મ બત્રીસી

આત્મા અને કર્મનો અનાદિથી સંબંધ છે. ૧.

પુરુષાર્થ થાય તો આત્મા કર્મ રહિત શુદ્ધ સ્વરૂપ બની શકે છે. ૨.

આત્મા અનંત શક્તિવાન છે, આત્માની સામે કર્મની સત્તા અત્યંત બળ રહિત છે. કેમકે કર્મ જડ છે. ૩.

કર્મ પ્રલોભનના સાધનોનો-સંયોગ પ્રાપ્ત કરાવે છે. ૪.

નિર્બળ આત્મા પ્રલોભનોમાં ફસાઈ જાય છે અને તેનો પરાજય થાય છે. સબળ આત્મા પ્રલોભનોનો પરાજય કરે છે, અને કર્મનો નાશ કરે છે. ૫.

મોહકર્મથી કષાયાદિ સંયોગ ઉત્પન્ન થાય છે. પરતું તે કષાય કરવા માટે આત્માને પ્રેરણા કરતું નથી, અજ્ઞાની સ્વયં કષાય કરે છે. ૬.

સરાગી કે વીતરાગી બનવું તે આત્માને સ્વાધીન છે, કર્મને આધીન નથી. ૭.

પ્રબળ આત્મા વિષય, કષાય ને વશ કરે છે, તેનો પરાજય કરે છે, અને નિર્બળ આત્મા તેને સ્વાધીન થાય છે તે જ સંસારનું આદિ કારણ છે. ૮.

મોહ કર્મ સર્વ કર્મોનો રાજા છે, રાજાને જીતવાથી, લશ્કર સ્વયં આધીન થાય છે, તેમ મોહ રૂપી રાજાને જીતવાથી બીજા કર્મો પણ જીતાઈ જાય છે. ૯.

એક સમયનો વિજય અનંતકાળનો વિજય છે, અને એક સમયની હાર અનંતકાળની હાર છે. ૧૦.

કર્મોથી પોતાને પરાધીન માનનાર, કર્મરૂપ વટવૃક્ષને ઉત્પન્ન કરે છે. ૧૧.

કર્મ બાળક છે, અને આત્મા પિતા છે, પિતાને બાલકથી ભય પામવાની જરૂરત શું છે ? ૧૨.

રાગ, દ્વેષ કર્મબંધનના મૂળ કારણ છે. ૧૩.

આયુષ્ય કર્મનો બંધ અકસ્માત્ જીવનમાં એક સમય જ થાય છે. માટે અશુભ ભાવોથી પ્રત્યેક સમયે સાવધાન રહેવું જોઈએ. ૧૪.

કષાયથી સ્થિતિ અને અનુભાગનો બંધ થાય છે. ૧૫.

યોગથી પ્રકૃતિ અને પ્રદેશનો બંધ થાય છે. ૧૬.

ભૂતના યોગ (મન, વચન, કાયા) વ્યાપારીના યોગથી

વિશેષ ચપળ હોય છે, પરંતુ ખેડૂતના કષાય કેટલાક ધાન્યાદિ વ્યાપારી વર્ગની કષાયથી પાતળા હોય છે. ૧૭.

યોગનું પાપ માને છે, એમ કષાયમાં પાપ માનવાવાળા વીરલાત્મા જ હોય છે. ૧૮.

યોગની શાંત દશા અને કષાયની તીવ્રતાએ બગલા જેવું શાંત ધ્યાનસ્થ યોગમય જીવન વીતાવવા સમાન છે. ૧૯.

યોગ નિરોધની ચિંતા થાય છે, પણ કષાય નિરોધની ઉપેક્ષા કરાય છે. કષાય એ જ સંસાર છે, તે ન ભૂલવું જોઈએ. ૨૦.

યોગનો ચપલતા સમાન કષાયની ચપળતા સમજાય તો જીવ જલદી મોક્ષગામી બની જાય, પરંતુ સમજ વિપરીત બની ગઈ છે. ૨૧.

યોગનો નિરોધ કરાય છે, પરંતુ કષાયના ઘોડા દોડાવ્યે જાય છે. ૨૨.

લાકડી મારવામાં પાપ માને છે, પરંતુ અશુભ ભાવમાં એટલું પાપ મનાતું નથી, એ જ અજ્ઞાન દશા છે. ૨૩.

જાગૃત માનવ ઘોડાને વશ રાખીને ઈષ્ટ સ્થાન પર પહોંચી જાય છે, પણ નિદ્રાધીન માનવને ઘોડો નીચે નાખી દિયે છે, એ પ્રકારે જ્ઞાની કર્મરૂપી અશ્વને વશ કરી લે છે, અજ્ઞાની અજાગૃત કર્મને વશ થઈને નરક નિગોદના ખાડામાં પડે છે. ૨૪.

આત્મા પોતાનું ભાન ન ભૂલે તો, કર્મની સત્તાનું જોર તેના પર ચાલી શકે નહિ. ૨૫.

ક્રોધ, માન, માય, લોભ, રાગ, દ્વેષ આદિ સર્વે જીવાત્માના આંતર શત્રુઓ છે, પરંતુ અજ્ઞાનતાને કારણે એને મિત્ર

માની લીધા છે, હવે જ્ઞાનદશામાં જાગૃત થઈને, તેને શત્રુ માની તેનો નાશ કરવા પ્રયત્નવંત બનવું તે શ્રેયાર્થીનું પરમ કર્તવ્ય છે. ૨૬.

કર્મની સાથે લડવામાં આનંદ થવો જોઈએ, પરંતુ પરવશ થઈ, કર્મોને આધીન થવું તે શરમજનક છે. ૨૭.

જ્ઞાની સ્વાધીન છે, અજ્ઞાની કર્માધીન છે. ૨૮.

અજ્ઞાનીને કર્મરૂપ વાયરો તૃણવત્ જ્યાં ત્યાં ભ્રમણ કરાવે છે, જ્ઞાની મેરુ સમાન અડોલ રહે છે, અને કર્મરૂપ વાયરો પોતે સ્વયં પરાસ્ત થઈને નષ્ટ થાય છે. ૨૯.

કર્મ રૂપી સ્નેહની શૃંખલા જ્ઞાની ક્ષણભરમાં તોડી નાખે છે, અને અજ્ઞાની કર્મ શૃંખલાને મજબૂત બનાવે છે. ૩૦.

જ્યારે જીવાત્મા પોતાના દોષોને જોતા શીખે છે, ત્યારે કષાયોના કારણો નષ્ટ થવા માંડે છે ૩૧.

જ્યારે જીવાત્માને સમજાય છે કે, કર્મ તો જડ છે, તેની સત્તા હું અનંત શક્તિવંત આત્મા પર કેમ ચાલે, બસ ત્યારથી કર્મ પર આત્માની સત્તા ચાલે છે અને કર્મનો વિજય કરવા પ્રયત્નવંત બને છે. ૩૨.

૪

શરીર

આ શરીર એક જીર્ણ કુટીર છે, એનો મોહ કોણ કરે ? ૧.

બીજાનું મૃતક શરીર પોતાની આંખોથી બળતું જોઈને પોતાના શરીરનો મોહ ત્યાગો. ૨.

જેટલી ચિંતા શરીરની મનુષ્ય કરે છે, તેટલી જો આત્માની કરે તો આ ભવમાં જ મોક્ષમાર્ગની નજીક પહોંચી જાય. ૩.

શારીરિક સુખ પરાધીન છે, અને આત્મિક સુખ સ્વાધીન છે. ૪.

શારીરિક સુખ ક્ષણિક છે, આત્મિક સુખ શાશ્વત છે. ૫.

શરીર જડ પરમાણુનો પિંડ છે, ત્યારે આત્મા સૂર્ય સમ અનંત પ્રકાશમય છે. ૬.

૫
દૃષ્ટિ

સમદૃષ્ટિ વિશ્વ માત્રથી પ્રેમ કરે છે. ૧.

સમદૃષ્ટિ વિશ્વના હિતમાં પોતાનું હિત માને છે. ૨.

ગુપ્તમાં ગુપ્ત વિચારોને પવિત્ર રાખો. ૩.

વિચારોને શબ્દ દ્વારા પ્રગટ કરો, કે મનમાં ગુપ્ત રાખો તથાપિ વિચારોની અસર તો બીજાઓ પર થાય છે જ. ૪.

જો તમારે સમ્યક્ પર પ્રેમ છે, તો બીજાના દોષ ન જોતા, ગુણને જોતા શીખો. ૫.

મિથ્યાત્વી બીજાના દોષ જ દેખે છે, ગુણને નથી જોતો. ૬.

સમ્યક્ તથા મિથ્યાત્વ બંનેમાંથી તમોને જે પસંદ હોય તેવા તમે બની શકો છો, તે તમારી ઇચ્છા પર નિર્ભર છે. ૭.

ભંગી વિષ્ટાને શોધે છે, ફૂલોનો શોખીન ફૂલોને શોધે છે, એમ ગુણી ગુણોને શોધે છે, દોષી દોષને શોધે છે, એ બંનેનો સ્વભાવ છે. ૮.

હંસ મોતી અને કાગડો સડેલું માંસ શોધે છે, તેમ ગુણી ગુણ અને દોષી દોષ શોધે છે. ૯.

જેવા વિચાર એવો આચાર, અને જેવો આચાર તેવી ગતિ તથા મોક્ષ પણ મળી શકે છે. ૧૦.

ગુણગ્રાહક દૃષ્ટિ શત્રુને મિત્ર અને દોષગ્રાહક દૃષ્ટિ મિત્રને શત્રુ બનાવે છે. ૧૧.

આર્યની ગુણદૃષ્ટિ અને અનાર્યની દોષદૃષ્ટિ હોય છે. ૧૨.

ગુણદૃષ્ટિ સ્વર્ગરૂપ અને દોષદૃષ્ટિ નારકી રૂપ હોય છે. ૧૩.

ગુણગ્રાહક વિશ્વનો મિત્ર છે, અને દોષ ગ્રાહક વિશ્વને પોતાનું શત્રુ બનાવે છે. ૧૪.

ગુણગ્રાહકના વશીકરણ મંત્રથી વિશ્વ વશીભૂત થઈ જાય છે. ૧૫.

ગુણગ્રાહકતા સદ્‌ગુણોનો ભંડાર છે, દોષ દૃષ્ટિ દુર્ગુણોનો ભંડાર છે. ૧૬.

ગુણદૃષ્ટિ સદાચાર અને દોષદૃષ્ટિ દુરાચાર છે. ૧૭.

ગુણદૃષ્ટિ ધર્મ સન્મુખ છે, દોષદૃષ્ટિ વિમુખ છે. ૧૮.

ગુણીદૃષ્ટિ શીલવાન આચારવંત છે. ૧૯.

૬

અમૂલ્ય વિચાર

જેટલા અંશમાં બ્રહ્મચર્યની રક્ષા વિશેષ કરાય, એટલા જ અંશમાં મહાન કાર્ય કરવાની શક્તિ પ્રબળ થાય છે. જીવનનો એ જ સાર છે. ૧.

વીર્ય રક્ષા એ આત્મરક્ષા કરવા બરોબર છે. આત્મરક્ષા એ વિશ્વરક્ષા છે. ૨.

વીર્ય નાશથી શરીર સત્ત્વહીન હાડપિંજર માત્ર રહે છે. ૩.

સર્વથા બ્રહ્મચારી રહેવાવાળાએ સદા ખરાબ સંગતથી દૂર રહેવું જોઈએ, કારણ સંગ દોષથી વ્રતભંગનો ભય છે. ૪.

એક બોલ અને એક તોલ એ વ્યાપારીની ઉન્નતિ માટેનું સત્ય સાધન છે. ૫.

મોહની સાંકળ કેવળ વૈરાગ્ય ત્યાગથી જ તોડી શકાય છે. ૬.

નિંદા કરવી તે પાપ છે. ૭.

જ્યાં મતાગ્રહ કદાગ્રહ વગેરે હોય, ત્યાં ધર્મ હોતો નથી. ૮.

જે મનુષ્ય લોભને જીતે છે, તે જ યોગી છે, તે જ સંસાર ત્યાગી, મોક્ષગામી છે. ૯.

ક્ષમા ગુણ સર્વોત્તમ છે. ૧૦.

આર્ય તે જ છે કે, ત્યાગવા યોગ્યનો ત્યાગ કરે છે. ૧૧.

કોઈ જીવની પ્રાણહાનિ કરવી તે તો હિંસા છે જ, પરંતુ દ્વેષ બુદ્ધિથી કોઈનું અશુભ ચિંતન કરવું, માનસિક દુઃખ આપવું તે પણ હિંસા છે. ૧૨.

યદિ સર્પના મુખમાંથી અમૃત ઝરે તો દોષ દૃષ્ટિવાળા સમદૃષ્ટિ બની શકે. ૧૩.

પ્રેમ કરો, રાગ ન કરો, પ્રેમ નિઃસ્વાર્થ છે, રાગ સ્વાર્થ-જનિત છે, બદલો ઇચ્છે છે. ૧૪.

મૃત્યુ રહિત જન્મ નથી. ૧૫.

દુઃખ શૂન્ય સુખ નથી. એક મોક્ષ સુખ જ નિરપેક્ષ છે. ૧૬.

જન્મ–જન્માંતરના દુઃખોને યાદ કરે તો સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન થાય. ૧૭.

વિવેક અને વિચારહીન મનુષ્ય પશુતુલ્ય છે. ૧૮.

સત્ પંથ કંટકાકીર્ણ છે, પણ સત્ની પ્રાપ્તિમાં અનંત સુખ છે. ૧૯.

અરૂપી આત્માને કોણ બંધન કરે? જીવાત્મા પોતાના અશુદ્ધ ભાવોથી જ બંધનને પામે છે. ૨૦.

પરમાર્થ જ પરમપંથ છે, મોક્ષ માર્ગ છે. સ્વાર્થમય પંથ સંસાર માર્ગ છે. ૨૧.

સ્વચ્છંતાનો નિરોધ કરનાર મોક્ષને પામે છે. ૨૨.

સ્વર્ગ, નરક, સંસાર અને મોક્ષ બધું અંતરમાં જ છે, બીજે કયાંય નથી. આ સત્ય, જ્ઞાન થતા સમજાય છે. ૨૩.

જે વિનય રહિત છે તેનો ધર્મ અને તપ શું કામના છે? વિનય એટલે વિશિષ્ટ નીતિ છે, ત્યાં જ ધર્મ અને તપનો નિવાસ છે. ૨૪.

સરળ દિલમાં ધર્મ સ્થિર રહે છે. ૨૫.

ચાર બોલ મળવા દુર્લભ છે, માનવપણું, જિનવાણીનું શ્રવણ, શ્રવણ કરેલા વચનો પર શ્રદ્ધા અને ત્યારબાદ સંયમી જીવન જીવવું. ૨૬.

પ્રભુના પ્રેમની લગની લાગી નહિ, સદ્‌ગુરુ ચરણે સ્વાપર્ણું કર્યું નહિ, પોતાના દોષોનું નિરીક્ષણ કર્યું નહિ, તો હે પ્રભુ! હું કેવી રીતે, કયા ઉપાય વડે તરી શકું? તરવાનો ઉપાય તો કર્યો જ નહિ. ૨૭.

સ્વાપર્ણની સરિતામાં સ્નાન કરનારને મોક્ષ કયાં દૂર છે. ૨૮.

એવું કયું પાપ છે કે જે પશ્ચાતાપથી ન ધોવાય? નિસર્ગની આ મહા સમસ્યાનો ઉકેલ છે—પશ્ચાતાપ. ૨૯.

પશ્ચાતાપના મહાપુરમાં અગ્નિસ્નાન કરનારના પાપોના પુંજ નાશ પામે છે, અને જ્ઞાન સૂર્યનો ઉદય થાય છે. ૩૦.

દુઃખનો સંયોગ થયે, હું રોઉં શા માટે? દુઃખ જ ન હોત તો હું શુદ્ધ કેમ બનત! પૂર્ણ કેમ બનત! પાપની શુદ્ધિ કેમ થાત? દુઃખનુ પણ મૂલ્ય છે. દુઃખ પણ જીવનના અગણિત આશીર્વાદોમાંનું એક છે. ૩૧.

ભગવાન મહાવીરદેવે આપણને સમજાવ્યું છે કે સહન કરવાથી શુદ્ધિ મળે છે. ગમે તેવું દુઃખ હોય પણ દુઃખ તે શુદ્ધિકરણની પ્રખર ક્રિયા છે. ૩૨.

ભગવાન મહાવીરની બાર બાર વર્ષની ઘોર સાધના શીખવે છે કે આવેલ વિપત્તિને પ્રસન્નતાથી શાન્ત ભાવે સહન કરો, અને શુદ્ધ બનો, સંપૂર્ણ બનો. ૩૩.

સાચો દૃષ્ટિકોણ પસંદ કરવાની કળા, તે જ સૌંદર્ય છે. ૩૪.

આ વિશ્વના મૂળમાં એક માત્ર વિચાર છે. ૩૫.

બધા જ વર્તાવનું મૂળ વિચાર છે. વિચારમાંથી ભાવના, ભાવનામાંથી કર્મ પ્રગટે છે. આથી જ સૌ પ્રથમ વિચારની ક્રાન્તિ જરૂરી છે. બર્નાડ શૉ કહે છે કે કાયરમાં કાયર માનવીના મગજમાં પણ જો એકાદ તેજસ્વી વિચાર ઘુસાડવામાં આવે તો તે કાયર, મહાન્ શૂરવીર બની શકે છે. ૩૬.

૭

જ્ઞાન શતક

મોહનિદ્રાથી જ્ઞાન ચેતનાનો નાશ થાય છે. ૧.

અજ્ઞાની મોહનિદ્રામાં સૂતો છે, જ્ઞાની તેને જાગૃત કરે છે, પણ પામરની નિદ્રા ઊડતી નથી. ૨.

મોહનિદ્રાથી વિવેક, વિચાર લુપ્ત થઈ જાય છે. ૩.

મોહ પિશાચ જ્ઞાનીના વચનો પર શ્રદ્ધા કરવા દેતો નથી. ૪.

જીવોના ગળામાં કાળની ફાંસી લાગેલી છે, દોરી ખેંચતા જ પ્રાણરૂપી પક્ષી ઊડી જાશે. ૫.

ધન, જન, વગેરેની ચિંતા માનવ કરે છે, પરંતુ મૃત્યુ આવનાર છે, તો પરભવની ચિંતા કરતો નથી. ૬.

ગર્ભમાં આવ્યો ત્યારથી જ આયુ ઘટવા લાગ્યું છે. પરંતુ આયુ ઘટવાનું ભાન ન ગર્ભમાં હતું, ન વર્તમાનમાં છે. ૭.

હું એકલો આવ્યો છું અને એકલો જ જવાનો છું. આટલો વિચાર હોય તો બસ છે. ૮.

આત્મા શરીર રૂપી મૃતકને ઉપાડીને સંસારમાં પરિભ્રમણ કરે છે. ૯.

આ શરીરમાં પ્રશંસા કરવા યોગ્ય કયો પદાર્થ છે ? ૧૦.

શરીર રૂપી ગટરમાં કીડા–કૃમિ, અળસિયા કલબલ કરી રહ્યા છે, તેના પર કયો બુદ્ધિમાન રાગ કરે. ૧૧,

અસંખ્ય સમુદ્રના પાણીથી સ્નાન કરવા છતાં, આ શરીર શુદ્ધ થાય તેમ નથી, છતાં માનવ તેને શુદ્ધ કરવા, શણગારવામાં લીન થઈ ને માનવજીવનને વ્યર્થ ગુમાવી દે છે, તે શું મૂર્ખતા નથી ? ૧૨.

અનંત દુઃખ તથા ભવભ્રમણનું મૂળ આ એક શરીરનો મોહ જ છે. હે પામર ! માટે ચેત. ૧૩.

માનવ તન મળવું અત્યંત મુશ્કેલ છે, એનાથી પણ મનુષ્યત્વ મળવું અતિ કઠિન છે. ૧૪.

મનુષ્યત્વ મોક્ષ જેમ પવિત્ર તથા મૂલ્યવાન છે. ૧૫.

મોક્ષનું બીજ સમ્યગ્‌દર્શન છે. ૧૬.

મનુષ્યત્વના કાર્યો કરવાથી મનુષ્યત્વ મળે છે. ભદ્રતા, વિનય, દયા, નિરાભિમાનતા એ ગુણો ન હોય તો, મનુષ્ય હોવા છતાં, પશુતુલ્ય છે. ૧૭.

મનુષ્ય જન્મ અનંતવાર પ્રાપ્ત થયેલ છે, પણ મનુષ્યત્વ પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. ૧૮.

મોહ આત્મા માટે રોગ રૂપ છે, નિર્મોહ દશા નીરોગી દશા છે. ૧૯.

જ્યાં રામ ત્યાં કામ નહિ, અને જ્યાં કામ ત્યાં રામ નહિ, બન્ને એક જગ્યાએ રહી શકે નહિ. ૨૦.

જ્યાં દેહ મમત્વ છે, ત્યાં આત્મજ્ઞાનનો વાસ હોતો નથી.૨૧.

દેહભાન ભૂલવાથી જ, આત્મભાન જાગૃત થાય છે. ૨૨.

મોહરૂપ અગ્નિથી વિશ્વના પ્રાણી બળી રહ્યા છે. ૨૩.

વિષય, કષાયથી વિશ્વના પ્રાણી અંધ બનેલ છે. ૨૪.

અજ્ઞાની અજ્ઞાનવશાત્ સંસાર દાવાનળમાં સુખી થવા માટે દોડે છે, પરંતુ દુઃખ દાવાનળમાં પડીને ભસ્મ થાય છે. ૨૫.

અજ્ઞાની અજ્ઞાનથી આત્મઘાત કરે છે. ૨૬.

જેવું વિચારે છે, તેવું જો ન આચરે તો તે આત્મ-ઠગાઈ છે. ૨૭.

મોહ–દૃષ્ટિ ઝેર, સર્પ વગેરેથી પણ વિશેષ ભયંકર છે. ૨૮.

મિથ્યાત્વરૂપી પિશાચ, આત્મધનને લૂંટે છે. ૨૯.

મોહ નિદ્રા દ્રવ્ય નિદ્રાથી અનંત ભયંકર છે. ૩૦.

દર્શનમોહ સમ્યગ્ દર્શનની ઘાત કરે છે. ૩૧.

ચરિત્રમોહ આત્મ સ્થિરતામાં બાધક છે. ૩૨.

અજ્ઞાની જ્ઞાન રૂપ ગજ પર સ્વાર ન થતા, વિષય કષાય રૂપ ગધેડા પર સ્વાર થઈને પોતાને દુર્ગતિમાં લઈ જાય છે. ૩૩.

તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યક્ જ્ઞાન છે. ૩૪.

તત્ત્વોની રુચિ પ્રતીતિ એ સમ્યગ્ દર્શન છે. ૩૫.

કષાયથી નિવૃત્ત થવું તે સમ્યક્ ચરિત્ર છે. ૩૬.

આત્મશુદ્ધિ એ જ સમ્યક્ત્વ. ૩૭.

જ્ઞાની શત્રુ, મિત્ર, સ્વ–પરનો ભેદ ભૂલી સર્વ પર સમભાવ રાખે છે. ૩૮.

લાખો રૂપિયા મળે તો પણ કોઈની નિંદા ન કરો, ન સાંભળો. ૩૯.

એક એક શબ્દને મોતીથી પણ મૂલ્યવાન સમજો. ૪૦.

નિરર્થક વચન ન બોલો. ૪૧.

નિંદકના વચનો નાગણી સમાન છે. ૪૨.

સમભાવ ચંદ્રમા સમાન શીતલ છે. ૪૩.

સંતોષી વિશ્વને પાવન કરે છે. ૪૪.

લોભી વિશ્વમાં કલંક રૂપ છે. ૪૫.

સંતોષી સંસાર સમુદ્રથી તરે છે. લોભી સંસાર સમુદ્રમાં ડૂબે છે. ૪૬.

સમભાવી સમુદ્ર જેમ ગંભીર છે, એમાં સર્વ ગુણરૂપી નદીઓ આવીને મળે છે. ૪૭.

કષાય દાવાનળ છે, એમાં સર્વ ગુણરૂપી ચંદનાદિ બળીને ભસ્મ થઈ જાય છે. ૪૮.

સમભાવીને દેવતા પણ નમસ્કાર કરે છે. ૪૯.

સમભાવી દેવતાઓનો પૂજ્ય છે. ૫૦.

સર્વ પાપોનું મૂળ કષાય છે. ૫૧.

કષાય, નરક, નિગોદની સીડી છે. ૫૨.

કષાય ક્રોડ પૂર્વની તપસ્યાને નષ્ટ કરે છે. ૫૩.

કષાયી પોતે બળે છે, બીજાને બાળે છે. ૫૪.

વિષય–કષાય હળાહળ ઝેરથી પણ ભયંકર છે. ૫૫.

અનંતકાળ વિષય–કષાયનું સેવન કર્યું, તો પણ તૃપ્તિ ન થઈ, ન થવાની છે. ૫૬.

વિષય–કષાયથી જીવ બેભાન બનેલો છે. ૫૭.

વિષય–કષાયથી બચવાનો ઉપાય વિવેક છે. ૫૮.

ચૌરાશી લક્ષયોનિમાં પરિભ્રમણ કરાવનાર વિષય કષાય છે. ૫૯.

વિષય–કષાય જ સંસાર છે. ૬૦.

વિષય–કષાયની નિંદા અનંત જ્ઞાનીઓએ કરેલ છે, છતાં અજ્ઞાનીથી તેનો સ્નેહ છૂટતો નથી, તે જ મોહદશા છે. ૬૧.

વિષથી જીવ સંસારનો ગુલામ છે. ૬૨.

વિષય કષાય રૂપી ભૂત અનંત પુણ્યનો નાશ કરે છે. ૬૩.

પિશાચથી પણ મોહકર્મ ભયંકર છે. ૬૪.

અજ્ઞાની ક્ષણિક–મિથ્યા સુખ માટે અનંત દુઃખ ઉપાર્જન કરે છે, અને દુઃખને જ સુખ માને છે. ૬૫.

કષાય આત્મધર્મનો નાશ કરે છે. ૬૬.

કષાય રૂપી ભૂતને ભગાડવા માટે સમભાવ રૂપી મંત્રને ભજ, સમભાવ સુખનો સાગર છે. ૬૭.

કષાયરૂપી કાદવમાં અજ્ઞાની ફસાય છે. ૬૮.

કષાયના અભાવમાં સંસારનો અભાવ. ૬૯.

કષાયનો નિરોધ ન કરવાથી, તે અગ્નિ સમાન પ્રજ્વલિત થાય છે. ૭૦.

ક્રોધ રત્નત્રયનો નાશ કરે છે. ૭૧.

મારી ભૂલ બતાવનાર મારો સ્નેહી મિત્ર છે. એના પર ક્રોધ શા માટે કરું? એમ જ્ઞાની વિચારે છે. ૭૨.

પરહિત માટે પરોપકારી પોતાનું સર્વસ્વ આપે છે. તો આ ક્રોધીને તો મારે કંઈ જ આપવાનું નથી, તેનો આનંદ એ જ મારો આનંદ. ૭૩.

અજ્ઞાની ક્રોધ કરીને ઝેર પીએ છે, પણ તું શા માટે ઝેર પીને નર્કગામી બને છે? ૭૪.

મારા અશુભ કર્મ નષ્ટ કરવાનું આ તો સાધન છે. ૭૫.

ક્રોધનો વિજય ન કર્યો તો, જ્ઞાન શા કામનું? ૭૬.

ચંદન, કાપવાવાળાને તથા કુહાડીને સુગંધ આપે છે, તો મારે આ ક્રોધીને શું આપવું? ૭૭.

પોતાનું અહિત કરીને પણ ક્રોધી મને સુધારવાનો પ્રયત્ન કરે છે, એનો ઉપકાર હું કેમ ભૂલી શકું? ૭૮.

મારા અશુભ કર્મોનો ઉદય ન હોત, તો તે મારા પર ક્રોધ શા માટે કરત? એનો કોઈ દોષ નથી, દોષ મારો જ છે. ૭૯.

ક્રોધ કરવાથી નવા કર્મ બંધાય છે, ક્ષમા કરવાથી નવા કર્મ બંધાતા નથી, અને પૂર્વના કર્મનો નાશ થાય છે, તો હું એવા લાભને કેમ છોડું? ૮૦.

ઇન્દ્રિયો વાંદરા જેવી છે એને જ્ઞાન પિંજરામાં કેદ કરીને આત્મસાધના કરવી જોઈએ. ૮૧.

પ્રાણ જાય તો પણ ક્ષમાધર્મનો ત્યાગ ન કરવો. ૮૨.

સંસાર એ બીજું કશું જ નથી, પણ વિષય અને કષાય પ્રત્યેનું આપણું અનુકૂળ વર્તન છે અને તેમાંથી નિપજતી આંધળી તાબેદારી છે. ૮૩.

જ્યારે તમારું નસીબ ફરેલું લાગે, ત્યારે અનિત્ય ભાવનાનું શરણ લો. ૮૪.

અનિત્યતાના ભાનની વેદના વિના પાકી સાધના થતી નથી. અનિત્યતાના ભાનમાંથી પ્રગટેલી વેદના કુંભારના નિભાડાની આગ જેવી છે. જે વિના પ્રજ્ઞા અને પુરુષાર્થ પ્રગટતા નથી. ૮૫.

પ્રજ્ઞા અને પુરુષાર્થ એ વિશ્વ ઉત્ક્રાંતિના બે ફેફસાં અને એ બે ફેફસાંનો પ્રાણવાયુ છે નિત્યાનિત્યનો વિવેક. આ વિવેક લાવે છે અનિત્યનો વૈરાગ્ય અને નિત્યનો અનુરાગ. ૮૬.

આત્મસુખમાં રમે તેને વિષયસુખ શ્યે ગમે ? ૮૭.

જે આત્મપ્રેમ કરે, તે બીજે કેમ મોહાય ? ૮૮.

જે મોક્ષની સીડી ચઢે એ ભ્રમણામાં શાનો ભમે ? ૮૯.

જે અમૃતના પાન કરે, એને મૃત્યુ શું દુઃખ આપે. ૯૦.

મનને મારો, મન એ જ સંસાર છે. મનના સંકલ્પ-વિકલ્પ મરે કે મોક્ષ સુખ અનુભવાય. ૯૧.

અનંત સુખ અર્થે ચિત્તને શોધો, ચિત્ત જ દુઃખનો ભંડાર છે. ૯૨.

પાપ અને પુણ્યની બે બેડી છે, એમ જાણી કોઈથી કદી બદ્ધ ન થવું. નાચતા નટની દોરી જેમ લક્ષ્ય પ્રભુપ્રેમ મહિં જમાવો. ૯૩.

ચારિત્ર એટલે વિકારનો ત્યાગ. ૯૪.

ચારિત્ર એટલે ક્રોધનો ત્યાગ. ૯૫.

ચારિત્ર એટલે મદનો ત્યાગ. ૯૬.

ચારિત્ર એટલે મોહનો ત્યાગ. ૯૭.

ચારિત્ર એટલે ભયનો ત્યાગ. ૯૮.

ચારિત્ર એટલે લોભનો ત્યાગ. ૯૯.

ચારિત્ર એટલે કપટનો ત્યાગ. ૧૦૦.

ચારિત્ર એટલે મત્સરનો ત્યાગ. ૧૦૧.

હું સર્વ વિશ્વનો શહેનશાહ છું. ૧૦૨.

જ્યાં બધું મારું છે ત્યાં આટલામાં શી મમતા ? ૧૦૩.

હું મન-બુદ્ધિ-પ્રાણ-ઈન્દ્રિયોનો સ્વામી છું, એમને જે હુકમ કરું તે એ કરે, પછી પરતંત્રતા શી ? ૧૦૪.

હું સત્યમય છું; પછી જૂઠ, પ્રપંચ શાં ? ૧૦૫.

હું ચૈતન્ય છું, પછી કાયા-માયા શી ? ૧૦૬.

હું આનંદમય છું, પછી હર્ષ, શોક શા ? ૧૦૭.

હું નિરંજન, નિરાકાર છું, પછી કર્મ અને સંસાર શો ? ૧૦૮.

હું શાંત સમાધિમય છું, પછી ત્રિવિધ તાપ શા ? ૧૦૯.

હું અજર છું-અમર છું, પછી જન્મ મરણ શાં ? ૧૧૦.

૮

અધ્યાત્મ શતક

જડની સંગતિથી જીવનું ભવભ્રમણ વધે છે. ૧.

સંસારરૂપ નૃત્યશાળામાં વિષયી-કષાયી નૃત્ય કરે છે. (અનંતકાળથી) ૨.

જ્ઞાન જ્યોતિનું આવરણ જ ભાવ નિદ્રા છે. ૩.

ચૈતન્યમાં લીનતા જ મોક્ષમાર્ગ છે. ૪.

આત્મ ધ્યાન વિના બીજા ધ્યાન જીવને અહિતકર્તા છે. ૫.

સ્વરૂપમાં લીન રહેનાર સ્વાધીન છે, શેષ સર્વ પરાધીન છે, અને અનંત સંસારી છે. ૬.

આત્મ રમણુતા એ જ જીવન મુક્તદશા છે. ૭.

જ્ઞાન, દર્શનનો સાર ચારિત્ર અને ચારિત્રનો સાર નિર્વાણ અને એ જ આત્મસ્વભાવ છે. ૮.

જ્ઞાની વ્યવહાર ઉદાસીન ભાવે કરે છે. ૯.

અજ્ઞાની જેટલા કર્મો ક્રોડ ભવમાં ક્ષય કરે છે, એટલા કર્મ જ્ઞાની અંતર્મુહૂર્તમાં ક્ષય કરે છે. ૧૦.

જ્ઞાની પ્રત્યેક શ્વાસોછ્વાસમાં જાગૃત છે. ૧૧.

હાથમાં શસ્ત્ર ને મસ્તક પર મુગટ ધારણ કરીને ભિક્ષા માંગવાવાળો દયાપાત્ર છે, એ જ પ્રકારે સાધુ ને શ્રાવકનો વેશ ધારણ કરી વિષય કષાયને આધીન થનાર દયાપાત્ર છે. ૧૨.

વિષય કષાય જ્ઞાન અને દર્શન રૂપ બન્ને ચક્ષુને ફોડી અંધ બનાવે છે. ૧૩.

પૂર્વકૃત પાપોનો પશ્ચાતાપ કરો, વર્તમાનને સુધારો. ૧૪.

કાળ શત્રુ મસ્તક પર ઊભો છે, હે ગાફલ ! તું કેમ નિદ્રામાં ઘોરે છે. ૧૫.

સંસારી સુખની ઇચ્છામાત્રથી અનંત દુઃખદાયી કર્મ બંધાય છે, માટે સંસારસુખની ઇચ્છાનો નિરોધ કર. ૧૬.

પરિગ્રહ વધવાથી આરંભ, વિષય, કષાય અને પાપ વધે છે, માટે તેનાથી વિરમ ! ૧૭.

પોતાનો આત્મા જ પોતાનો બંધુ, મિત્ર અને સ્નેહી છે, બીજા બધા એનાથી પર છે. એમ જાણી પર પ્રીતિનો ત્યાગ કર. ૧૮.

બધા કષાયોનો નાશ તે જ શુદ્ધ ભાવ છે. ૧૯.

અજ્ઞાનીની ઇચ્છા અનંત અપાર છે. ૨૦.

આત્માની પાછળ મોહની સેના તેના ગુણોનો નાશ કરવા તૈયાર જ હોય છે. ફકત જ્ઞાનીજનો તેનાથી પોતાનું રક્ષણ કરી શકે છે. ૨૧.

અજ્ઞાની સમયે સમયે સાત–આઠ કર્મ બાંધે છે, અને કર્મભારથી ભારે થતો જાય છે. ૨૨.

સંસારમાં સુખ છે જ નહિ, છતાં અજ્ઞાની રોગ સમ ભોગોમાં સુખ માને છે. ૨૩.

વાસના રોગ છે; કામભોગ ખાજ ખણવા સમાન છે, જેને ખાજ ન હોય તે સ્વસ્થ છે. એ પ્રકારે વાસના રહિત જે છે તે નીરોગ છે. ૨૪.

જીવનનો ઘણો ભાગ એકેન્દ્રિય રૂપમાં વિતાવેલ છે. ૨૫.

વિભાવથી પાછા ફરવું તે બ્રહ્મચર્ય ! ૨૬.

બ્રહ્મમાં રમણ કરવું તે બ્રહ્મચર્ય ! ૨૭.

સ્વભાવ તરફ વળવું તે બ્રહ્મચર્ય ! ૨૮.

આત્મ પ્રગતિનું પ્રબલ સાધન તે બ્રહ્મચર્ય ! ૨૯.

બ્રહ્મચર્ય, એ ઘૂઘવાતા વિશ્વસાગરનું મધુર સંગીત છે. ૩૦.

બ્રહ્મચર્ય, એ મહાયોગનો અનાહત ધ્વનિ છે. ૩૧.

બ્રહ્મચર્ય એ તો સર્વ તપોમાં શ્રેષ્ઠ તપ છે. ૩૨.

બધાં વ્રતોની સરિતાઓ બ્રહ્મચર્ય–સિંધુને આલિંગે છે.૩૩.

બ્રહ્મચર્યને આચરે તે બ્રાહ્મણ. ૩૪.

તપ અને બ્રહ્મચર્ય એ બૌદ્ધનાં મુખ્ય લક્ષણ છે. ૩૫.

બ્રહ્મ, બ્રહ્મનિષ્ઠ છે, માટે જ એના ઉપાસકો બ્રાહ્મણો. ૩૬.

વીર્ય એ બળદો છે, એના વિના માનવરથ નિષ્ફળ છે. ૩૭.

એક તરફ ચાર વેદો રાખો.

બીજી તરફ માત્ર બ્રહ્મચર્ય રાખો.

બ્રહ્મચર્ય વધે છે. બ્રહ્મચર્ય જીતે છે ! ૩૮.

સત્યની શોધને લગતો આચાર તે બ્રહ્મચર્ય. ૩૯.

વિષયમાત્રનો નિરોધ તે બ્રહ્મચર્ય. ૪૦.

માત્ર જનનેન્દ્રિયનો નિરોધ એ પૂર્ણ બ્રહ્મચર્ય ન ગણાય ! ૪૧.

અહિંસા જગ વ્યાપિ શાન્તિ–સ્થાપક બળ છે, પણ તે માટે તો જોઈએ ખડતલ બ્રહ્મચર્ય. ૪૨.

મનથી, વચનથી, શરીરથી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળો. ૪૩.

બ્રહ્મચર્ય અશકય છે તે ભ્રમ ટાળો. ૪૪.

માનવી વિકાર પૂર્તિ અર્થે નથી, વિકારના સંયમ અર્થે છે. ૪૫.

લગ્ન એ જીવનનો આદર્શ નથી, માનવી જીવનનો આદર્શ તો બ્રહ્મચર્ય છે. ૪૬.

જે લગ્નમાં બ્રહ્મચર્યના આદર્શ નથી, તે લગ્ન સફળ ન બની શકે. અશાન્તિ માત્રનું મૂળ અહીં છે. ૪૭.

બ્રહ્મચર્યની સિદ્ધિ શાથી થાય ?

બ્રહ્મચર્ય એ સ્વાભાવિક છે, અબ્રહ્મચર્ય અસ્વાભાવિક છે, મિથ્યા છે, "એ ધારણા હૃદયમાં દૃઢ કરો." ૪૮.

સૂતાં, જાગતાં, હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં બ્રહ્મચર્ય રટો, બ્રહ્મચર્ય રટો, બ્રહ્મચર્ય રટો, બ્રહ્મચર્ય રટો. ૪૯.

"વીર્ય–રક્ષતુ–બ્રહ્મચર્ય–રક્ષતુ પાર્શ્વ:" એ જપમાં અજબ જાદુ છે, તેને રટો ! ૫૦.

સ્ત્રી હો તો પુરુષમાત્રમાં બાળભાવ કલ્પો. પુરુષ હો તો સ્ત્રીમાત્રમાં માતૃભાવ કલ્પો. ૫૧.

વ્યસનમાત્રથી દૂર રહો, ખરાબ ભાષણ–શ્રવણ ત્યાગો. ૫૨.

બીભત્સ ચિત્રો ન દેખો, ન સંઘરો.

ઇન્દ્રિયોના વિષયો પરિહરો.

જીભના સ્વાદને જીતો.

અભક્ષ્ય ખાણું–પીણું હરામ માનો. ૫૩.

બ્રહ્મચારી હો તો બ્રહ્મચારી રહો.

વિવાહિત હો તો બ્રહ્મચારી બનો.

મનમાં વિકારો પેસે તેને હાંકી કાઢો. ૫૪.

બ્રહ્મચર્ય–પ્રેમી–દંપતી એકાંતથી ચેતે.

સ્ત્રી પુરુષના પરિચયથી વેગળા રહે.

પૂર્વના કામભોગ ન સંભારે, સહ શયન મોહ તજે, એક પથારીમાં બે પુરુષ ન સૂએ, બે સ્ત્રી પણ ન સૂએ, ટાપટીપથી અળગાં રહે, નીચું જોઈને ચાલે, કાર્ય વિના સ્ત્રી પુરુષ એકાકી ન મળે, હાસ્ય કુતુહલ સમૂળગાં તજે, વાતોના નિરર્થક શોખથી બચે, આદર્શ પાછળ મથ્યાં રહે, કાર્યમાં મન, કાયા પરોવી રાખે, પરસ્પર પત્રવ્યવહારથી બચે, સ્નાન કરતા હાજત નિવારતાં સાવધ રહે, જનનેન્દ્રિયને ન જુએ ન અડે. ૫૫.

વીર્યનો જેટલો સંગ્રહ અને સદુપયોગ તેટલી જ આત્મ-સેવા તેટલી જ વિશ્વસેવા. ૫૬.

સર્વેન્દ્રિય સંયમ એ જ બ્રહ્મચર્ય. ૫૭.

કુદરતી સૌંદર્યથી વિશ્વ ભરપૂર છે એને જુઓ. ઉપલા કૃત્રિમ ને એઠાં, સૌંદર્યનો મોહ ટળી જશે. ૫૮.

ભૂખ કરતા ઓછું ને સાત્વિક ખાશો તો રસ મળશે, સ્વાદ ટળશે. ૫૯.

સર્વ ચમત્કારોનો, મહા ચમત્કાર, સર્વ ચુંબકનું મહા ચુંબક, સર્વ સંપત્તિનું મહા નિધાન સર્વ રોગોનું મહા

રસાયણ, સર્વ પ્રેમનું મહા શિખર, જ્ઞાન માટે, ધર્મ માટે, કર્મ માટે, બ્રહ્મચર્ય રટો ! ૬૦.

મૂર્ચ્છા ભાવ તે જ પરિગ્રહ મહાવીર દેવે કહ્યો છે માટે મમત્વ ભાવને તજો. ૬૧.

પાપનો બાપ લોભ, પાપથી બચવા લોભને તજો. ૬૨.

પાપની માતા હિંસા છે, પાપથી બચવા અહિંસા ધર્મનું પાલન કરો. ૬૩.

આંતર શત્રુઓને જીતી લીધા છે, તેના પર વિજય કર્યો છે, તે જિનેશ્વર દેવો છે. જે આંતર શત્રુઓને જીતવાનો પ્રયત્ન કરે તે જૈન કહેવાય છે. ૬૪.

અહિંસા, સંયમ, તપ રૂપી ધર્મ જેના દિલમાં વસેલ છે, તેને ચક્રવર્તીઓ, દેવતાઓ સર્વ નમસ્કાર કરે છે. ૬૫.

દાન વિના નિર્ધન દુઃખી છે, તૃષ્ણાથી ધનવાન દુઃખી છે, મેં સર્વ જગતમાં શોધ કરી, પરંતુ ક્યાંય સુખ નથી, સુખ માત્ર મારા અંતરમાં છે, માટે ત્યાં શોધવાથી જ સાચું સુખ પ્રાપ્ત થશે. ૬૬.

સંગ્રહવૃત્તિ સ્વ પરને દુઃખદાતા છે, એમ જાણી તેને ત્યજો. ૬૭.

સંસાર ભ્રમણથી થાક લાગ્યો હોય તો હે માનવ ! તું તૃષ્ણાનો ત્યાગ કર. તૃષ્ણા જ સંસાર છે. સંસાર કોઈ સ્થૂલ પદાર્થ નથી. પર પદાર્થની તૃષ્ણા, જે નથી મળ્યું તે માટેનો તરફડાટ, વાસના, ઇચ્છા તે જ સંસાર છે. ૬૮.

જે પ્રાપ્ત છે, તેમાં સંતોષ કરવો, આનંદ માનવો, પ્રભુનો ઉપકાર માનવો તે સંસાર પાર કરવાનો ઉપાય છે. ૬૯.

ઇચ્છાઓ આગાસો–ઇચ્છાઓ આકાશ સમાન અનંત છે, વસ્તુ પરિમીત છે. પરિમીત વસ્તુ અનંતને કેમ પોષે, અગ્નિમાં ઘી નાખવાથી જેમ અગ્નિ પ્રજ્વલિત થાય છે, તેમ ઇચ્છાની પૂર્તિ કરતા જાઓ તેમ તેમ અનેક ઇચ્છાઓ ઉત્પન્ન થશે માટે ઇચ્છાનો લય કરવો તે જ શ્રેયનો માર્ગ છે. ૭૦.

કામનાઓની પૂર્તિ દુષ્કર છે. ૭૧.

અધ્યાત્મનો ખરો અર્થ તો છે સત્યનું દર્શન અને સત્યનો અનુભવ. સત્યનો અવિકૃત દર્શન કરવાનો પ્રમાણિક પ્રયત્ન જ્યાં જ્યાં છે ત્યાં અધ્યાત્મ છે. ૭૨.

સત્ય બહાર નથી, અંતરમાં છે. સ્થૂલ ત્વચામાં નથી, અલખના ઉંડાણુમાં છે, ત્યાં શોધો તો જરૂર મળશે. ૭૩.

સ્થૂલ મોહમાં પૂરાયેલ ભૌતિકવાદીનું લક્ષ છે વિષય કષાયમાં તણાવું, જ્યારે અધ્યાત્મવાદીનું લક્ષ હેતુલક્ષી હોય છે, તે તણાતો નથી, સ્વાર થાય છે. દાસ નથી માલિક છે. પૂર્ણતાના લક્ષ્ય સુધી જીવન પ્રવાહનું સ્વૈચ્છિક નિયંત્રણ છે. ૭૪.

સંસાર કરુણ, ભીષણ અને અસાર છે, એવું સચોટ ભાન એ જ વૈરાગ્ય, અને વૈરાગ્યથી મોટું કોઈ સર્જનાત્મક બળ કયાંય નથી. ૭૫.

વસ્તુને તેના અસલ સ્વરૂપમાં ઓળખવી તે જ સુખ અને સમૃદ્ધિનો મોટો ઉપાય છે. ૭૬.

સંયમ એટલે વેશ પલટો નહિ, પરંતુ અસંયમમાં વર્તતી ઈન્દ્રિયો તથા મનનો નિગ્રહ કરવો તે સંયમ છે. ૭૭.

આંખ વિના શરીર નિરર્થક, એ જ પ્રકારે ધર્મ વિના માનવ જન્મ નિરર્થક છે. ૭૮.

વિષય કષાયી આત્મઘાતક છે, અકષાયી, અવિષયી આત્મ-સાધક છે. ૭૯.

રાગદ્વેષ એ બે બંધન છે. ૮૦.

આત્મા જેવા શુભાશુભ બીજ વાવે છે, તેવા તેને ફળ મળે છે. ૮૧.

મોહ કર્મ હિતાહિતનો બોધ થવામાં રુકાવટ કરે છે. ૮૨.

સમદૃષ્ટિ ભોગોને રોગ સમ માને છે. ૮૩.

હે ભવ્યો! વીતરાગતાને વરો તે જ સુખનો રાજ-માર્ગ છે. ૮૪.

સંસારમાં રાજા, સેનાપતિ, શેઠ, દેવલોકના દેવો, કોઈ સુખી નથી, ફક્ત એક વીતરાગ ભાવી સાધુ મહાત્મા જ સાચા સુખના ભોગતા છે. ૮૫.

જે જે અંશે નિરુપાધિકતા તે તે અંશે શિવ સુખનો ભોગવટો જીવ કરી શકે છે. ૮૬.

રાજમહેલમાં વસનાર, રત્ન ઝૂલે ઝૂલનાર પણ નિરાસકત હોય શકે, ત્યારે ઝૂંપડીમાં રહેનાર લંગોટ પહેનાર પણ આસકત હોઈ તેનો પરીક્ષક કોઈ વીરલાત્મા જ હોય. ૮૭.

અસંયમી આત્મઘાતક, સંયમી આત્મસાધક. ૮૮.

મિથ્યાદર્શન જેવું કોઈ પાપ નથી, સમ્યગ્ દર્શન જેવો કોઇ ધર્મ નથી. ૮૯.

ભાવના ભવ નાશ કરવાવાળી છે, માટે સદા ઉચ્ચ ભાવનામાં લીન રહેવું તે શ્રેયાર્થીનું પરમ કર્તવ્ય છે. ૯૦.

અહું મમ એ જ સંસારનું કારણ છે. મારું કંઈ નથી, હું કોઈ નો નથી, કોઈ મારું નથી. એ જ ભાવના સંસાર તારનાર છે. ૯૧.

હે મહામાનવ! તું પર ભાવનો ત્યાગ કર, અને સ્વભાવનો આદર કર. એ જ નિર્વાણનો શાશ્વત સુખનો માર્ગ છે. ૯૨.

વિલાસી આત્મઘાતક છે, સંયમી આત્મસાધક છે. ૯૩.

પ્રભુનો માર્ગ સર્વસ્વનો ત્યાગ માગે છે. ૯૪.

વિવેકીને સંસાર પાર કરવો સહેજ છે, અવિવેકીને સંસાર તરવો મુશ્કેલ છે. ૯૫.

વિવેકીનો વિજય છે, અવિવેકીની હાર છે. ૯૬.

ઉપયોગે ધર્મ, પરિણામે બંધ, ક્રિયાએ કર્મ. ૯૭.

ત્યાગ અમૃત છે, ભોગ ઝેર છે. ૯૮.

જ્ઞાનનું ફળ વિરતી છે. ૯૯.

સ્વાર્પણ વિના સિદ્ધિ નહિ. ૧૦૦.

૯

વાસનાઓ

આમ તો અનેક વાસનાઓ છે. પરંતુ મુખ્ય વાસના ત્રણ છે. (૧) અપરાધવાસના (૨) કર્મવાસના (૩) કામ્યવાસના.

અપરાધ વાસના એટલે શાસ્ત્રના વચનો પર અવિશ્વાસ, અશ્રદ્ધા તે આત્મવિશ્વાસ થવામાં અટકાવ રૂપ અપરાધ છે.

કર્મવાસના એટલે વિપરીત ભાવ વસ્તુને વસ્તુ રૂપે ન સમજતા વિપરીત રૂપે જાણવી, જેમકે દોરીને સર્પ સમજવો. એ પુરુષનો બીજો અપરાધ.

ઘણું કરીને અનેક કળાઓમાં કુશળ એવા પુરુષો પણ આ અપરાધ વડે સંત મહાત્માઓનો સહવાસ અને સત્ શાસ્ત્રોના જ્ઞાનનો યોગ આવવા છતાં પણ તે પરમ શ્રેષ્ઠ તત્ત્વને પામી શકતા નથી. સર્વ વિશેષ રહિત એવું જે પરમ આત્મતત્ત્વ તે બિલકુલ નથી, અને તેવું તે સંભવતું પણ નથી. એવી જાતની તેમની ભળતી જ સમજણ થયેલી હોય છે, એટલું જ નહિ પણ એ તત્ત્વ જાણવામાં આવે છતાં પણ આ પરમ આત્મ તત્ત્વ ન હોય, તેને પરમ આત્મતત્ત્વ માનવાથી મોક્ષ કેવી રીતે મળે, વગેરે શંકાકુશંકા વારંવાર કરે છે. પહેલો જે અશ્રદ્ધા, અવિશ્વાસ નામક અપરાધ છે, એ જ આવરણ કરનાર વાસના છે. શાસ્ત્રવિદ્યામાં કુશળ એવા હજારો પંડિતો તેના ઝપાટામાં સપડાઈને જન્મ-મરણના ફેરા કરે છે.

બીજી કર્મવાસના પૈકી કેટલાકોની બુદ્ધિમાં પૂર્વના દુષ્કૃતોજન્ય સંસ્કાર વડે મલિનતા આવેલી હોય છે. તેથી

તત્ત્વોપદેશ સમયે તે તેમનો ઘાત કરે છે, તાત્પર્ય કે ગુરુઓ ઘણી ઘણી વાર યુક્તિ પ્રયુક્તિ વડે સમજાવ્યા છતાં તેમનું તેમનાથી ગ્રહણ થતું જ નથી. તે કર્મવાસના મનનો નિરોધ કરવા છતાં પણ જીતવી કઠિન છે. તેને કર્મવાસના કહેવાય છે.

કામ્ય વાસના આ કામ્ય એટલે કર્તવ્ય શેષ. મારું આ અમુક કર્તવ્ય છે, તે કર્તવ્ય બાકી છે, ઇત્યાદિ દૃઢ ભાવના હોવી તે. તેની શાખાઓ પણ ઘણી છે. ઉપરાંત તેનો વિસ્તાર પણ અનંત છે. વ્યવહારી તૃષ્ણાઓવાળા માનવોનાં કામ્યકર્મોની સંખ્યા નક્કી કરવી અશકય છે. તે કામ્યવાસના આકાશ કરતા પણ વિશાળ અને પર્વત કરતા પણ અચલ છે. એ કામ્યવાસનાને આશા પિશાચિકા પણ કહે છે. તેના વડે જ આ સર્વ લોકો ગાંડા જેવા બનેલ છે. અને દુઃખાગ્નિથી બળ્યાઝળ્યા, હાય હાય કરી ધૂમો પાડે છે. કોઈક થોડા સંત પુરુષો જ માત્ર એક મહામંત્ર વૈરાગ્ય બળ વડે આ આશા પિશાચિકાના પાસથી છૂટી સર્વાંગ શીતલ થયેલા જોવામાં આવે છે.

આ ત્રણ પ્રકારની વાસનાઓ વડે મન આવરીત હોવાથી આ આત્મતત્ત્વ અનુભવવામાં આવતું નથી. તેથી વાસનાઓનો નાશ એ જ તમામ સાધનોનું મૂળ છે.

વાસના નિવૃત્તિનો ઉપાય

(૧) અપરાધવાસના વિચારપૂર્વક નિશ્ચય કરવાથી નિવૃત્ત થાય છે.

(૨) કર્મવાસના ઇશ્વરની કૃપાથી નિવૃત્ત થાય છે. બીજા

સેંકડો ઉપાય નકામા છે. ઈશ્વરકૃપા એટલે ભક્તિયોગ ઈશ્વરની અનન્ય પ્રીતિ પ્રેમ કરવો તે.

(૩) કામ્ય વાસના વૈરાગ્યાદિ સાધનોથી નિવૃત્ત થાય છે. એ વૈરાગ્ય વિષયોમાં દોષ દૃષ્ટિ પ્રાપ્ત થયા વિના થતો નથી. અને આ સર્વનું મુખ્ય કારણ મુમુક્ષુતા. તેના વિના શ્રવણ, વગેરેનો લાભ થતો નથી. પણ માત્ર લેકચર આપવાની કલા જ આવડે છે. પરંતુ પ્રવચન આપવાની કળાથી પરમ પદ પ્રાપ્ત થતું નથી.

હે ભવ્યો! ઉપરોકત ત્રણ વાસનાઓ (ઇચ્છાઓ) ને જીતવાનો સતત પ્રયત્ન કરો. અને તેને જીતીને વિશુદ્ધ આત્મ તત્ત્વને પ્રાપ્ત કરો.

૧૦

ઉપદેશ રત્નમાળા

મોહકર્મના ઉદયથી સ્થાવર જીવોને પ્રભુએ તીવ્ર કષાયી અને ત્રણ અશુભ લેશ્યાવાળા કહ્યા છે, તો મનુષ્ય રાત-દિવસ તીવ્ર કષાય તથા ત્રણ અશુભ લેશ્યાઓમાં જીવન વ્યતીત કરે છે, એની શી ગતિ થશે? હે ભવ્યો! વિચારો. ૧.

ત્રસ કાયની સ્થિતિ પથ્થરને આકાશમાં અદ્ધર રહેવા જેટલી છે, ત્યારે સ્થાવર કાયની સ્થિતિ પથ્થર જમીન પર રહે એટલી છે. વાંચનાર! એના પર વિચાર કરે, મનન કરે. ૨.

કષાયની મંદતા જ સાચું સુખ છે, અને તીવ્રતા જ દુઃખદાયી અને સંસારવર્ધક છે. ૩.

શરીર ઘાતક જેમ ઝેર છે, તેમ આત્મગુણ ઘાતક હિંસા, વિષય, કષાય છે. ૪.

આત્માનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર દ્વારા પ્રગટ થાય છે. ૫.

સિંહ માંસ ભક્ષણ કરે છે, છતાં તે ધારે તો બે ત્રણ દિવસ માટે માંસ પોતાની ગુફામાં રાખી શકે, પણ તેનું પેટ ભરાય એટલે તે બીજા દિવસની ચિંતા કરતો નથી, અને સંગ્રહવૃત્તિને પોષતો નથી, તેથી તે પાંચમી નરકથી આગળ જતો નથી. ત્યારે માનવી પાસે ઘણા દિવસનો સંગ્રહ હોવા છતાં તેની સંગ્રહવૃત્તિ અતિ વધેલ હોવાથી તે સંગ્રહવૃત્તિને કારણે સાતમી નરક સુધી જાય છે. ૬.

મર્યાદા ઉપરાંત વધારે ખર્ચ કરનાર એટલા માનવને ભુખે મારવાનું પાપ આચરે છે. ૭.

જેમ આપણે ભોજન કરીએ છીએ અને નિસાર ભાગનો ત્યાગ કરીએ છીએ, જો કોઈને પેટ સાફ ન થાય તો તેને આપણે રોગી કહીએ છીએ. એ જ પ્રકારે જે ધનનો સંગ્રહ કરે છે, પરંતુ ત્યાગ (દાન) કરતો નથી, તે પણ રોગી જ છે. જ્યાં ગ્રહણ ક્રિયા છે, ત્યાં ત્યાગ ક્રિયા અવશ્ય હોવી જોઈએ, એ કુદરતી નિયમ જ છે. ૮.

સાધન અનેક હોય શકે, અને સાધ્ય એક જ હોય. ૯.

સાધનને સાધ્ય માનવું તે ભૂલ છે. ૧૦.

જે સાધન વડે ભાવો શુદ્ધ થતાં જાય તે સાધન સાચું, તેના વડે જ સાધ્યની સિદ્ધિ થાય છે. ૧૧.

ધર્મ અને ધર્મી જુદા નથી, પરંતુ એક જ છે. ૧૨.

હૃદયના વિકાસ વગર, આશયની વિશાળતા વગર, અને બુદ્ધિની તીવ્રતા વગર, જૈનત્વ કે જૈનધર્મ નથી. ૧૩.

યોગી અને યોદ્ધો બન્નેને સતત લડવાનું જ હોય; યોગી આંતર શત્રુઓ સાથે લડે, યોદ્ધો બાહ્ય શત્રુઓથી લડે, બંનેનો સતત લડવાનો જ સ્વભાવ. ૧૪.

પ્રતિક્રમણ એટલે ભૂલોનું, દોષોનું નિરીક્ષણ કરવું, સંશોધન કરવું, પછી તેનો નિષેધ કરવો. એટલે હવે પછી એવી ભૂલો નહિ થવા દઉં એવો નિશ્ચય કરવો અને તે દુર્ગુણોની જગ્યાએ સદ્‌ગુણોને સ્થાન આપવું. આવા સાચા પ્રતિક્રમણથી જ વિકાસ સાધી શકાય, બાકી મોઢેથી બોલવાથી વિકાસ થાય નહિ. હે ભવ્યો! પ્રતિક્રમણનું રહસ્ય સમજી તેને આચરો અને વિકાસને સાધો તોતા રટણથી બચો. ૧૫.

સામાયિક એટલે સમભાવનો લાભ સમ+આય. સમ એટલે સમભાવ, આય એટલે લાભ. હે ભવ્યો! સમભાવની આવક વધારનાર સામાયિક કરજો. જડની જેમ બેસવાથી સામાયિક ન થાય. ચિત્ત વિકારોને જીતવાથી જ સાચી સામાયિક થાય તે માટે સતત પ્રયત્નશીલ બનજો. ૧૬.

ધર્મના અનુષ્ઠાનો તે ધર્મ નથી, તે તો ધર્મના સાધનો છે. ૧૭.

ધર્મ તો વસ્તુનો સ્વભાવ છે. તેને સમજવા હે ભવ્યો! પ્રયત્નવંત બનજો. ૧૮.

ધર્મ એ તાલીમનો વિષય છે. ૧૯.

પ્રવૃત્તિ અને નિવૃત્તિનો ભેદ વિરલા જ જાણે છે. ઘણા લોકો કામકાજ છોડી જડ જેમ બેસી રહેવાને જ નિવૃત્તિ માને છે. આવી નિવૃત્તિ અજ્ઞાનજન્ય છે. સાચી નિવૃત્તિ કોને કહે છે? પ્રવૃત્તિ એટલે હું અને મારું એ ભાવ દિલમાં રાખીને જે જે કાર્ય કરવું અને હું અને મારું એ કેન્દ્રમાં બધું ધનધાન્ય, દૌલત વગેરે સંગ્રહ કરવું, એનું નામ પ્રવૃત્તિ છે. અને જ્યારે જ્યારે હું અને મારું એ ભાવ ઘટવા માંડે છે, ત્યારે નિવૃત્તિનો ઉદયકાળ થાય છે, અથવા સ્વાર્થભાવથી કરેલ સર્વ કર્મો પ્રવૃત્તિમય છે, નિઃસ્વાર્થ ભાવથી કરેલા સર્વકર્મો નિવૃત્તિમય છે. નિવૃત્તિ જ સર્વ નીતિ અને ધર્મનું મૂળ છે. નિવૃત્તિ પૂર્ણતા સંપૂર્ણ આત્મત્યાગ (સ્વાર્થત્યાગ) માં રહેલી છે. સર્વથા મોહનો ત્યાગ તે જ નિવૃત્તિની પૂર્ણતા છે. ૨૦.

ભક્તિ અને નિઃસંગતાં બન્ને સાધન છે. ૨૧.

ગમે તેમ એક ઈષ્ટ મંત્રમાં મરી ફીટો! એ જ સાધના, ઈષ્ટમાં લીનતા. ૨૨.

વીતરાગદેવે આ દિવ્ય દૃષ્ટિ બતાવી છે કે, દુઃખ, તકલીફને ઉત્સવ માનો એથી અચૂક કર્મનો નાશ થશે. કર્મોદયને શાન્ત-ભાવ સહન કરવાથી કર્મનો નાશ થતાં થતાં મોક્ષ નજીક જઈ શકાય છે. ૨૩.

હે માનવ! તું જ તારા પગમાં બેડી નાખનાર, અને તોડનાર છો. એક નિર્બળ વિચારથી બેડીઓ પડે છે. એક સબળ વિચારધારા બધા બંધનોને તોડી નાખે છે. ૨૪.

ઉઠ જાગૃત થા ! બધા જ નિર્બળ વિચારોને હૃદયમાંથી ખંખેરી નાખ. હૃદય ગુહામાં તેનો પ્રવેશ થવા દે નહિ. ૨૫.

હે શૂરવીર ! સતત સશક્ત વિચારોમાં જ રમ. ૨૬.

હે વીરાત્મા ! ઉન્નત વિચારોમાં જ સદા મનને લીન રાખ. ૨૭.

હે જીવાત્મા ! વિચાર, ભાવના એ જ કર્મ છે. તેનાથી તારું ચરિત્ર નિર્માણ થાય છે. નિકૃષ્ટ વિચારોથી નિર્બળ ચરિત્ર અને સશક્ત વિચારોથી સબળ ચરિત્રનું નિર્માણ થાય છે. ૨૮.

સદા જાગૃત રહીને, સાવધાન રહીને, એક પણ અશુભ, નિર્બળ વિચારને મનમાં દાખલ થવા દઈશ નહિ. ૨૯.

દિલની ગુફામાંથી કુસંસ્કારોને શોધી શોધીને, વીણી વીણીને દૂર કરવાનો હે વીર ! તું સતત પુરુષાર્થ કરજે. તેમાં જરા પણ પ્રમાદ ન કરીશ ! ૩૦.

હે માનવ ! સદા ઉંચા ઉંચા સંકલ્પોને અંતરમાં સ્થાન આપતા શીખજે. એ જ સુખનો રાજમાર્ગ છે. ૩૧.

ઉન્નત કલ્પનાના સમુદ્રમાં સદા સ્નાન કરો, તેમાં રસબસ રહો. દુઃખ દૂર કરવાનો આ રાજમાર્ગ છે. ૩૨.

હે મહામાનવ ! મનોમંદિરમાં સદા ઉન્નત સંકલ્પોના મહાન સિંહાસન પર આરૂઢ થજે. તેથી તારા ભાગ્યનું નવ-નિર્માણ થશે. ૩૩.

હે ભાગ્યશાળી ! તારા ભાગ્યનો વિધાતા તું જ છો. તું તારા ભાગ્યનો સર્જનહાર બ્રહ્મા છો. માટે સુંદરમાં સુંદર ભાગ્યનું સર્જન તું કરજે. આ સુવર્ણ અવસરને વધાવી લેજે. ૩૪.

હે ચેતનરાજ ! આ જડ પ્રકૃતિ તો તારી દાસી છે તેને વશ કરજે. ૩૫.

હે ચેતનરાજ ! આ કર્મની સત્તા તારા પર ન જ ચાલે. તારી ચેતનની સત્તા જ કર્મ પર હોય તે કદી ભૂલજે મા. ૩૬.

હે આત્મન્ ! આ વિશ્વમાં તારું જ સામ્રાજ્ય છે. તારા થકી જ જડ પ્રકૃતિ શોભે છે. તે વાતને કદી ભૂલજે મા, ભૂલીશ તો સત્તા ગુમાવીશ, માટે સાવધાન રહેજે. ૩૭.

હે આત્મન્ ! જડને પોતાનું પણ જ્ઞાન નથી, તેની સત્તા કદી તારા પર ન હોય, ન હોય પ્રકૃતિ તો તારા હુકમને આધીન છે, એકવાર સ્વત્વ પર અધિકાર કરીને હુકમ તો કરી જો કે તે તારી આજ્ઞાનું કેવું પાલન કરે છે. ૩૮.

હે આત્મન્ ! શુદ્ધ અને શુભ કલ્પનાની પાંખે ચિદાકાશમાં વિહરીને, આનંદમાં મહાલ. ૩૯.

હે સૌંદર્યશાળી ! સૌંદર્યનું રાજ્ય તારી અંદર જ છે, શરીરમાં સૌંદર્ય નથી, કે વસ્ત્રાભૂષણમાં પણ તે નથી, સૌંદર્ય તો તે આત્માનું જ છે. તું કેમ ભૂલે છે અને શરીરમાં વગેરેમાં કેમ તેને શોધે છે. જ્યારે શરીરમાંથી સૌંદર્યની રાશિ આત્મા ચાલ્યો જાય છે, ત્યારે શરીર કેવું ભયજનક લાગે છે, અને

થોડો સમય વ્યતીત થતા શરીરમાં કીડા ખદબદે છે, તે શું તું નથી જાણતો ? છતાં આત્મસૌંદર્યને ન જોતા શરીરમાં સૌંદર્યને શું જોવે છે ? અને મોહે છે. આ ભૂલને ટાળી સૌંદર્યની રાશિ આત્મ સૌંદર્યની આજથી આ, પળથી શોધ કર અને તે સૌંદર્યમાં મુગ્ધ બની જા, તે જ શ્રેયનો પંથ છે. ૪૦.

હે આત્મવિશ્વાસુ ! તારો આત્મવિશ્વાસ તારી ડૂબતી નૈયાનો તારણહાર શ્રદ્ધારૂપી દોર છે, તેને સહારે નાવ તરી જશે. માટે આ જ પળથી આત્મવિશ્વાસુ બન. ૪૧.

તમે મહાન આત્મા છો, આ શ્રદ્ધાને, આ વિશ્વાસને, હૃદયમાં દૃઢ કરો, અને તમે દીન, હીન કે પાપી વગેરે નથી, એ શ્રદ્ધાને દિલમાં સ્થાન આપો. એ જ શ્રદ્ધા સારભૂત છે, એ શ્રદ્ધાને દિલમાં ધારણ કરો., અને ભવથી પાર ઉતરો. ૪૨.

હે નિરામય આત્મન્ ! આ નિઃસત્વ રોગ તને શું રોગી કરી શકવાનો છે ? તું તો નીરોગ નિરામય છો, તેનું સતત ભાન રાખ. ૪૩.

હે સુખના સાગર ! આ જડ તત્ત્વ તને દુઃખ કેવી રીતે આપી શકે ? ન જ આપી શકે. તું જ સુખ સાગરને કોઈ જ સ્પર્શ કરવાને સમર્થ નથી. આ ભાનને સતત જાગૃત રાખ. ૪૪.

વિઘ્નો ન હોત તો હૃદયમાં સૂતેલી શક્તિઓની ભાળ જ ન લાગત. ૪૫.

આપણા મોટા ભાગના ભયો કાલ્પનિક જ હોય છે, તેનાથી ભય ન કરો. ૪૬.

જેના વડે જીવનશ્રદ્ધા, જીવનનો આનંદ, જીવનનો રસ ટકે–વધે ને ફૂલેફાલે તે સર્વ પુણ્યરૂપ છે, વિકાસરૂપ છે, ધર્મરૂપ છે. ૪૭.

હે પ્રિય માનવો ! તમો સર્વ પ્રયત્નો કરીને આ માન્યતા દૃઢ કરો, કે જીવન કરુણ નથી, શિક્ષારૂપ કે સજારૂપ નથી, ભૂલ કે અકસ્માત નથી, પણ જીવન મધુર છે, આનંદપ્રદ છે, પૂર્ણ છે, જીવન જીવવા જેવું છે. ૪૮.

દરેક મુસીબતનો ઉકેલ છે, દરેક તોફાનનો અંત છે, માટે હિંમત ન હારો, આશાના દોરથી આગળ વધો, પ્રભુ તમારી સાથે છે. ૪૯.

ચિંતન શક્તિ કેવી મહાન છે ! સર્જન ચિંતન શક્તિથી શું અલભ્ય છે ? કંઈ જ નહિ.

વીંટી પડી જતાં અરિસાભુવનમાં ભરતે પણ ચિંતન કર્યું ને કેવલને વર્યા. દોરડી પર નાચતા નટ ઇલાયચીકુમારે પણ ચિંતન કર્યું અને સાધુ બન્યા. ચિંતનમાં મહાબળ છે તેને આદરો. ૫૦.

હે પ્રિય આત્માઓ ! તમે પ્રભુના બાળ, અમર આનંદના ભાગીદાર પવિત્ર અને પૂર્ણ છો. હે પૃથ્વીનિવાસી પરમાત્મા સમાન આત્માઓ ! તમે ભલા પાપી ! તમે પાપી નહિ, પુણ્યાત્મા પ્રભુ સમાન છો. પાપીની ભ્રાન્ત ભાવનાને આજે જ દિલમાંથી દૂર કરી નાખો. ૫૧.

હે સિંહો, આવો અને પોતાને બકરી–ઘેંટા માનવાનો

ભ્રમ દૂર કરો. તમે તો અમર આત્મા, શુદ્ધબુદ્ધ-મુક્ત-સ્વભાવ શાશ્વત અને મંગલમય છો. તમે જડ નથી, તમે શરીર નથી, જડ પદાર્થ તમારો ગુલામ છે, તમે એના ગુલામ નથી. ૫૨.

વિશ્વાસ, વિશ્વાસ, પોતાનો પોતામાં વિશ્વાસ, પ્રભુમાં વિશ્વાસ એ જ મહાન બનવાનો મહા મંત્ર છે. કદાચ તમે સર્વ દેવતાઓમાં પણ વિશ્વાસ કરો. પણ જો તમારા પોતા પર વિશ્વાસ ન કરો, તો તમારી મુક્તિ કોઈ દિવસ થવાની નથી. પોતાનામાં વિશ્વાસ કરો, એના પર સ્થિર રહો અને શક્તિશાળી બનો. ૫૩.

શક્તિ જ જીવન અને નિર્બળતા જ મૃત્યુ છે. શક્તિ પરમ સુખ, જીવન અજર અમર છે; નિર્બળતા કોઈ દિવસ ન હટવાવાળો બોજો અને યંત્રણા છે; નિર્બળતા જ મૃત્યુ છે. ૫૪

પોતાના મસ્તકને ઉચ્ચ વિચારો અને ઉચ્ચતર આદર્શોથી ભરી દો, અને રાતદિવસ પોતાની સામે રાખો, એમાંથી મહાન કાર્યનો જન્મ થશે. ૫૫.

શુદ્ધ બનવું અને બીજાની ભલાઈ-સેવા કરવી એ જ ઉપાસનાઓનો સાર છે. જે ગરીબો, નિર્બળો અને પીડિતોમાં પ્રભુને દેખે છે, તે જ વાસ્તવમાં પ્રભુનો ઉપાસક છે, પરંતુ જો તે કેવળ મૂર્તિમાં જ પ્રભુને દેખે છે, એ તો એની ઉપાસનાનો આરંભ માત્ર છે. ૫૬.

નિઃસ્વાર્થતા જ ધર્મની કસોટી છે. જે જેટલો અધિક નિઃસ્વાર્થી છે, તે એટલો જ અધિક અધ્યાત્મિક અને પ્રભુની

સમીપ છે. અને જો તે સ્વાર્થી છે, તો ભલે એણે ચાહે એટલા મંદિરોમાં દર્શન કર્યા હોય, કરતો હોય, તીર્થોમાં ભ્રમણ કર્યું હોય છતાં તે શિવપંથથી દૂર જ છે. ૫૭.

એક ઉત્તમ શુદ્ધ આત્મિક વિચારને લઈ લો, એ એક વિચાર અનુસાર પોતાના જીવનને બનાવો, એના જ વિચાર કરો, એના જ સ્વપ્ન દેખો, મસ્તક, સ્નાયુઓ, શરીરના પ્રત્યેક ભાગને એ જ વિચારથી ઓત-પ્રોત થવા દો, અને બીજા વિચારોને પોતાથી દૂર કરો. એ જ મહાન બનવાનો મહા મંત્ર છે, સફળ થવાનો મહા મંત્ર છે. ૫૮.

ભય જ પતન તથા પાપનું કારણ છે. ભયથી જ દુઃખ થાય છે, ભય જ મૃત્યુ સ્વરૂપ છે તથા એના કારણે જ બધા પાપો અને બરાબી થાય છે. માટે નિર્ભયતા શીખો, વીર બનો, નિર્ભય બનો, પાપ અને દુઃખથી મુક્ત થવા નિર્ભય બનો, વીર બનો એ જ જ્ઞાનીઓની શિક્ષા છે. ૫૯.

જેવી પ્રીત પુદ્ગલ પર છે, તેવી જો પ્રભુ પર હોય તો હમણાં જ શ્રેય થાય, અને કોઈ તેમાં વિઘ્ન કરી શકે જ નહિ. ૬૦.

અગર હે પ્રીય આત્માઓ! શાન્તિ, સુખ, તમારે જોઈતું હોય તો નિશદિન નિજાત્માનું, પ્રભુનું સ્મરણ કરો. એ જ શાન્તિ પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ છે. ૬૧.

જેનું માનસ તુચ્છ છે, સંકુચિત છે, તે જ અમારું, આ પરનું એવા ભેદનું ચિંતન કરે છે. ઉદારચિત્ત માનવ તો વસુધાને જ પોતાનું કુટુંબ સમજે છે, માને છે. ૬૨.

હે સહજાનંદી ! આ પુદ્ગલાનંદિપણું તને શોભે નહિ, તેનો ત્યાગ કર, અને સહજ સુખનો ભોગતા બન. ૬૩.

હે સુખાર્થી ! સુખની શોધ બહાર કરવાને બદલે અંતરની ગુફામાં તેની શોધ કર, ત્યાં જ તે તને સાંપડશે, બીજે નહિ. ૬૪.

હે વિવેકી ! વિવેકથી પંથ કાપ જે, રસ્તામાં વિષય-વિકારના કાંટા વેરાયેલા છે, તેથી સાવધાન રહેજે. ૬૫.

હે મુસાફર ! આ મુસાફરખાનાનો મોહ ન કરજે. ૬૬.

હે પ્રવાસી ! પ્રવાસ સાવધાનીથી કરજે. રસ્તામાં કામ, ક્રોધ, મોહ, લોભાદિ લૂંટારાનો વાસ છે, તે તને ન લૂંટી લે તે માટે સતત જાગૃત રહેજે. ૬૭.

હે શિવાભિલાષી ! તારા કલ્યાણ માટે, શિવ સુંદરીને વરવા ઉતાવળે, પ્રમાદ છોડીને પ્રયત્નવંત બનજે. ૬૮.

હે વિલક્ષણ ! તારી વિલક્ષણતાની શોધ આજથી—અત્યારથી આદર. ૬૯.

હે પંથી ! સુખાભાષનો મોહ, ત્યાગ તો સાચું સુખ લાભે, બીજો કોઈ ઉપાય નથી. ૭૦.

હે પરદેશી ! પરદેશને સ્વદેશ સમજવાની અજ્ઞાનતા દૂર કરવા સતત પ્રયત્ન સેવ. ૭૧.

હે પુરુષાર્થી ! સ્વાનુભવ પ્રાપ્તિનો પુરુષાર્થ તું સત્વર આદરજે. ૭૨.

હે પંડિત ! તારી પંડિતાઈ જડ વસ્તુઓના સંગ્રહ કરવામાં ન વેડફાઈ જાય તે માટે સતત સાવધાન રહેજે. મળેલ પંડિતાઈથી આત્મશોધ આદરજે. ૭૩.

હે પંડિતો ! મોટા મોટા લેકચરો, ભાષણો આપવાથી આત્મતત્ત્વ સાંપડતું નથી. આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે અંતરના ઊંડાણમાં પ્રવેશવાનું છે. ત્યાં તેની શોધ કરો તો મળશે. ૭૪.

હે વિદેશી ! વિદેશમાં જ અટવાઈ જતો નહિ. તારે તો સ્વદેશ પહોંચવાનું છે તે સતત યાદ રાખજે. ૭૫.

હે વિદ્વાન ! તારા ગુપ્તમાં ગુપ્ત વિચારોને પણ પવિત્ર રાખજે, તેમાં પણ સર્જનશક્તિ છે. ૭૬.

હે નિર્ભય ! નિર્ભયતાનું શસ્ત્ર ગ્રહણ કરીને આગળ વધજે, તો તારા અંતરશત્રુઓ તને હેરાન નહિ કરે. ૭૭.

હે જ્ઞાનાર્થી ! જ્ઞાનનો મહાન સિંધુ અંતરમાં ભર્યો પડ્યો છે, તેના આવરણો દૂર કર, તો તે પ્રગટ થશે. ૭૮.

હે શાશ્વત સુખનાર્થી ! શાશ્વત, નિત્યસુખ અંતરાત્મામાં જ છે, તે માટે અનિત્ય વસ્તુનો મોહ ત્યાગ, તો તે તને જરૂર સાંપડશે. ૭૯.

હે પુરુષોત્તમ ! ભવાટવીના ફેરા ટાળવા માટે પુરુષોમાં ઉત્તમ પુરુષ પરમાત્મ સમ બનવાનો સતત પુરુષાર્થ કરજે. ૮૦.

હે હિતેચ્છુ ! ભવાટવીમાં બે રસ્તા છે. એક અજ્ઞાનનો માર્ગ, બીજો જ્ઞાનનો માર્ગ. અજ્ઞાનનો માર્ગ ભવમાં પરિભ્રમણ

કરાવનાર છે, જ્ઞાનનો માર્ગ તેથી મુક્ત કરનાર છે. તું હિતાહિતના માર્ગની પરીક્ષા કરીને હિતના માર્ગમાં જ પ્રયાણ કરજે. ૮૧.

હે બુદ્ધિનિધાન ! બુદ્ધિનો સદુપયોગ આત્મતત્ત્વની શોધ કરવામાં જ કરજે, તો જ સફળતા છે. ૮૨.

હે વીરાત્મા ! વીરપણું તો દુઃખીઓના દુઃખ હરવામાં જ રહેલ છે. તે સતત યાદ રાખજે. ૮૩.

હે શૂરવીર ! તારી શૂરતાથી આંતરશત્રુઓનો નાશ કરજે, અને તારી શૂરતાને શોભાવજે. ૮૪.

હે ચતુરાત્મા ! તારી ચતુરાઈ આશારૂપી દાસીને વશ કરવામાં વાપરજે. ૮૫.

આશારૂપી પિશાચિકાને જે જીતે છે તે જ નરોત્તમ છે. આશાના જે દાસ છે, તે વિશ્વના દાસ છે, ગુલામ છે. હે નરોત્તમ ! તારી ઉત્તમતાને આશા પિશાચિકાને જીતવામાં જ વાપરજે. ૮૬.

હે નાવિક ! તારી નાવનું સુકાન આત્મપ્રભુને સોંપજે મનને સોંપીશ નહિ. મનને સોંપવાથી નાવ ભર દરિયે ડૂબશે. ૮૭.

હે કરુણાનિધિ ! તારી કરુણતાથી વિશ્વના પ્રાણીમાત્રને રસબસ કરજે, કરુણારસથી ભીંજવી દેજે. ૮૮.

હે દયાનિધાન ! તારી દયાથી પ્રાણીમાત્રને નવપલ્લવિત કરજે. તારી દયાનો વરસાદ સર્વત્ર વરસાવજે. ૮૯.

હે મંગલમય ! તારી માંગલ્યમય મૂર્તિના દર્શનથી બધાને પવિત્ર બનાવજે. ૯૦.

હે ચારિત્રનિધાન ! તારા ચારિત્રબળથી, સર્વ કોઈમાં આત્મચેતનાનો પ્રકાશ પ્રગટાવજે. ૯૧.

હે આનંદનિધાન ! તારા આનંદનું સિંચન પ્રાણીમાત્રમાં કરજે, અને સર્વને આનંદિત કરજે. ૯૨.

હે શાન્તિદાતા ! વિશ્વમાં શાન્તિનો પ્રચાર કરજે. ૯૩.

હે નિરામય ! તું નીરોગાત્મા જ છો, એ આત્મવિશ્વાસથી તારા રોગ રૂપી ભ્રમને હાંકી કાઢજે. ૯૪.

હે વિશ્વાસુ ! તારી આત્મશ્રદ્ધાના દાન બધે વિતરણ કરજે. ૯૫.

હે સમદૃષ્ટિ ! સર્વ જીવોને આત્મવત્ જોવાનો, દેખવાનો પુરુષાર્થ કરજે. ૯૬.

હે સમભાવી ! સમભાવની સાચી સામાયિક કરવાનો પ્રયત્ન આદરજે. ૯૭.

હે પ્રિયદર્શી ! તારા આત્મિક પ્રેમના પાસથી વિશ્વના પ્રાણીમાત્રને બાંધજે, પ્રેમના સૂત્રથી બાંધજે. ૯૮.

હે પ્રજ્ઞાવંત ! તારી પ્રજ્ઞાના શસ્ત્ર વડે કર્મના બંધનને કાપજે, નષ્ટ કરજે. ૯૯.

હે આત્માર્થી ! આત્મધનને અર્જન કરજે, તેનું સંરક્ષણ કરજે. ૧૦૦.

હે સચ્ચિદાનંદ ! તારા સચ્ચિદાનંદ પદમાં સ્થિર થવાને પુરુષાર્થ આદરજે. ૧૦૧.

હે મોક્ષાર્થી ! મુક્તિપુરીમાં જવાનો પુરુષાર્થ આદરજે. ૧૦૨.

હે જીતેન્દ્રિય ! મન, ઈન્દ્રિયો પર જીત મેળવજે. ૧૦૩.

હે વિજેતા ! વિષય, કષાય પર વિજય કરજે. ૧૦૪.

હે સુખાર્થી ! આત્મિક સુખનો પુરુષાર્થ કરજે. ૧૦૫.

જે કંઈ મળ્યું છે તેમાં એવા મોહિત ન થઈ જાવ કે જેથી જેની કૃપાથી મળ્યું છે તેને ભૂલી જવાય. એવા સર્વનો ત્યાગ કરી દેવો જોઈએ કે જેમાં આસકત થવાથી કૃપાળુને ભૂલી જવાનું બનતું હોય. સુખની પ્રાપ્તિ થાય છે પુણ્યના ઉદયથી. પુણ્યનો ઉદય થાય છે પુણ્યના બંધથી. પુણ્યનો બંધ થાય છે ધર્મના આરાધનથી. ધર્મ મળે છે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી, માટે સુખનું મૂળ કારણ તરણ તારણ પરમાત્મા જ છે. ૧૦૬.

એ પરમાત્માને જ જીવ ભૂલી ગયો ! અને એમની કૃપાથી મળેલા વૈભવ સુખમાં જ આસકત થયો તેનો રાગી બન્યો ! શું આ કૃતઘ્નતા નથી ! ૧૦૭.

તમે એ પરમ પિતા તરફ દૃષ્ટિપાત કરો.....એને જોવા માટે દૃષ્ટિ સૂક્ષ્મ બનાવો. એને જોવા બાહ્ય જગતના ઝગમગાટમાંથી મુક્ત થાઓ. આંખો બંધ કરીને સ્થિર બનો....પછી એ પરમ પિતાનું નામ લઈ પોકાર ચાલુ રાખો....અધીર ન બનો. એક વખત દર્શન થયા પછી કયારેય એ તમને છોડી જશે નહિ. ૧૦૮.

સ્વા નુ ભૂ તિ

(અન્યત્વ ભાવના)

एगो मे शासओ अप्पा नाण दंसण संजुओ
सेसा मे बाहिर भावा सव्वे संजोग लख्खणा

"હું છું એક શાશ્વત આત્મ – પદાર્થ–
આ અન્ય સર્વ છે કર્મકૃત સંજોગો."

અન્યત્વભાવના સ્વ ને પરનો આવો વિભાગ કરાવે છે અને તે દ્વારા 'પર'ના વ્યુત્સર્ગ ને 'સ્વ'ની અનુભૂતિ કરાવે છે.



લેખક :
શ્રી વસંતલાલ કાન્તિલાલ ઈંદિરલાલ

આશીર્વચન

દરેક ધર્મશાસ્ત્રમાં ત્રણ મુખ્ય પ્રશ્નો છે: હું કોણ છું? હું કયાંથી આવ્યો છું? અને મારે શું કરવાનું છે? હું કોણ છું તે પ્રશ્ન પૂછી પૂછીને પોતાનું ગામ શોધવાનું છે. આ પુસ્તિકા 'હું કોણ છું?' એ પ્રશ્ન વિષેની પ્રામાણિક મથામણ છે.

શરીર, જીવ અને પરમાત્મા એ ત્રણ મુખ્ય પદાર્થો છે. પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ પડે છે. શરીર તે પાણી છે, પ્રતિબિંબ તે જીવ છે અને સૂર્ય તે પરમાત્મા છે; અથવા તો દુકાન, ઘરાક ને માલિક હોય છે તેમ શરીર દુકાન છે, જીવ ઘરાક છે અને પરમાત્મા માલિક છે. જે કરવાનું છે તે પરમાત્માની માલિકી સ્વીકારી બધા હક્કો જતા કરવાના તે છે. આ તો ગામે પહોંચવાની વાત થઈ. ગામ ખૂબ દૂર છે પણ મોં તે દિશામાં વળે તો ય ઘણું; પછી ગતિની ચિંતા નહિ. બાઇબલ કહે છે તેમ—"પડી જવાય તો ય કાંઇ વાંધો નહિ—લૂગડાં ખંખેરીને ચાલવા માંડો." મોં એક વાર ગામ તરફ વળ્યું કે કલાકે એક પગલું જાવ કે સાતસો કોશ, તેની ચિંતા નહિ.

મોં ફરવું એટલે ઉચ્ચ વસ્તુમાં રસ થવો. ભાઇ વસંતલાલ નાટક, નવલકથા કે કવિતા ન લખતાં આવી વસ્તુઓમાં રસ લે છે તે બતાવે છે કે તેમનું મોં આ તરફ વળેલું છે. નહિ

તો શેર-બજારમાં જ રાચી રહેત. મારી અંતરની શુભેચ્છા છે કે તેમનું અને વાચકોનું મોં શુભ તત્ત્વ તરફ જ રહો. મોં ગામ ભણી હશે, પછી પડાય તો પડાય પણ વાગતું નથી. અવળી દિશામાં મોં હશે તો પડતાં ખૂબ વાગે છે. એક વાર મોં સાચી બાજુ ફર્યું કે ગતિ આપોઆપ મોડીવહેલી થશે જ.

ભગવાન મહાવીર અને બુદ્ધનાં જીવનચરિત્રો વાંચતા સ્પષ્ટ સમજાય છે કે જન્મોજન્મનો પરિશ્રમ ત્યાં હતો. વિકાસની આ ક્રિયા અત્યંત ધીમી છે. 'પૈસો પૈસો એકઠો કરી લક્ષાધિપતિ થવાય ને કાંકરે કાંકરે પાળ બંધાય' તેવું જ અહીં છે. ભગવાન મહાવીર કે બુદ્ધ એક દિવસમાં પેદા નહોતા થયા. જન્મોજન્મની કારમી મથામણો પછી તેમનું મોં સાચી બાજુ ફર્યું હતું.

જરૂર છે તે જાગૃતિની. સૌ પ્રથમ સંકલ્પ કરનાર કોણ છે તે પ્રત્યે પણ જાગ્રત રહીએ અને સંકલ્પ કેટલો સિદ્ધ થાય છે તે પ્રત્યે પણ જાગ્રત રહીએ. સતત જાગૃતિ લાવવી પડશે. સૌને આવી જાગૃતિ આવા પ્રકાશનો દ્વારા મળો એ શુભ કામના.

મન્સુર બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, **રવિશંકર મહારાજ**
મુંબઈ, તા. ૯-૬-૬૧

પ્રકરણ પહેલું

વીસમી સદીનો માનવી જીવનવિગ્રહના અનેક પ્રશ્નોથી ઘેરાયેલો રહે છે. ઘડીકમાં આજીવિકાનો પ્રશ્ન તેને હેરાન કરે છે ને તે વિચારે છેઃ મને પૂરું ખાવા કેમ મળતું નથી? ઘડીકમાં તે વિચારે છે કે, ખાવા તો ઠીકાઠીક મળે છે, પણ પૂરતું પહેરવા–ઓઢવા કેમ મળતું નથી? જેમને ખાવાપીવા ને પહેરવા–ઓઢવા મળે છે તેમને પૂરતું રહેવા નથી મળતું. જેમને આ બધું મળે તેમને બીજા અનેક પ્રશ્નો સતાવે છે. તે વિચારે છેઃ મને ઊંઘ કેમ નથી આવતી? લોકોમાં મારી પૂજા કેમ નથી થતી? આ રીતે અનેક પ્રશ્નો રાતદિવસ તેને કોરી ખાય છે. આ બધા પ્રશ્નોને બે પ્રશ્નોમાં વહેંચી શકાય છેઃ હું દુઃખી કેમ છું? અને હું સુખી કેમ નથી? અને ખરું પૂછો તો આ બે પ્રશ્નો પણ એક જ વિરાટ પ્રશ્નમાં સમાઈ જાય છે. આ 'હું' કોણ છે, જે દુઃખ નથી ઇચ્છતું અને સુખ જ ઇચ્છે છે? હું કોણ છું? મારું યથાર્થ રૂપ શું છે? આ એક જ પ્રશ્ન ઉકેલાતા વિશ્વના તમામ પ્રશ્નો ઉકેલાઈ જાય છે. 'હું કોણ છું?' એ એક જ મુખ્ય પ્રશ્નમાં સઘળા પ્રશ્નો સમાઈ જાય છે.

જડ પુદ્‌ગલમાં ભાન ભૂલીને ચેતન નિજત્વ ખોઈ બેઠું છે. સુંદર રૂપ, રંગ ને રેખાઓની આ મોહક આકૃતિઓમાં ચેતન તેની અસલ છબી ખોઈ બેઠું છે. સંસારી પદાર્થોના ઊંડા પાણીમાં તે એટલું ઊતરી ગયું કે પોતાની જાતથી પોતે

અજાણ બની ગયું. મૂળ સ્વરૂપની સરળ રેખા હતી તે ભુલભુલામણી બની ગઈ. જ્ઞાન ને આનંદનો જે આત્મીય પરિચય હતો તે, મોહનો પવન ફૂંકાતા રંગોળી માટીને કાળા ધાબારૂપ થઈ ગયો. ચેતન પોતાની જાત ખોઈ બેઠું. શરબતના એકાદ ઘૂંટડા માટે, મિષ્ટાન્નના એકાદ બટકા માટે, કેશની એકાદ સુંવાળી લટ માટે, દંભી જનની ખુશામતભરી એવી એકાદ સલામ માટે, મોતીની એકાદ માળા કે નીલમની એકાદ પોંચી માટે, નશીલા સ્વપ્નની મદિરા પીને ચેતન પોતાની જાત ખોઈ બેઠું, પોતે ગીરો મુકાઈ ચૂકયું–વિસ્મરણના અંધકારમાં ખોવાઈ ગયું—તે કોણ છે તેનું ભાન ગુમાવી બેઠું.

લાલપીળાં વસ્ત્રોથી સજ્જઈને તે નીકળી છે. ઘાટીલા સ્નાયુઓ બે ચપળ આંખો ને નાજુક નાક દર્પણમાં જોઈને તે રાચે છે. તે વિચારે છે કે, 'આ દેહને ઇંદ્રિયો જ હું છું.' આ દેહને ટકાવવો ને વધારવો તેમાં જ મારું સર્વસ્વ રહેલું છે. તેની આંખ સૂઝી જાય કે પગનો નખ ઉતરડાઈ જાય તો દુનિયા આખી તેને દુષ્ટ ને છળકપટથી ભરેલી લાગે છે. અન્યત્વભાવના તેને શીખવે છે કે, 'આ દેહ ને ઇંદ્રિયો તે તું નથી, તું તો શરીર ને ઇંદ્રિયોથી કોઈક જુદા જ પદાર્થનો બનેલો છે. ઇંદ્રિયો ક્ષીણ થશે અને શરીર વિખરાઈ જશે પણ તું તો કાળના અમર તખ્ત પર તારી મોજડી ઉતારીને અચળ આસને બેઠો છે. આ શરીર ને ઇંદ્રિયો તે તું નથી—અને આમ 'હું કોણ ?' સનાતન શોધ આગળ વધે છે.'

અન્યત્વભાવના કહે છે કે, મસ્તિષ્કમાં ઉઠતા વિચારતરંગો ને હૃદયમાં ઉઠતી લાગણીઓ તે પણ તું નથી. મસ્તિષ્ક (Mind)

અને હૃદય (Heart)માં ક્ષણે ક્ષણે વિચાર ને લાગણીનું તંત્ર ભમતું જ હોય છે. ક્ષણમાં થાય છે કે, મંદિરના શિખરને નમું તો ક્ષણમાં મહેલના ઝરૂખા નીચે આળોટવાનું મન થાય છે. ક્ષણમાં થશે, હું કુતૂબમિનાર કે એફિલ ટાવરથી યે ઊંચો છું ને ક્ષણમાં થશે, હું ઘાસ ચરતાં ઘેટાં-બકરાં જેવો ક્ષુદ્ર છું. ક્ષણમાં થશે કે, દુઃખીનો વાંસો પંપાળું, તો વળી ક્ષણમાં થશે કે, સુખીના પગ તોડી નાખું. આવા પ્રત્યેક વિચાર ને લાગણી મસ્તિષ્ક અને હૃદયમાં ઝપાટાભેર પસાર થતાં જ હોય છે અને તે દરેકમાં આપણે આપણો અંશ રોપીએ છીએ—આપણું પ્રતિબિંબ તેમાં જોઈને આપણી જ જાતનો ભાગ તેઓને માનીએ છીએ. અન્યત્વભાવના કહે છે કે, જે પદાર્થમાંથી વિચાર જન્મે છે તે તું નથી. વિચાર પણ મનોવર્ગણાનું પુદ્‌ગલ છે. લાગણીઓ પણ કર્મસ્કંધોની પ્રતિક્રિયા છે. વિચાર—લાગણીમાં તારું કશું જ રોકાયેલું નથી. તું મસ્તિષ્કનો વિચાર નથી. હૃદયની લાગણી નથી. તે બંનેથી પર તું તો નિર્વિચાર અને લાગણીશૂન્ય કોઇક અદ્‌ભુત પદાર્થ છે. અન્યત્વભાવના આ રીતે 'હું કોણ?'ની શોધ આગળ વધારે છે; સ્વ ને પરનો વિભાગ પાડતી જાય છે.

આ અન્યત્વભાવના કહે છે કે, તું ચિત્ત નથી અને ચિત્તમાં રહેલ વૃત્તિઓ, ટેવોને સંસ્કારો પણ નથી. વાંસના જંગલમાં એકાદ ખિસકોલી કે સસલું ભરાઇ ગયું હોય તે રીતે આપણું ચિત્ત અનેકવિધ વૃત્તિઓ, ટેવો ને સંસ્કારોમાં અટવાયેલું છે. પરસ્પર વિરોધી વૃત્તિઓ, જૂની ને નવી ટેવો કાળજૂના સંસ્કારોથી ભરેલું આપણા ચિત્તનું આપણે શાંતિથી નિરીક્ષણ કરીશું તો તે સૂર્ય, ચંદ્ર ને પૃથ્વીના ભેગા કરેલ

ભારથી પણ વધુ વજનવાળું લાગશે. એ ભારનો અનુભવ કરાવીને અન્યત્વભાવના કહે છે કે, તું તો સર્વ ભાર ને વજનથી મુક્ત છે, તું તો હવા ને પ્રકાશથી પણ નાજુક ને નિર્બંધ છે. તું ચિત્ત નથી; ચિત્તની વૃત્તિઓ તે તું નથી; સંકલ્પ-વિકલ્પો તે તું નથી, જૂની-નવી ટેવો તે તું નથી, ચિત્તભૂમિનાં પુરાણાં પડો નીચે દટાયેલ સંસ્કારોનું માળખું તે તું નથી; સારા-નરસાનાં, સુખ-દુઃખનાં, પ્રિય-અપ્રિયનાં, રાગ-દ્વેષના જે જે સંવેદનો ચિત્ત અનુભવે છે તેમાં તું નથી.

મેઘદૂતમાં વર્ણવેલ આષાઢી મેઘ સામે જો, કે જાજરુની ગંદકી સામે જો; તાજમહાલના ગોળ ઘુમ્મટ સામે જો, કે એકાદ કબર પરના ગોળ લીસા પથરાઓ પર જો; રાજનર્તકીના રત્નાભૂષણથી દીપતા અંગમરોડ સામે જો, કે પાનખરનાં પર્ણહીન વૃક્ષનાં ઠૂંઠાં સામે જો; સ્નેહાતુર પ્રિયતમાના મૃદુ લોચનમાં જો, કે રગતપિતિયાના લડબડતા હોઠમાં જો, ટેકરીના ઢોળાવ પર લહેરાતાં નરગીસનાં ફૂલો સામે જો; કે કાળા કરોળિયાને પીળા વીંછી સામે જો—તું જે કાંઇ આ જોઇને સંવેદનો અનુભવે છે તેમાં તારી છાયા પણ નથી. તું તો આ બધાથી અલિપ્ત માત્ર દ્રષ્ટા છે, પ્રેક્ષક છે, જોનાર ને જાણનાર છે. એથી વધુ સંબંધ તારો કોઈ ચીજ સાથે કશો જ નથી. ના, તું ચિત્ત નથી કે તેમાં ઊછળતી વૃત્તિઓ ને ટેવો નથી, સંસ્કારો ને સંજ્ઞાઓ નથી. અન્યત્વભાવના કહે છે કે, આ બધાંથી તું અન્ય છે, કાંઈક બીજું જ છે. હજુ આગળ ચાલ. વધુ ખોદ. તારું અસલ વતન 'કોડીઓ' ના દેશમાં નથી, 'લાલ રતન'-વાળા દેશમાં છે. જે કાંઈ હર્ષશોક, ઉલ્લાસ, ઉદાસીનતા થાય છે

તે તું નથી અનુભવતો. એ બધો કર્મવ્યવસ્થાનો ફાળો છે. કાર્મિક અણુએ આપેલ ફળ છે. કર્મના અણુઓની તમામ શક્તિને અંગુઠા નીચે દબાવી રાખે તેવો તું તો અમર પ્રકાશ છે. આ રીતે 'હું કોણ'ની શોધ અન્યત્વભાવના આગળ વધારે જ છે.

જ્યાંથી 'હું 'નો હુંકાર નીકળે છે ને 'મારા 'નો મમકાર નીકળે છે તે ધ્વનિનું ઊગમ સ્થળ પ્રાણ ને તેની વિદ્યુત્ તે હું નથી એમ પણ અન્યત્વભાવના શીખવે છે. એ પ્રાણની વિદ્યુત્ વિષય ને કષાયો દ્વારા સતત પ્રગટતી જ હોય છે એ પણ પુદ્ગલની ભૌતિક રચના છે. અન્યત્વભાવના કહે છે, વિષય ને કષાય રૂપ સંસારની ચિકાશથી જ ખરડાયો છે તે તું નથી. તું તો અચલ, અખંડ, અલિપ્ત ચિન્મયમૂર્તિ છે. 'ઝગમગ જ્યોતિ અપાર છે શૂન્યમાં ધૂન લાગી' એવા અર્થથી સ્તવાયેલ પ્રદેશનો તું માલિક છે, જ્યાં વિષય ને કષાયોની આભડછેટ પણ નથી.

અન્યત્વભાવના કહે છે કે, 'તું શરીર ને ઇંદ્રિયો, મસ્તિષ્ક ને હૃદય, ચિત્ત ને પ્રાણ—આ બધાથી અન્ય—જુદું જ કોઈ વિરાટ તત્ત્વ છે, જ્યાં અનંતતાએ માળો રચ્યો છે. તું ઠોઠ નિશાળિયો ય નથી અને વિદ્વાન પંતુજી પણ નથી કારણ તું તો ત્રિકાળવ્યાપી ત્રિલોકવર્તી જ્ઞાનસ્વરૂપ છે. દુઃખથી જર્જરિત થનાર કે સુખથી પાંગરનાર તું નથી કારણ તું તો આનંદઘન છે.'

તું સાધુ નથી કે શેતાન નથી કારણ તું તો પરમ સ્વરૂપ પરમાત્મા છો. તું મનુષ્યલોકમાં હરતીફરતી જીવતી

વ્યક્તિ નથી કે મૃત્યુ પામેલાની લાશ પણ નથી કારણ તું તો અમૃતમય તત્ત્વનો અમૂલ્ય ટુકડો છે.

'હું આ શરીર છું' એ એક જ મુખ્ય ભ્રમ છે, જેમાંથી બીજા અનેકાનેક મહાભ્રમો ઉત્પન્ન થયા છે અને આ મુખ્ય ભ્રમમાંથી જ સર્વ પાપો ઉદ્ભવ્યાં છે. શરીરને હું માનવાથી પત્ની ને પુત્રનો, કુટુંબ ને પરિવારનો સંબંધ ઊભો થયો. તેવા સંબંધોની દુનિયા રચાતા ખાવાપીવા, પહેરવા–રહેવા વગેરે સંસારવૃત્તિઓનો આરંભ થયો.

શરીર થાકે તો આડા પડવા મુલાયમ પલંગ જોઈએ, તેના પર રેશમી ચાદર ને ગૂંથાયેલ ખોળવાળા ઓશિકા જોઈએ–

શરીર આખો વખત ઊભું ન રહી શકે માટે સ્પ્રિંગવાળા સોફા સેટ જોઈએ–

શરીરને ગલગલિયાં થાય માટે ઈરાની ગાલીચા જોઈએ–

શરીરને ગુલાબી તાજગી મળે માટે એરકન્ડિશનરો ને રેફ્રિજેટરો જોઈએ–

જીભમાં સળવળાટ થાય માટે ઈટાલીના ચેરીઝ ને હવાના ટાપુના અનેનાસ જોઈએ–

આંખમાં તરવરાટ આવે માટે રૂપેરી પરદા પર સિને તારિકાઓ જોઈએ.

શરીરની આવી આળપંપાળમાંથી જ સર્વ પાપપ્રવૃત્તિઓ આરંભાય છે, અને જ્યાં સુધી આ 'શરીર તે હું છું' એ ભ્રમ તૂટશે નહિ ત્યાં સુધી સંસારમાયા ચાલુ રહે છે, પાપો

વધતા જાય છે ને સજા ભોગવાતી જાય છે. અન્યત્વભાવના આ મુખ્ય ભ્રમ તોડે છે અને કહે છે કે, 'તું આ શરીર નથી, તું જડ પદાર્થ નથી, પણ ચેતનતત્વ છે.'

'હું કોણ છું ? મારું મૂળ સ્વરૂપ યથાર્થ સ્વભાવ, અસલી તસવીર શી છે?' આ શોધવામાં અન્યત્વભાવના મદદ કરે છે.

આપણે ત્યાં ઘોર તપશ્ચર્યાઓ થાય છે પણ તે દ્વારા જો શરીરથી અન્ય એવા 'હું' નો પરિચય ન થાય તો ઉપવાસ તે લાંઘન છે. ઉપદેશો તે લવારો છે. 'હું કોણ'ની શોધ ન થાય તો તીર્થયાત્રા કરીને માત્ર પાણીમાં પગ બોળ્યાનું જ પુણ્ય મળે. આચારંગ સૂત્રમાં 'જે એકને જાણે છે તે સર્વને જાણે છે' એમ જે કહ્યું તે આ એકનું જ મહત્ત્વ બતાવવા, આપણા બધા પ્રયત્નો તે પ્રયોગો છે. પ્રકૃતિ એક વિરાટ પ્રયોગશાળા છે. માનવજીવન પ્રયોગોમાં સહાયક સાધનસામગ્રી છે ને પ્રયોગો કરીને જે પ્રાપ્ત કરવાનું છે. તે આ 'હું કોણ?'ના વિરાટ પ્રશ્નનો અંતિમ ઉત્તર. અન્યત્વભાવના તે આત્મપરિચય તરફ લઈ જનાર પ્રકાશમય અમૃતદ્રુતિકા છે.



પ્રકરણ બીજું

રાત પડે છે અને આપણે પથારીમાં પડતું મૂકીએ છીએ. પંખીઓ પ્રભાતના ગાન ગાય છે અને આપણે જાગી ઊઠીએ છીએ.

રાત પછી રાત જાય છે અને દિવસ પછી દિવસ જાય છે. કાળની હથેલીમાં જીવનચક્ર ઘૂમતું રહે છે. જે હેતુ માટે આ સંસારયાત્રાનું નિર્માણ થયું છે તે તો અણશોધાયેલ, અણસ્પર્શાયેલ, અપ્રાપ્ત જ રહે છે. 'સ્વ' ને 'પર' પદાર્થોનું પૃથક્કરણ કરવાનો જ મુખ્ય હેતુ આ સંસારની યાત્રાનો છે.

'પર'નો ઉત્સર્ગ અને 'સ્વ'ની અનુભૂતિ તે જ ખરું આખરી ધ્યેય છે. **શુદ્ધ આત્મદ્રવ્ય અને જ્ઞાનગુણ તે હું છું, બીજું બધું જ પારકું છે, કર્મકૃત છે, બહારથી વળગેલ છે.** એ કાંઈ અંદરથી ઊગેલ નથી. આ ભાન પ્રાપ્ત કરવા માટે જ તપ, જપ, તીર્થયાત્રા, સ્વાધ્યાય અને સર્વકાંઈ કરવાનું છે.

અન્યત્વભાવના સિદ્ધ કરવા માટે એક સત્ય ને૨શો૨થી સમજવું જોઈએ કે વિશ્વમાં વર્ચસ્વ જડ પદાર્થનું નથી, ચેતનતત્ત્વનું છે. જડ કરતાં ચેતનની શક્તિ અપાર અને અદ્વિતીય છે. આજે આપણે જડને સર્વ સત્તાધીશ માન્યું છે અને ચેતનને તો માત્ર ગરીબ બાપડું બનાવી દીધું છે, અને તે એટલે સુધી કે પરપદાર્થની ભિન્ન તેનો સ્વતંત્ર દરજ્જો જ રહેવા નથી દીધો! **આથી જ સૌપ્રથમ જરૂર એ સત્ય અનુભવવાની છે**

કે, આ વિશ્વમાં ચેતનતત્ત્વ પર જડ પદાર્થનું વર્ચસ્વ નથી પણ જડ પદાર્થ પર ચેતનતત્ત્વનું વર્ચસ્વ છે.

"Matter does not dominate Soul. it is Soul that dominates Matter."

અન્યત્વભાવના માત્ર એટલું જ સમજાવતી નથી કે જડ અને ચેતન, સ્વ અને પર એકબીજાથી ભિન્ન છે, પણ વધુમાં તે એવું પ્રતીત કરાવે છે કે, જડ કરતાં ચેતનની શક્તિ, સમૃદ્ધિ ને સત્તા અનંત ગણી છે. જડને તાબે થઈ જવાની જે યાંત્રિક ટેવ પડી છે તેણે એક એવી માનસિક ગ્રંથિ ઊભી કરી છે કે આપણે હરહંમેશ એમ માનીએ છીએ કે 'જડ' ના ચરણમાં માથું મૂકવા જ આપણે જન્મ્યા છીએ. અન્યત્વભાવના કહે છે કે, તું માત્ર જડ પદાર્થોથી ભિન્ન જ નથી પણ તારું તેઓ પર અખૂટ વર્ચસ્વ છે, અમાપ પ્રભાવ છે, પૂર્ણ સ્વામિત્વ છે. અન્યત્વભાવના જેના રૂંવાડેરૂંવાડામાં ફરકે છે **તેને પ્રતીતિ થાય છે કે ચેતનશક્તિ બેહદ છે, અમર્યાદ છે.**

ચેતનતત્ત્વ જ્યાં આંગળી ચીંધે ત્યાં જડ પદાર્થને દોડી જવું પડે છે–

ચેતનતત્ત્વ જરા જેટલો હોઠ ફફડાવે છે તો જડ પદાર્થને સાતમા આસમાનથી નીચે ઊતરી આવવું પડે છે–

ચેતનતત્ત્વ જરા જેટલી ભ્રકુટિ ઊંચી કરે છે ને જડ પદાર્થોના ટેકરાઓ સપાટ મેદાન થઇ જાય છે–

ચેતનતત્ત્વ એક શ્વાસ ખેંચે છે અને જડ પદાર્થના સાંધેસાંધા તૂટી જાય છે–

ચેતનતત્ત્વ હથેલી પ્રસારે છે અને જડ પદાર્થનું તળિયું સાફ થઈ જાય છે–

ચેતનના અણમોલ મણિને રાખવાનો જડ પદાર્થ તો દાબડો છે. જડ પદાર્થનું, પૌદ્ગલિક કૃતિનું, આથી વિશેષ મૂલ્ય નથી. **ચેતનનાં ઉત્થાન માટે જ જડની રચના છે.** આત્મિક શક્તિનું ભાન આ રીતે અન્યત્વભાવના ભાવતાં ક્રમશઃ સ્ફૂરે છે.

રેલવેના પાટા પર સામેથી ભારખાનું ખેંચતું એન્જિન આવે છે. તે જ પાટા પર એકાદ જીવજંતુ એન્જિન સામે ચાલે છે. જડ એન્જિનનું બળ વધારે કે જીવજંતુનું ? વિવેકાનંદ કહે છે કે જંતુનું. કારણ, તે ધારે ત્યારે રેલના પાટા પરથી નીચે ઊતરી શકે છે. **એન્જિનને તેની પોતાની સ્વતંત્ર ઇચ્છાશક્તિ અને કાર્યશક્તિ નથી. ચેતન પાસે જ્ઞાન છે, આનંદ છે, જ્યારે પરપદાર્થમાં છે ઉપયોગશૂન્યતા, લાગણીશૂન્યતા.**

એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ કે ગાઝાનો પિરામીડ ગમે તેટલા આલિશાન ને ભવ્ય હશે પણ **હૃદયનો વૈભવ ત્યાં નથી.** આનંદભરી મસ્તી ત્યાં નથી, મુક્ત ચેતનની બેફામ ખુમારી ત્યાં નથી. સ્વામી રામતીર્થનો જીવનવૈભવ જુઓ, અને જડ કરતાં ચેતનનું વર્ચસ્વ કેટલું વધુ છે તે સમજાશે.

બરફના પહાડોની ખીણમાં નદીના પુલ પર રામતીર્થ બેઠા છે. આ ભીષણ એકાંતમાં એક પત્ર તેઓ લખે છેઃ 'ભાઈ,

રામની ચિંતા તું કર નહિ. હું અહીં એકલોઅટૂલો નથી. પવનરૂપ પરિચારિકા મને પંખો વીંઝી રહી છે. વર્ષારૂપી ચાકરડી મને સ્નાન કરાવી ગઈ છે. દૂર જંગલમાંથી જંગલી પશુઓ ચિત્કાર કરીને મને કહી રહ્યા છે: 'હે સ્વામી! અમે સેવકો હાજર છીએ!' રામની તું દયા ખાય છે? રામ તો શહેનશાહોનો શહેનશાહ છે.

ચેતનની આ ખુમારી તો જુઓ! જડ તો આખરે જડ છે. તેનામાં લંબાઈ ને પહોળાઇ છે, ઊંચાઈ પણ હશે, **પણ ઊંડાણ નથી, જે ઊંડાણમાં જ્ઞાનની મસ્તી અને આનંદનો નશો સતત ઉછાળા મારે છે.** બ્રુલીકન બ્રિજ કે આલ્પ્સનો પહાડ ભવ્ય હશે, વિરાટ હશે, પણ સમૃદ્ધ નથી. **સમૃદ્ધ છે કેવળ ચેતન,** જે જડનું સંચાલન ને નિયમન કરી રહ્યું છે. વર્ચસ્વ તો ચેતનનું જ છે.

આખરે તો આપણામાં પ્રતિપળ જે વિચાર ને લાગણીઓ થાય છે તેની અસર પરિસ્થિતિઓ પર પડે છે. આપણા વિચાર ને ભાવનાઓના સંયુક્ત બળ વડે પરિસ્થિતિનો ઘાટ ઘડાય છે. આથી જ વર્ચસ્વ આપણું રહ્યું છે, જડનું નહિ. ઇકબાલ કવિએ લખ્યું છે:

ખુદી કો કર બુલંદ ઇતના, તૂ હર તકદીર સે પહેલે
ખુદા બંદે કો ખુદ પૂછે, બતા તેરી રજા ક્યા હય!

અર્થ: **તારો પુરુષાર્થ એટલો તો પ્રચંડ ને ઉગ્ર બનાવ કે તારું નસીબ લખતાં પહેલાં ખુદ ઈશ્વર**

તને પૂછે કે, બોલ ભાઈ! તું કહે તેમ તારું ભાગ્ય રચું!

ચેતનનો પુરુષાર્થ દુનિયાભરના પદાર્થોને ખરીદી લે તેવો છે. તેની આ અમાપ શક્તિથી જ તે વિશ્વના પ્રવાહને તેના સ્વપ્નોના તીર્થઘાટે વાળી શકે છે. જડ પર ચેતનનું જ વર્ચસ્વ છે તે બતાવતાં એકાદ બે દૃષ્ટાંતો જોઈએ. આ દૃષ્ટાંતો સત્ય છે ને હમણાં જ બનેલાં છે.

યુદ્ધ દરમિયાન જર્મનીની એક ત્રાસછાવણીનું દૃશ્ય છે. તેની એક અંધારી કોટડીમાં એક સ્ત્રીએ તીક્ષ્ણ કાચના ટુકડા વડે ગળું કાપીને આત્મહત્યાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો તે માટે તેને ફટકારવામાં આવે છે. બાજુની જ ઓરડીમાં એક પુરુષને લશ્કરી ઉપરીએ આવીને માર મારીને તેના દાંત તોડી નાખ્યા છે. સ્ત્રી ને પુરુષની અંધારી કોટડીઓ વચ્ચે એક માત્ર દીવાલ છે. બેઉ એકબીજાનાં દુઃખનું માત્ર અનુમાન કરી શકે છે. બેઉએ ગુપ્ત ભાષા રચી પરસ્પર સંપર્ક સાધવાનું નક્કી કર્યું. સામસામા તો એકબીજાને જોવાની તક મળે તેવું નહોતું, પણ તેઓની કોટડીઓ વચ્ચેની સમાન દીવાલ પર ટકોરા મારીને ભાષા બનાવી હતી. એક ટકોરે A, બે ટકોરે B, ત્રણ ટકોરે C એ રીતે ભાષા બનાવી પરસ્પરે પૂર્વજીવનની કહાણી એકબીજાને કહી. આવી આપલેથી બેઉને જાણ થઈ કે તેઓ પાંચેક વર્ષ પૂર્વે કોઈ ચેરિટી બૉલમાં મળેલા. રોજ આ રીતે ટકોરાની ગુપ્ત ભાષામાં વાત થતી જાય ને પરિચય વધતો જાય.

આખરે બેઉએ નક્કી કર્યું કે જો અશકય કદાચ શકય બને અને આપણે બંને છૂટી જઈએ તો લગ્ન કરવાં. બેઉના હૃદયની તીવ્ર ભાવનાથી પરિસ્થિતિએ નમતું મૂકયું. તે સ્ત્રી અને પુરુષ Big Four–ચાર વડાઓની પરિષદમાં થયેલ રાજદ્વારી કેદીઓ વિષેની ગોઠવણ અનુસાર છૂટયાં અને સુખી કુટુંબ રચ્યું. નાઝીઓની ત્રાસ–છાવણીમાં વર્ષોનાં વર્ષો સુધી બાજુબાજુમાં રહેવા છતાં એકબીજાને જોઈ ન શકયાં. અમાનુષી સીતમ વચ્ચે પણ છ છ વર્ષ સુધી તેઓએ ટકોરાની ભાષા વડે પ્રેમની જ્યોત સંકોચાવા ન દીધી. માત્ર એક શ્રદ્ધા હતીઃ કયારેક છૂટશું અને મળશું, મળીને ગૃહજીવનની ગાંઠથી જોડાશું. આ **શ્રદ્ધા પ્રેમનું બળ છ છ** વર્ષના અકલ્પ્ય જુલમો વચ્ચે ટકયું. ચેતના જડ પદાર્થોની પરિસ્થિતિ સામે પડકાર ફેંકતી રહી, આખરે ચેતનાનું જ વર્ચસ્વ સાબિત થાય છે ને જડ શરમની હારથી નીચું જોઈ રહે છે.

આવો જ ચેતનનું મહાત્મ્ય ગાતો બીજો એક પ્રસંગ છે. ઉત્તર ધ્રુવમાં એક રશિયન રેડિયો ઑપરેટર હતો અને દક્ષિણ ધ્રુવમાં એક અમેરિકન રેડિયો ઑપરેટર હતો. પૃથ્વીના સામસામા છેડે રહેલ આ બંને ઑપરેટરના અવાજો એક વાર અકસ્માતથી સામસામા અથડાયા અને એ રીતે ઓળખાણ શરૂ થઈ. પછી તો પંદર હજાર માઈલ દૂર રહેલ આ બંને અજાણ્યા રશિયન અને અમેરિકન રોજ પાંચદશ મિનિટ સંદેશાની આપ–લે કરતા. મૈત્રી વધતી ગઈ. બેઉની એક જ ભાવના હતીઃ એક વાર સામસામા મળીને હસ્તધૂનન થાય તો કેવું સારું? પણ કયાં ઉત્તર ધ્રુવ અને કયાં દક્ષિણ ધ્રુવ! કયાં રશિયન રાજ-

કારણ અને કયાં અમેરિકન રાજકારણ ! છતાં બેઉ મિત્રહૃદયોને વિશ્વાસ છે કે, પરસ્પર પ્રેમનું બળ બેઉને મેળવશે. એક દિવસ રશિયને વાયરલેસ પર પૂછયું: 'કદાચ તું સામો મળે તો તને ઓળખું શી રીતે?'

અમેરિકને કહ્યું: 'તું મને પૂછજે કે જેકોબ લન્ડનનું પુસ્તક તમે કેટલી વાર વાંચ્યું છે? અને હું કહીશ: દશ વાર—આપણી આ જ ઓળખ.'

વર્ષો વીતી જાય છે. યુદ્ધ પછી જર્મનીના ભાગલા થયા. રશિયાના જર્મનીમાંથી એક અમેરિકનને પકડવામાં આવ્યો ને એક રશિયન લશ્કરી વડા સામે લાવવામાં આવ્યો. શંકાસ્પદ રીતે નાસભાગ કરવાના આરોપસર તેને ખડો કરવામાં આવ્યો હતો.

અમેરિકનનો અવાજ સાંભળીને રશિયન ઓફિસર ચમકે છે. વર્ષો સુધી પૃથ્વીના બીજા છેડેથી જે અવાજ તે પ્રેમપૂર્ણ હૃદયથી સાંભળતો તેની તેને યાદ આવી ગઇ. તેણે પૂછયું: 'જેકોબ લન્ડનનું પુસ્તક તમે કેટલી વાર વાંચ્યુ છે?' અમેરિકનના મુખ પર આનંદનો તરવરાટ આવ્યો. તે બોલ્યો: 'દસ વાર.' કેવા સંજોગોમાં બંને મળ્યા! પેલો રશિયન તેને પોતાની દેખરેખ નીચે લઈ જીપ ગાડીમાં રશિયન સરહદની બહાર મૂકી આવે છે. **હૃદયની ભાવનાનું આ બળ છે, ચેતનનું બળ છે જે પરિસ્થિતિને ધારે તેમ ઘડી શકે છે,** સંસારના સર્વ પદાર્થોને કઠપૂતળીનો નાચ શીખવી શકે છે. હૃદયના પ્રત્યેક વિચાર, ભાવના ને કૃતિનું આ જબ્બર બળ છે, જે જડ પદાર્થોનો દોરીસંચાર કરી ધારી ઊથલપાથલ

કરાવી શકે છે. વર્ચસ્વ જડ પર ચેતનનું છે. આ હકીકત અન્યત્વભાવના સમજાવે છે. તું સિંહ છે, ગરુડ છે, તાજધારી રાજરાજેશ્વર છે. આ ભાન આપોઆપ ખાતરી કરાવશે કે, તું સસલું નથી, કે માખી-મચ્છર નથી, કે કોઈ ચપરાશી નથી. તું ચેતન છે એ પ્રતીતિ જ તને આપોઆપ જણાવશે કે તું જડ નથી.

ચેતનનું જડ પર વર્ચસ્વ સૂચવતો બીજો એક પ્રસંગ જોઈએ. એક જુવાન લૉરી-ડ્રાઇવર હતો. વાંસના ભારા લૉરીમાં ભરી તે જતો હતો. હૃદયમાં સ્વપ્નો હતાં. ગુલાબી ભવિષ્યની ખુશ્બો સૂંઘતો તે લૉરી હંકાર્યે જતો હતો ત્યાં સ્ટીયરીંગ વ્હીલની નીચેની મશીનરીમાં એકાદ વાંસ ભરાતાં તે રસ્તાનો વળાંક ન લઈ શકયો અને મકાન સાથે અથડાયો. તેના પગ કાપવા પડયા. આખી જિંદગી સુધી વ્હીલચેરમાં બેસવાનું. ઘોડેસ્વારી ને તરવાનાં તેનાં સ્વપ્નો ભૂંસાઈ ગયાં. પણ **તે તો ચેતન હતો. જડને જીતવા શેનો દે? ચેતને તેની જ્ઞાનશક્તિ અજમાવી.** પુસ્તકો વાંચવા શરૂ કર્યાં. શરૂઆત જાસૂસી ને પ્રેમની નવલકથાથી કરી. પછી ઇતિહાસકથાઓ, પછી રાજકારણ વિષે વાંચતો ગયો. વાંચ્યું એટલે વિચાર આવવાના જ. ને વિચારો વ્યક્ત કરવા મિત્રવર્તુળમાં રાજકારણની ચર્ચાઓ કરતો ગયો. મિત્રોએ તેને સેનેટમાં ચૂંટયો. ચૌદ વર્ષમાં ૧૫ હજાર પુસ્તકો વાંચનાર આ કર્મવીર જ્યોર્જિયાનો સેક્રેટરી ઓફ સ્ટેટ વિદેશમંત્રી બન્યો.

આવા તો અનેક દાખલાઓ છે જે બતાવે છે કે જડની અનંતશક્તિ છે તો ચેતનની અનંતાનંત ગણી શક્તિ છે; જડ

ચણીબોર છે તો ચેતન કોહીનૂર છે; જડ ફાટલતૂટલ આસનિયું છે તો ચેતન રત્નજડિત મયુરાસન છે; જડ મોંનું થૂંક ને જીભની લાળ છે તો ચેતન આંખનું અમી ને અંતરનો પ્રકાશ છે; જડનું મૂલ્ય સૂકા પાંદડા જેવું છે તો ચેતનનું મૂલ્ય શહેનશાહોનાં તખ્તો અને સલ્તનતોની સમશેરોથી યે અસંખ્ય ગણું છે. જડ અને ચેતનનું આવું તુલનાત્મક મૂલ્ય જે ઓળખે છે તે બેઉ વચ્ચેનો ભેદ સ્પષ્ટ જોઈ શકે છે અને અન્યત્વભાવના તેને સિદ્ધ થાય છે.

આ રીતે જડ અને ચેતનનો, જીવ અને પુદ્ગલનો, 'સ્વ' અને 'પર'નો ભેદ આપણે કરવો જ રહ્યો. 'સ્વ'ના વિભાગમાં ઉપા૦ યશોવિજયજી લખે છે તેમ 'शुद्धात्मद्रव्यमेवाहंम् शुद्ध ज्ञानगुणोममम' — હું શુદ્ધ આત્મદ્રવ્ય છું અને જ્ઞાન મારો ગુણ છે.' આ છે 'સ્વ'. પરના વિભાગમાં આવશે સંસાર, વિષય ને કષાય અને તેમાંથી થતી ક્રિયાપ્રતિક્રિયાઓ. સંસારના સમગ્ર પદાર્થો **'પર'ના વિભાગમાં છે, અને તે નિર્વિકલ્પપણે જોનાર ને જાણનાર શુદ્ધ દ્રષ્ટા 'સ્વ'ના વિભાગમાં છે.** 'સ્વ'નું ઘર નિરાળું છે. 'સ્વ'ની રહેણીકરણી અનોખી છે. સ્વાનુભૂતિનું આ મૂલ્ય કોણ સમજશે? પર્ણકૂટિમાં રહેનાર ભિલ્લ શી રીતે સમજશે કે ચક્રવર્તીના મહેલના ઝુમ્મરમાં રહેલ એક એક હીરાનું મૂલ્ય તેના પથ્થરના હથિયારથી કેટલું વિશેષ છે?

એક બાજુના પલ્લામાં દુનિયાભરની યુનિવર્સિટીનાં પુસ્તકો-પ્રોફેસરોનું જ્ઞાન મૂકો અને બીજી

બાજુ 'હું આ શરીરાદિથી ભિન્ન છું" એ એક વાક્યનું પ્રતીતિજન્ય જ્ઞાન મૂકો, અને જુઓ કે એ એક વાક્યનું વજન સંસાર આખાને બુડાડે તેટલું છે કે નહિ.

એક બાજુ રશિયા ને અમેરિકાની ભેગી કરેલ ટેન્કો અને મશીનગનોનું બળ મૂકો અને બીજી બાજુ 'હું આ શરીરાદિ નથી' એ એક વાક્યના જ્ઞાનનું બળ મૂકો. એ એક વાક્યના જ્ઞાનના આ પ્રચણ્ડ ઉજાસ સામે ટેન્કો ને મશીનગનો રમકડાં લાગશે.

એક બાજુ ગાંધર્વનગરોની અને અરેબિયન નાઈટસની હૂરોનાં વિલાસી સુખને મૂકો અને બીજી બાજુ 'હું આ શરીરાદિથી ભિન્ન છું' એ એક વાક્યથી જ્ઞાનજન્ય શાન્તિ ને સુખ મૂકો. એ એક વાક્યના આંતરિક સુખના અમાપ વિસ્તાર પાસે એ વિષયજન્ય સુખ ફોતરાં ને છાલ જેવું ક્ષુદ્ર લાગશે.

જરૂર નવું નવું જાણવાની નથી, પણ જે કાંઈ જાણીએ છીએ તે ભૂલી જવાની છે. જાણ્યા કરતા ભૂલવું ઘણું કઠિન છે. આપણે ભૂલી જવું જોઈએ કે, હું શરીર ને ઈંદ્રિય છું. વિષય ને કષાય છું, ઊર્મિ ને સંવેદન છું. આપણે ભૂલી જવું જોઈએ કે, હું મસ્તિષ્ક ને હૃદય છું, ચિત્ત ને પ્રાણ છું. વૃત્તિ ને ટેવો છું. સંજ્ઞા ને સંસ્કારો છું. એટલી હદ સુધી ભૂલી જઈએ કે ઉપનિષદના પેલા ઋષિ જેમ બોલી જઈએ કે,

હું કેવો છું તેની મને કાંઈ સમજ પડતી નથી!— 'નાહમ્ ઇદમાત્મ ,' ભીનું પોતું ફેરવીને પાટી જેમ સાફ રાખીએ છીએ તેમ અંતર પરથી વિસ્મરણનું પોતું ફેરવી **'હું ને મારું' રૂપી ભૂલના ડાઘા સાફ કરવા જોઈએ.**

મોટી મોટી વાતોમાં અધ્યાત્મિક પ્રકાશ નથી. તે તો નાનકડા સત્યમાં છે, જે કહે છે: 'હું આ શરીરથી ભિન્ન છું. હું સંસારના સર્વે પદાર્થોથી અન્ય છું. પોતીકું ને પારકું પારખતાં મને આવડે છે. જીવ ને પુદ્ગલ વચ્ચે એક સરળ ભેદરેખા દોરતાં મને આવડે છે. **અન્યત્વભાવના આ રીતે મિથ્યાભ્રમોનાં તાળાંઓ તોડવાની લોખંડી કોશ છે,** જાદૂઈ ચાવી છે, જૂનાપુરાણા ભ્રમોનાં જાળાંઓ બાળવાનું અગ્નાસ્ત્રન છે. અન્યત્વભાવના આંગળી ચીંધીને કહે છે: ઊર્મિતંત્ર ભલે ઉછાળાંઓ મારે, વિચારચક્ર ભલે ફરતું રહે, સંવેદનની મૃદુ લહર ભલે ચઢઊતર કરે, ભાવનાની ઉષ્મા ભલે વધેઘટે, સંસ્કારોના ચણતરો ભલે દૃઢ થાય યા તૂટે, તારી અંદરની વૃત્તિ ને ટેવો ભલે બદલાયા કરે, તારી અંદરનો બહુરૂપી ભલે અનેક વેશો ભજવે, તું આમાનું કશું જ નથી– કશું જ નથી. તું તો અગાધ અજ્ઞેયનો એ સુદૂર વિપુલ સુંદર રહેલ કિનારો છે, જ્યાં સૂર્ય ને ચંદ્ર વિના વહાણું વાય છે, વાદળ વિના વરસાદ વરસે છે. જ્યાં માનસરોવરમાં રાજહંસ મોતીનો ચારો ચરે છે તે જોઈ સંસારના કાદવમાં રગદોળાતા જંગલી ભુંડો ચિત્કાર કરે છે. જ્યાં હાથ વિના પખાજ વગાડાય છે ને પગ વિના નૃત્યકળા પાંગરે છે. **તું વિષ્ટાનો કીડો**

નથી, તું વ્યોમવિહારી ગરુડ છે. શ્લેષ્મમાં ખૂંચેલ માખી નથી પણ વિશ્વનો પિતા ને સંસારનો સ્વામી છે. તું જડ નથી, ચેતન છે.

જડ પદાર્થથી આવું માનસિક વિખૂટાપણું અન્યત્વભાવના લાવી દે છે. પછી તમે બાળકને પારણામાં ઝૂલતું જુઓ ત્યારે થશેઃ 'હું પિતા નથી, આ તો 'પર' પદાર્થ—કર્મ-અણુનો ચિત્રવિચિત્ર પ્રભાવ છે.' ચાવીનો ઝૂમખો લટકાવીને ગૃહરાણી સામી આવે ત્યારે તમને થશેઃ 'હું પતિ નથી આ સ્ત્રી તે અન્ય છે, પર છે. હું ભિન્ન છું. આ સર્વ **પર પદાર્થ કર્મઅણુની જોગમાયા છે.**' પ્રિયાના સોનેરી ઝુલ્ફોમાં મોં સંતાડીને સુનાર જો અન્યત્વભાવના ભાવશે તો રાડ પાડીને બોલી ઊઠશેઃ '**હું કામાંધ-વિષયી નથી. હું તો અશરીરી, અભોગી, કેવળ શાંત મૌનનો બનેલો છું.**' શરદનો ચાંદ ઊગે છે, નીલસરોવર ચાંદનીમાં સ્નાન કરે છે, અને રાતું કમળ તેની વચ્ચે ઝોલાં ખાય છે. આવું સુંદર કાવ્ય જોનારને પણ **અન્યત્વભાવના સ્પર્શી** હશે તો તે **વિચારશે કે, આ બધું જોનાર આંખ ને સાંભળનાર કાન મારા નથી, પણ કાર્મિક અણુ પાસેથી ઊછીના લીધેલા છે. બધું જ પરપદાર્થ—કર્મના અણુની તોફાનમસ્તી છે. તે કાર્મિક અણુની છાતી ચીરનાર વાઘનખ રૂપ હું તો ચેતન છું—ત્રિલોકનો અનન્ય પતિ. અન્યત્વભાવના આવી ખુમારી પણ પ્રગટાવે છે.**

પ્રકરણ ત્રીજું

આ અન્યત્વભાવના જેમ જેમ ખીલતી જાય છે તેમ તેમ દેહાદિ પરનું મમત્વ ઘટતું જાય છે. બારે ભાવનાઓની એ જ ખૂબી છે. 'હું શરીર છું' તેવો દેહાત્મભાવ છોડાવવા માટે જ દરેક ધર્મ, તત્ત્વજ્ઞાન, નીતિના પ્રયત્નો છે. નહિ તો તેનું મૂલ્ય કડવી બદામ કે કાણી કોડીથી વિશેષ ન હોત.

ભગવાન મહાવીરનું જીવન ખરું પૂછો તો આ અન્યત્વ-ભાવનાનું જ જીવતું જાગતું આચરણ છે. ભગવાન મહાવીર એક વાર ધ્યાનસ્થ દશામાં સ્થિર ઊભા હતા ત્યાં કેટલાક વટેમાર્ગુઓ આવ્યા. ભગવાનના બે પગ વચ્ચે ચૂલો સળગાવ્યો અને તે પર તપેલી મૂકીને રસોઈ પકાવવા લાગ્યા. ભગવાન એટલે મૂર્તિમંત પૂર્ણ અન્યત્વભાવના. દેહભાવ હતો જ નહિ, તેથી શાંત અને સ્થિર ઊભા જ રહ્યા. સંસારપદાર્થોનો તમામ રાગ ત્યાં મૃત્યુ પામ્યો હતો કારણ સ્વ ને પરની ઓળખ ત્યાં હતી, પછી બાકી શું રહે ? માત્ર પ્રસન્નતા ને ગંભીરતા.

દરેકદરેક ક્ષેત્રમાં આ અન્યત્વભાવના સિદ્ધ થયા વિના કશું જ ફળ મળતું નથી—પછી તે રાજદ્વારી ક્ષેત્ર હોય, ગૃહજીવન ક્ષેત્ર હોય, સેવાનું સામાજિક ક્ષેત્ર હોય કે કોઈ પણ. જાણે કે અજાણ્યે **દેહાદિ પરનું મમત્વ ઘટ્યા વિના—દેહને પારકો માન્યા વિના માનવજીવનના કોઈ ક્ષેત્રે તે આગળ આવતો નથી.**

ભક્તિનું ક્ષેત્ર હ્યો. રાવણને મંદોદરીનો એક પ્રસંગ કેવો હૃદયસ્પર્શી છે! ભક્તિને ખીલવવા દેહનો મોહ રાવણને જતો કરવો પડ્યો.

વીતરાગની પ્રતિમા સામે રાણી મંદોદરી નૃત્ય કરી રહી હતી અને રાવણ બિન વગાડી રહ્યો હતો. જેમ જેમ આ સંગીત અને નૃત્યની મીઠાશ ઘેરી થતી ગઈ તેમ તેમ ભક્તિના અમાપ ઊંડાણ પ્રગટતાં ગયાં. એક બાજુ ભક્તનાં ખળભળ આંસુ તો બીજી બાજુ વીતરાગદેવનું નિર્લેપ સ્મિત. આંસુ ને સ્મિતનું આ કેવું મિલન! આ કેવી તો ભાવસૃષ્ટિ, જ્યાં મર્ત્યલોકની હાનિ ને દુઃખ નાસભાગ કરે છે. અચાનક રાવણની બિનનો તાર તૂટે છે; અને પરમ તત્ત્વની સંગીતમય આરાધનામાં અવરોધ ઉત્પન્ન થાય છે. 'શરીર તે હું છું' એ ભાન રાવણને હોત તો તરત બિન પછાડીને ઊભો થઈ ચાલી જાત, પણ ભક્તિના નશામાં 'શરીર તે હું નથી' એ અન્યત્વભાવના તેને સ્પર્શી અને જાંઘ ચીરીને શરીરની નસ કાઢી બિનના તારની જગ્યાએ જોડી દીધી. મંદોદરીના નૃત્યનો તાલ ચાલુ રહ્યો. ભક્તિ અખંડિત રહી. સંગીત ચાલુ રહ્યું. નૃત્ય ચાલુ રહ્યું. ભક્તનું રુદન પણ વણથંભ્યું ચાલુ રહ્યું. રાવણના ભક્તિભીનાં અશ્રુઓ કોઈ અગમ્યને ખોળે અદીઠને ઓવારે, અજ્ઞેયના ગર્ભમાં જઈને અટકયાં.

'શરીર તે હું નથી' એ ભાન રૂપ અન્યત્વભાવના પ્રકાશી ન હોત તો રાવણ કદી પણ તેની જાંઘ ચીરી ન શકત અને ભક્તિ અધૂરી રહેત. ભક્તિને સફળ કરવા ય અન્યત્વભાવનાની જરૂર રહે જ છે. જીવનના જુદા જુદા ક્ષેત્રમાં આ રીતે દેહનું

મમત્વ ઓગાળનાર અન્યત્વભાવના નથી આવતી ત્યાં સુધી કોઈ કશું જ મૂલ્યવાન આચરણ કરી નથી શકતું. દેહ પર મમત્વ ઓછું થયું કે જાણ્યેઅજાણ્યે અન્યત્વભાવના જ સીધી આડકતરી રીતે કાર્ય કરી રહી છે તે સમજવું રહ્યું.

રાજદ્વારી ક્ષેત્રમાં અન્યત્વભાવના કેવી રીતે કાર્ય કરે છે તે જુઓ.

પોલેન્ડના એક જાસૂસને જર્મનીએ પકડીને ત્રાસ છાવણીમાં નાખ્યો. તેની પાસેથી વિગતો જાણવા તે જાસૂસને ચાર ફૂટ પહોળી ને ચાર ફૂટ લાંબી ઓરડીમાં ગોંધી રાખવામાં આવ્યો, જ્યાં તે પગ પણ લાંબા ન કરી શકે. દર કલાકે તે ઓરડીનું હવામાન –૨૦° ની ઠંડીથી તે + ૧૨૦°ની ગરમી સુધી લઈ જવામાં આવતું. એક કલાક ધ્રુવપ્રદેશની ઠંડી, તો બીજા કલાકે રણ-પ્રદેશની આગ અનુભવવી પડતી. ગરમ ખદખદતું પાણી કીટલીમાંથી તેના મોંમાં રેડવામાં આવતું. જલદ તેજાબનો એનીમા તેને આપવામાં આવતો. એક વાર તો તેને આંખે પાટા બાંધીને ચોગાનમાં લઈ જઈ ઝાડ સાથે બાંધવામાં આવ્યો. સામે બંદૂકધારી સૈનિકો કતારબંધ ઊભા. પોલીસના વડાએ હુકમ કર્યો કે 'એક બે અને....' પણ તે ત્રણ ન બોલ્યો, કારણ કે તેને તો માત્ર ગભરાવીને જાસૂસ પાસેથી હકીકતો જ મેળવવી હતી. પણ તે જાસૂસ એકનો બે ન થયો કારણ શરીરની તેને પડી નહોતી. શરીર ગયું તો શું ? આવી જે **અણીશુદ્ધ નિર્મમત્વ બુદ્ધિ તેનામાં હતી તે શરીરને પારકું માન્યા વિના આવતી નથી.** અને એ રીતે તે જાણે કે અજાણ્યે થોડાક અંશમાં અન્યત્વભાવના જ પોષી રહ્યો હતો.

સૃષ્ટિ પરનું કોઈ સાહસ કે પરાક્રમ આ અન્યત્વભાવના સેવન વિના શકય નથી.

સામાજિક ક્ષેત્રમાં પણ દેહનું મમત્વ ઓછું થયા વિના— જે અન્યત્વભાવનાનું જ બીજું સ્વરૂપ છે—કોઇ સેવા થતી નથી. ફ્લોરેન્સ નાઇટીંગેલની વાત તો જાણીતી જ છે. અમીર કુટુંબની તે કન્યા માટે તે કાળે નર્સ થવું તે નટડી થવાથી પણ હલકું ગણાતું. છતાં તે નર્સ બની અને ક્રિમિયન યુદ્ધમાં અઢાર અઢાર કલાક બીમાર શરીરે દરદીઓની સેવાચાકરી કરી અને યુદ્ધના મેદાન પર મરણપ્રમાણ જે ૮૦ ટકા હતું તે ૧૦ ટકા કર્યું. તેજસ્વી સ્નેહદીપિકા– Lady with the lamp–ના વહાલ-સોયા નામથી તે પ્રખ્યાત થઇ. 'શરીર તે હું છું.' એમ માનીને શરીરની આળપંપાળ કરવામાં તે રહી હોત તો તે સેવાની સિદ્ધિ કદાપિ ન પામત. અન્યત્વભાવનાનો અજાણતાં ય તેના પર પ્રભાવ ન પડયો હોત તો શરીરને પારકું ગણ્યું તે ન ગણી શકત. આ રીતે અન્યત્વભાવના સામાજિક સેવાના ક્ષેત્રમાં પણ ઉપયોગી થાય જ છે.

શેરપા તેનસિંગ ચોમાલુંગ્માના શિખર પર ચઢી શકયો ત્યારે પણ તેને દેહનું મમત્વ તો ઓછું કરવું જ પડેલું. ચોમા લુંગ્માનો અર્થ છે જ્યાં પક્ષીઓ ઉડી શકતા નથી તેવું શિખર. આટલે ઊંચે કેમ જવાય છે તેનો ખ્યાલ બીજે માળ પણ લિફ્ટમાં ચઢઊતર કરનાર એવા આપણને નહિ આવે. ત્યાં ઠંડી તો એટલી બધી હોય કે રાત્રે થીજી ગયેલ બૂટને સવારે પહેરવાયોગ્ય બનાવવા માટે સ્ટવ પાસે બે કલાક ગરમ કરવા પડતા. આવી ઠંડીમાં, ઉપરથી બરફના મોટાં ચોસલાં ધસી

આવતાં હોય ત્યારે ૨૯૦૦૦ ફિટની પાતળી હવામાં ઓકસીજન સિલીન્ડર ને બરફની કૂહાડી ઊંચકીને જવું અને કેડ પરથી મૃત્યુનો હાથ હડસેલીને દુનિયાના ઊંચામાં ઊંચા શિખર પર સૌપ્રથમ પગ મૂકવો તે અદ્વિતીય વીરતા છે. **પણ જ્યાં સાહસ, વીરતા પરાક્રમ છે, ત્યાં શરીરનો મોહ ઘટેલો જ હોય છે; ને જ્યાં શરીરનું મમત્વ ઘટ્યું છે, ત્યાં 'શરીર તે હું નથી' એ જ્ઞાન કાર્ય કરે જ છે. બીજા શબ્દોમાં અન્યત્વભાવના જ ત્યાં હોય છે—જાણે કે અજાણે.**

નંદલાલ બોઝનું સતી પદ્મિની ચિત્ર કદાચ તમે જોયું હશે. તે સતીના મુખ પર એવો તો તેજપુંજ બોઝે મૂકયો છે કે તેના ચહેરા પર નજર મૂકતાં આંખ મીંચાવા માંડે. રાજપૂત જૌહર કરતી, પતિની ચિતામાં બળી જઈને ગૃહજીવનની પવિત્રતા ને પ્રજાનું લોહી શુદ્ધ રાખતી. એ પ્રથા ભલે જુલમી ને અમાનુષી હોય, પણ તેની પાછળ એક સત્ય છે કે દેહાદિનું મમત્વ જો ઓછું થાય તો જ અગ્નિમાં બળવાની વીરતા પ્રગટે છે. 'શરીર તે હું છું' એ ભાન મજબૂત હોત તો તેઓ બળવાની હિંમત ન કરત, શરીરનું જ સુખ જોત. જાપાની લોકો પણ મરી જતાં હારાકીરી કરતાં, એટલે કે ખંજર વડે પોતાનો બખાથી પેટ સુધી ચીરો પાડી આંતરડાં બહાર કાઢતાં. જ્યાં કાંઈ પણ સાચું ખોટું સાહસ, પરાક્રમ, વીરતા છે ત્યાં 'દેહ તે હું નથી' એ થોડું કે પણ શુદ્ધઅશુદ્ધ ભાન હોય છે અને તેટલે અંશે અન્યત્વભાવના તો ત્યાં સિદ્ધ થઈ જ છે—પછી ભલે અજાણતા હોય. જીવનના જુદા જુદા સર્વ ક્ષેત્રમાં આ પ્રમાણે છે.

જાપાનમાં જ્યારે સૈકાઓ પહેલા **તાંપો ખેંચવા** માટે દોરડાં નહોતાં ત્યારે ત્યાંની સ્ત્રીઓએ પોતાના સુંદર લાંબા કેશ કાપીને તેમાંથી દોરડા બનાવ્યાં હતાં. **કેશમુંડન કરવામાં ય દેહ પરનું મમત્વ તો ઘટવું જ જોઇએ અને 'દેહ 'પર' છે' તેવા ભાન વિના તે શક્ય નથી.**

પ્રાચીન સમયમાં ફોર્મોસાના ટાપુને કર્પૂરદ્વીપ કહેવાતો. તે કાળે હિંદમાંથી કેટલાક સાહસિક વણિકો ત્યાંથી કપૂર લાવવા વહાણમાં જતા. દરિયામાં તોફાન થતાં ચાંચિયાઓ આવતા. વાંભવાંભ મોજાંઓ ઊછળતાં છતાં ઘરબાર ને બૈરીછોકરાં મૂકીને હજારો માઈલ દૂર તેઓ જતા. શરીરનો મોહ ઓછો કર્યા વિના આ શક્ય નહોતું. કોઈ પરાક્રમ કે સાહસ, વીરતા કે પુરુષાર્થનું પણ એમ જ છે. આવા પ્રસંગોએ અજાણતાં ય અન્યત્વભાવનાનું સેવન થઈ જતું.

આજનું વિજ્ઞાન જે સિદ્ધિને પામ્યું છે તેની પાછળ પણ એ જ અન્યત્વભાવના રહેલી છે. દેહભાન ભૂલીને પ્રયોગમાં રચ્યાપચ્યા રહેતા વૈજ્ઞાનિકો એ કારણે જ સિદ્ધિને પામ્યા છે. તેઓ નવી નવી દવાઓના અખતરા પોતાના પર જ કરે છે. શનિ કે ગુરુમાં ઊતરાણ કરવા માટે તેઓ પડાપડી કરે છે. રૉકેટમાં માનવમૂત્ર પીવાના વૈજ્ઞાનિક સૂચનો પણ અમલમાં મૂકવા તૈયાર થયા છે. મૃત્યુ તો તેમને ડાબા હાથનો ખેલ લાગે છે. રમૂજી ટુચકા જેવું લાગે છે. આ બધું, કાં ? પણ **શરીરાદિ પરપદાર્થ પર મમત્વ ઘટયા વિના તે થતું નથી. એટલું ખરું છે કે તેઓમાં ધ્યેયશુદ્ધિ**

નથી તેથી અન્યત્વભાવનાની જે વાસ્તવિક શુદ્ધ અસર થવી જોઈએ તે થતી નથી. છતાં પ્રત્યેક અધ્યાત્મિક પદાર્થ ભલે થોડો અશુદ્ધ હોય તો પણ તે તેનો થોડો ઘણો પ્રભાવ તો પાડે જ છે. અને તેથી સાહસ, પરાક્રમ ને વીરતા પ્રગટાવે છે.

પ્રકૃતિનું એ એક ગણિત છે કે જેટલું દેહભાન —Body-consciousness-ઘટે તેટલું આત્મભાન વધે અને આત્મભાન વધે તેટલું દેહભાન ઘટે (Body-consciousness varies inversely with Soul consciousness). સર્વ સંતપુરુષોમાં આત્મભાન સોળે કળાએ પ્રકાશતું કારણ તેમનું દેહભાન સર્વાંશે જતું રહ્યું હતું; **અને અન્યત્વભાવના સિવાય દેહભાન નષ્ટ કોણ કરશે ? હું આ શરીરાદિ પરપદાર્થથી ભિન્ન છું એ ભાન પ્રગટ્યું કે હું શુદ્ધ આત્મસ્વરૂપ છું એ ભાવ આપોઆપ આવશે.**

આપણાં શાસ્ત્રોમાં શાલિભદ્રજીની વાત તો સૌ કોઈ જાણે છે. અત્તરના હોજ સિવાય તેમણે કયારેય સ્નાન કર્યું નહોતું. બત્રીસ બત્રીસ સુકુમાર પત્નીઓનાં રક્તાધર બિંબ સિવાય બીજું કંઈ પાન કર્યું નથી. શયનગૃહના વિલાસી વાતાવરણ સિવાય બહાર શ્વાસ પણ ખેંચ્યો નથી. આ જ શાલિભદ્રની મોહનિદ્રા ઊડે છે ત્યારે સંસારમાંથી પોતાની જાતને ખેંચી લઈને—જે કાંઇ પારકું છે તેમાંથી પોતીકું તારવી લઈને—'અન્ય'થી અન્યત્વભાવ કેળવીને વૈભારગિરિ પર અધ્યાત્મિક મોરચો માંડે છે. તપશ્ચર્યાથી કાયા એવી તો શોષે છે કે ચાલે

છે તો હાડકાં ખખડે છે—જાણે સગડી ઘસડતા હોય, તેવો અવાજ આવે છે—આવું વર્ણન શાસ્ત્રમાં આવે છે. **દેહને આત્માનું—સ્વને પરનું—જીવ ને પુદ્ગલનું પૃથક્કરણ તેઓ કરી શકયા તો જ આ શકય બન્યું. અન્યત્વ-ભાવનાનો જ પ્રભાવ તેમના જીવનને ઉન્નત કરવામાં સહાયક થયો.**

સર્વ ધર્મના સંત–મહાત્માઓમાં આ રીતે અન્યત્વભાવના પ્રભાવ નાખી રહી છે.

ભગવાન બુદ્ધ શ્રાવસ્તીના જેતવનમાં આમ્રઘટા નીચે બેઠા છે. વર્તુળાકારે નીચે શિષ્યપરિવાર નતમસ્તકે બેઠો છે. બુદ્ધના મુખકમળ પર અવિચલ શાંતિ છે. આ શાંતિ એવી તો ઊંડી છે કે જેમાં પાપીઓનાં પાપ પણ તરી શકે. તેમની આંખમાં ઊંડી વેદના હતી, કારણ દુનિયાનું દુઃખ તેમણે પોતાનું માન્યું હતું; આનંદ પણ હતો, કારણ દુનિયાના દુઃખનો અંત લાવે તેવી વસ્તુમાં તેઓ માનતા હતા. ગુરુદેવની ઉપદેશધારા ઝીલવા શિષ્યો તૈયાર થઈ બેઠા હતા. ત્યાં તો નજીકના વૃક્ષ પર એક કઠિયારાએ કુહાડાથી ઘા કરવા શરૂ કર્યા. બુદ્ધનાં મૃદુ વચનો સાંભળવાની અપેક્ષા રાખતા શિષ્યોને કુહાડાના ઘાનો અવાજ કર્ણકટુ લાગ્યો—જાણે કે બુલબુલના ગાનને બદલે ગર્દભનાદ સાંભળવા મળ્યો ! બુદ્ધ આ બધું સમજતા હતા તેથી મૃદુતાથી હસ્યા. આવા રોજના પ્રસંગોમાંથી તત્ત્વજ્ઞાન ઊભું કરવા તેઓ ટેવાયા હતા તેથી બોલ્યા: "હે આનંદ ! આ વૃક્ષ પર કઠિયારો ઘા કરે તેથી તને વેદના થાય છે ?"

"ના ગુરુદેવ!"

"શાથી હે આનંદ! તને દુઃખ થતું નથી?"

"કારણ હે ભદન્ત! હું તે વૃક્ષથી ભિન્ન છું, અન્ય છું, હું તે વૃક્ષ નથી. તેથી કુહાડાના ઘા મને વાગતા નથી."

"જેમ તું તે વૃક્ષ નથી તેમ હે આનંદ! તું શરીર પણ નથી, પંચમહાસ્કંધ પણ નથી, તું આ સર્વથી ભિન્ન છે. આ ભાવના જ દુઃખનાશનો એકમાત્ર ઉપાય છે."

સ્વ-પરનું ભેદવિજ્ઞાન જ જૈનોની અન્યત્વભાવના છે. દ્રવ્યાનુયોગનો સાર છે. એક શરીરને જુદું માન્યું કે તેની સાથે સંકળાયેલા સર્વ પદાર્થો આપોઆપ જુદાં થઈ જાય છે.

મહમ્મદ પયગમ્બરે પણ આ અન્યત્વભાવનાનો જ એક અર્થમાં પ્રચાર કરેલો. તેઓ કહેતા હતા કે મૂર્તિને તોડી નાખો. સ્યાદ્વાદની દૃષ્ટિએ એક દૃષ્ટિકોણથી તેઓ ખરા હતા. મૂર્ત એટલે ઇંદ્રિયગાહ્ય ગુણો. તે જ્યાં રહે તે મૂર્તિ. અતીંદ્રિય આત્મામાં પ્રવેશે તો આવી મૂર્તિઓને—પૌદ્ગલિક કૃતિઓને—તોડવાથી જ થાય. કલ્યાણમંદિરના **ચિન્મય યુગલને પામવું હશે તો— મૂર્તિઓનો— પૌદ્ગલિક ઇંન્દ્રિય ગાહ્ય ગુણોનો—માનસિક દુનિયામાં નાશ કરવો જ પડશે. સ્યાદ્વાદની દૃષ્ટિએ આ અર્થમાં મહમ્મદ સાચા હતા. જીવથી પુદ્ગલને જુદો કરીને અન્યત્વભાવના ભાવવાની જ વાત કરતા હતા.**

આપણામાં કાઉસ્સગને આભ્યંતર તપ કહેલ છે. તેમાં મૂળ તો કાયભાવનો ઉત્સર્ગ—ત્યાગ જ આવે છે. માત્ર 'હું દેહ છું' તે ભાન જ નહિ પણ દેહ સાથે સંકળાયેલ તમામ પદાર્થો સાથેનું અભેદ ત્યાં તોડવાનું છે. આ કાઉસ્સગ માટે શાસ્ત્રમાં એક સુંદર કથા છે.

એક રાજાએ અભિગ્રહ કરેલ કે આ દીવામાંનું ઘી બળી રહે ત્યાં સુધી હું ધ્યાનમાં રહીશ. દીવામાં ઘી એક પ્રહર ચાલે તેટલું હશે. ઘી ખૂટે પછી જ કાઉસ્સગ પાળીશ એ સંકલ્પ કરી સ્થિરપણે ધ્યાનમાં આરૂઢ થયા—કાઉસ્સગમાં હું આ સર્વ સંસાર પદાર્થોથી ભિન્ન છું એ પ્રતીતિ અનુભવવા મથી રહ્યા હતા.

એક પ્રહર વીત્યો. ઘી ખૂટવા આવ્યું. રાજા ધ્યાન સમાપ્ત કરવાની અણી પર છે ત્યાં દાસી આવી. દાસીએ વિચાર્યું કે, અરે! રાજાસાહેબ ધ્યાનમાં છે અને દીવામાં ઘી તો ખૂટવા આવ્યું છે માટે લાવ નવું ઘી નાખું. રાજાનું ધ્યાન લંબાયું. બીજા પ્રહરે ઘી ખૂટવા આવ્યું કે દાસી આવીને નવું ઘી નાખી ગઈ. રાજાનું ધ્યાન લંબાયા કર્યું. પ્રભાતકાળ સુધી આમ ચાલ્યું. રાજા પ્રાતઃકાળ સુધી કાયભાવનો ત્યાગ દૃઢ કરવા સતત યુદ્ધ આપી રહ્યા પણ આખરે ધ્યાનના અતિ પરિશ્રમથી તેમનું મૃત્યુ થયું. રાજા ગયા, રાજ્ય ગયું, પણ રાજા જાગૃતિ ને શાંતિનું એક એવું અમર કિરણ પરલોકમાં લઈને ગયા જે સિદ્ધ-શિલાની બીજકળીમાંથી પ્રગટયું હતું. એ કિરણ રાજાએ સતત ભાનમાં રાખતું હતું કે **'તું આ સર્વથી ભિન્ન છે. સંસાર તે તું નથી, સિદ્ધશીલા તે તું છે.'** પુદ્ગલ,

અવકાશ અને કાળથી હું સર્વથા ભિન્ન આત્મપદાર્થ છું એ ભાન જો કાઉસ્સગમાં ન પ્રગટે તો માત્ર ઝોકાં જ ખાધા કહેવાય ને ? રાજનો કાઉસ્સગ ફળ્યો કારણ, હું સર્વથી ભિન્ન છું એ વિચાર તીવ્ર ને એકાગ્ર બની ભાવના બન્યો અને કાઉસ્સગમાં તે ભાવના તીવ્ર ને એકાગ્ર બનીને ધ્યાન અને લય બની. **આ લયયોગ એટલે જ સ્વાનુભૂતિ, 'પર'નો ત્યાગ ને 'સ્વ'નો અનુભવ—જે અન્યત્વભાવનાની પરાકાષ્ઠા છે.**

યોગીરાજ આનંદઘનજી આબુની દુધિયા ગુફામાં પ્રવેશતાં નાભિમાંથી આકાશ કંપાવતો પ્રણવનાદ કરતા હશે અને એકાદ સૂનેલ સિંહયુગલ ઝબકીને તેમને હડસેલી બીકનું માર્યું ગુફામાંથી બહાર નાસી ગયું હશે ! આનંદઘનજી અધ્યાત્મના નશામાં ચકચૂર ઊંઘા પડયા હશે ત્યારે ય બેપાંચ સિંહ કે વાઘ પૂછડી પછાડતા બહાર ભમતા હશે. **શરીરને સિંહ કદાચ ફોલી ખાય તો ય શું ? શરીર મારું નથી, આત્મા તો હજારો વાઘસિંહોને ખોળામાં સુવાડીને હાલરડું ગાય તેવો મહાન છે. આવી અન્યત્વભાવના પ્રગટયા વિના આવી સિદ્ધિ પ્રાપ્ત થાય ખરી ?**

શ્રીરમણ મહર્ષિ એક વાર વિરુપાક્ષ ગુફામાં સાધના કરવા જતા હતા. રસ્તામાં તેમનો હાથ ડાળી પર લટકતા એક મધપૂડાને લાગી ગયો. આ ભૂલનું પ્રાયશ્ચિત તો લેવું જ જોઇએ એમ વિચારીને તેઓ ત્યાં જ ઊભા રહ્યા. મધપૂડાની માખીઓએ જ્યાં સુધી તેમનું શરીર ચાળણી જેવું ન કર્યું ત્યાં સુધી તેઓ ત્યાં જ ઊભા રહ્યા. **'શરીર તે હું નથી !'** આ

અન્યત્વભાવના ન હોત તો શ્રીરમણ આ રીતે ઊભા રહી શકત ? અને શરીર 'પર' માન્યું એટલે શરીર સાથે સંકળાયેલ સર્વ પદાર્થોને પારકા માન્યા. આનું નામ જ અન્યત્વભાવના.

સંત તુકારામનાં પત્ની ગુજરી ગયાં ત્યારે આનંદથી ઊછળીને તેઓ બોલ્યા: 'વિઠો ! તુઝે માઝે રાજ.—હે વિઠ્ઠલ ! તારું ને મારું રાજ્ય આજથી શરૂ થયું !' સ્ત્રી મર્યાનો તેમને અફસોસ નહોતો કારણ સ્ત્રીને તેમણે પોતાની માની નહોતી, **'સ્વ'ના વિભાગમાંથી ખસેડીને 'પર'ના આનામાં મૂકી હતી. આવું સ્વ-પરનું વિભાજન કરી જાણે તે જ સંત.**

જગવિખ્યાત હબસી મહાપુરુષ બુકર ટી૰ વૉશિંગ્ટન એકવાર કૉલેજમાં વ્યાખ્યાન આપતા હતા ત્યારે તેમના મિત્રે તેમના કાનમાં ધીમેથી કહ્યું કે, 'જે બૅંકમાં તમે તમારી સઘળી મૂડી રોકી હતી તે બૅન્ક ફડચામાં ગઈ છે ને તમે પાયમાલ થયા છો.' વૉશિંગ્ટન આ સાંભળીને પળભર થંભ્યો. સહેજ બેફિકરું હસીને વ્યાખ્યાન ચાલુ રાખ્યું. મિત્ર તો આભો જ બની ગયો. તે જોઈ બુકર ટી૰ વૉશિંગટન તેના કાનમાં બોલ્યો: **'દોસ્ત ! બિલકુલ કયાં મારી હતી ! જ્ઞાન જ મારી ખરી મૂડી છે !' ધનવૈભવને તેમણે પારકાં ગણ્યા હતાં ને જ્ઞાનને પોતીકું માન્યું હતું. અહીં પણ સ્વ-પરનો વિભાગ ! આવો વિભાગ કર્યા વિના કોઈ મહાનતા પામી શકતું નથી.**

દરેક મહાપુરુષ આ રીતે પરપદાર્થ પ્રત્યે વિરક્તભાવ અનુભવે છે. એ વીતરાગતા જ—નાને કે મોટે અંશે તેની આધ્યાત્મિક મૂડી છે, તેની મહાનતા છે.

દરેક સંત પુરુષ અન્યત્વભાવના એક યા બીજી રીતે આ પ્રમાણે વિચારતો જ હોય છે કે, 'સારો સંસાર જે ધાતુનો છે તેનાથી મારા આત્મપદાર્થની ધાતુ જુદી જ છે. સંસાર કરુણ છે, હું આનંદમય છું; સંસાર સૂકાં ઝાડઝાંખરા રૂપ છે, તો હું અગ્નિદેવતા છું; સંસાર કાચનું ઘર છે, તો હું લોખંડી ગોળો છું; સંસાર મીઠાની ગાંગડી છે, તો હું અમૃતનો કુંભ છું; સંસાર આંસુઓથી ભરેલો અંધારો કૂવો છે, તો હું પ્રસન્નતાથી ઘૂઘવતો ચેતનસિંધુ છું; સંસાર મહાકાળનું ખપ્પર છે જ્યાં સર્વ કોઈ હાડપિંજર બને તો, હું છું કાળ અને અવકાશને બે આંગળી વચ્ચે પીસનાર અજોડ પુરુષ છું.' આ રીતે મહાપુરુષો જડ સંસારથી નિજત્વને ભિન્ન કરે છે. તેઓની સાધના આ માટે જ હતી. **સંતપુરુષો રમત નહોતા કરતા, વેપાર નહોતા કરતા, સાધના કરતા હતા.** અન્યત્વભાવનામાં જે ભાવના એવો શબ્દ છે તે આ પ્રકારની સાધના જ બતાવે છે. **પ્રિય વસ્તુ પાછળ ફના થવું તે સાધના છે.**

ઇંગ્લેંડનો એક મોટો લૉર્ડ તેના પુત્રને એક અજોડ વાયોલીન વગાડનાર પાસે લઈ ગયો, અને કહ્યું: 'મારા પુત્રને બરાબર તમારા જેવું વાયોલીન વગાડતાં શીખવી દો. તમે જાણો છો કે જ્યાં બીજાઓ પાવલી ઉછાળશે ત્યાં હું સોનામહોરો ઉછાળીશ. બીજાઓને ત્યાં જેટલી જૂનાં છાપાંની પસ્તી છે તેટલા મારે ત્યાં નોટોના બંડલ છે.' વાયોલીન વગાડનાર વેદનાભર્યું હસ્યો. પલભર તેને થયું કે આ મૂર્ખ માનવને શો જવાબ આપવો ? આખરે કડવો ઘૂંટડો ગળીને તે બોલ્યો કે, 'નામવર ! આ વાયોલીન પર રોજના દસ-બાર કલાક સતત

વીસ વર્ષથી હું રીયાઝ કરું છું; એક પણ દિવસ હું ચૂક્યો નથી. સંગીતની મારી સાધના છે. માત્ર ચલણી નોટોથી મારું સંગીત ખરીદાતું નથી કારણ મારા હૃદયની તમામ આગ અને જીવનસત્ત્વનું છેલ્લું બિંદુ તેમાં મેં રેડ્યું છે.' પેલા ગરીબ બિચારા ઉમરાવને શું ખબર કે સાધના શી વસ્તુ છે? કેટકેટલાં કારમા **મંથન ને મથામણ પછી—કેટકેટલા આત્મભોગ વડે ધ્યેય સાકાર થાય છે.**

અન્યત્વભાવનામાં જે ભાવના શબ્દ છે તે આવી સાધના બતાવે છે. 'હું કોણ છું?' એ **સ્વાનુભૂતિ માટેની ફનાગીરી તે આ ભાવના શબ્દમાં છે.**

સાધના કે ભાવના તે આવી ઉમદા વસ્તુ છે. સાધના કયારેય પૂછતી નથી કે મને મહેનતાણું શું મળશે? કેટલા અવરોધો મારે ઓળંગવાના છે? મારી મજલ કેટલી લાંબી છે? આ બધું સાધના પૂછતી નથી. ધ્યેય પ્રત્યે તે અકળ આકર્ષણ અનુભવે છે અને તેમાંથી તેની અસ્ખલિત ગતિ ઉત્પન્ન થાય છે. સાધના નફા-નુકસાનનો હિસાબ નથી કરતી. સાધના તો એક જ વસ્તુ જાણે છે કે ધ્યેય વિના તે જીવી નહિ શકે; અને તેથી જ તે ધ્યેયની સતત નજીક જવા મથ્યા રહે છે. મરવું ને કુરબાન થવું તે સાધના માટે આકરું નથી, પણ ધ્યેયથી વિખૂટું પડવું તે તેના માટે અશક્ય છે. આની સાધનાનું બીજું નામ ભાવના છે. હું આ સંસારપદાર્થોથી સર્વથા ભિન્ન છું એવી પ્રતીતિ માટે થતી સાધના તે છે અન્યત્વભાવનાનું આચરણ. આરાધના-સાધનાનું બીજું નામ જ ભાવના.

પ્રકરણ ચોથું

દેહ ને આત્મા ભિન્ન છે એ સમજાય તો સંસારના તમામ પદાર્થો આત્માથી ભિન્ન છે તે આપોઆપ સમજાય. આથી જ 'દેહ તે હું છું' તેવો દેહાત્મભાવ તોડવા માટે આટલો બધો ભાર તપશ્ચર્યાદિ પર મૂકવામાં આવે છે. દેહ ને ચેતનની જુદી જુદી ભૂમિકાઓ સમજવાથી જીવ ને પુદ્ગલ ભિન્ન છે તેનું ભાન થશે.

એક બાજુ દેહની ત્રણ ભૂમિકા—બાળ, યુવાન ને વૃદ્ધ આપણે જોઇએ. ત્યાં જુદી જુદી વિશેષ ભૂમિકાઓ નથી કારણ દેહમાં ઊંડાણ નથી, જડ તે આખરે જડ છે, પણ આ દેહથી ભિન્ન ચેતન છે, ને તેની તો અનેકાનેક ભૂમિકાઓ છે. ત્યાં તો પૅસિફિક મહાસાગરનું ઊંડાણ છે, જ્યારે દેહ તો પથ્થરના ચોસલા જેવો છે—જ્યાં કોઇ ઊંડાણ નથી. **જેમ જેમ જડ પદાર્થથી હું ચેતનતત્ત્વ ભિન્ન છું એ ભાન વધતું જાય છે તેમ તેમ ચેતનની ભૂમિકાઓ ઉત્તરોત્તર ઊંચી વધતી જાય છે. યોગવિદ્યા તે બીજું કશું જ નહિ પણ આ ચેતનભૂમિના પડતું સંશોધન.** આ ભિન્ન અનેકાનેક ભૂમિકાઓ તે ચેતનની જ એક માત્ર મૌલિક વિશિષ્ટતા છે, જડની નહિ, એ વસ્તુ પુરવાર કરે છે કે જડથી ચેતન ભિન્ન છે અને એ રીતે અન્યત્વભાવનાનું પોષણ કરે છે.

યોગીશ્વર હેમાચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં ચેતનની ચાર ભૂમિકાઓ બતાવી છે : (૧) વિક્ષિપ્ત (૨) યાતાયાત (૩) સુશ્લિષ્ટ (૪) સુલીન. વિક્ષિપ્ત ભૂમિકામાં જીવ પુદ્ગલ સાથે સંમિશ્રિત છે અને જડથી પ્રભાવિત છે. યાતાયાત ભૂમિકામાં જડનો પ્રભાવ થોડોઘણો મંદ પડે છે. સુશ્લિષ્ટમાં જડ સાથેનો સંબંધ ધ્યાન-દશામાં લગભગ ખલાસ થઈ જાય છે અને સુલીન દશામાં ચેતન જડથી તદ્દન જુદું થઇ જાય છે—સૂકા નાળિયેરમાં કોપરાનો ગોળો ખખડે તેમ. **આનું નામ સ્વાનુભૂતિ,** જે અન્યત્વભાવનાની પરાકાષ્ટા છે.

આચાર્યપ્રવર હરિભદ્રસૂરીજીએ ચેતનની આઠ ભૂમિકાઓ યોગદૃષ્ટિસમુચ્ચયમાં આપી છે જેનાં નામ મિત્રા-તારા બલાદિ છે. 'હું ચેતન પરપદાર્થથી ભિન્ન છું' આ ભાન (સદ્બોધ અને સદ્વીર્ય) શરૂઆતમાં ઘાસના અગ્નિ જેવું, પછી છાણના, લાકડાના, રત્નની, દીવાના, તારાના ને સૂર્ય–ચંદ્રના પ્રકાશ જેવું ક્રમશઃ વધતું જાય છે તેને લક્ષ્યમાં રાખીને ચેતનની આઠ ભૂમિકાઓ રચી છે. અન્યત્વભાવનાની વધુ ને વધુ પુષ્ટિ સાથે જ ચેતનની ભૂમિકા (Law of gradation) ઉત્તરોત્તર વધતી જાય છે. જો ચેતન જડથી ભિન્ન ન હોત, જીવ તે પુદ્ગલ જ હોત તો ચેતનમાં આવું અધ્યાત્મિક ઊંડાણ કયાંથી આવે? તેની આટલી આટલી ભૂમિકાઓ કયાંથી હોય?

ભગવાન ઉમાસ્વાતીજીએ શ્રીતત્વાર્થસૂત્રમાં ચેતનની પાંચ ભૂમિકા બતાવી છે : (૧) ઔદયિક (૨) ઔપશમિક (૩) ક્ષાયોપશમિક (૪) ક્ષાયિક (૫) પરિણામિક. ઔદયિક ભૂમિકા એટલે પરપદાર્થમાં ખોવાયેલ ચેતન–પુદ્ગલના વજ્રમંધમાં

ઝકડાયેલ જીવ, પ્યાલામાં રહેલ મલિન જળ. અને ક્ષાયિક ભૂમિકા એટલે નિર્મળ પારદર્શક જળ—જડથી મુક્ત ને પૂર્ણ સ્વાતંત્ર્યથી દીપતું ચેતન. બીજી ક્ષાયોપશમિક ને ઔપશમિક ભૂમિકાઓ વચલી છે. આ ભૂમિકાભેદ પાછળ પણ 'સ્વ–પર'ના વિભાગ જેટલા વધુ વિશદ કહી શકાય તેટલી ભૂમિકા ઊંચી તે જ સિદ્ધાંત કાર્ય કરી રહ્યો છે અને એ રીતે અન્યત્વભાવનાનું જ મહત્ત્વ ગવાયું છે.

હિંદુઓના યોગવાશિષ્ટ ગ્રંથમાં ચેતનની જ્ઞાન ને અજ્ઞાનમૂલક ચૌદ ભૂમિકાઓ જાગ્રત, સ્વપ્નજાગ્રત, જાગ્રત-સ્વપ્નાદિ આપી છે, જેમાં જ્ઞાનનો અર્થ જડ અને ચેતન સ્વ અને પર—જીવ અને પુદ્ગલના વિભાગ કરવાની આવડત જ લેવાયો છે. **ચેતન જેટલું પરપદાર્થ સાથે દૂરપણું અનુભવે છે તેટલી તેની ભૂમિકા ઉન્નત બને છે.**

ગીતામાં ચેતનની નવી જ પાંચ ભૂમિકાઓ બતાવી છે: (૧) ઉપદ્રષ્ટા (૨) અનુમંતા (૩) કર્તા (૪) ભુક્તા (૫) મહેશ્વર. આ પાંચે ભૂમિકામાં દેહાદિથી ભિન્ન પરમાત્મશક્તિનું ક્રમબદ્ધ અવતરણ સમજાવાયું છે. આ એક પછી એક ભૂમિકામાં જીવદ્રવ્ય પરમમંગલ શક્તિ સાથે કેમ વધુ ને વધુ અભેદ અનુભવે છે અને સંસાર પદાર્થથી કેમ વધુ ને વધુ ભેદ અનુભવે છે–બીજા શબ્દોમાં અન્યત્વભાવનાનું પ્રગટીકરણ કેમ કરે છે તે બતાવાયું છે.

વેદાંતમાં ચેતનની પાંચ ભૂમિકાઓ બતાવવામાં આવી છે: (૧) અન્નમય કોષ : જ્યાં શરીરને પ્રધાન ગણી અન્નને

બળ માનવામાં આવ્યું છે. (૨) મનોમય કોષ (૩) પ્રાણમય કોષ (૪) વિજ્ઞાનમય કોષ (૫) આનંદમય કોષ: જ્યાં અન્યત્વ-ભાવનાની પરાકાષ્ટા છે કારણ આનંદસ્વરૂપ બ્રહ્મને જ 'સ્વ'નું સ્વરૂપ માનવામાં આવ્યું છે. જ્ઞાન ને આનંદ સિવાય અન્ય સર્વકાંઈ આનંદમય કોષમાં પારકું બને છે.

શ્રી અરવિંદ ઘોષે તેમની મૌલિક રીતે ચેતનની પાંચ ભૂમિકા જણાવી છે: (૧) દૈહિક ભૂમિકા-Physical level (૨) પ્રાણિક ભૂમિકા–Vital level (૩) માનસિક ભૂમિકા–Mental level (૪) નૈતિક ભૂમિકા–Moral level (૫) આધ્યાત્મિક ભૂમિકા–Spiritual level.

દૈહિક ભૂમિકામાં દેહ શોષક બને છે અને આત્મા શોષિત. દેહના સુખમાં જીવ પોતાનું સુખ શોધે છે. પછીની ભૂમિકામાં જડ-ચેતનનો અભેદ તૂટતો જાય છે અને છેલ્લે અધ્યાત્મિક ભૂમિકામાં તો જડમાત્ર પડછાયો છે, પડઘો છે ને ચેતન સિંહનાદ.

જીવ નિજત્વનું સ્વાનુભૂતિનું એવું તો સામર્થ્ય અનુભવે છે કે પરપદાર્થ સાથેના તમામ સંબંધો ખતમ થઈ જાય છે–જેનું બીજું નામ અન્યત્વભાવનાની સિદ્ધિ.

બૌદ્ધ મતવાળાઓએ ચેતનની સાત ભૂમિકાઓ માની છે જેમાં પણ તત્કાળ જાત વછેરાથી માંડી પૂર્ણ વૃષભની ઉપમા આપી અન્યત્વભાવનાની પુષ્ટિ સાથે સકદાગામી (સાત જન્મ બાકી) અકદાગામી (એક જન્મ બાકી) વગેરે ભૂમિકાઓ કલ્પી

છે. દેહથી હું ભિન્ન છું એ ભાન વધતાં જ અધ્યાત્મિક પુખ્તતા (Spiritual Maturity) વધતી જાય છે ને ભૂમિકાઓ ઉત્તરોત્તર ઓળંગાતી જાય છે.

આજીવિક મતે પણ ચેતનની આ જ અન્યત્વભાવનાના ધોરણે મંદખટ્ટથી માંડી જીન ને પન્ન સુધીની ભૂમિકાઓ કલ્પી છે.

આજના મનોવિજ્ઞાન–psychologyએ ચેતનની ત્રણ ભૂમિકા માની છે : (૧) Cognative (૨) Connative (૩) Affective. પહેલી ભૂમિકા જાણે છે, બીજી ઇચ્છાશક્તિથી નિર્ણય કરે છે અને ત્રીજી કાર્યમાં પ્રવૃત્ત બનનારી છે.

યોગવિદ્યામાં ચેતનની ત્રણ ભૂમિકા છે : (૧) જ્ઞચેતના (૨) કર્મચેતના (૩) કર્મફલ ચેતના. જ્ઞચેતના તો કેવલ જોનાર અને જાણનાર–આપણું સ્વત્વ છે, જ્યારે કર્મચેતના વસ્તુ–પદાર્થને જાણ્યા પછી થતાં રાગદ્વેષ છે, જે પરપદાર્થ છે. અને કર્મફલ-ચેતના તે રાગદ્વેષ થતાં અનુભવાતાં સુખદુઃખ છે યોગવિદ્યાનું ધ્યેય કર્મચેતના અને કર્મફલચેતના–જે પરપદાર્થ છે, તેનો સદંતર નાશ કરી માત્ર જ્ઞચેતનામાં જઈ વસવાનું છે.

શ્રી વિનોબા ભાવે ચેતનની ચાર ભૂમિકા બતાવે છેઃ (૧) દેહસંબદ્ધતા (૨) દેહવ્યતિરિક્તતા (૩) દેહાતીતતા (૪) દેહરહિતતા. દેહ અને તેની સાથે સંકળાયેલ "પરપદાર્થો"થી ચેતનનું ક્રમશઃ દૂર થતા જવું અને સર્વથા તેનાથી મુક્ત થવું એ સિદ્ધાંત બાંધીને જ વિનોબાએ આ ચાર ભૂમિકાઓ માની છે.

આ રીતે અન્યત્વ ભાવના જેમ જેમ પ્રગટતી જાય છે તેમ તેમ 'હું આ સર્વથી ભિન્ન છું' એ ભાન પ્રગટતું જાય

છે અને તેને અનુલક્ષીને જ સર્વ યોગીમહાત્માઓએ ચેતનની ભૂમિકાઓ બાંધી છે. આ તો યોગવિદ્યા દ્વારા થતા ચિત્ત-ભૂમિના સંશોધનની વાત થઈ. પણ આપણી ચારે બાજુ પણ ચેતનની જુદી જુદી ભૂમિકાઓ દેખાય છે, જે ઊંડુ વિચારતાં સ્પષ્ટપણે પ્રતીતિ કરાવે છે કે આપણે રસાયણિક દ્રવ્ય જ માત્ર નથી પણ જ્ઞાનના પૂંજ અને આનંદના પિંડ છીએ.

૧. Consciousness : જાગ્રત મનની ચેતન ભૂમિકા છે.

૨. Sub-consciousness : અર્ધજાગ્રત મનની ચેતન ભૂમિકા.

૩. Unconsciousness : અજાગ્રત મનની ચેતન ભૂમિકા.

૪. Super consciousness : અતિમનસની ચેતન-ભૂમિકા છે.

૫. Pure consciousness : પૂર્ણચેતનની ભૂમિકા છે.

૬. Dream consciousness : આપણે ઊંઘતા હોઈએ છીએ ત્યારની ચેતનની ભૂમિકા.

૭. Embroynic consciousness : માતાના ગર્ભમાં હોઈએ છીએ ત્યારની ચેતનની ભૂમિકા.

૮. Criminyl conscio usness : ગુનેગારની ચેતનની ભૂમિકા. આ ભૂમિકા વળી સાવ નિરાળી છે.

૯. Child consciousness : બાળકની ચેતન ભૂમિકા.

૧૦. Sub-human consciuosness : પશુપંખી જીવ-જંતુની ચેતન ભૂમિકા, જ્યાં સંજ્ઞાઓ—Instincts નું પ્રાધાન્ય છે.

આ રીતે ચેતનની વિવિધ અનેકાનેક ભૂમિકાઓ છે જે એટલું તો સ્પષ્ટપણે નિર્દેશ કરે છે કે ચેતનમાં અગાધ ઊંડાણ છે. જડપદાર્થથી કોઇક જુદી જ ધાતુનું તે બનેલ છે અને એ રીત જડ ને ચેતનનો ભેદ આપણે સ્થાપીને અન્યત્વભાવના ભાવી શકીએ છીએ.

આગળ કહ્યું તેમ જડપદાર્થોમાં લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ હશે. આ સામર્થ્યને સમૃદ્ધિનું ઊંડાણ નથી, તે પથ્થરના ચોસલા જેવો છે જ્યાં ઊંડાણ નથી. ચેતન સ્વયંભૂરમણ સમુદ્ર છે, જેના ઉંડાણને કોઇ તળિયું નથી. 'પરપદાર્થ' પરમાણુઓનો જથ્થો છે, જે ઘડિયાળનો ટકોરો વાગતા ઊથલી પડશે. ચેતન અલખ, અપાર ને અમાપ છે, અમર્યાદ ને બેહદ છે તે વાત ચેતનની આ જુદી જુદી ભૂમિકાઓ વિચારતાં સમજાય છે અને એ રીતે જડથી ભિન્ન એવી તે કઇ વિશિષ્ટ મૌલિકતાઓ ધરાવે છે તે સમજાય છે. આ રીતે જડ અને ચેતનનો, સ્વ અને પરનો, જીવ અને પુદ્ગલનો ભેદ સ્થાપવામાં ચેતનની આવી આવી ભૂમિકાઓનું ચિંતન મદદ કરે છે. જેમ જેમ આ સ્વ-પર વિભાગ દૃઢ થાય છે તેમ તેમ **સ્વાનુભૂતિની શક્યતા વધતી જાય છે.**



પ્રકરણ પાંચમુ

આજે આપણી દુનિયાનો પ્રત્યેક માનવી એક ઘેરી તંગ દશા (Severe tension)માં પીડાઈ રહ્યો છે. તેનું જીવન પવનવેગી બન્યું છે. ખાવા, પીવા, હરવામાં, ફરવામાં તો શું પણ ઊંઘવામાં પણ તે પૂરપાટ દોટ મૂકી રહ્યો છે. પરિણામે થાક ને ગ્લાનિથી તે લચી પડયો છે. યાંત્રિક ઝડપ તે જ તેનો જીવનમંત્ર બન્યો છે. સિમલાના ડાકઘરમાં ઊતરેલ પ્રવાસીની મોટરની બેટરી સખત ઠંડીથી ઊતરી જાય તેવી સ્થિતિ તેની થઇ છે. તેની બેટરીને recharge–સતેજ કરવા આજે સૌથી વધુ જરૂર તેને વિસામા–Relaxationની છે.

આપણે સૌ થાકીએ છીએ ત્યારે આરામ કરીએ છીએ. આજનું મનોવિજ્ઞાન કહે છે કે થાકયા પહેલાં આરામ કરો જેથી થાક આવે જ નહિ ને કાર્યશક્તિ બમણી થાય. પગ નીચે, કેડ નીચી, ગળા નીચે રેશમી ઓશિકાઓ મૂકી સ્નાયુઓને લોચા જેવા કરી નાખવાનું તેઓ કહે છે—જાણે કે ભીનું કરચલીવાળું છાપું હોય તેવું શરીર આરામ લેતી વખતે કરી મૂકો. ભારતના યોગીઓ બિલાડીનો ખાસ અભ્યાસ કરવાનું કહે છે. એકાદ ખૂણામાં લપાઈને બેઠેલ બિલાડી તમે જોઇ છે? તેનું માથું કયાં ને પૂછડી કયાં તેની ખબર ન પડે તે રીતે શરીરના સ્નાયુઓનો લોચો કરીને તે પડી હોય છે. પશ્ચિમનો એક જગવિખ્યાત પુરુષ તેના ટેબલ પર પગનું જૂનું મોજું

રાખી મૂકતો જેથી તેને સતત યાદ રહે કે થાક લાગ્યા પહેલાં શરીરને આ મોજાંની જેમ ગૂંચળું વાળી આરામ આપવો જોઇએ.

આપણે વાંચતા હોઇએ છીએ ત્યારે જાણે કે આપણે ઘૂરકતા હોઈએ છીએ, ભવાં સંકોચાઈ જાય છે અને ખભા સંકડાઇ જાય છે. આવી તંગ દશા આખો દિવસ પ્રવર્તે છે, દુનિયાનો આંખનો શ્રેષ્ઠ ડૉકટર એડવર્ડ જેકોબસન કહેતો કે આંખ દ્વારા આપણી ૬૦ ટકા જીવનશક્તિ જાય છે. જો આંખના સ્નાયુઓને પૂરતો આરામ આપવામાં આવે તો જીવન વિષેની કોઇ ફરિયાદ ન રહે.

આપણા જીવનની જરૂરિયાતો વધતી જાય છે, અને તે પૂરી કરવા આપણી જાતને ગીરો મૂકવી પડે છે, જીવલેણ નાસભાગ કરવી પડે છે. પરિણામે આપણું શરીર ને મન તૂટી પડવાની અણી ઉપર છે.

હવે તો અમેરિકામાં સૈનિકોને કૂચ કરાવતાં કલાકમાં દસ મિનિટ ફરજિયાત આરામ અપાય છે. સૈનિકો સામાન ઉતારીને દર કલાકે દશ મિનિટ આડા પડે છે, પરિણામે વીસને બદલે ત્રીસ માઈલ ચાલતાં ય થાકતા નથી.

ઔદ્યોગિક ક્ષેત્રમાં આવી થાકયા પહેલાં ફરજિયાત આરામ આપવાની પદ્ધતિ અજમાવાઈ હતી તેનું વર્ણન Principle of business management માં છે. પરિણામે કોલસો લઈ જનાર વેગનબોય દોઢું કામ વગર થાકે કરતો.

ડેલ કાર્નેગીએ એક સુંદર દૃષ્ટાંત આપીને આ Relaxation-થાકવા પહેલાં આરામનું સમર્થન કરે છે. તે લખે છે કે, આપણું

હૃદય ૬૦ સેંકડમાં આઠ સેંકડ વિકાસ (expand) પામે છે, આઠ સેકંડ (contract) સંકોચવામાં, અને બાકીની ૪૪ સેંકડ સંકોચ–વિકાસ વચ્ચેની આરામ કરવાની દશામાં કાઢે છે. આ રીતે કાર્ય કરતાં કરતાં સાડાત્રણ ગણો આરામ હૃદય કરે છે તો જીવનભરમાં સાડાપાંચ અબજ વાર ધબકી શકે છે. નહિ તો સ્નાયુના લોચા જેવા હૃદયની શી તાકાત કે આટલું ટકી શકે.

સ્નાયુઓને નૈસર્ગિક સ્થિતિમાં મૂકીને આરામ કરવાની પદ્ધતિ પશ્ચિમની છે કારણ તેઓ દેહને જ સર્વસ્વ માને છે.

જૈન ધર્મે આરામ–Relaxation એક સર્વોત્તમ અને મહાન પદ્ધતિ જગતને ભેટ આપી અને તે પદ્ધતિ છે અન્યત્વ-ભાવનાની. હું આ જગતથી સર્વથા ભિન્ન છું, મને કશું જ સ્પર્શી શકતું નથી, દુનિયાના પદાર્થો ને તેની સાથે સંકળાયેલ ભય ને ચિંતા મારામાં પ્રવેશી શકતા નથી. આ જાતની દૃઢ માન્યતા તે મોટામાં મોટો માનસિક આરામ–Relaxation છે. **જેને જીવનનું ઊંડાણ શોધવું છે, ચેતનનું રહસ્ય પામવું છે તેને માટે સાચો આરામ ને સ્ફુર્તિ–તાજગી મેળવવાની આ જ સાચી રીત છે. 'આ હું નથી ને આ બધું મારું નથી' આ પ્રતીતિ જીવનનો થાક ને ગ્લાનિ ઉતારી દેશે અને મન અપૂર્વ સ્ફુર્તિ ને તાજગી પામશે. શરીરને રોગ થાય તો અન્યત્વભાવનાનો ચિંતક કહેશેઃ 'મારે શું ? શરીરને અને મારે શું? હું તો કોઇકે જુદો જ છું.' માલમિલકત ચોરાઈ જાય તો તે વિચારશેઃ 'ધન મારું નથી. જે મારું નથી**

તે હોય તોયે શું અને ન હોય તોયે શું ?' મિત્રો દગો દે તો તે આત્મભાવના ભાવતો વિચારે કે, 'મિત્રો કે શત્રુ કોઈ મારે નથી, મારો એક માત્ર 'અનંત'નો સાથી તો મારો આત્મા છે.'

પરપદાર્થોથી સ્વત્વ જુદું પડી જાય છે. અન્ય પદાર્થોનુ અન્યત્વ જેમ જેમ જોરશોરથી અનુભવાય છે તેમ તેમ ભય, ચિંતા, ઈર્ષ્યાદિ પાશવિક વૃત્તિઓ વેરવિખેર બની લુપ્ત પામે છે અને અપૂર્વ શાંતિ અને તાજગી–Relaxation મન અનુભવે છે; સ્ફુર્તિ ને જોમ લાવવાની, તાજગી અને નવઉલ્લાસ અનુભવવાની સાચી રીત આ જ છે—નહિ કે પગ કે ગળા નીચે મુલાયમ ઓશિકાઓ દબાવવાની.

પરપદાર્થોથી ભિન્નત્વ અનુભવતાં આજે આપણે દીન બનીએ છીએ. પરપદાર્થો આપણું ગણું દબાવતા હોય છે તો પણ આપણે તેને પ્રેમનો એક પ્રકાર સમજીએ છીએ. પરપદાર્થ આપણી છાતી પર ચઢીને તેના પગ ખૂંદે છે તો પણ આપણે તેને 'આલિંગન'ની મોજ માનીએ છીએ. પરપદાર્થ આંખમાં મરચાંની ભૂકી નાખીને નાસી જાય છે તો ય આપણે તેને રિસામણા મનામણાની લાડલી રમત માનીએ છીએ. અન્યત્વભાવના આવી જીવલેણ મોહનિદ્રા ઉડાડશે, સ્વની અનુભૂતિ કરાવશે, સ્વની અણીશુદ્ધ એકલતામાં ખોવાઈ જતાં શીખવાડશે.

અન્યત્વભાવના જે ભાવે છે તેને પરપદાર્થો ગડગૂમડની જેમ ધીમે ધીમે ખરી પડે છે; અને ત્યારે દીનતા નથી હોતી

પણ રાજરાજેશ્વરની ખુમારી હોય છે. પછી નથી રહેતાં ભય કે ચિંતા. રહે છે ફક્ત અપૂર્વ તાજગી ને અખૂટ સ્ફુર્તિ.

રાત્રે સૂતી વખતે જે કોઈ વિચારે છે કે એગો મે શાસ્વો અપ્પા નાણદંસણ સંજુઓ. શેષા મે બાહિરભાવા સવ્વે સંજોગ લક્ખણા।—**હું એક માત્ર શાશ્વત તેવો આત્મપદાર્થ છું અને આ અન્ય સર્વ કર્મકૃત સંજોગો છે. હું માત્ર જોનાર ને જાણુકાર છું અને આ સર્વ માત્ર મારા જાણુપણુનો વિષય છે—જ્ઞાતા ને જ્ઞેયનો જ માત્ર સંબંધ વ્યક્તિને વિશ્વનો છે—આ રીતનું અન્યત્વભાવનાનું સેવન આધિ, વ્યાધિ ને ઉપાધિઓમાંથી મુક્ત કરીને સમાધિમાં પહોંચાડે છે. આ જ મોટો આરામ ને સંસારભ્રમણના થાકમાંથી અપૂર્વ વિસામો** Relaxation છે. શરીર ને મન તૂટી પડે તેવી અતિ તંગ દશા Tensionમાંથી પસાર થતી આજની દુનિયા માટે અન્યત્વભાવના એ માતાનો ખોળો છે ને પિતાની આંગળી છે, જે જીવનવિગ્રહના કલેશમય વાતાવરણમાં પ્રેરણા ને બળ, સ્ફુર્તિ ને જોમરૂપ બની તાજગી આપે છે. જે આ ન સમજી શકે તેને અંધારી રાતે, શાંત મને, જૈનોની સંથારાપોરસી અવશ્ય એકાદ વાર ભણવી; અને આ બધું આપોઆપ સમજાઈ જશે.

આપણે જોયું કે અન્વત્વભાવના જીવ ને પુદ્ગલનો, સ્વ ને પરનો, ભેદ કરતાં શીખવે છે, બે ફાડ કરતાં શીખવે છે—જેમ કુશળ સુથાર પાટિયાની બે ફાડ કરવતથી કરે તેમ. ચેતનમાં ઉપયોગ છે, જ્ઞાન છે, આનંદ છે અને તેથી

જ તે જડથી ભિન્ન બને છે. જડ પદાર્થની તાકાત નથી કે સામે શું છે અને શું નથી તેનું જ્ઞાન પામી શકે; જ્યારે ચેતનની દૃષ્ટિ વિશાળ છે, તેનું જ્ઞાન ત્રિકાળવર્તી ને ત્રિલોક-વ્યાપી છે; હજારો ને લાખો માઈલ દૂર રહેલ ઘટનાઓ તે જાણી શકે છે. ભૂતકાળની અસ્પષ્ટ સ્મૃતિઓ અને ભવિષ્યની આગાહીઓ જે પ્રગટ બનાવો પર રચાઈ છે તે બનાવોને સાક્ષાત્ જોઈ શકે છે. ચેતન જડથી ભિન્ન છે તેનો સૌથી મોટો પુરાવો જ આ છે કે **ચેતનમાં ઉપયોગ છે, અનંત જ્ઞાન છે.**

ચેતનનું આ દેશકાળની મર્યાદા ઓળંગીને થતું જ્ઞાન એ એક સત્ય હકીકત છે. આ હકીકતને પુરવાર કરતાં એકાદ બે બનાવો જોઈએ, જે એ દૃઢ પ્રતીતિ કરાવે છે કે ચેતનની અમર્યાદ જ્ઞાનશક્તિ જ ચેતન તત્ત્વને જડ પદાર્થથી ભિન્ન સાબિત કરે છે. અહીં બેત્રણ પ્રસંગો આપીએ છીએ જે પુર-વાર કરે છે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં વર્તતો કોઈ પદાર્થ એવો નથી જેના સર્વ રૂપાંતરો ચેતન જાણી ન શકે. આવી સર્વજ્ઞતાનું સમર્થન કરતાં આધુનિક યુગના બેત્રણ સત્ય પ્રસંગો જોઈએ.

આપણા સર્વમાં આ સર્વજ્ઞતા સૂતેલી છે, પણ રાગદ્વેષ-જન્ય કર્મસ્કંધોથી દબાઈને નિષ્ક્રિય પડી છે. યોગવિદ્યા દ્વારા એ આવરણોમાં બાકોરાં પડતાં અતીંદ્રિય જ્ઞાનની થોડીક ઝાંખી થાય છે. એવી ઝાંખી બતાવતા આ પ્રસંગો છે જે ખાતરી કરાવે છે કે ચેતન જડથી જુદું જ છે એટલું નહિ, પણ જડ ચેતનથી તદ્દન ઊતરતી પાયરીનું છે. હવે તે પ્રસંગો જોઈએ.

આ પ્રસંગો 'રીડર ડાયજેસ્ટ'માં આવેલ લેખ 'શું સ્વપ્નો સાચાં પડે છે?'માંથી લીધેલ છે.

એક માણસને સ્વપ્નું આવ્યું કે દર અઠવાડિયે તે તેના મિત્રને મળવા શનિ–રવિ (Week End) જતો હતો તે પ્રમાણે તે પરામાં ગયો. તેનો મિત્ર રાબેતા મુજબ લેવા આવેલો પણ દર વખતની જેમ મોટર લઈને નહિ પણ ઘોડાગાડી લઈને આવેલો. સ્વપ્નમાં તે ઘોડાગાડીમાં મિત્રને બંગલે જઈ રહ્યો છે ત્યાં રસ્તામાં તે એક કાળું પાકીટ પડેલું જુએ છે. ગાડી થંભાવી પાકીટ લે છે અને તેમાંથી દસ શિલિંગ ને ત્રણ પેન્સ નીકળે છે. સ્વપ્નું પૂરું થાય છે ને અઠવાડિયું વીતી જાય છે.

શનિવારે તે મિત્રને મળવા ટ્રેનમાં જાય છે. મિત્ર લેવા આવ્યો છે પણ મોટર સમારકામમાં ગઈ હોવાથી ઘોડાગાડી લઈને આવે છે. મિત્રને તે કહે છે કે, 'ગાડી ધીમેથી હંકારજો. રસ્તામાં એક કાળું પાકીટ મળશે જેમાંથી દસ શિલિંગ ને ત્રણ પેન્સ નીકળશે.' અડધે રસ્તે જ કાળું પાકીટ મળે છે જેમાંથી બરાબર કીધેલ રકમ મળે છે.

અઠવાડિયા પછી બનનાર આ બનાવ તે ગૃહસ્થે કઈ રીતે સ્વપ્નામાં જાણ્યો? શું ચેતનના ત્રિકાળવર્તી જ્ઞાનનો આ નગદ પુરાવો નથી? માત્ર રસાયણિક દ્રવ્ય જેવા જડ પદાર્થની તાકાત શી છે કે તે કશું જાણી શકે? **આવી અમર્યાદ જ્ઞાનસત્તા જ ચેતનને જડ પદાર્થથી સર્વથા વિખુટું પાડે છે.** અહીં જેમ કાળની મર્યાદા ઓળંગીને ભવિષ્ય જણાયું તેમ 'દેશ'–Spaceની મર્યાદા ઓળંગીને હજારો માઈલ દૂર શું બને છે તે પણ જાણનાર જ્ઞાનશક્તિના પુરાવા

રૂપ એક પ્રસંગ છે. આ પ્રસંગ બ્રિટિશ મેગેઝીન 'કેરિયર'-માંથી લીધેલો છે અને સત્ય છે.

એક અમેરિકન ગૃહસ્થ આફ્રિકાની સહેલગાહે ગયેા. ત્યાં તેની મુલાકાત એક જાદુગર–Witch doctor સાથે થઈ. અમેરિકનની બહુ વિનંતીથી તે આફ્રિકન જાદુગરે એક પ્રયેાગ કરી બતાવેલેા. અમેરિકનને તેણે કહ્યું : "તમે સિત્તેર માઈલની ઝડપે મેાટરમાં બસેા માઈલ દૂર રહેલ કેાઈક શહેરમાં જાએા અને તમને મનપસંદ પડે તે એક ક્રિયા કરજો, જે તમેા આવશેા, ત્યારે કહી દઈશ." અમેરિકન સિત્તેર માઈલની ઝડપે મેાટર હંકારી જાય છે, જેથી પેલેા જાદુગર તેનેા પીછેા ન કરે. અને એમ બસેા માઈલ દૂર આવેલ શહેરમાં એ પહેાંચે છે. ત્યાંના પ્રખ્યાત મેાટા સ્ટેારમાંથી એક લાલ પાકીટ ખરીદે છે અને ત્રણ પીળા રૂમાલમાં તે પાકીટ વીંટાળી એક મેાટા ઓકના ઝાડ નીચે ખાડેા ખેાદી દાટી દે છે અને ઉપર કાળા ગેાળ સાત પથ્થર મૂકે છે. પાછેા ઝડપથી જાદુગર પાસે આવે છે.

જાદુગરે તેણે જે કાંઈ કર્યું હતું તે ઝીણવટથી વિગતવાર કહી દીધું. લાલ પાકીટ, ઉપરના ત્રણ રેશમી રૂમાલ, ઓકવૃક્ષ નીચે કાળા ગેાળ સાત પથ્થરેાનું મૂકવું. બસેા માઈલ દૂર બેઠેલ જાદુગરે તે કયાંથી જાણ્યું ? **ચેતનની અમાપ જ્ઞાન-શક્તિનેા આ નાનકડેા પુરાવેા શું જડ ને ચેતનની ભિન્નતા નથી દર્શાવતેા ?**

જડ પદાર્થોમાં જ્ઞાન નથી, સંવેદન નથી તેથી ચેતનથી ભિન્ન છે ને ઊતરતી કક્ષાનું છે તે વાત દેશકાળની મર્યાદાએા

ઓળંગીને થતું અતીંદ્રિય જ્ઞાન આપણને બરાબર સમજાવે છે. આ અતીંદ્રિય જ્ઞાનના આવા પુરાવાઓ પણ સ્વ અને પરનો, જડ અને ચેતનનો ભેદ સ્થાપીને અન્યત્વ ભાવનાની જ પુષ્ટિ કરે છે.

સર્વ ધર્મ, તત્ત્વજ્ઞાન ને નીતિનો હેતુ સંસારના સકળ પદાર્થોમાંથી આપણા સ્વત્વને જુદું તારવી લેવાનો છે–'૫૨'ના વ્યુત્સર્ગને સ્વની અનુભૂતિનો છે. બીજા શબ્દોમાં કહીએ તો અન્યત્વભાવનાની પ્રતીતિ કરાવવાનો છે. વિશ્વની ઉત્ક્રાંતિ–cosmic evolution જે ચાલી રહ્યું છે તે આ અન્યત્વભાવનાના બળનો ટેકો લઈને જ, નહિ તો આખું વિશ્વ સર્વથા નીચે પછડાત. આથી સમગ્ર વિશ્વને ટકાવીને ઉપર ચઢાવવાનું ઋણ અન્યત્વભાવના પ્રત્યે આપણે અનુભવવું રહ્યું.



થોડાક અભિપ્રાયો

યોગદર્શન અને યોગસમાધિ

આ પુસ્તકના લેખક શ્રી "વિશ્વશાંતિ ચાહક" જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી હોવા સાથે યોગ વિદ્યાનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવે છે. તેમણે યોગવિદ્યા વિષયક કેટલાક પ્રમાણભૂત સંદર્ભગ્રંથોની સહાય લઇ, જૈન યોગ શાસ્ત્રોના આધારે ઉપરના ગ્રંથોનું આયોજન કર્યું છે. યોગ કોને કહેવાય ? તેનો પ્રભાવ શું ? યોગસમાધિ પર્યંતનાં આઠ અંગો ઉપરાંત ભક્તિયોગ કર્મયોગ, ધ્યાનયોગ, સમાધિયોગ, વિવિધ પ્રકારના પ્રાણાયામો, દરેકની ક્રિયા પદ્ધતિ અને તેના લાભો વગેરે વિષયો આ પુસ્તકમાં વિશદ રીતે સમજાવવામાં આવેલ છે. યોગના અભ્યાસીઓ તથા સાધકોને આ પુસ્તક ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે.

—મુંબઇ સમાચાર

*

યોગ દર્શન અને યોગસમાધિ

વિશ્વઅભ્યુદય આધ્યાત્મિક ગ્રંથમાળાનું આ ૧૨મું પુષ્પ છે. આ પુસ્તકમાં યોગનું મહત્વ, યોગથી થતા લાભો, યોગની સર્વોત્કૃષ્ટ ભૂમિકાએ પહોંચ્યા પછી આત્મા–પરમાત્મા દશાનો આનંદ, સુખ કયાં રહેલું છે ? અને જગતના લોકો એને કયાં શોધે છે ? યોગથી મળતી આધ્યાત્મિક શક્તિ–આનંદ અને સુખ, સમાધિ પ્રાપ્ત કરવાની સાચી સમજ મનુષ્યજન્મની

સાર્થકતા શેમાં છે? વગેરે વિષયોની સુંદર છણાવટ આ પુસ્તકમાં કરવામાં આવી છે. જીવનનો વિકાસ સાધવા ઇચ્છનાર દરેકને આ પુસ્તકના વાંચનથી ઉપયોગી માર્ગદર્શન મળશે.

—જૈન પ્રકાશ



યોગદર્શન અને યોગસમાધિ

લેખક વિશ્વશાંતિ ચાહક–આ લેખકના પહેલા અધ્યાત્મ વિષયના કેટલાંક પુસ્તકો પ્રગટ થયેલ છે. તે ઘણા જ મનનીય અને વિચારણીય સાબિત થયા છે. જે કોઈને અધ્યાત્મ વિષયમાં રસ હોય તેમણે તેમનાં બધાં પ્રકાશનો રસપૂર્વક વાંચવા જરૂરી છે. આ પુસ્તકમાં યોગનું મહત્વ, યોગથી થતા લાભો, યોગની સર્વોત્કૃષ્ટ ભૂમિકાએ પહોંચ્યા પછી આત્મા–પરમાત્મ-દશાનો આનંદ, જે જગતના કોઇ પણ પદાર્થમાં આપવાની શક્તિ નથી. સુખ કયાં રહેલું છે. અને મનુષ્યો કયાં શોધે છે? યોગથી મળતી આધ્યાત્મિક શક્તિ અને શાંતિ વિષે આ ગ્રંથમાં ખૂબ જ વિચારશીલ સામગ્રી આપવામાં આવેલ છે.

દા.ત. (૧) યોગવિજ્ઞાન, (૨) યોગવિદ્યાનો પ્રભાવ, (૩) ભક્તિયોગ, (૪) કર્મયોગ, (૫) અષ્ટાંગ યોગ–યમ અને નિયમ, (૬) આસન પ્રાણાયમ, (૭) ધ્યાનયોગ, (૮) સમાધિયોગ, (૯) જડચેતનનો વિવેક, (૧૦) સંસારી અને મુક્ત જીવોનું સ્વરૂપ, (૧૧) દિવ્ય જીવનની ચાવી વગેરે ૧૬ પ્રકરણો આપેલ છે. ધ્યાન શિબિર એ યોગસાધનાનું એક પરિબળ છે. મન, વચન અને કાયાના યોગને ઉચ્ચતર ભૂમિકાએ લઇ જવા માટે "યોગ

સાધના" અત્યંત જરૂરી છે. તે જૈનીઝેમનું એક વિશિષ્ટ અંગ પણ છે.

લેખકે આમાં સ્વાનુભવના ઘણા પ્રસંગો રજૂ કર્યા છે. પ્રકાશન દ્વારા લેખકે, પ્રકાશકે 'અધ્યાત્મ માર્ગ'ના આરાધકો માટે સુંદર વિચારનીય સામગ્રી પૂરી પાડી છે. તે માટે લેખક મહાશય અભિનંદના અધિકારી છે.

–સ્થાનકવાસી પત્ર

યોગદર્શન અને યોગસમાધિ

'જૈન આગમ સાહિત્ય'ના ઊંડા અભ્યાસી, તત્ત્વજ્ઞ આધ્યાત્મરસલીન, સર્વવિરતિ 'શ્રી વિશ્વશાન્તિ ચાહકે' આ ગ્રંથ લખ્યો છે. યોગ જેવા ગહન વિષયને શકય તેટલી સરળતાથી રજૂ કરવાનો એમનો પ્રયત્ન અહીં બહુધા સફળ થયો છે.

'ચાર ગતિરૂપ સંસારના દુઃખોથી ભયભીત થયેલા.... અને મોક્ષના અક્ષય સુખના ઇચ્છુક....એવા મુમુક્ષુઓ' માટે જ મુખ્યત્વે લખાયેલા આ ગ્રંથમાં ૧૬ પ્રકરણ છે.

'યોગવિજ્ઞાન' નામના પ્રકરણમાં સરળ અને લોકગમ્ય વાણીમાં ગ્રંથના વિષયની ભૂમિકા આપવામાં આવી છે.

બીજા પ્રકરણમાં યોગવિદ્યાનો પ્રભાવ સચોટ દૃષ્ટાંતો વડે બતાવાયો છે. ત્યારબાદ પ્રકરણવાર ભક્તિયોગ, કર્મયોગ, અષ્ટાંગયોગ, યમ–નિયમ આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા ધ્યાન, સમાધિ, સાધન અને સાધનાશક્તિ, જડ–ચૈતન્યનો વિવેક, મુક્તિ સોપાન, સંસારી અને મુક્ત જીવોનું સ્વરૂપ, દિવ્ય

જીવનની ચાવી જેવા વિષયો વિગતવાર અને સદૃષ્ટાંત નિરુપણ કરવામાં આવ્યું છે.

આરંભમાં જ કહ્યું તેમ યોગ એક ગહન વિષય છે. અને પરિભાષિક સંજ્ઞાઓ સમજાવી, દૃષ્ટાંતો આપી, લેખકશ્રીએ આ વિષયમાં મુમુક્ષુઓને સરળતાથી પ્રવેશ કરવાની તક ઊભી કરી આપી છે.

મુખ્યત્વે વિવરણ વ્યાખ્યાન અને વાર્તિકની શૈલીનો ઉપયોગ અહીં થયો છે. તે સર્વથા સમુચિત છે.

ઠેરઠેર મુકાયેલી દૃષ્ટાંત કથાઓ વિષયને સુગમ તો બનાવે જ છે, તે સાથે ગહન વિષયના નિરુપણને રસાવહ પણ બનાવે છે.

લેખકશ્રીએ પ્રસ્તાવનામાં નમ્રતાથી કહ્યું છે કે, "હું સાહિત્યકાર કે દાર્શનિક એમાંથી એક પણ નથી. પ્રભુની કૃપાથી તથા સદ્‌ગુરુની કૃપાથી જે પરમ સત્ય મને સાંપડ્યું છે, તેને મારી ભાષામાં જનસમાજ સમક્ષ મૂકવાના અંતરાત્માના આદેશથી આ પ્રયત્ન કરું છું.

આ તો લેખકશ્રીની નમ્રતા છે. દર્શન કે તત્ત્વજ્ઞાન માર્મિકતાથી સમજાવવું એ પણ નાનીસૂની સિદ્ધિ નથી. સમસ્ત જીવો પ્રત્યે કરુણાથી ધબકતું હૃદય અને હૃદયમાં સોંસરી ઊતરી જાય તેવી વાણી તો એમની પાસે છે જ. એ દૃષ્ટિએ આ ગ્રંથનું મૂલ્ય આંકીએ એટલું ઓછું છે. 'વિશ્વ શાંતિ ચાહક'નું ઉપનામ આ ગ્રંથથી સંપૂર્ણપણે સાર્થક કરે છે.

—જયહિન્દ

વિચારશક્તિનો અદ્‌ભુત પ્રભાવ ભા. ૨-૩

મનુષ્ય પોતાના વિચારોથી પોતાનું ઉત્થાન અને પતન કરે છે. આપણે જેવા વિચાર કરીએ તેવા બનીએ છીએ. ભવિષ્ય આપણી સામે પથરાઈ ને પડયું છે. તેને બગાડવું કે સુધારવું એ આપણી ઈચ્છા પર નિર્ભર છે. સતત સદ્‌વિચારોથી ગમે તેવી પરિસ્થિતિ બદલી શકાય છે. જરૂરી છે તે દિશામાં પ્રબળ પુરુષાર્થ કરવાની શારીરિક તેમજ માનસિક રોગો તેમજ દુર્વ્યસનોથી મુક્તિ મેળવી શકાય છે. અને ગમે તેવું કનિષ્ટ જીવન પણ સદ્‌વિચારથી અને દૃઢ સંકલ્પથી ઉન્નત બનાવી શકાય છે. તે વિષે સરળ રીતે આ પુસ્તકમાં સમજાવવામાં આવેલ છે. આજકાલ નોવેલો, સામયિકો વગેરે મનોરંજન સાહિત્યો સારા પ્રમાણમાં વંચાય છે તેને બદલે આવું ચારિત્ર્ય ઘડતર કરનારું સાહિત્ય યુવાનોએ વધુ વાંચવું જોઈએ. આવા પુસ્તકો ઘરમાં અવશ્ય વસાવવાં જોઈએ.

—જૈનપ્રકાશ

વિચાર શક્તિનો અદ્‌ભુત પ્રભાવ

સ્વર્ગ યા તો નરકનું સર્જન કરનાર માનવના વિચાર જ છે, અને જેવા જેના વિચાર છે, તેવી જ તેની કાયા અને માયા છે. માનવીની ઉન્નતિ કે અધોગતિનું અંતર્ગત રહસ્ય સબળ કારણ તેના વિચારો જ છે! પ્રસ્તુત પુસ્તકમાં ચિંતા અને નિરાશાજનક વિચારોથી સ્વાસ્થ્ય પર કેવી બરાબ અસર થાય છે. અને સદ્‌વિચારોથી અને પ્રસન્નતાથી જીવનને કેમ

આનંદથી ભરી શકાય છે, એ સરળ રીતે બતાવ્યું છે. આપણું ભવિષ્ય સુધારવું કે બગાડવું તે આપણા હાથની જ વાત છે. લેખકે આ બાબતોને સરળ વિવરણ કરીને દાખલા–દલીલો સહિત પુસ્તકમાં રજૂ કરેલ છે. શુભ ભાવના અને સત્ સંકલ્પભર્યા સુવિચારો કેવા સુભગ પરિણામો જગવે છે, તે સંખ્યાબંધ દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યું છે.

—ગાયત્રી વિજ્ઞાન
સંપાદક પ્રો. અવધૂત



વિચાર શક્તિનો અદ્‌ભુત પ્રભાવ ભા. ૨–૩

પ્રસ્તુત પુસ્તકમાં ચિંતા અને નિરાશાજનક વિચારોની સ્વાસ્થ્ય પર કેવી ખરાબ અસર થાય છે અને સદ્‌વિચારોથી અને પ્રસન્નતાથી જીવન આનંદથી કેટલું સભર કરી શકાય છે, એ સરળ રીતે બતાવ્યું છે. આપણું ભવિષ્ય સુધારવું કે બગાડવું તે આપણા હાથની જ વાત છે, તે લેખકે દાખલા–દલીલો સાથે પુસ્તકમાં રજૂ કર્યું છે. લેખકની શૈલી ખૂબ જ સરળ અને સચોટ સહ સુંદર છે.

—મુંબઈ સમાચાર



વિચારશક્તિનો અદ્‌ભુત પ્રભાવ

પરમ પૂ. ચૈતન્યદેવી મહાસતીજી કૃત 'વિચારશક્તિનો અદ્‌ભુત પ્રભાવ' એ અદ્‌ભુત જ પુસ્તક છે. રોગ શરીરમાં નથી પણ મનમાં જ છે. એ વાતનું આ પુસ્તક ભાન કરાવે છે. આપણે

વિચાર તો કરવા જ પડે છે, તો શા માટે ઉત્તમ અને ઉત્સાહ પ્રેરક વિચારો ન કરવા ? એ માટે આ પુસ્તક નિરંતર વાંચન, મનન કરવા જેવું છે. લેખિકાએ આ પુસ્તક સમર્પણ કરેલ છે. તે પણ યોગ્ય વ્યક્તિઓને જ યથાર્થ સમર્પણ કરે છે. શારીરિક–માનસિક રોગીઓને તેમ જ સાધકોને સમર્પણ કરેલ છે. સાધક પણ રોગીઓ જેટલોજ લાભ ઉઠાવી શકે એમ છે. અનુભવીઓના સત્ય પ્રસંગોથી વાચકને વધુ પ્રેરણા મળે એમ છે. આ પુસ્તક વાંચતાં હું પણ આનંદોત્સાહથી વારંવાર તરબોળ બની ગયો છું. 'વિશ્વશાંતિ ચાહક'નું આ પુસ્તક બધા વાંચે-વિચારે તો વિશ્વશાંતિ ચાહક આપોઆપ થઈ જવાય એમ છે.

વાંચો અને વંચાવો. દરેક હોસ્પિતાલે આ પુસ્તકની નકલો રાખીને, હોસ્પિતાલમાં દાખલ થનાર દરેકને નર્સો દ્વારા પ્રેમ-પૂર્વક ફરજિયાત વંચાવવી જોઈએ. બીજું વિશ્વશાંતિ ચાહક લેખિકાએ પોતાના દુર્બળ મનનું કેવી રીતે ઉત્થાનીકરણ, ઉર્ધ્વીકરણ, ઉદાત્તિકરણ કર્યું છે, તેનું વર્ણન મને વારંવાર પ્રેરણા આપી જાય છે. પુસ્તક તૂર્ત વાંચવાનું મન થાય એવી એની બાંધણી તેમજ ચિત્ર છે. ચિત્રકાર શ્રી શરદે પુસ્તકનું રહસ્ય પ્રગટ કરતું ચિત્ર મુખ્ય કવર પેજ પર આલેખી શ્રોતાઓ પર મહદ્ ઉપકાર કરેલ છે.

—શ્રી. હરિપ્રસાદ જે. સ્વામિનારાયણ



જીવન સંજીવની (વિચાર રહસ્ય) ભા. ૧

જન સાધારણ પોતામાં રહેલ અમૂલ્ય વિચારશક્તિ કેવી રીતે ખીલવી શકે અને ક્રમશઃ અધ્યાત્મિક વિકાસ કેવી રીતે સાધી શકે તે સરળ શૈલીમાં સમજાવવામાં આવેલ છે. વિચારોને ઉન્માર્ગે જતાં રોકીને સન્માર્ગગામી બનાવવાના તેમજ 'નરમાંથી નારાયણ' બનવાનો માર્ગ અસરકારક રીતે આ પુસ્તકમાં આલેખાયેલ છે. આ પુસ્તક ખાસ મનન કરવા જેવું છે.

—જૈન પ્રકાશ

આ પુસ્તકને 'જીવન સંજીવની' યાને 'વિચાર રહસ્ય' એવું નામ ઉચિત રીતે નામ આપવામાં આવ્યું છે. તેમાં વિચાર શક્તિને ખીલવવાનો તથા ઈષ્ટ ધ્યેયને પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ બતાવવામાં આવ્યો છે. વિચારોની શક્તિ સારા-માઠાવિચારોની અસરો, દિવ્ય વિચારોનો જીવન પર પ્રભાવ વગેરે વિષયોની છણાવટ આ પુસ્તકમાં અસરકારક રીતે કરવામાં આવી છે. દુઃખી, નિરાશ અને પતિત માનવીઓના જીવનમાં ચૈતન્યમય જીવન રસ ઉત્પન્ન કરે એવું વિચારરૂપી રસાયણ આ પુસ્તકમાં છે.

—મુંબઈ સમાચાર

જીવન સંજીવની

જૈન ધર્મ વિજ્ઞાનમય છે. એ દર્શાવનાર આ પુસ્તિકા ભારતનાં સર્વ ગ્રંથોમાં ઘણો જ પુણ્યપ્રદ અને શાંતિપ્રદ અભિગમ વિચાર એ વિદ્યુતપ્રવાહ છે અને તે પર પી. એચ. ડી.ની ઉપાધિ પ્રાપ્ત થયા પછી વિજ્ઞાનને આગળ વધવા મોકો મળ્યો. ગણકયંત્રના (Computer) યુગમાં આ ગ્રંથ જીવન જ્યોત અને વિચાર પ્રવાહ સરળ રીતે સમજી શકાય છે. પશ્ચિમના ભૌતિક સંસ્કારોને લીધે તપ્ત માનસને શાંત, સુશીલ અને તૃપ્ત બનાવવા આ ગ્રંથમાંથી પ્રેરણા મળે છે. ખરેખર ભારતમાતાની અદ્‌ભુત વિચારધારાને સમાજોત્થાન માટે, સર્વ વિશ્વ માટે ઉદ્યુકત કરવા માટે લેખકશ્રીને અભિનંદન.

— શા. જે. સ્વામિનારાયણ
પ્રધ્યાપક ગણિતશાસ્ત્ર
ગુજરાત કોલેજ
અમદાવાદ-૬

તા. ૭–૭–૭૨

□

સંસારમાં સુખ કયાં છે?

ભા. ૬–૨

સંસારના પ્રત્યેક માનવીને સુખ જોઈએ છે. સુખની પ્રાપ્તિ માટે તે અહોનિશ પ્રવૃત્તિપરાયણ રહે છે છતાં ભાગ્યે જ એવો કોઈ માનવી હશે કે જેને આધિ, વ્યાધિ અને ઉપાધિ પૈકી કંઈ ને કંઈ દુઃખ વળગેલું ન હોય. દુઃખ શું છે? તે શાથી ઉત્પન્ન થાય છે? તેની નિવૃત્તિના ઉપાયો કયા? સાચું સુખ પ્રાપ્ત કરવા માટે શા શા ઉપાયો યોજવા? વગેરે પ્રશ્નોના

સચોટ ઉત્તરો આ પુસ્તકમાં રજૂ થયેલા કુલ ૧૪ લેખોમાંથી મળી રહે છે. તેમાં સમ્યક્ જ્ઞાનનો ઉદધિ ઊમટયો હોય એવી રીતે ઘણુ જ બળવાન, સ્પષ્ટ અને ધારેલું પરિણામ લાવનારા વિચારો ઠેર ઠેર વેરાયેલા છે. સ્વ. શાહે આ પુસ્તકની રચના કરીને અનંત સુખના ભંડારો જિજ્ઞાસુઓ માટે ખુલ્લા મૂકયા છે

—મુંબઇ સમાચાર



ઉત્થાન અથવા ભાગ્ય સર્જન યા નવનિર્માણ ભાગ ૧–૨

આગમશાસ્ત્રના જાણકાર અને યોગવિશારદ તરીકે વિશ્વ-શાંતિ ચાહક ખ્યાતિ પામેલા છે. અધ્યાત્મિક વિકાસ યોગાભ્યાસ તથા મંત્રશાસ્ત્રના જિજ્ઞાસુઓ અને સાધકોને માર્ગદર્શન આપવાના ઉદ્દેશથી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ જણાય છે. તેનું આલેખન અનુભવી અને જ્ઞાની પુરુષોના વચનાનુસાર કરવામાં આવેલ છે. વિચારબળ, મનોબળ અને સંકલ્પબળ સહ આત્મબળને કેળવવા માટે પુસ્તકમાં બતાવેલી સાધના વિધિ-ઓ સહાયક નિવડશે. ટૂંકામાં રોગ, શોક અને દુઃખનો પરિહાર કરી શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કરવાની આ પુસ્તક પ્રેરણા આપે છે. બીજા ભાગમાં પરમાનંદની સાધના માટે આત્મસ્વરૂપનું વર્ણન કરતાં સ્તોત્ર, શ્લોક, પદો, ભજનો વગેરે કાવ્યમય સામગ્રી આપી છે. એકંદરે યોગનો વિષય સરળ રીતે સમજાવવાનો આદરણીય પ્રયત્ન કરવામાં આવ્યો છે.

—મુંબઇ સમાચાર

વિશ્વ અભ્યુદય જ્ઞાનમંદિરના પ્રકાશનો

	નામ	મૂલ્ય રૂા. પૈસા
૧	યોગદર્શન યોગ સમાધિ	૧૦-૦૦
૨	જીવન સંજીવની ભા-૧	૬-૦૦
૩	વિશ્વાશક્તિના અદ્‌ભુત પ્રભાવ ભા-૨-૩	૧૨-૦૦
૪	મંત્રવિજ્ઞાન અને સાધના રહસ્ય ભા-૪-૫	૧૨-૦૦
૫	આત્મજ્ઞાન પ્રવેશિકા અને મોક્ષની કૂંચી	૧૦-૦૦
૬	યોગદૃષ્ટિ સમુચ્ચય	૧૦-૦૦
૭	ઉત્થાન અથવા ભાગ્યસર્જન, નવનિર્માણ સચિત્ર	૬-૦૦
૮	સંસારમાં સુખ ક્યાં છે ? ભા-૧-૨	૬-૦૦
૯	સમ્યક્‌સાધના	૬-૦૦
૧૦	પરમાત્મ પ્રકાશ	૦૦-૮૫
૧૧	બંધનમુક્તિ રહસ્ય	૦૦-૭૦
૧૨	યોગસાર	૦૦-૫૦
૧૩	દિવ્યપંથનો યાત્રી	૦૦-૩૦
૧૪	પર્યૂષણ આરાધના	૦૦-૩૦
૧૫	પ્રેમસુધાનું પાન કરો અને રોગમુક્ત બનો	૦૦ ૧૫
૧૬	ભાવસામાયિક	નિત્ય સ્મરણ

: મળો યા લખો :

સુરજબેન ડી. વોરા

અરૂણોદય મીલ્સ, મોરબી (સૌરાષ્ટ્ર)

આવરણ નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · રાયપુર · અમદાવાદ